સંસારી સાધુ

-હરકિસન મહેતા





VISIT…

LANZAROTE

Caliente.COM

પુસ્તક પ્રકાશનક્ષેત્રે વિરલ ઘટના

પુસ્તક પ્રકાશનક્ષેત્રે પ્રસિદ્ધ લેખકોના સંખ્યાબંધ પુસ્તકો પ્રકાશિત થતા હોય છે... પરંતુ બધાં જ પુસ્તકોની વારંવાર આવૃત્તિઓ થતી નથી. આમાંના કેટલાક લોકપ્રિય બનીને ઘણી આવૃત્તિઓ પામે પરંતુ એક લેખકના સમગ્ર સેટમાંથી આવા પુસ્તકોની સંખ્યા સંપૂર્ણ સેટના પાંચમા ભાગ જેટલી પણ નથી હોતી. ઉપરાંત સંપૂર્ણ સેટ લોકપ્રિય બન્યો હોય અને તમામ પુસ્તકો એકીસાથેજ સુંદર સેટ સ્વરૂપે લેખકની હયાતીમાં જ મોટી સંખ્યામાં પ્રકાશિત થયા હોય તેવી ઘટના હજુ સુધી બની નથી.

આવી અદ્ભુત લોકચાહના અને વિશાળ વાચક પરિવારનો પ્રેમ પ્રાપ્ત કરનાર વાર્તાકાર શ્રી હરકિસન મહેતા છે. તેમનાં તમામ પુસ્તકોની ઘણી આવૃત્તિઓ પણ થઈ છે. એટલું જ નહીં, તમામ પુસ્તકોનો સંપૂર્ણ સેટ તદ્દન નવાજ રૂપરંગ સાથે ૧૯૯૦ના અંતમાં છપાયેલ ત્યારે પણ લોકોની અદ્ભુત ચાહના પ્રાપ્ત કરેલ. આજે ફરીથી તમામ પુસ્તકોનો સંપૂર્ણ સેટ પ્રકાશિત થાય છે. પુસ્તક પ્રકાશનની દુનિયામાં આ વિરલ ઘટના ગણી શકાય. અન્ય કોઈ લેખકને ગુજરાતી કે ભારતની બીજી કોઈ પ્રાદેશિક ભાષામાં લેખકની હયાતીમાં તેને આવું માન મળ્યું હોવાનું જાણવામાં નથી. શ્રી હરકિસન મહેતા ગુજરાતી વાચકોમાં લોકપ્રિયતાની ટોચે બિરાજે છે.

અંગ્રેજી પાક્ષિક 'બૉમ્બે'ના સર્વેક્ષણમાં મુંબઈના જે ટોચના કથાકારો તથા નાટ્યલેખકોનાં નામ હતાં તેમાં પુ. લ. દેશપાંડે, ખુશવંતસિંહ, વ. પુ. કાળે, જાવેદ અખ્તર, જયવંત દળવી અને વિજય તેંડુલકર સાથે એક માત્ર ગુજરાતી નામ હતું : હરકિસન મહેતા! ફેલાવાની દૃષ્ટિએ દેશનાં સામયિકોમાં ચોથા ક્રમે આવતા અને ગુજરાતી ભાષામાં નંબર વન બની રહેલા 'ચિત્રલેખા' સાપ્તાહિકના તંત્રી હરકિસન મહેતાની નવલકથાઓએ પણ અત્યાર અગાઉના વેચાણના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. પાને પાને વાંચનારને જકડી રાખતી અને પ્રસંગે પ્રસંગે રહસ્યપૂર્ણ ઉત્તેજના વધારતી હરકિસન મહેતાની નવલકથાએ ગુજરાતી નવલકથાની તવારીખમાં એક

અનોખો રાજમાર્ગ કંડાર્યો. સત્યઘટના, નરી વાસ્તવિકતા અને કલ્પનાના રંગોનો એવો તો ત્રિવેણી સંગમ હરકિસન મહેતાએ તેમની નવલકથામાં સાધ્યો કે 'બેસ્ટ સેલર' શબ્દની વ્યાખ્યા જ તેમણે બદલી નાખી.

શ્રી હરકિસન મહેતાના ઘણા પુસ્તકો મરાઠી, ઉર્દૂ, પંજાબી, તેલુગુ, મલયાલમ, હિન્દી અને અન્ય ભાષાઓમાં પણ પ્રકાશિત થયા છે. ૧૯૯૦માં પ્રવીણ પ્રકાશને શ્રી હરકિસન મહેતાનો સંપૂર્ણ સેટ પ્રકાશિત કરેલ, આજે ફરીથી અદ્ભુત લોકચાહના વચ્ચે સંપૂર્ણ સેટ પ્રકાશિત કરતા પ્રવીણ પ્રકાશન ગૌરવ અનુભવે છે.

૩૧-૧૨-૧૯૯૬

— ગોપાલ એમ. પટેલ

પ્રવીણ પ્રકાશન, રાજકોટ.

આધાર-આવકાર

વર્ષો અગાઉ 'ચિત્રલેખા'માં ભોવાલ સંન્યાસી કેસ વિસ્તારપૂર્વક રજૂ થયો ત્યારથી જગતમાં જેનો જોટો ન જડે એવી એ અજોડ સત્યઘટના નવલકથાનું સ્વરૂપ પામવા માટે મનમાં ઘૂંટાતી હતી. પહેલાં તો વિચાર હતો કે આ ઘટના જ્યાં બની એ જ સ્થળ, સમય અને એટલાં જ પાત્રોને લઈ નવલકથાનો ઘાટ ઘડવો, પણ આ મર્યાદામાં રહેવાનું બંધનરૂપ લાગ્યું એટલે ભોવાલ-સંન્યાસી કેસનું મુખ્ય પાત્ર તથા મહત્ત્વના પ્રસંગોનો આધારમાત્ર લઈને જુદા જ વાતાવરણમાં વધુ નાટ્યાત્મક પ્રસંગોની ગૂંથણી કરી બળવાન નવલકથા બનાવવાનો ઉત્સાહ પ્રગટ્યો.

'સંસારી સાધુ'ના સર્જન માટે એક નહીં, બબ્બે વર્તમાનપત્રોના તંત્રી-મિત્રોનું નિમંત્રણ નિમિત્ત બન્યું. 'જનશક્તિ' (મુંબઈ)ના તંત્રી શ્રી હરીન્દ્ર દવે તથા 'ફૂલછાબ' (રાજકોટ)ના તંત્રી શ્રી હસમુખ સંઘાણી જો પાછળ પડી ગયા ન હોત તો કદાચ આ નવલકથા કોને ખબર ક્યારે લખાત?

આનંદની વાત તો એ છે કે 'સંસારી સાધુ' એકીસાથે ચાર દૈનિકો-'જનશક્તિ', 'ફૂલછાબ', 'પ્રતાપ' અને 'કચ્છ મિત્ર'ની રવિવારની સાપ્તાહિક પૂર્તિમાં ક્રમશઃ પ્રગટ થઈ અને ચારેય અખબારોના વાચકોએ તેને ઉમળકાથી વધાવી.

હવે પુસ્તકરૂપે તેને એથીય વધુ આવકાર સાંપડશે એવી શ્રદ્ધા છે.

૨૩-૬-'૭૭

— હરકિશન મહેતા

૭, ગુરુકૃપા, દઠ્ઠો રસ્તો, જૂહુ સ્કીમ,
વીલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ-૫૬

અનેરો આવકાર

આ નવલકથાની પ્રથમ આવૃત્તિ એટલી બધી ઝડપે વેચાઈ ગઈ કે બીજી આવૃત્તિ પ્રગટ કરવામાં સમયસર પહોંચી શકાયું નહીં. વાચકો તરફથી અસંખ્ય પત્રો આવતા જ રહ્યા છે. કેટલાક તો આ નવલકથાને બીજા ભાગમાં આગળ વધારવાનો આગ્રહ સેવે છે. પરંતુ આ સૂચન અત્યારે તો અમલમાં મૂકી શકાય એમ નથી.

'સંસારી સાધુ'ને મળેલા આવા ઉમળકાભર્યા આવકાર બદલ સૌનો આભારી છું.

તા. ૧૧-૭-'૭૯

— હરકિસન મહેતા

[૧]

આકાશની યાત્રાએ નીકળેલા સૂરજદેવતા ઝડપભેર પશ્ચિમનો ઢોળાવ ઊતરી રહ્યા હતા. વૈશાખી વાયરાનો કેફ ચડ્યો હોય તેમ વૃક્ષો માથાં ડોલાવતાં હતાં. ઊની ધરતીની ધૂળ હવાની બદલાતી રૂખથી ગેલમાં આવી જઈને ગજાબહારનું જોર અજમાવી બેચાર ઘૂમરી લઈને ફરી પાછી ઠરીઠામ થઈ જતી. પાંખોમાં પવન ભરીને ચકરાવો લેતાં પંખીઓ વચ્ચે વચ્ચે પોરો ખાવા ઝાડની ડાળીએ ઝૂલી લેતાં. જડ-ચેતનમાં બધે જ આવી રહેલાં ઝંઝાવાતનાં એંધાણ વરતાતાં હતાં.

ત્યારે હિંમતનગરની કેડી પર એનાં પગલાં પૂરઝડપે આગળ વધતાં હતાં. તેની ચાલમાં ચેતન છલકાતું હતું. દરેક ડગલે જમીનને સ્પર્શતી તેની ચાખડીનો પટાક અવાજ તાલબધ્ધ હતો. સ્નાયુબધ્ધ પગની ભરાવદાર પિંડીએ ચોંટેલી રેતીની રજકણો હીરાકણીની જેમ ચમકતી હતી. ડાબા ખભે લટકાવેલી ભગવી ઝોળી તેની ચાલમાં તાલ પુરાવતી આગળ-પાછળ ઝૂલતી હતી.

પવનમાં ફરફરતાં તેનાં ભગવાં વસ્ત્રોની સ્વચ્છતા, ખભા સુધી પહોંચતા લાંબા વાળની સુઘડતા, સપ્રમાણ દેહની પડછંદતા અને નકશીદાર મુખની સૌમ્યતા જોનારને પહેલી નજરે જ પ્રભાવિત કરી દે એવી હતી. પણ અત્યારે તેને કોઈ જોતું નહોતું.

અચાનક તેની નજર આથમતા સૂરજના અજવાળે ચમકતા રાજમહેલના ગુંબજની સોનેરી ટોચ પર પડી. કોણ જાણે કેમ તેની સંન્યાસી દૃષ્ટિમાં અણધારી ચમક ઊપસી આવી. મનમાં સંસારી જીવની ઝણઝણાટી જાગી ઊઠી અને અજાણ્યા મુકામે પહોંચવાની ઉતાવળ ન હોવા છતાં તેની ચાલમાં ચંચળ તીવ્રતા વરતાઈ.

કેડી છોડીને એણે રસ્તા તરફ પગ વાળ્યા. રાજમહેલના ગુંબજ પરથી દૃષ્ટિ હઠાવી લેવામાં એને થોડી જહેમત પડી ત્યાં સામેથી દોડી આવતી

રાજબગી નજરે ચડી ગઈ. તેના સફેદ ઘોડાના કપાળનું શ્યામ ટપકું આટલે દૂરથી પણ પોતાની દૃષ્ટિએ કેમ પકડી પાડ્યું તેનું અચરજ થયું. બગીના કોચવાને ઘોડાને ચાબુક ફટકારી ત્યારે પોતાની પીઠ પર તમતમાટી શું કામ અનુભવી ? શું એના સાધુહૃદયને પ્રાણીમાત્રનું દુઃખ સ્પર્શી ગયું કે પછી સંસારી જીવની કોઈ માયા સળવળી ઊઠી ?

ગરદનને ઝાટકો આપી તેણે એ વિચાર ખંખેરી નાખ્યો. ત્યાં બાજુમાંથી પસાર થયેલી બગીના ઘોડાએ પણ ગરદનને અણધાર્યો ઉલાળો આપ્યો. ગતિમાં અચાનક રુકાવટ આવવાથી ઘોડાના આગલા બે પગ સહેજ અધ્ધર થયા. પાછલા બે પગ સડક પર ઘસાતાં લોઢાની નાળમાંથી તણખાં ઝર્યા અને એ અણધાર્યા હડદોલાએ બગીમાં બેઠેલા બધાને હળવો આંચકો આપ્યો.

'ઓઈ મા !' એક સ્ત્રીની કોમળ ચીસ સંભળાઈ.

'શું થયું રાણીબા ?' સામે બેઠેલી દાસી માલતીએ ઉચાટ ઉછાળ્યો: 'વાગ્યું-બાગ્યું તો નથી ને ?'

'જોતી નથી ?' બીજી દાસી મધુમતીએ રાણીને વહાલા થવાની રોજની રીત અજમાવી : 'તેં પૂજાની થાળી બરાબર પકડી નહીં તેથી બાના કપાળ સુધી ગુલાલ ઊડ્યું.' કહેતાં તેણે પોતાના પાલવથી લાજવંતીનું કપાળ લૂછીને અગાઉ જેવું કોરું ધાકોર કરી નાખ્યું.

'ઘોડાના પગ પાછા કેમ પડ્યા જોરૂભા ?' બગીની પછવાડેથી જમીન પર ઊછળી પડેલા લખુભાએ ઊભા થઈને કપડાંની ધૂળ ખંખેરતાં બગીના કોચવાનને ટોયો : 'કોઈ દી નહિ ને આજે ટીલિયો વટક્યો કાં ?'

જોરૂભાએ પોતાની બેઠક પરથી નીચે ઝંપલાવી હાંફતાં ઘોડાના પાછલા પગ પરખવા માંડ્યા : 'ના, ના, લૂલો-લંગડો તો નથી થયો.' બબડતાં તેણે ઘોડાની ગરદન પસવારીને ઠપકો આપ્યો : 'ટીલિયા, આજે તને આ શું સૂઝ્યું? બગી ઊંધી વળી ગઈ હોત તો તું અને હું બંને ગોળીએ વીંધાત.' કહેતાં કહેતાં કોચવાને દૂર પહોંચી ગયેલા સાધુની પીઠ પર નજર નાખી લીધી: 'કાંઈ નહિ તે સાધુનાં ભગવાં જોઈને ભડક્યો, ભૂંડા !'

'તેનું છેલ્લું વાક્ય બગીમાં બેઠેલાં રાણીબાના કાને અફળાતાં જ કાનની

બૂટ પર લાલાશ ફરી વળી. સાંભરણનો એક સણકો આવી ગયો. વિધવા થયાના બીજા વરસે મનનો સંતાપ સંકોરવા પોતે કુંભમેળામાં સંગમતીર્થ નહાવા ગયેલાં. ત્યાં ત્રિકાળજ્ઞાની સંન્યાસી સત્યાનંદજીનાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું. એમના ચરણોમાં ફૂલ ધરી, દંડવત્ પ્રણામ કરી ઊઠવા જતાં જ ઊંડી ગુફામાંથી આવતો હોય એવો સ્વામીજીનો ગહનગંભીર અવાજ સંભળાયો :

'અખંડ સૌભાગ્યવતી ભવ.'

મીંચેલી આંખે સંન્યાસીએ ઉચ્ચારેલા આશીર્વાદ સાંભળતાં જ કૂણા હૈયા પર ધારદાર હથિયારનો છરકો થયો હોય તેમ પોતે મૂઢ બની ગયેલી. ગોઠણમાં ખાલી ચડી ગઈ હોય તેમ ઊભા થવા માટે માલતી-મધુમતીનો ટેકો લેવો પડ્યો. કોચવાતા જીવે કુટિરનો ઉંબરો ઓળંગતી હતી ત્યાં પીઠ પર અવાજ અફળાયો હતો : 'સ્વામીજી ! આપ નારીને કદાપિ નરી આંખે નિહાળતા નથી અને આપ તો ત્રિકાળજ્ઞાની છો, તો પછી આ કોરા કપાળવાને વિધવાને અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ કેમ ?'

જાણે પોતાના મનનો જ પ્રશ્ન બીજા કોઈએ પૂછ્યો હોય તેમ પોતે સ્વામીજીનો ઉત્તર સાંભળવા અધીર બની ગયેલી, પણ ઘણી વાર સુધી મૌન છવાયેલું રહ્યું ત્યારે ઉંબરો ઓળંગી જઈ ગરદન ત્રાંસી કરીને અંદરના ભાગમાં અધીર દૃષ્ટિ ફેંકાઈ ગઈ હતી. સમાધિમાં ઊંડા ઊતરી ગયા હોય તેમ સ્વામીજીની આંખો બિડાયેલી જ હતી. માત્ર એમના બે હોઠ વચ્ચે સંકેતભર્યું આછું સ્મિત ફરકતું દેખાયું !

આજે સાડા સાત વર્ષ પછી સ્વામીજીનું એ ગેબી સ્મિત લાજવંતીની આંખો સમક્ષ તાદૃશ્ય થઈ ઊઠ્યું. વિચારમગ્ન અવસ્થામાં જ તેનો હાથ કપાળ પર ફરી ગયો.

'નહીં રાણીબા, કપાળ પર હવે ગુલાલનો ડાઘ બિલકુલ રહ્યો નથી.' મધુમતીએ પોરસ કર્યો : 'મેં બહુ ચીવટથી લૂછ્યું છે !'

અને બગી ફરી એકસરખી ગતિએ આગળ વધી ગઈ. લાજવંતીને વારે વારે ઈચ્છા ઊછળી આવતી : પાછળનો પરદો સહેજ ઊંચકીને આ સંન્યાસીનાં દર્શન તો કરી લઉં... પણ ઈચ્છાને દબાવી જ રાખવી પડી. પાછળ બેઠેલો

પહેરેગીર પોતાનું મુખ જોઈ જાય તો વિધવાની મરજાદ તૂટે !

કદાચ તેણે પાછળ ફરીને જોયું હોત તો પેલો અજાણ્યો સાધુ રાજમહેલના ગુંબજની સોનેરી ટોચને તાકતો ઝડપભેર આગળ વધતો દેખાત!



'રામ રામ સાધુ મા'રાજ !'

રસ્તાને સામે છેડેથી આધેડ વયનો એક આદમી સાદ પાડતો પાસે આવ્યો ત્યારે પહેલી વાર એના પગ જમીન પર થંભ્યા. પેલાએ હાથ જોડીને ભાવપૂર્વક નમન કર્યું : 'કઈ તરફ પધારવું થયું, સાધુ મા'રાજ ?'

'અમે તો સાધુ, રસ્તો લઈ જાય ત્યાં જનારા.' બોલતાં બોલતાં ફરી ડોક ત્રાંસી કરીને મહેલના ગુંબજ પર તેની નજર ઊંચકાઈ : 'સાંજ પડી ગઈ એટલે આ નગરમાં જ રાતવાસો કરી લઉં.'

'તો તો અમારા ધનભાગ્ય મા'રાજ !' કહેતો એ અટકી ગયો. સાધુની આંખો મહેલ પર મંડાયેલી જોઈને તેણે ઉમેર્યું : 'બોલ્યું-ચાલ્યું માફ કરજો મા'રાજ, પણ હવે એ મહેલમાં સાધુ-સંતોના સત્કાર બંધ થઈ ગયા.'

છતાંય સાધુની નજર ત્યાંથી ખસી નહીં એટલે પેલાએ કહેવા માંડ્યું: 'અગાઉ તો બહારથી આવનાર દરેક સાધુ-સંન્યાસી રાજના મહેમાન ગણાતા. મહેલમાં એમની પધરામણી થતી. રાજમંદિરમાં એમનાં આખ્યાન થતાં. અને રાજમાતા પોતે સાધુ-સંન્યાસીની સરભરા કરતાં...' કહેનારે થોડું રોકાઈને નિસાસો નાખી લીધો.

'પણ હવે બધું જ બદલાઈ ગયું. પૂજાનાં ફૂલોની સુગંધને બદલે વિલાયતી દારૂની વાસ, સુખડની સુવાસને બદલે મોંઘાં અત્તરની મહેંક અને ભજન-આખ્યાનને બદલે નાચ-ગાનના મુજરા થવા માંડ્યા.'

આ પરિવર્તનનું કારણ જાણવાની સાધુને જિજ્ઞાસા જાગી, પણ સંસારની મોહ-માયાનું કુતૂહલ પોતાનાં ભગવાં વસ્ત્રને શોભે નહિ.

'મા'રાજ, આપને હરકત ન હોય તો મારી વાડીએ પધારો, ઝૂંપડીને પાવન કરો... મારાથી બનતી બધી જ સરભરા કરી છૂટીશ.'

બોલતાં બોલતાં એની નજર સાધુના મુખ પર ચોંટી ગઈ. એના કપાળે કરચલીઓ પડવા લાગી : 'અગાઉ આપ ક્યારેય અમારા ગામમાં પધાર્યા છો મા'રાજ ?' એની પૃચ્છામાં થોડી અવસ્થા આવી ગઈ. 'આપને ક્યાંક જોયા હોય એવો ભાસ થાય છે.'

'એ તો સાધુ બધા સરખા હોય એટલે ભાસ થાય. પહેલી વાર એમના ચહેરા પર સૌમ્ય સ્મિત ઝબકી ગયું : 'એક વાર હું જે સ્થળની યાત્રા કરું છું ત્યાં બીજી વખત જતો નથી. ભારતની ભૂમિ એટલી વિશાળ છે કે આખી જિંદગી ભ્રમણ કરીએ તોપણ યાત્રા અધૂરી રહે.'

એને લાગ્યું કે પેલો માણસ સાંભળવાને બદલે પોતાને નીરખવામાં જ લીન થઈ ગયો છે. ત્યારે અધીરા અવાજે પૂછ્યું : 'અહીં આટલામાં કોઈ મંદિર તો હશે.'

'હેં...હેં...!' પેલાને સજાગ થતાં થોડી વાર લાગી : 'હા... હા.... મહાદેવનું મંદિર છે ને આ ટેકરીની પાછળ, તળાવની પાળે બહુ મોટું મંદિર છે. પૂજારી પણ બહુ ભલા છે. હમણાં જ રાજમહેલની બગી મંદિર તરફ ગઈ, પણ એ રસ્તો આપને લાંબો પડશે. પગપાળા જવા માટે સામેની કેડી સારી પડશે.

ટેકરી ચડી જશો એટલે મંદિરની ધજા દેખાશે.'

'ભગવાન તારું ભલું કરે' કહી સાધુએ દિશા બદલી કેડી તરફ પગ ઉપાડ્યા.

પેલો બિચારો ઘણી વાર સુધી બાઘાની જેમ તેમને જતા જોઈ રહ્યો. પછી અચાનક ધક્કો વાગ્યો હોય તેમ છલાંગો ભરતો રસ્તો ઓળંગીને પોતાની વાડી તરફ દોડી ગયો. જે જોયું એ માનવામાં આવતું નહોતું છતાં કોઈકને કહેવાની અધીરાઈમાં હાંફતો-હાંફતો વાડીમાં દાખલ થઈ ગયો.

ટેકરીની ટોચે પહોંચીને પવનના સુસવાટા વચ્ચે સાધુએ નીચાણમાં નજર ફેંકી તો મંદિર પર ફરકતી ભગવી ધજા દેખાઈ. પોતાની ધારણા કરતાં મંદિર મોટું હતું, વર્ષો પહેલાં કદાચ એ વધુ ભવ્ય લાગતું હશે. પેલાએ કહ્યું તેમ હવેનો રાજા ધર્મપ્રેમી નથી એટલે મંદિરનાં રંગરોગાન કે સમારકામ તરફ કોઈ ધ્યાન નહીં આપતું હોય. રાજાનો વિચાર જાગતાં જ ફરી રાજમહેલ તરફ મીટ માંડવાની તેની ઇચ્છા જોર કરી ગઈ. હવે તેને ખ્યાલ આવ્યો કે રાજમહેલ બીજી એક ઊંચી ટેકરી પર એવી રીતે બાંધવામાં આવ્યો હતો જેથી નગરમાં આવનારની નજર સૌ પ્રથમ એના પર જ પડે. કેટલો વિશાળ અને કેવો ભવ્ય દેખાય છે એ ! જાણે હમણાં જ ત્યાં પહોંચી જવા માટે મન લલચાઈ જાય... માંડ માંડ એ પોતાની નજર ત્યાંથી હઠાવી શક્યો. નીચે ચોતરફ દેખાતા નગર પર ઊડતી દૃષ્ટિ ફેંકી ત્યારે ચિત્ત વધુ પ્રસન્ન થયું. એવું મહેસૂસ કર્યું કે ટેકરીની ટોચેથી પોતે સમગ્ર શહેર પર વર્ચસ્વ ધરાવતો હોય.

બરાબર એ જ વખતે મંદિરનો ઘંટ રણકી ઊઠ્યો. જાણે એક સાધુ જીવને સંસારની માયામાં લપેટાઈ ન જવા માટે સાવધાન કરતો હોય એવો એ ઘંટારવ હતો. તેને પરાણે મંદિર તરફ ડોક ફેરવવી પડી... અને ત્યાં તો મંદિરના પગથિયે પણ સંસારની માયા જ નજરે પડી !

બે સ્ત્રીઓ મચ્છરદાની જેવા પરદાના છેડા પકડીને સામસામે ચાલતી પગથિયાં ઊતરતી દેખાઈ. રસ્તામાં મળેલી પેલી બગી પણ થોડે દૂર ઊભી હતી. તેની સજાવટ જોતાં લાગ્યું કે એ રાજબગી જ હોવી જોઈએ. તો તો પછી પરદાની અંદર રાજમાતા જ હશે.

તેણે ઝડપભેર ટેકરી ઊતરવાની શરૂઆત કરી. એ અર્ધે પહોંચ્યો હશે, ત્યાં ફૂંફાડા મારતો પવન પૂરજોસમાં ફૂંકાવા લાગ્યો, પોતાનું સમતોલપણું એ માંડ માંડ ટકાવી શક્યો. નીચે નજર કરીને જોયું તો હવાના સપાટામાં મચ્છરદાની આકારનો પરદો પેલી બે સ્ત્રીઓના હાથમાંથી છટકીને ઊડતો ઊડતો પોતાના તરફ ખેંચાઈ આવ્યો. મરજાદ હઠી જવાથી બેબાકળી બની ગયેલી સ્ત્રીઓની ચિચિયારી સંભળાઈ. પહેલાં તો ઓઝલ પરદો પકડવા એ બંને ચાર-છ ડગલાં દોડી, પણ રાણીબાનું મુખ કોઈ પુરુષ જોઈ જશે એ ખ્યાલ આવતાં દોડતી પાછી ફરીને બંને જણી એને ઘેરી વળી, છતાંય થોડીક પળોની એ અલપઝલપમાં સાધુની દૃષ્ટિએ રાણીબાનાં સૌન્દર્યની ઝલક ઝીલી લીધી હતી ! ના, એ રાજમાતા જેટલી વૃદ્ધ નથી દેખાતી... તો પછી રાજરાણી હશે ?

આ તર્કવિતર્કમાં તેને ખ્યાલ ન રહ્યો કે પેલો મરજાદનો પરદો ઊડતો ને પોતાના પગ પાસે આવીને પડ્યો હતો. એ રેશમી સુંવાળા વસ્ત્રના સ્પર્શથી એણે ન સમજાય એવી ઝણઝણાટી અનુભવી. નીચા નમીને એને ઊંચકી લેવાનો વિચાર આવ્યો ત્યાં હાંફતો-હાંફતો પહેરેગીર ઉપર આવી ચડ્યો. બહાવરાની જેમ અધીરાઈભેર પરદો ઊંચકી એ પાછો ભાગવા જતો હતો ત્યાં સંન્યાસીના મુખ પર પડેલી તેની દૃષ્ટિ ઘડીભર થીજી ગઈ. નીચેથી કોચવાને હાંક ન મારી હોત તો એ લોહચુંબકની જેમ સંન્યાસીના ચહેરાથી જકડાઈને જડની જેમ ઊભો જ રહેત... છતાંય પાછા ફરતાં ફરતાં બે-ત્રણ વાર ડોક ફેરવીને પાછળ નજર નાખ્યા વગર તો એ રહી શક્યો નહીં. તેના વિચિત્ર વર્તનથી સાધુનું મુખ મલકી ઊઠ્યું.

વીંઝાતા વાયરા વચ્ચે સડસડાટ ભાગતી બગી દેખાતી બંધ થઈ ત્યારે સાધુએ મંદિરના પગથિયાં ચડવા માંડ્યા.

*   *   *

'આજની રાત હેમખેમ નીકળી જાય તો સારું.' પૂજારીએ ફાનસની ફફડતી વાટને સ્થિર કરવાનાં ફાંફાં મારતાં કહ્યું : 'વૈશાખી વાયરો બહુ વાયડો કહેવાય છે.'

પૂજારીની આ ટકોરથી ખીજવાયો હોય તેમ પવને, જોરદાર સપાટાની

થપાટ મારીને મેડીની બારીને ખખડાવી નાખી.

'જોયું ને, આજે એ સુખેથી સુવાય નહીં દે !' કહેતાં વૃદ્ધ પૂજારી બારી બંધ કરવા માટે કમરે હાથ મૂકીને ઊઠવા જતા હતા ત્યાં સાધુએ એમને રોક્યા, 'આપ શું કામ તસ્દી લો છો. હું જ બંધ કરી દઉં છું.'

પણ બારી બંધ કરવાને બદલે એ બહારનું દૃશ્ય જોવામાં તલ્લીન થઈ ગયો. હજુ અંધકાર એટલો ગાઢ થયો નહોતો. છતાં ચોતરફ સોપો પડી જવાને લીધે અંધારાની અસર વધુ ઘેરી વરતાઈ. ટેકરીની ટોચેથી આથમતા સૂરજને અજવાળે આ નગરી જોઈ ત્યારથી એની માયા મન પર કબજો લેવા લાગી હતી. મંદિરમાં પ્રવેશ કર્યા પછી આપોઆપ એક સ્ફુરણા જાગી હતી. એક રાતને બદલે અહીં થોડા દિવસ રોકાઈ જવાય તો સારું ! વૃદ્ધ પૂજારીના આવકારમાંય ઉમળકાનો રણકો સંભળાયો : 'આપના જેવા સાધુ-સંન્યાસી ક્યારેક જ આ તરફ પધારે છે. અમારું હિંમતનગર થોડું છેવાડે પડી જાય છે.'

મંદિરમાં કોઈ દર્શનાર્થી ન હોવા છતાં ઉત્કટ ભક્તિભાવથી વિધિસર સંધ્યા-આરતીમાં એમને એકાગ્ર થતા જોઈને પોતાને પૂજારી માટે સદ્‌ભાવ જાગ્યો હતો. આરતી પૂરી થયા પછી પુછાઈ જવાયું, 'આ મંદિર પણ નગરજનો માટે છેવાડે પડી જતું હશે. અહીં સુધી દર્શને બહુ ઓછા લોકો આવતા લાગે છે.'

'આવે છે ખરા, પણ સંધ્યા સમયે બહુ ઓછા.' કહેતાં પૂજારીએ પોતાની સામે આરતીની થાળી જે રીતે ધરી એ જોતાં સમજાઈ ગયેલું કે ઓછું સાંભળે છે તેમ આંખે પણ ઝાંખું જ જોઈ શકે છે. અવસ્થાને કારણે બોલવામાંય એમની જીભ જરા થોથવાતી લાગી : 'આમ તો આ મંદિર રાજમંદિર ગણાય છે. અમારા રાજવી અહીં રોજ દર્શને પધારતા. થોડી વાર પહેલાં જ રાણીવહુ આવી ગયાં. વિધવા છે, પાકી મરજાદ પાળે છે, એટલે સાંજના સમયે એમની હાજરીમાં બહારના લોકોને માટે મંદિરમાં પ્રવેશવાની મનાઈ છે !'

ત્યારે પોતાથી કટાક્ષમાં કહેવાઈ ગયેલું : 'મહાદેવના મંદિરનેય રાજવીઓ પોતાની મિલકત માને તે કેમ ચાલે ? રાજરાણી દર્શન કરવા આવે ત્યારે આપને હાજર રહેવાની મનાઈ નથી એટલું સારું છે !'

'અમારા જેવા પૂજારી કે આપના જેવા સાધુ-સંન્યાસી માટે મરજાદનો મલાજો શેનો હોય.' પૂજારીએ કટાક્ષનો આંચકો પચાવી જતાં કહેલું : 'આ રાણીવહુનો હસ્તમેળાપ મારા હાથે જ તો થયેલો. અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ આપતી વખતે મને શું ખબર કે એમના પ્રારબ્ધમાં છ વરસનું જ સૌભાગ્યસુખ લખાયું હશે.'

એમના ઊંડા નિસાસ સાથે બહારથી ધસી આવતા પવનના સુસવાટાએ પૂજારીના હાથમાં પકડેલી આરતીની દીવી બુઝાવી નાખેલી : 'આમ જ અમારા રાજકુંવરનો જીવનદીપ બુઝાઈ ગયો હતો.'

રાતવાસા માટે પૂજારી મેડી પર દોરી લાવ્યા ત્યારે પોતે પૂછેલું : 'આપ બધું જ જાતમેળે કરો છો તો શું પરિવારમાં કોઈ નથી ?'

'મારો શંભુ છે ને...' મેડી ચડીને શ્વાસ ખાવા રોકાતાં તેમણે કહેલું: 'એ જુવાન થયો છતાં પરણવાની વાત ટાળ્યા કરે છે... કહે છે કે ભોજન હું જાતે રાંધીને તમને જમાડું છું પછી મને પરણાવવાની ઉતાવળ શીદને કરો છો? બિચારો દિલનો ભોળો અને બુદ્ધિનો થોડો કાચો.' કહેતાં એમણે બારીમાંથી હાંક મારીને દીકરાને સૂચના આપેલી : 'શંભુ, આજે એક મહેમાનની રસોઈ વધારે બનાવજે, સાધુ મહારાજ પધાર્યા છે.'

સાંજથી અત્યાર સુધીની આ સામાન્ય ઘટનાઓ વાગોળતાં વાગોળતાં પણ તેની દૃષ્ટિ તો દૂરની ટેકરી પર અડીખમ ઊભેલા રાજમહેલના ગુંબજ તરફ જ મંડાયેલી રહી. પૂજારીની હાજરીય થોડી વાર વીસરાઈ ગઈ. પવનના ઝપાટાએ ફરી બારીને થપાટ મારી અને પોતાના ખભા પર એ અફળાણી ત્યારે જ ખ્યાલ આવ્યો કે પોતે બારી બંધ કરવા ઊભો થયો હતો. વગર પૂછ્યે તેને પૂજારીને ખુલાસો આપવો પડ્યો : 'પવનનું આ રૌદ્રસ્વરૂપ પણ કેટલું રળિયામણું લાગે છે !'

'આપને રળિયામણું ભલે લાગે, પણ રાણીવાસમાં ભોજન લેવા બેઠેલાં રાજમાતા અને રાણીવહુને તો પવનનું આ તોફાન કાળ જેવું વિકરાળ ભાસતું હશે.' પૂજારીના શબ્દોએ સાધુ પર ધાર્યા કરતાં વધુ અસર ઉપજાવી હોય તેમ બારીમાંથી દૃષ્ટિ પાછી ખેંચીને ઝાટકા સાથે પીઠ ફેરવી : 'કેમ, પવનના આ

તોફાને રાજમાતા અને રાજરાણીનું કાંઈ ઝૂંટવી લીધું હતું ?'

'હા, એકનો પુત્ર અને બીજીનો પતિ.'

થોડી વાર બંને ખામોશ થઈ ગયા. બહાર પવનની ચિચિયારીઓ તીવ્ર બની ગઈ. વૃક્ષોની ડાળીઓ હવે આક્રંદ કરતી લાગી. ઝડપભેર સાધુએ બારી બંધ કરી દેવી પડી. બહારના હવામાનની જેમ તેના ભીતરમાં પણ જિજ્ઞાસાનો ઝંઝાવાત જાગવા લાગ્યો.

'પૂજારીજી, એવું તે શું બન્યું કે પવનનું તોફાન રાજમાતા અને રાજરાણીના સુખનો કોળિયો ઝૂંટવી ગયું ?'

'એમાં પવનનો કોઈ દોષ નહોતો. રાજકુંવર તો પોણા બે વરસની લાંબી બીમારી બાદ મૃત્યુ પામ્યા હતા... પણ એ સાંજે વૈશાખનું આવું જ વાવાઝોડું ત્રાટકેલું. જાણે કાળનું ડમરું વાગતું હોય તેમ પવને તાંડવ કર્યું હતું. રાજજ્યોતિષીએ કહેલું કે તોફાનની આ રાત વીતી જાય તો કુંવર પરથી મૃત્યુની આફત અવશ્ય ઓસરી જવાની ! પણ એ પવન તો એમની ચિતા પ્રગટાવીને જંપ્યો. આ વૈશાખે નવ વરસ પૂરાં થયાં એ વાતને.'

એટલું બોલતાંય પૂજારીની વૃદ્ધ છાતીમાં હાંફ ભરાઈ આવી. વધુ પૂછપરછ કરવાનું અજુગતું લાગ્યું. નજીક જઈને ફાનસના અજવાળે તેણે પૂજારીનો ચહેરો નીરખ્યો. અસંખ્ય કરચલીઓમાંથી વ્યથા નીતરતી દેખાઈ. આંખની પાંપણો પર બાઝેલાં આંસુ પડું પડું થતાં લટકી રહ્યાં હતાં.

'બાપુ, ભોજન તૈયાર છે.' મેડીનાં પગથિયાનાં ખડખડાટ સાથે શંભુનો સાદ સંભળાયો ત્યારે પૂજારીની સ્થિર આંખોની પાંપણ ફરકી અને પેલાં આંસુ ખરી પડ્યાં.

સાધુએ ડોક ઊંચી કરીને શંભુ પર નજર માંડી, એનો દેખાવ જોતાં જ હસવું આવી ગયું. તગડો બાંધો, માથે સફાચટ મૂંડા પર લટકતી લાંબી ચોટલી, કોડા જેવી મોટી આંખો અને ઘોલર મરચાં જેવું ઘાટ વિનાનું નાક....

'આ મારો શંભુ.' પરિચય આપવાની જરૂર ન હોવા છતાં પૂજારીએ ઊઠતા પહેલાં કહ્યું, 'એના હાથનું ભોજન ખાઈને પ્રસન્ન થઈ જશો.'

'સાત્ત્વિક છતાં સ્વાદિષ્ટ !' કહેતાં શંભુએ આંખના ડોળાની સાથે માથાની ચોટલી પણ વિનાકારણ હલાવી.

'બસ, આ જ તો એની ત્રુટિ છે. પોતે જ પોતાનાં વખાણ કરી બેસે.'

પૂજારીને ઊભા થવામાં તકલીફ પડી એટલે શંભુએ દોડી જઈ પિતાને ટેકો આપ્યો : 'સ્વામીજી, આપ કષ્ટ લેવું રહેવા દો. મારા એકલાનો ટેકો બસ છે.'

વિવેક કરતાં શંભુએ સાધુ સામે જોયું. અને જોતાં જ તેની મોટી આંખોની કીકીઓ અચરજના આંચકાથી ચકળવકળ થવા માંડી. થોડી વાર સુધી મટકું માર્યા વગર સાધુને નીરખી લીધા પછી શંભુએ પૂજારીના - પિતાના બાવડા પર ભીંસ વધારી : 'બાપુ, જરા આ બાજુ આવો તો.'

પૂજારી બે ડગલાં પાછળ હટ્યા ત્યારે શંભુ એના જાડા હોઠ એમના કાન તરફ લઈ ગયો, પણ આંખો સાધુ તરફથી હટાવી નહીં.

'બાપુ, આ સંન્યાસીને તમે ધારી ધારીને જોયા ?' તેણે ઘુસપુસ કરવાની ઢબે ફૂંક મારી : 'એ અદલોઅદલ આપણા રાજકુંવર જેવા લાગે છે... માત્ર એના દાઢી-મૂછ સિવાય દેખાવમાં રતિભારનોય તફાવત નથી.'

કાનમાં રેડાયેલા દીકરાના શબ્દોએ ધગધગતા સીસા જેવી અસર કરી. પૂજારીના મુખની કરચલીઓ એકસામટી ખળભળી ઊઠી. ધીરે ધીરે તેમણે સાધુ તરફ નજર ઊંચકી. ત્યાં સાધુએ પૂછ્યું : 'શંભુ શું કહે છે પૂજારીજી?'

સવાલ સાંભળીને એ ચોંક્યો. ઝાંખપવાળી આંખે તેમણે સંન્યાસીને ધારીધારીને જોઈ લેવાની પેરવી કરી પણ એમાં ફાવ્યા નહીં ત્યારે વાત વાળી લીધી :

'એ તો પૂછતો હતો કે આપનું નામ શું છે ?'

'નિત્યાનંદ !' પૂજારીની ગડમથલ સમજી ગયેલા સાધુએ બાપદીકરા તરફ હસીને કહ્યું : 'પણ તમે મને આનંદ કહેશો તો ચાલશે... અને મને આપને બદલે તમે કહીને બોલાવશો તો વધુ આનંદ થશે.'

છતાં આટલાથી પૂજારીની જિજ્ઞાસા સંતોષાઈ ન હોય તેમ પૂછી લીધું: 'વાંધો ન હોય તો આપ મૂળ વતની ક્યાંના અને આપનું કુળ કયું એય પૂછી લઉં.'

'વાંધો તો શું હોય ?' કહીને તેણે અટકી જવું પડ્યું. એની ખામોશી બાપ-દીકરાને બહુ ભારેખમ લાગી. બંને જણા જવાબ સાંભળવા સાધુના હોઠ પર તાકી રહ્યા.

'મૂળ કે કુળ કહેવામાં વાંધો નથી, પરંતુ સાધુએ પોતાનો સંસારી ભૂતકાળ ખુલ્લો કરવાની શાસ્ત્રમાં મનાઈ છે.'

બરાબર એ જ વખતે વાવાઝોડાની ઝીંક નહીં ઝીલી શકવાથી જમીન પર તૂટી પડતા ઝાડનો કકડભૂસ અવાજ સંભળાયો.

'જોયું ને !' ધ્રૂજતા અવાજે પૂજારીએ પડઘો પાડ્યો : 'આજનું તોફાન પણ કોઈ અણધારી ઘટનાનાં એંધાણ લઈને આવતું લાગે છે !'

એમના બોલનો સંકેત પોતાને સમજાયો કે નહીં એ સાધુએ બાપ-દીકરાને કળાવા દીધું નહીં.

*

[૨]

આખી રાત માળામાં ફફડતાં બેસી રહેલાં પંખીઓ સૂરજના આગમની છડી પોકારવા મીઠડા કલશોર સાથે ઉડાઉડ કરવા લાગ્યાં ત્યારે લાજવંતી પાછલા પહોરની આછી-પાતળી ઊંઘ ખંખેરતી ચાંદીમઢ્યા પલંગની સુંવાળી શય્યામાં બેઠી થઈ ગઈ. આંખ ઊઘડતાં જ સૌ પ્રથમ એ નજરે પડે એવી રીતે ઓશીકા સામેની દીવાલે ગોઠવેલી પતિની પૂર્ણ કદની રંગીન છબી સમક્ષ મસ્તક નમાવીને તેણે હાથ જોડ્યા. આગલી અરધી રાત વાવાઝોડાના સુસવાટાએ તેની આંખ મીંચાવા દીધી નહોતી. વારે વારે તે આ છબી સામે તાકીને વિચારે ચડી જતી. ધામધૂમથી ઊજવાયેલા લગ્ન વખતે એમણે આ છબી પડાવેલી. વિલાયતથી ખાસ અંગ્રેજ ફોટોગ્રાફરને બોલાવેલો. સોનેરી ઝરીના રેશમી સાફા પર શોભતી મોરપીંછની કલગીમાં ઝગમગતો સવા લાખનો હીરો, કપાળે સાફાની ફાટ સુધી તણાયેલું લાલચટક તિલક અને મૂછ વગરના રતૂમડા મુખની પ્રત્યેક રેખા છબીમાં સાફ તરવરતી હતી. ખાંડુ પરણીને વાજતેગાજતે પોતે મહેલે આવી, શણગાર સજીને મલપતી ચાલે શયનખંડમાં પ્રવેશી, લજ્જાના રઘવાટ સાથે ફૂલસજ્યા ચાંદીના પલંગમાં બેઠી અને એમણે આવીને હૂંફાળા શ્વાસે જ્યારે પોતાના મુખ પરથી ઘૂંઘટ હઠાવ્યો ત્યારે આ છબીમાં દેખાય છે એ જ મનોહર મૂરત આંખોમાં વસી ગઈ હતી.

ના, છ વર્ષનું એ લગ્નજીવન સુખની ફૂલશય્યા જેવું સુંવાળું કે મઘમઘતું તો નહોતું જ... ઘણી રાતો દુઃખનાં સૂળ ભોંકાતાં હોય તેમ પોતે પડખાં ફેરવીને ઉજાગરામાં ગુજારી હતી. કરણના જન્મ પછી એમનો સહવાસ વધુ સાંપડવા લાગ્યો ત્યાં બીમારી એમનું પડખું સેવવા આવી ચડી. દિવસ-રાતની ચાકરી, ઘી-સાકરની બાધા કે સેવા વરસ પાળેલાં સોમવારનાં વ્રત... છતાં રાજહઠે ચડેલા રાજરોગે પીછેહઠ કરી નહીં. છેલ્લે છેલ્લે તો એ વારંવાર કહેતા : 'લાજુ, મોતનો ડર નથી લાગતો. બીમારીને આવવું જ હતું તો વરસ પહેલાં કેમ ન

આવી ? મરતી વખતે તારા જેવી હેતાળ પત્નીને દુભાવ્યાનો વલોપાત તો ન થાત !'

'એવું ન બોલો ! મારું સૌભાગ્ય તમને કાંઈ જ નહીં થવા દે.' પોતે કેટલીય વાર કહ્યું હતું : 'તપ કર્યા વગર ભગવાન સુધ્ધાં વરદાન નથી આપતો તો પછી દુઃખ વેઠ્યા વિના વરનું સાચું સુખ ક્યાંથી મળે ?'

'સાચું કહું લાજુ, હું એટલા માટે જ મૃત્યુને હાથતાળી આપવા મથું છું. બસ એક વાર ફરી સાજો થઈ જાઉં. વધારે નહીં, બીજાં પાંચ વર્ષની મુદત ભગવાન વધારી આપે તો તને એટલો બધો પ્રેમ કરું, એટલાં જતનથી જાળવું કે આગલા બધા જ અપરાધ ભગવાનને પણ માફ કરી દેવા પડે.'

ત્યારે તો શ્રધ્ધા બેવડાઈ ગઈ હતી કે, પોતાના તપ કરતાંય એમનો પશ્ચાત્તાપ કઠોર બીમારીને નક્કી પિગળાવી દેશે... પણ તેને બદલે આખરે તો પોતાના કપાળનો ચાંદલો જ પીગળીને રેલાઈ ગયો.

રાતે વાગોળેલા વિચારના પ્રવાહમાં લાજવંતી ફરી તણાવા લાગી ત્યાં મોરના ગહેકાટે તેને સજાગ કરી દીધી. તેને સફાળા ઊઠી જવું પડ્યું. રોજ મોંસૂઝણું થતાં પથારીમાંથી જાગી, રાતવાસી આંખો પર પાણી છાંટી, રાણીવાસના ઉજ્જડ બગીચામાં મોરને ચણ નાખવા પહોંચી જતી.

જતાં જતાં તેણે દેવપૂજામાં બેઠેલાં રાજમાતા પર નજર નાખી લીધી. આંખમાંથી એક ઊનો નિસાસો નીતરી પડ્યો. ભગવાન ગમે એટલાં દુઃખ દે તોય બાઈ માણસ પોતાની આસ્થા કેમ છોડી શકતી નહીં હોય ? સાસુમાની સવાર પૂજા વગર ઊગતી નથી અને પોતાની કોઈ સાંજ મહાદેવનાં દર્શન વગરની આથમતી નથી ! એમને કેટલી વાર સમજાવ્યું કે, એક આંખ મોતિયામાં ગઈ અને બીજીનો મોતિયો પાકવા આવ્યો છે, તમને બરાબર સૂઝતું નથી. પૂજાનો ભાર મારા પર નાખી દો... પણ માને તો તો એ મા શેનાં ! જીવન કડવું થઈ ગયું, છતાં જીભની મીઠાશ ગઈ નહીં. 'લાજુ વહુ, પૂજાનો ભાર વરતાશે ત્યારે તને સામે ચાલીને એ સોંપી દઈશ. અત્યારે તો એનાથી ઘડી બે ઘડી હૈયાનો ભાર ઓછો થાય છે. બાકી દેવપૂજામાં આંખને શું લાગેવળગે? છપ્પનલોકના ધણી સામે તો આંખો મીંચીને જ બેસવાનું હોય છે ને.'

સાસુમાની આવી વાણી સાંભળીને તેને થતું કે દુઃખથી માણસની માત્ર ભક્તિ જ નહીં, શક્તિ પણ વધતી હશે. નહિતર ત્રણ ત્રણ પુત્રના વિયોગ પછીય આ આસ્થા કેમ ટકી શકે ? મોરલાના ગહેકાટે લાજવંતીના પગમાં અધીરાઈ ઊભરાવી દીધી, તેના હોઠ પર ઠપકો આવી ગયો. ગઈ રાતના પવનના તોફાને તમને ભરમાવી દીધા લાગે છે. વૈશાખમાં મે-આઉંના ગહેકાટ કાં કરવા માંડ્યા ? હજુ તો આખો જેઠ આડો છે....

પગથિયાં ઊતરીને વિશાળ ચોગાનમાં પગ મૂકતાં જ ઉઘાડાં તળિયાંને ઘાસની ભીનાશ સ્પર્શી ગઈ. સુંવાળી પાનીએ અનુભવેલી ગલીપચી તેના હોઠ પર મલકી ઊઠી, ત્યારે તો મોરલા સાવ અમસ્તા નહોતા ગહેકતા. તોફાનની સાથે કમોસમનાં બે-ચાર ઝાપટાં પણ વરસી ગયાં લાગે છે. પણ કોઈ વિધવા નીંદરમાં મૃત પતિનાં મીઠાં સંભારણાં વાગોળે એવા ઝાપટાથી ધરતીની તરસ થોડી છિપાય ?

એ જ વખતે મહેલની નોકરાણી ચોગાનમાં સાવરણો ફેરવીને ઝાડનાં ખરી ગયેલાં સૂકાં પાન સંવારતી હતી. લાજવંતીને થયું કે પોતે રાતે વાગોળેલાં સંભારણાં પર જાણે સાવરણો ફરી રહ્યો છે !

પાળી પર બેસીને સાડીના પાલવમાંથી દાણાની મૂઠી ભરી તેણે મોરલાને સાદ પાડવા માંડ્યા : આવ મારા મેહુલા, આવ મારા રંગલા, ઊડીને આવજે પવનિયા, દોડ્યો આવજે કાનિયા...

ઘડીભરમાં તો મોરલાના ઝુંડે લાજવંતીને ઘેરી લીધી. મરોડદાર ડોક લાંબી કરીને મોરલા તેની બંને હથેળીમાંથી ચણ ઝાપટવા માંડ્યા. સુંવાળી હથેળી પર થતા તીણી ચાંચના ચટકા તેને ધાવતા બાળકના બાખોડિયા જેવા લાગ્યા.

તંદ્રામાં ખોવાઈ ગયેલી લાજવંતીએ આંખો ઉઘાડીને જોયું તો મોરલા ક્યારના દાણા ચણીને વીખરાઈ ગયા હતા. સૂકા ઘાસ વચ્ચે પડેલાં ટચૂકડાં મોરપીંછ પર તેની નજર ચોંટી ગઈ. દોડીને મોરપીંછ ઊંચકી લીધું. ઊગતા સૂરજના કૂણા કિરણથી ચળકતા મોરપીંછ પર આંગળીનાં ટેરવાં ફેરવતી એ ઝાડના થડની ઓથે ઊભી રહી ગઈ, રાણીવાસના શયનખંડની અધખુલ્લી

બારી તરફ નજર ઊંચકાઈ. અનાયાસ હાથમાં પકડેલું મોરપીંછ ગાલ પર ફરવા લાગ્યું. પહેલી રાતે એમણે મુખ પરથી ઘૂંઘટ હટાવી પોતાના ગાલે આમ જ મોરપીંછ ફેરવતાં કહ્યું હતું : 'લાજુરાણી, અમારા બરછટ હોઠથી તમારા રેશમી ગાલ ખરડાઈ જવાની બીકે આ મોરપીંછ સાથે લાવવું પડ્યું.'

ત્યારે એમના હાથમાંથી મોરપીંછ સેરવી લઈને પોતે આંખોથી જ સમજાવ્યું હતું : 'એમ નાસમજ થવાનો દેખાવ ન કરો રાજકુમાર, દરેક સુંવાળી ચીજ બરછટ સ્પર્શથી ખરડાવા માટે તલસતી હોય છે... જેમ કુમળી વેલી ઝાડના ખરબચડા થડને વળગી પડે છે તેમ !'

વિચારના વહેણમાં પોતે ઝાડના થડ ફરતો ક્યારે હાથ વીંટાળી લીધો તેનો લાજવંતીને ખ્યાલ ન રહ્યો.

'વાહ રે રાણીબા, આજ સવારના પહોરમાં, આસોપાલવના ઝાડ પર હેત ઊભરાઈ ગયું ?' અણધારી આવી પડેલી માલતીએ ટહુકો કરીને તેને ભોંઠી પાડી દીધી : 'રાતે કોઈ રૂડું સપનું ભૂલું પડી ગયું'તું કે શું ?'

'રૂડાં સપનાં તો વરસો પહેલાં રિસાઈ ગયાં.' લાજવંતીએ નિસાસો નાખ્યો : 'હવે તો ક્યારેક ભ્રમણા ભૂલી પડીને આવી ચડે છે, રૂ પીંજાય તેમ હૈયાને પીડી જાય છે.'

'ત્યારે તો તમારી પીડા વધારવાના જ ખબર આપવા હું દોડી આવી છું.'

માલતીના મુખ પરથી રમતિયાળપણાની રેખા ખરી પડતી જોઈને લાજવંતીની આંખોમાં ઉચાટ અંજાઈ ગયો :

'શેના ખબર લઈ આવી માલુ, કરણ તો સાજોસારો છે ને ? ચાર દિવસથી એનો કોઈ પત્ર જ આવ્યો નથી.'

'યાદ છે રાણીબા, ગઈ કાલે આપણે મંદિરે જઈ રહ્યાં હતાં ત્યારે [illegible]ડીનો ઘોડો ભડક્યો'તો ?' કહેતાં કહેતાં ફરી એ અટકી ગઈ. આગળ વધવા ન વધવાની ગૂંચવણ તેના ગળામાં અટવાઈ ગઈ હતી.

'હા, એક સંન્યાસીને જોઈને ઘોડો ભડક્યો એની આપણને બધાંને નવાઈ લાગેલી.'

'પછી યાદ છે, તમારો મરજાદનો પરદો વાયરાના જોશમાં ઊડીને એ સાધુના પગમાં પડ્યો હતો ?'

'કેમ એ વાતની મોટા ભાઈને ખબર પડી ગઈ ?'

'નહીં રે, લખુભા પરદો લેવા ગયો ત્યારે સાધુને જોઈને ઘોડા કરતાંય એ વધુ ભડક્યો હતો.'

'તો તો એ સાધુ કોઈ અજબનો અઘોરી હશે જેને જોઈને માણસ તો ઠીક જાનવર પણ ભડકી જાય.'

'નહીં નહીં રાણીબા, એવું નથી. એ સાધુ તો કોઈ રાજકુંવર જેવો રૂડો-રૂપાળો છે.'

'સાધુ-સંન્યાસીઓનાં મુખ પર તપનું સાત્ત્વિક તેજ હોય છે માલુ, આમાં ખબર આપવા દોડી આવવા જેવું શું છે ?' કહેતાં મોરપીંછ થડની બખોલમાં સેરવી દઈ લાજવંતીએ પગ ઉપાડ્યા, 'ચાલ મારા સ્નાનની તૈયારી કર, હજુ સૂરજ-પૂજા બાકી છે.'

'પણ રાણીબા, આ સાધુ તો આબેહૂબ આપણા રાજાસાહેબ જેવા જ દેખાય છે.'

માલતીના એ વાક્યે લાજવંતીના શરીરમાં આછી કંપારી પ્રસરાવી દીધી. ડોક ફેરવીને તેણે કરડાકીભરી નજરે દાસી સામે જોયું. જાણે કહેતાં હોય: એક વિધવાને આવી પીડા આપતાં પહેલાં તારી જીભ કેમ કપાઈ ન ગઈ !

'રાણીબા, સાંજે લખુભાએ વાત કર્યા પછી હું આખી રાત ઊંઘી શકી નહીં.' કરગરતી એ નજીક સરકી આવી. વહેલી સવારે મેં લખુભાને ફેરવી ફેરવીને પૂછ્યું : 'જોવામાં તારી ભૂલ તો નથી થઈ ને ? એમના કપાળે પણ જૂના જખમનો બરાબર એવો જ ડાઘ તેં જોયો ? બહુ પૂછપરછ કરી એટલે બિચારો લખુભા ગૂંચવાઈ ગયો. જોજે, હું રાણીબા પાસે ખોટી ઠરું એવું ન થાય !'

માલતી શ્વાસ ખાવા રોકાઈ એટલે લાજવંતી ફરી પગ ઉપાડવા જતી હતી ત્યાં -

'એટલે રાણીબા, લખુભા વહેલી સવારે મંદિરે દોડ્યો. મહાદેવનાં દર્શન

કરીને તેણે પૂજારીના શંભુડાને સાધ્યો : મારે પેલા સંન્યાસીનાં દર્શન કરવાં છે. કાલે સાંજે એમને જોયા ત્યારે બહુ મોટા મહાત્મા જેવા લાગ્યા'તા... એવું બહાનું કાઢી એ શંભુડા સાથે મેડીએ ગયો. સાધુ વહેલી સવારથી પૂજામાં બેસી ગયેલા એટલે લખુભાએ એમને ધારી ધારીને જોઈ લીધા.

'તારી વાત પૂરી થઈ હોય તો હું જાઉં' કહેતી લાજવંતીએ પગલાં ભરવાનો પ્રસાસ કર્યો પણ એના પગ ઊપડ્યા નહીં. માલતી સમજી ગઈ કે રાણીબાની જિજ્ઞાસા સતેજ બની છે, નહીંતર જવા માટે વાત પૂરી થવાની રાહ શું કામ જુએ !

'વાત આટલેથી પૂરી નથી થતી રાણીબા, સાધુને જોઈ લઈને લખુભા દોડતો અહીં આવવા માગતો હતો. પણ પેલા શંભુડાએ રોકી રાખ્યો. એ ભરમચારીને અચાનક દહાપણની દાઢ ઊગી નીકળી હોય તેમ લખુભાનો ઈરાદો પકડી પાડ્યો. કોડા જેવા ડોળા કાઢીને પૂછી લીધું : સાચું કહેજો દરબાર, અત્યારના પહોરમાં મહાદેવનાં દર્શને આવ્યા હતા કે સાધુનું મુખ જોવા ? ગભરાવ નહીં. મેં રાતે જ પૂજારીબાપુને કહ્યુંતું કે આ સાધુ અદલોઅદલ આપણા નિર્મળકુમાર જેવા દેખાય છે... બોલો, મારી જેમ તમનેય એવો ભાસ થયો ને ? ત્યારે લખુભા શંભુડાના સવાલથી છટકીને નાસી આવ્યો. હવે બોલો રાણીબા, એકલા લખુભાને જ આવો ભાસ થયો એવું નથી.' એકીશ્વાસે આટલું બધું બોલી ગયા પછી માલતીએ ઉતાવળે ઉમેર્યું : 'હું તો કહું છું, સાંજને બદલે આપણે પણ અત્યારે જ મંદિરે દર્શન કરવા જઈ આવીએ.'

સાંભળીને ધક્કો લાગ્યો હોય તેમ લાજવંતીએ ઉતાવળી ચાલે પગ ઉપાડ્યા. એ પગથિયાં સુધી પહોંચી હશે ત્યાં પાછળ આવતી માલતીના શબ્દો પીઠ પર અફળાયા : 'રાણીબા, યાદ છે ? કુંભમેળામાં પેલા સંન્યાસીએ પણ આપને અખંડ સૌભાગ્યવતીના જ આશીર્વાદ આપેલા !'

એક પગથિયું ચડીને, ઝાટકા સાથે લાજવંતીએ ગરદન ફેરવી, તેનો ચહેરો લાલઘૂમ થઈ ગયો હતો છતાં ઠપકાના શબ્દો જીભે ચડ્યા નહીં, 'માલતી, એ સંન્યાસી અહીં રોકાવાના છે ?'

'હા હા, રાણીબા !' તેના સવાલનો અર્થ સમજ્યા વગર માલતીએ

ઉત્સાહભેર કહી દીધું : 'શંભુ કહેતો'તો કે પૂજારીએ એમને થોડા દિવસ રોકાઈ જવા કહ્યું એટલે સાધુ માની ગયા. તમે કહેતાં હો તો આપણે રાજમહેલે એમની પધરામણી કરાવીએ, આપના મોટાભાઈ કનકસિંહ આજે જ રસાલો લઈને શિકારે ઊપડી ગયા છે.'

'તારી જીભે દેવતા મૂક માલતી !' લાજવંતીનો ધૂંધવાતો રોષ ભભૂકી ઊઠ્યો : 'સમજ્યા-કારવ્યા વગર ક્યારની જેમ ફાવે તેમ ભરડે રાખે છે.' કહેતી એ સડસડાટ ચાર પગથિયાં ચડી ગઈ. 'લખુભાને કહી રાખજે, એ સંન્યાસી મંદિર છોડીને ચાલ્યા જાય ત્યારે ખબર આપે. ત્યાં સુધી હું મંદિરે દર્શન કરવા પણ નહીં જાઉં.'

તેનો એ ચુકાદો સાંભળીને સમસમી ગયેલી માલતીના પગ જમીન પર જડાઈ ગયા; આ ચર્ચા ઉચ્ચારીને પોતે શું કોઈ મોટું પાપ કરી બેઠી હતી ?

લાજવંતીના મનમાં પણ કાંઈક એવા જ પડઘા પડતા હતા. મૃત પતિના મુખને મળતા આવતા સાધુનાં દર્શન કરીને હું પાપમાં પડું તો ? નવ વર્ષ પહેલાં જેમનાં અસ્થિ પણ ગંગામાં પધરાવાઈ ચૂક્યાં છે એમને મળતા આવતા સાધુના મુખની માયા લગાડીને આત્માને છેતરવાનો શું અર્થ છે ?

* * *

પવિત્ર આત્માનાં પગલાં જ એવાં હોય છે કે સત્વરે એની અસર વરતાયા વગર રહે નહીં. હજુ તો આ સાધુનું આગમન ગઈ કાલના સૂર્યાસ્ત વખતે થયું અને આજનો સૂર્યોદય થતાં જ એમનાં દર્શને લોકો આવવા લાગ્યા. શંભુ તો કહેતો હતો કે, રાજમહેલનો પહેરેગીર લખુભા વળી સૂરજ ઊગતા પહેલાં જ દર્શને આવી ગયો. ભીમા પટેલ એની વાડીનાં ફળફૂલ સ્વામીજીને ધરવા બૈરીછોકરાં સહિત આવ્યો હતો. જતાં જતાં કહેતો ગયેલો કે ગઈ કાલે સ્વામીજીને ગામમાં આવતા જોયા ત્યારથી જ એમનાં દર્શન માટે મન અધીરું બની ગયું હતું. માંડમાંડ રાત વિતાવી... એ ભીમાએ જ કદાચ આજુબાજુની વાડીવાળાને 'દર્શન કરવા જેવા સાધુમહાત્મા આવ્યા છે' એમ કહીને મોકલ્યા હોવા જોઈએ.

પૂજારી મનોમન વિચારતા રહ્યા.

સાંજ પડતાં પહેલાં નહીં નહીં તોય સો-સવાસો માણસો દર્શને આવી ગયા હશે. કેટલાક તો મંદિરનાં પગથિયાં ચડવાને બદલે સીધા જ મેડી પર ચડી ગયા હતા. મંદિરની દાનપેટીમાં ઓછામાં ઓછા પોણોસો રૂપિયા તો પડ્યા જ હોવા જોઈએ. દરેકને સાધુ કહે છે : 'ભાવિકો, તમારા નગરને આંગણે આવા રળિયામણા વાતાવરણમાં આટલું સુંદર શિવમંદિર છે, પણ એની જાળવણી પાછળ કોઈ પૈસા કેમ ખરચતા નથી ? રાજવીએ મંદિર બંધાવ્યું એટલે શું રૈયતની કાંઈ ફરજ નહીં ? ભગવાનનાં ચરણોમાં ભક્તિભાવથી આપણે ફૂલ ચડાવીએ પણ ભગવાનને આંગણે ફૂલછોડનો એકાદ બગીચોય નહીં ! ચૂટેલાં ફૂલો તો ભગવાનનાં ચરણોમાં વહેલાંમોડાં કરમાઈ જવાનાં. તેને બદલે ચોવીસે કલાક તાજાં પુષ્પોની સુવાસથી મંદિરનું સમગ્ર વાતાવરણ મહેકતું રહે એવું આપણે કેમ ન કરી શકીએ ?'

સાદી શૈલી, સચોટ શબ્દો અને મિષ્ટ વાણીમાં અપાતો બોધ સાંભળીને લોકો કેવા મુગ્ધ થઈ જાય છે ! નિશાળના માસ્તરે તો પોતાને કહ્યું પણ ખરું : વિષ્ણુપ્રસાદ પૂજારી, થોડા દિવસનો મુકામ કરવા આ મહાત્માને સમજાવો. તમારા મંદિરની સાથોસાથ અમારા આત્માનો પણ ઉદ્ધાર થાય.

બપોરના ભોજન પછી લાગ જોઈને પોતે પ્રસ્તાવ મૂકી પણ દીધેલો: 'નિત્યાનંદજી, આપને આગ્રહ નહીં પરંતુ એક અરજ કરું છું. થોડા દિવસ આપ અહીં જ રોકાઈ જાઓ. અહીંના લોકો આપની વાણીથી પ્રભાવિત થયા છે. આપનો બોધ એમનાં હૈયાં સોંસરવો ઊતરી જાય છે.'

'હં...' કહીને સાધુ થોડી વાર મૌન રહ્યા હતા. એક મીઠું સ્મિત ફરકાવ્યું હતું. 'પૂજારીજી, તમે કહો છો કે લોકો મારી વાણીથી પ્રભાવિત થયા છે પણ મને કાંઈક જુદું જ વરતાય છે.'

'શું ?'

'લોકો મને સાંભળવાને બદલે ધારી ધારીને જોવામાં વધારે તલ્લીન થઈ જતા હોય છે.'

'એ પણ આપનો પ્રભાવ જ ગણાય.'

'મારો પ્રભાવ કે એમનું કુતૂહલ ?'

સાધુના આ સવાલે પોતાને ચોંકાવી દીધેલા. શું રાત્રે શંભુએ પોતાને કાનમાં કહેલી વાત સાધુએ સાંભળી લીધી હશે ? તાકીદ કરી હોવા છતાં શંભુડાએ મનની શંકા સાધુ સામે ઓકી નાખી હશે ? અથવા તો આ સાધુએ વગર કહ્યે સામાનું મન વાંચી લેવાની વિદ્યા હાંસલ કરી હશે ?

'શું વિચારમાં પડી ગયા પૂજારીજી ?' એમણે દાઢી પર હાથ ફેરવતાં સંભળાવી દીધું હતું : 'એક રીતે લોકોનું કુતૂહલ વહેવારુ છે. સાધુની સચ્ચાઈ ચકાસ્યા વગર પ્રભાવિત થઈ જવામાં ક્યારેક છેતરાઈ જવાય છે. સાચું કહું તો મને ધારી ધારીને જોવાની લોકોની જિજ્ઞાસાથી મને તો અહીં રોકાઈ જવાની પ્રેરણા જાગી છે.'

સાંભળતાં જ પોતે ખુશ થઈ ગયેલા, પણ ત્યાર પછીના એમના વાક્યથી વિમાસણમાંય પડી ગયેલા : 'તમે નહીં માનો, અહીંની ભૂમિ પર પગ મૂક્યો ત્યારથી જ મને આ બધું મારું પોતાનું લાગવા માંડ્યું. સાધુ માટે તો "સબ ભૂમિ ગોપાલ કી" હોવી જોઈએ તેને બદલે કોણ જાણે કેમ, આવી માયા શું કામ ?'

ચહેરાની કરચલીઓ મનના વિચારની ચાડી ખાઈ ન જાય એટલા ખાતર પોતે બહાનું કાઢીને ત્યાંથી સરકી ગયેલા, પણ સાધુના શબ્દોએ તેનો પીછો છોડ્યો નહોતો. આ સાધુને જોઈને શંભુને જે શંકા જાગી એવી આશંકા તેની વાતો સાંભળી મને કેમ જાગવા માંડી ? બે માનવીનાં મુખ સરખાં હોય તેમાં શું થયું ? એથી કાંઈ મૃત્યુ પામનાર જીવતો થઈને થોડો પાછો આવી શકે ? જેના અવસાનનું દાક્તરે સર્ટિફિકેટ આપી દીધું હોય, જેની સ્મશાનયાત્રા નીકળી હોય, ચિતા પ્રગટાવવામાં આવી હોય અને પાંચ વર્ષના પુત્રે જેનું સોળમું સરાવ્યું હોય એ ...! અસંભવ ! શંભુની જેમ હું એવા ભ્રમમાં પડું તો મારામાં અને શંભુમાં ફેર શું ?

પોતે મન મક્કમ કરતા હતા, ત્યાં અચાનક શંભુએ આવીને ફરી એ જ વાત ઉચ્ચારી હતી : 'બાપુ, તમને તો આંખે ઓછું દેખાય છે, મારી આવડી મોટી આંખે દેખેલું તમે માનવા તૈયાર નથી, પણ સાધુનાં દર્શન કરીને જનારા આપસમાં ગુસપુસ કરે છે એય શું તમે માનવા તૈયાર નથી ? તમે એમ માનો

છો કે આ બધા ભક્તિભાવના માર્યા અહીં દર્શન કરવા દોડી આવ્યાં'તા ? ના, ના દરેકને એમ જ લાગે છે કે આ આપણા નિર્મળકુમાર છે. હિંમતનગરના રાજવી, રાજમાતાના પુત્ર, રાણીબાના પતિ અને કુંવર કરણના પિતા !'

'શંભુ... શંભુડા !' પોતે ક્રોધ માંડમાંડ વશ રાખી શકેલા : 'આવું બધું બોલીને તું કેવો ઝંઝાવાત જગાડી રહ્યો છે એનું કંઈ ભાન છે !' પછી દીકરાને મૂંગો કરવા એક દલીલ સૂઝી આવી હતી : 'શંભુ, તું રાત્રે કહેતો હતો કે દાઢી-મૂછ સિવાય બીજો કોઈ તફાવત નથી, પણ સવારે મેં બહાનું કાઢીને સાધુનું બાવડું પકડી લીધેલું ત્યારે ઓછું દેખનાર મનેય સૌથી મોટો તફાવત વરતાઈ આવ્યો હતો. બીમારી પછી તો આપણા નિર્મળકુમારનું બાવડું મારી મુઠ્ઠીમાં આવી જાય એટલું પાતળું હતું જ્યારે આ સાધુ ! જાણે નખમાંય રોગ ન હોય એવાં ભરાવદાર બાવડાં છે એનાં.'

'એ તો સાધુ થયા પછી સાત્ત્વિક જીવનને કારણે કોઈ પણ માણસ તંદુરસ્ત બની જાય...'

'તું હવે ચૂપ રહીશ.' ખિજાઈને પોતે શંભુને આગળ બોલતો રોકી દીધો. 'અને મૂરખ, જીવતા હોય એ સાધુ થઈને તંદુરસ્ત બની જાય પણ મરેલાને કોઈ દિવસ જીવતા થતા તેં સાંભળ્યા છે ? જા અહીંથી, રસોડે જઈને ચૂલો સળગાવ.'

ત્યારે છંછેડાયેલો શંભુ પગ પછાડીને સંભળાવતો ગયો હતો, 'બીજા બધાની વાત ભલે ન માનો, પણ હમણાં રાણીબા દર્શને આવશે ત્યારે જોજો, સાધુને જોયા પછી એ હેબતાઈ ન જાય તો મારું નામ શંભુ નહીં ! પરાયાની આંખો ધોખો ખાય, પણ પોતાનું માણસ તો પલકવારમાં ઓળખાઈ જાય.... અર્ધા કલાકની જ વાર છે.'

એ અર્ધા કલાકને બદલે પોણો કલાક વીત્યો છતાં પૂજારીને રાજબગીના ઘોડાના ડાબલા સંભળાયા નહીં ત્યારે ઉચાટ થવા લાગ્યો. સૂરજ આથમવા આવ્યો તોય કેમ નહીં આવ્યાં ! સાજાંસારાં હોય તો દર્શને આવ્યાં વગર રહે જ નહીં. કદાચ હવે આવશેય નહીં. સૂર્યાસ્ત પછી એ રાજમહેલ બહાર રહેતાં નથી, એટલે તો સંધ્યા-આરતી પહેલાં જ દર્શને આવી જાય છે.

ઘડીભર પૂજારીને થયું કે, સાધુના આગમને વિનાકારણ સમસ્યા ઊભી કરી. જેટલા વધુ દિવસ અહીં રોકાશે એટલી ચર્ચા વધુ ચોળાશે. પણ હવે એને જવાનુંય કેમ કહેવાય ?

ત્યાં તો શંભુડો દોડતો આવ્યો : 'રાણીબાની બગી આવે છે. રસોડા પછેવાડે ઝાડે ચડીને હું એની જ રાહ જોતો હતો. તમે વાત વાતમાં એમને કહેજો કે અહીં એક સાધુ પધાર્યા છે, એમનાં દર્શન અચૂક કરતાં જાય.'

કહેતાં એ હાંફતા શ્વાસે પાછો ફરી ગયો ત્યારે પૂજારીએ મંદિરનાં પગથિયાં ચડતાં જ મનમાં સંકલ્પ કરી લીધો હતો કે સાધુની વાત પોતે એની સમક્ષ ઉચ્ચારશે નહીં !

પણ દર્શન કરીને મંદિરનાં પગથિયાં ઊતરતાં રાણીએ જ સામેથી પૃચ્છા કરી ત્યારે એમને ચકરી ખાવા જેવું થઈ ગયું હતું.

'પૂજારી મહારાજ, સાંભળ્યું છે કે કોઈ સાધુ-મહાત્મા અહીં પધાર્યા છે?'

હા કહેવામાં પૂજારીએ જાણે કરીને વાર લગાડી ત્યાં તો સામેથી પ્રસ્તાવ પણ મુકાઈ ગયો.

'એમની અનુમતિ હોય તો હું દર્શન કરતી જાઉં' કહીને ઉમેર્યું ખરું: 'કેટલાક સંન્યાસીને સ્ત્રીની હાજરીમાં બાધ હોય છે.'

'નહીં રાણીબા, આ સંન્યાસી એવા નથી. અત્યાર સુધીમાં ઘણાં સ્ત્રી-પુરુષો દર્શને આવી ગયાં.' કહેતાં પૂજારીએ એક વિઘ્ન દર્શાવ્યું : 'પણ એ મેડી પર બિરાજેલા છે, સાંકડી સીડી ચડવામાં આપને કષ્ટ...'

'અરે દર્શન કરવા માટે તો માણસો પહાડ ચડે છે. ચાલો, સૂરજ આથમવા આવ્યો.' કહેતા લાજવંતીએ અધીરાઈ દેખાડી ત્યારે પૂજારી પોતાનું અચરજ માંડ સંતાડી શક્યા.

એમ તો લાજવંતી પોતે જ પોતાનાં આ પગલાં પર અચરજ અનુભવી રહી હતી. સવારે માલતીને ફેંસલો સંભળાવ્યો કે આ સાધુ રોકાશે એટલા દિવસ મંદિરે જવાનું બંધ... અને બપોર પછી તો એ સંકલ્પ ઓગળવા માંડ્યો હતો. જાત સાથે દલીલો થવા લાગી. સાધુની હાજરીને લીધે શા માટે મંદિરે જવાનું બંધ કરવું ? હું ક્યાં એમને જોવા જાઉં છું ? મંદિરે ન જાઉં તો

સાસુમાને શું બહાનું દેખાડવું ? દર મહિને પડતો ત્રણ દિવસનો ખાડો તો હજુ અઠવાડિયા અગાઉ જ પાડ્યો હતો... અને જેમ જેમ સૂરજ નમવા લાગ્યો તેમ તેમ એનો ઈરાદો પણ ઢળવા લાગ્યો. મંદિરે જવા બગીમાં બેસતી વખતે ફેંસલો કરી રાખેલો : માત્ર મહાદેવનાં જ દર્શન કરીને પાછી ફરી જઈશ... પણ મંદિરનાં પગથિયાં ઊતરતાં સુધીમાં એ ફેંસલોય પગ નીચે કચડાઈ ગયો અને હવે પોતે મેડીનાં પગથિયાં ચડી ગઈ હતી !

'સ્વામીજી, અમારા હિંમતનગરનાં મહારાણીજી આપનાં દર્શને પધાર્યાં છે.'

પૂજારીના એ શબ્દો પૂરા થયા ત્યાં સુધીમાં તો લાજવંતીની આંખો બહાવરી બની ગઈ હતી, પણ સંન્યાસી અને તેની વચ્ચે પૂજારી આડા હોવાથી નજર ટકરાઈને પાછી ફરી ગઈ. પાછળ ઊભેલી માલતીએ રાણીબાના ખભા પર હાથ મૂક્યો અને એ સ્પર્શમાત્રથી તે સમજી ગઈ કે એમના શરીરમાં થરથરાટી જાગી ચૂકી છે !

'આપનાં મહારાણી ભલે પધાર્યાં' વિવેક અને મીઠાશભર્યા માત્ર ચાર જ શબ્દો ! પૂજારી હજુય આડે આવતા હોવાથી એ દેખાતા ન હોવા છતાં એમના અવાજે લાજવંતીને થથરાવી મૂકી. બરાબર એવો જ અવાજ, લગભગ એવો જ લહેકો...

અને પૂજારી બાજુએ ખસી ગયા. આંચકો ન અનુભવવા માટે લાજવંતીએ હાથ જોડીને આંખો બીડી દીધી હતી. મનોમન ભગવાનને પ્રાર્થના કરી લીધી હતી કે અહીં આવવામાં હું ભૂલ તો કરી બેઠી છું, હવે હેમખેમ પાછી ફરી જાઉં એવું કરજે. વિધવાની લાજ રાખજે ભગવાન !

સાધુએ પણ હજુ દૃષ્ટિ ઢાળી જ રાખી હતી :

'આ મંદિરમાં આપ દર્શન કરવા આવો ત્યારે નગરજનોને આવવાની મનાઈ ફરમાવી છે તેમ મારે ત્યાં આવવા માટે કોઈને અનુમતિ લેવી નથી પડતી.'

હૈયા સોંસરવો એ કટાક્ષ સાંભળીને લાજવંતીનાં પોપચાં આપોઆપ પહોળાં થઈ ગયાં. દર્શને આવનારને મેણાં સંભળાવનાર આ સાધુ તે કેવા ?

પણ એમના મુખ પર દૃષ્ટિ પડતાં જ લાજવંતીનાં રોમરોમમાં ઝણઝણાટી વ્યાપી ઊઠી. મંત્રમુગ્ધ બનીને એની કીકીઓ સાધુની મુખમુદ્રા પર જડાઈ ગઈ. આ શું ? એ જ આંખો, એવું જ નાક, કપાળનો ઘાટ પણ બરાબર એવો જ, લમણાના એક ખૂણે જૂના જખમનો એવો જ ડાઘ, મૂછ નીચે ઢંકાયેલા પાતળા હોઠનો એટલો જ ધારદાર વળાંક અને માફકસરની એવી જ મોંફાડ... નહીં, નહીં ! મનના ઊંડાણમાંથી પરાણે પોકાર ઊઠ્યો - અસંભવ... અશક્ય - એ બની જ ન શકે !

સાધુ પોતેય આગળ બોલવાનું વીસરી ગયા હોય તેમ, સંન્યાસીને ન શોભે એટલી તીવ્રતાથી વિધવા રાણીને નિહાળી રહ્યા હતા. માંડ માંડ પાંપણ ફરકાવીને બોલી શક્યા : 'બેસો !'

પણ પોતાને ચોરનજરે નીરખી રહેલી માલતી પર નજર પડતાં લાજવંતીએ મન મક્કમ કરી લેવું પડ્યું. બોલતાં પહેલાં ફરી આંખો બીડવી પડી.

'નહીં સ્વામીજી, સૂરજ આથમતા સુધીમાં ઘેર પહોંચી જવાનો મેં નિયમ રાખ્યો છે.' કહેતાં કહેતાં મસ્તક નમાવી બંધ આંખે જ બળજબરીથી તેણે પીઠ ફેરવી લીધી : 'ચાલ માલતી, જલદી કર !'

બોલવા જતાં એનો કંઠ રૂંધાઈ આવ્યો, કપાળે પસીનો બાઝી ગયો અને પગમાં ખાલી ચડવા માંડી.

મેડીનાં પગથિયાં ઊતરવાનું તેને પહાડ ચડવા કરતાંય વધુ કપરું લાગ્યું. ભીતરમાં જાગેલો ઝંઝાવાત માલતીની નજરથી છુપાવી રાખવાનું પ્રસવવેદના કરતાંય વધુ વસમું લાગ્યું. રાણીવાસ પહોંચતાં સુધીમાં અંદરની અકળામણ આંસુ માટે આંખમાંથી ઊભરાઈ ન પડે એટલા વાટે જાત પર બહુ જુલમ કરવો પડ્યો.

મહેલના આરસનાં પગથિયાંવાળી સીડી ચડતી વખતે લાગ્યું કે પગનાં તળિયે અંગારા ચંપાય છે. બેબાકળી દોડતી એ શયનખંડમાં ધસી ગઈ.

જઈને પતિની છબી પર માથું ટેકવી દીધું. નિસાસા અને હીબકાંનો જાણે ઢગલો થઈ ગયો. ઊનાં આંસુનો ઝરો ફૂટી નીકળ્યો.

એ અવસ્થામાં કેટલોય વખત વીતી ગયો તેનું ભાન ન રહ્યું. કોઈના પગરવે સજાગ કરી ત્યારે ઝટપટ આંસુ લૂછી નાખી તેણે ડોક ઊંચકી. પતિની છબી પર નજર માંડી. પણ આ શું ?

જરિયાન સાફામાં શણગાર સજેલ રાજવીના મુખને બદલે તેને સંન્યાસીનો ચહેરો કેમ દેખાય છે ?'

'લાજુવહુ ! મંદિરે જઈ આવ્યાં ?'

સાસુમાના સાદે તેનું ધ્યાન ખેંચ્યું. દરવાજાની બારસાખ પર હાથ ટેકવીને ઊભેલાં રાજમાતા બોલી ગયાં :

'સાંભળ્યું છે કે મંદિરે કોઈ મહાત્મા પધાર્યા છે.'

સાંભળીને લાજવંતીને થયું કે પોતે હમણાં જ ભાંગી પડશે. એ જ વખતે રાજમાતાની પાછળ આવીને ઊભેલી માલતી દેખાઈ. આંખો પહોળી કરીને ઠપકો આપવાની રીતે તેણે સંકેતથી માલતીને પૂછી લીધું : 'તેં એમનેય જાણ કરી દીધી ?'

પણ માલતીએ ભારપૂર્વક ડોક ધુણાવી ત્યારે ધરપત અનુભવતી લાજવંતી સાસુમાને સ્વસ્થપણે જવાબ આપી શકી :

'હા માજી, એક સંન્યાસી પધાર્યા છે એમ પૂજારી કહેતા હતા... પણ આપને કેમ જાણ થઈ ?'

'પેલો ભીમો પટેલ ઠાકોરજી માટે એની વાડીનાં ફળ આપવા આવ્યો હતો. એણે મધુમતીને કહ્યું : રાજમાતાને સમજાવો કે એક વાર એ સાધુ-મહાત્માની મહેલે પધરામણી કરાવે. બહુ મોટા મહાત્મા જેવા લાગે છે એ.'

લાજવંતી શ્વાસ રોકીને સાંભળતી રહી.

'વહુ, તમે મંદિરે જઈ આવ્યાં તો મહાત્માનાં દર્શન કરતાં આવતાં'તા ને !'

લાજવંતી સમસમીને ખામોશ રહી.

'કાંઈ વાંધો નહીં.' રાજમાતાએ નિર્ણય સંભળાવ્યો : 'મેં આવતી કાલે

મહેલે એમની પધરામણી માટે પૂજારીને કહેવડાવી દીધું છે. આવા મહાત્માનાં દર્શન કરવાથી જીવને કાંઈક શાંતિ સાંપડે છે.' કહેતાં સાસુજી આગળ વધી ગયાં અને લાજવંતી દોડતી ચાંદીના પલંગની પથારીમાં પટકાઈ પડી. એનું મન ભયના ભણકારાથી ભમવા લાગ્યું. આ તે કેવો અનર્થ સરજાવાનો છે !

ઘણી મથામણને અન્તે એણે એક આશ્વાસન શોધી કાઢ્યું. રાજમાતા આંખે ક્યાં જોઈ શકે છે ! એમને ક્યારેય ખબર નહીં પડે કે સંન્યાસી આબેહૂબ એમના પુત્ર જેવો જ દેખાય છે !

*

[3]

જેમની એક આંખની દૃષ્ટિને મોતિયાના ઑપરેશને મૂરઝાવી નાખી હતી અને બીજી આંખની કીકી પર મોતિયાના પડની આડશ છવાઈ ગઈ હતી એ રાજમાતા મીનળબાના કાન ભારે સરવા હતા. ધીમા અવાજે રાણીવાસની દાસીઓ વચ્ચે થતી ગુસપુસ કે નિંદારસ વાગોળતા નોકરોના ઉદ્‌ગારો એમને ન જાણવા જેવી વાતોથી વાકેફ રાખતા. સાઠ વરસની વય વીતી હોવા છતાં એમના રાજવંશી ચહેરા પર જુવાનીમાં આવી પડેલા વૈધવ્યની કે ત્રણ ત્રણ પુત્રોના વિયોગની કરચલી સુધ્ધાં પડી નહોતી. નગરશેઠ નરોત્તમ ઝવેરી તો ઘણી વાર બોલતા : 'બે ઘડી માટેય રાજમાતા એમનો મલાજો છોડે તો મારે સહનશક્તિની એ મૂર્તિનાં દર્શન કરી લેવાં છે. આટઆટલી આપત્તિઓ ઓળંગ્યા પછી કહે છે કે, ચહેરા પર એમણે દુ:ખની એક રેખાય ઊપસવા નથી દીધી. ભગવાન પાસે ક્યારેય મોતની માગણી કરી નથી. અમારી વાણિયણોઓ કરતાં રજપૂતાણી કઠણ કાળજાની હોય છે ખરી.' પણ વીજળી પડે તોય ફૂલનો છોડ ન કરમાય એ કેવો ચમત્કાર ! બસ એક વાર મોઢામોઢ પૂછી લેવાનું મન થાય છે કે મીરાંબાઈની જેમ ઝેરના ઘૂંટડા ગટગટાવીનેય શ્રદ્ધાભેર જીવવાની આ આવડત તમને ક્યાંથી સાંપડી રાજમાતા.'

હિંમતનગરના રાજકુળમાં વિધાતાએ જાણે પાંચ પેઢીથી એક ચીલો ચીતરી દીધો હતો. રાજરાણીની કૂખે ગમે એટલા કુંવરો જન્મે પણ જુવાની સુધી જીવે તો માત્ર એક જ ! મીનળબાળાને અધરણી આવી ત્યારે કુળદેવીને રીઝવવા બહુ આકરાં વ્રત વેઠ્યાં હતાં : 'મા ભવાની, સો વરસથી ચાલ્યો આવતો ચીલો તોડવામાં મને નિમિત્ત બનાવજો. મારા ખોળાના ખૂંદનારને આવરદાનાં દાન દેવામાં કઠોર ન બનતી ભવાની મા ! આ રજપૂતાણીની મમતા પર તારી તલવારના ઝાટકા નહીં મારતી કુળદેવી !'

પણ કુળદેવીએ અધરણીના દીકરાને પૂરા સાત દિવસનીય આવરદા

દીધી નહીં. પાટવીકુંવરનું નામ પાડવાનો અવસર સુધ્ધાં આવવા દીધો નહિ. વણપાડેલું નામ રાજમાતાએ પૂરાં પોણાં બે વરસ સુધી મનમાં મમળાવ્યા કર્યું. વચેટ કુંવરનો જન્મ થયા પછી પણ સવા વરસ સુધી કોઈને નિર્મળકુમાર નામ ઉચ્ચારવા દીધું નહીં. ખોટના દીકરા જેવા એ કુંવરને મોસાળથી આવેલા ચાંદીના પારણામાં ઝુલાવવાને બદલે રાણીવાસની ખવાસણને ઘેરથી મંગાવેલા ઘોડિયાના થીંગડાંવાળા ખોળિયામાં કુંવરને સુવાડ્યો હતો. જરીભરતનાં ઝબલાં સિવડાવવાને બદલે નગરશેઠને ઘેરથી મંગાવેલાં જૂનાં કપડાં સવા વરસ સુધી કુંવરને પહેરાવ્યાં હતાં. ત્રીજી સુવાવડનાં એંધાણ વરતાયાં ત્યાં લગી રોજ એક નવા સાધુને જમાડ્યા પછી જ જમવાનો નિયમ રાજમાતાએ મક્કમપણે પાળ્યો હતો. એક વાર મેઘ માઝા મૂકીને બે દિવસ સતત વરસતો રહ્યો ત્યારે એકસામટી બબ્બે લાંઘણ ખેંચી કાઢી હતી. મહારાજાથી એ સહેવાયું નહીં ત્યારે રાજબગી દોડાવીને પાંચ ગાઉ દૂરના ગામેથી સાધુને જમાડવા લઈ આવવા પડેલા. રાજજ્યોતિષીએ કુંવરના જોષ જોઈને કહેલું : 'પૂર્વજન્મના કોઈ જ્ઞાની-વૈરાગી આત્માએ આપની કૂખે જન્મ લીધો હોય એવી એની કુંડળી છે.' ત્યારે રાજમાતાએ ફફડતા જીવે પૂછેલું : 'મહારાજ, મારે તો એ જાણવું છે કે કુંડળીમાં આવરદા...'

'કુંવર અખૂટ આવરદા લઈને અવતર્યા છે, રાજમાતા.'

આવી ધરપત આપનાર રાજજ્યોતિષીને એમણે ડોકમાં પહેરેલી સોનાની સાંકળ દાન કરી દીધી હતી.

આમ વચેટ કુંવર તો જુવાની સુધી જીવી ગયો, પણ ત્રીજો દીકરો પાંચમા વરસે પરલોક સિધાવી ગયો. ત્યારથી વિધાતાનો ચીલો ચાતરવાના અબળખા એમણે હંમેશને માટે ત્યજી દેવા પડ્યા : 'ભગવાન જેને બીજું બધું છૂટા હાથે આપે છે તેને એક વાતની ખોટ તો રાખે જ છે.' એવા આશ્વાસનની ગાંઠ વાળી દઈ એકના એક વચેટ કુંવરને પોતાની મમતાનું મધ્યબિંદુ બનાવી દીધું.

નિર્મળકુમારને રાજગાદીએ બેસાડીને મરણપથારીએ પોઢી જતાં પહેલાં મહારાજાએ હાંફતી છાતીએ એમને કહ્યું હતું : 'તમે રજપૂતાણી છો. વૃદ્ધાવસ્થા

પહેલાં વિધવા અવસ્થા ઘણી વહેલી આવી જવાનો કલ્પાંત નહિ કરતાં કોરા કપાળના વસવસામાં ભીની આંખે નહિ જીવતાં. માની લેજો કે પિતાની આવરદા પુત્રને મળી છે. વહેલાંવહેલાં મારી પાછળ પરલોક આવવાની ખેવનાને બદલે દાદીમાને એનો જુવાન પોતરો ચિતા પર ચઢાવે એવી મનખા સેવજો... તો મારા આત્માને તમે ખરાં રાજપૂતાણી લાગશો.'

પણ એ મનખા રાજમાતાને બહુ મોંઘી પડી ગઈ. દાદીમા થવાના હરખને પચીસ વરસની ભરજુવાનીમાં ચિતા પર ચઢી ગયેલા નિર્મળકુમારના શોકે રહેંસી નાખ્યો.

અને હવે નવનવ વરસનો વસમો વિજોગ વેઠ્યા પછી, સરવા કાને સાંભળેલા એક વાક્યે એમના થીજી ગયેલા હૈયાને વલોવી નાખ્યું : 'ગામમાં આવેલા સાધુ અદલોઅદલ આપણા નિર્મળકુમાર જેવા જ લાગે છે. એ આજે જીવતા હોત તો આ સાધુ જેવા જ દેખાત !'

નવ નવ વરસથી મૂર્છા ખાઈ ગયેલી મમતાને પોતે આમ શું કામ ઢંઢોળીને જગાડવી જોઈએ ?

આખો દિવસ મનને પાર વિનાનું મનાવ્યા છતાં અજંપો ઓછો ન થયો ત્યારે મંદિરના પૂજારીને કહેણ મોકલ્યું હતું કે આવતી કાલે રાજમહેલે સાધુની પધરામણી કરાવી છે. સવારે રાજબગી એમને લેવા આવી પહોંચશે.... મા નાના બાળકને પટાવે એમ મનને સમજાવી લીધું : એ બહાને ઘણાં વખતે રાજમહેલમાં સાધુની પધરામણીનું પુણ્ય પમાશે. મને ક્યાં આંખે કળાય છે કે હું એ સાધુની નિર્મળ સાથે સરખામણી કરવાની ? પરલોકવાસી થઈ ગયેલા જુવાનજોધ પુત્ર જેવા દેખાતા એકને બદલે એકવીસ આવે તોય જે ગુમાવ્યું છે એની ખોટ ક્યાં ઓછી થવાની ? એ તો લાજવંતીનો નાસ્તિક ભાઈ કનકસિંહ શિકારે ગયો એટલે એની ગેરહાજરીમાં અહીં સાધુનાં પગલાં થશે... નહીંતર આ મહેલના દરવાજા સાધુ-સંન્યાસી માટે વરસોથી વસાઈ ચૂક્યા જ છે ને !

અને ઘોડાની ડોકે બાંધેલાં ઘૂંઘરુંના રણઝણાટ સાથે મહેલનો લોખંડી દરવાજો ઊઘડવાનો અવાજ રાણીવાસની પરદાવાળી બારી પાછળ ઊભેલાં

રાજમાતાના સરવા કાને અફળાતાં જ પટાવી રાખેલું મન તોફાની વછેરાંની જેમ થનગનવા માંડ્યું.

ઘણાં વરસે દાસીઓને રાજમાતાના બોલમાં હરખઘેલી અધીરાઈનો રણકો સાંભળવા મળ્યો : 'એ પધારે છે, જાવ જલદી, મહેલનાં પગથિયે ફૂલ બિછાવો. એમના સ્વાગતમાં કોઈ ઊણપ ન રહેવી જોઈએ... પૂજારીને કહેજો કે પહેલાં એમને મહેલ દેખાડે, પછી જ રાણીવાસમાં લઈ આવે.'

દાસીઓ દોડી ગઈ એટલે વહુને વહાલભેર સાદ દીધો : 'લાજુવહુ, તમે તૈયાર થઈ ગયાં ને... કેસરિયાં દૂધ સાથે પકવાનનો થાળ પણ તૈયાર છે ને, મારા પૂજાખંડમાં એમની બેઠક રાખવાની છે. તમે મારી બાજુમાં જ રહેજો, સંન્યાસીના મુખનું તેજ જોઈને મને કહેજો કે એ કેવાક તપસ્વી દેખાય છે? હું તમારી આંખે એમનાં દર્શન કરી લઈશ !'



લાજવંતી તો ક્યારનીએ હરખઘેલી હિલચાલ નીરખતી ઊચક જીવે સંતાઈને ઊભી હતી. કલાકોથી એ તૈયારી જ કરી રહી હતી મન પર સંયમની લગામ ચડાવી દેવાની ! જીવનસથવારો અધવચાળ છોડીને સ્વર્ગની સફરે

ચાલ્યા ગયેલા પતિ સાથે એ સાધુની સરખામણી ન કરવાનો દૃઢ સંકલ્પ સંકોરીને એ સાસુની સામે જ ઊભી હતી.

'રાજમાતા, મારે બદલે માલતીને તમારી બાજુમાં બેસાડો તો સારું. બધા જ સાધુ-સંન્યાસીની નજર સાફ થોડી જ હોય છે ?'

રાજમાતાના ઉભરાતા ઉમળકાને જાણે ટાઢી ફૂંક લાગી હોય તેમ બે ઘડી એ બોલી શક્યાં નહીં. વહુના બોલનો મરમ પામવો મુશ્કેલ લાગ્યો. નાસ્તિક ઓરમાન ભાઈની ધાકથી એનો પગ પાછો પડ્યો હશે કે પછી કુંભમેળાવાળા પેલા સંન્યાસીએ એને વિધવા હોવા છતાં અખંડ સૌભાગ્યવતી કહી ત્યારથી - સાધુ-સંન્યાસીમાંથી એની શ્રદ્ધા ઊઠી ગઈ ?

વહુને સમજાવી લેવા માટે એ શબ્દો શોધતાં હતાં ત્યાં માલતી દોડતી આવી : 'માતાજી, બગી તો ખાલી પાછી ફરી લાગે છે. એમાં કોઈ બેઠેલું દેખાયું નહીં.'

અણધાર્યો ધક્કો ખાધો હોય તેમ રાજમાતાનો હરખ ઝાટકા સાથે હેઠે બેસી ગયો. જોકે ઘડીક વારમાં વછેરા જેવા મને પાછું માથું ઊંચકયું : 'એ મહેલે ન પધાર્યા તેથી શું થયું, આપણે સાંજે એમનાં દર્શને મંદિરે જઈ આવશું.'

ત્યાં તો ઉતાવળે પગલે આવતી મધુમતીએ માલતીને ટપારી : 'અરે અધીરી, જોયા-સાંભળ્યા વગર અધૂરા ખબર આપવા દોડી શું આવી ! જોરૂભા સાથે મંદિરના પૂજારીએ કહેવડાવ્યું છે કે સંન્યાસી મહેલે જરૂર પધારશે પણ બગીમાં નહીં, પગપાળા જ આવશે. થોડી વારમાં જ પહોંચી જવા જોઈએ.'

ત્યારે રાજમાતાના મુખ પર સંતોષની ઝલક દેખાઈ ગઈ. જોયું ને લાજુવહુ, સંન્યાસી તપસ્વી છે એનો પુરાવો તો પગલાં થયાં પહેલાં જ મળી ગયો. મહેલનું કહેણ સ્વીકાર્યું, પણ બગીની સગવડ નકારી.'

તોય લાજવંતીએ હોંકારો ન દીધો. દાસીઓ દૂર ગયા પછી પાકું કરવા પૂછી લીધું : 'હવે તો સંન્યાસીને જોવા મારી બાજુમાં બેસશો ને ?'

'જેવી તમારી ઇચ્છા.' થડકતા અવાજે વહુએ આપેલા જવાબથી રાજમાતાએ નમતું જોખ્યું : 'ઠીક છે, બે ઘડી જ બેસજો બસ.'

ત્યારે નિસાસો રોકીને લાજવંતી ઘણી વાર સુધી હાલ્યાચાલ્યા વગર

ઊભી જ રહી. સાસુમાને મારી મનોદશા કઈ રીતે સમજાવવી ?

* * *

મહેલના દરવાજે હાથ જોડીને નમન કરતા ઊભેલા ચોકીદારો તરફ સ્મિતભરી દૃષ્ટિ ફેંકી સ્વસ્થ ચાલે સાધુએ ચોગાનમાં પ્રવેશ કર્યો. રસ્તામાં મનસૂબો કર્યો હોવા છતાં દાખલ થતાંની સાથે જ મનના મનાઈહુકમની ઉપરવટ જઈને આંખો આપોઆપ ઊંચી થઈ ગઈ. મહેલના ગુંબજની સોનેરી ટોચ પર લક્ષ ચોંટી ગયું. સવારના સૂરજના પ્રકાશમાં નજીકથી એનો ઝળહળાટ આંખ આંજી નાખતો હતો. ચાર ડગલાં ચાલતાં જ એના પગ થંભી ગયા.

'મહેલ બહારથી જેટલો ભવ્ય દેખાય છે એટલો જ અંદર પણ સુંદર છે.' પૂજારીએ રોકાઈ ગયેલા સાધુને સજાગ કરવા કહ્યું : 'અહીં આવનાર સૌ કોઈને એનું આકર્ષણ સ્પર્શી જાય છે.'

પૂજારીની આ ટકોર પ્રત્યે ધ્યાન આપ્યા વિના સંન્યાસીએ ચોતરફ નજર ઘુમાવી, ચોગાનની વચ્ચે છલકતા પાણીનો ગોળાકાર હોજ અને તેની મધ્યમાં ગોઠવેલા ફુવારામાંથી ફંગોળાતી સ્વચ્છ જળની પાતળી સેરો જોતાં સાધુના હૃદયમાં સૂરીલા સાઝનો ઝંકાર જાગ્રત થયો.

'સાચ્ચે જ અહીંનું વાતાવરણ ચિત્તને પ્રસન્ન કરી જાય છે.'

પૂજારીને સાધુની આંખમાં અચરજ પમાડતું પરિવર્તન દેખાયું. એમની કીકીઓમાં ઝબકી ગયેલો માયાનો લસરકો જોતાં આછેરી આશંકા જાગી : ખરેખર આ કોઈ તપસ્વી જીવ કે સાધુના સ્વાંગમાં આવેલો કોઈ લેભાગુ ? મહેલમાં પહોંચી જવા માટે એની ચાલમાં એકાએક ચંચળતા કેમ ઊભરાવા લાગી ?

શ્વેત આરસનાં લીસાં પગથિયાં પર બિછાવેલાં રંગબેરંગી ફૂલો તેમ જ બંને બાજુ નમન કરતી ઊભેલી જુવાન દાસીઓ પર દૃષ્ટિ ફેંકીને એ ઘડીભર ફરી થંભી ગયા. જમણો પગ ચાખડીચાંથી બહાર કાઢી, સુંવાળા પગથિયા પર એનું તળિયું ટેકવ્યું ત્યારે જાગેલી આછેરી ઝણઝણાટી પૂજારીની નજર બહાર ન રહી પણ બીજી જ પળે સાધુએ પગ પાછો ખેંચી, ફરી ચાખડી પહેરી લઈ ફૂલ કચડાય નહીં એવી સાવધાનીથી સ્વસ્થપણે પગથિયાં ચડી ગયા ત્યારે

પૂજારીએ કહેવું પડ્યું : 'આ આરસપહાણ મહારાજાએ મહેલ બંધાવતી વખતે ખાસ બેલ્જિયમથી મગાવ્યા હતા.' કહીને વિના કારણ ઉમેર્યું: 'આપને એના પર ચાખડીથી ચાલવું ન ફાવે તો ઉતારી શકો છો.'

'નહીં પૂજારીજી, સુંવાળી ચીજનો સ્પર્શ કરીને તેનાથી અલિપ્ત થઈ જવામાં જ સાધુની શોભા છે.'

એમનું આ બોલવું પૂજારીને સારું લાગ્યું પણ તેનો ગૂઢ અર્થ તારવી શક્યા નહીં.

વિશાળ દીવાનખંડના પ્રવેશદ્વાર પર બંને બાજુ જાણે ઊભા ઊભા જ થીજી ગયા હોય તેમ બે વિકરાળ વાઘ ગોઠવેલા હતા. મસાલા ભરેલાં મૃતપ્રાણીઓની પીળી ઝાંયવાળી આંખો વચ્ચે ચમકતી કાળી કીકીઓમાં ઊભરાતું ખુન્નસ જોઈને જાણે એ જીવતા વાઘ હોય એમ ઘડીભર તો ભયભીત થઈ જવાતું હતું. તેની ચટાપટાવાળી પીઠની રેશમી રુવાંટી પર સંન્યાસીએ અભાનપણે હાથ ફેરવી લીધો.

'અમારા રાજવીઓ પેઢીઓથી શિકારના શોખીન રહ્યા છે.' પૂજારીએ માહિતી આપી : 'આપ અંદર પધારીને નિહાળશો તો એક એક નમૂના જોઈને ચકિત થઈ જશો.'

'ચકિત થઈને પણ ચલિત ન થવું એ સાચા સાધુનું લક્ષણ છે પૂજારીજી !'

આ વખતે એમના બોલવાનો અર્થ પૂજારીને સમજાયો પણ આમાં ચલિત થવાની વાત ક્યાં આવી એ ન સમજાયું ?

સુશોભિત ભાતવાળા મખમલી ગાલીચા પર ચાલતાં ચાલતાં સાધુના મુખેથી આપમેળે ઉદ્ગાર સરી પડ્યા : 'તમારા મહારાજાએ આ ગાલીચા રશિયાથી ખાસ મંગાવ્યા હોવા જોઈએ.'

'આપની નજર ભારે પારખું છે.' પૂજારીની બોલવાની ઢબ પરથી ખ્યાલ ન આવ્યો કે એ તારીફ હતી યા ટીકા !

વ્યવસ્થિતપણે ગોઠવેલા રાચરચીલા પરથી કોઈને પણ ખ્યાલ આવી જાય કે અહીં પ્રત્યેક વાતની ચીવટ લેવાય છે. સાધુની ફરતી નજર પરથી

પૂજારીને ખ્યાલ આવી ગયો કે એ બહુ ચીવટથી પ્રત્યેક ચીજ નીરખી રહ્યા છે. ભીંત પર જડબાં ફાડીને ટીંગાતાં હિંસક સિંહ-વાઘનાં મહોરાં, ઝાડની ડાળીઓની જેમ ફંટાતા કાળિયારનાં અણીદાર શિંગડાં, નાક પર ભાલા જેવું તીક્ષ્ણ શિંગડું ધરાવતો બિહામણો ગેંડો, રાતીચોળ જીભ લબકાવતો ચિત્તો, તરાપ મારવા અધીરો બનેલો ખંધો દીપડો... સાધુની નજર ફરતી ફરતી સોનેરી કેશવાળી ધરાવતા સિંહના મહોરા પર ચોંટી ગઈ.

'એ ગિરનારનો વનરાજ છે. અમારા નિર્મળસિંહજીએ એનો શિકાર કર્યો હતો.'

'હા પૂજારી, સિંહ જુવાનજોધ દેખાય છે. શિકારીની ગોળી ડોક વીંધી ગઈ લાગે છે.'

પૂજારીએ તાજુબી અનુભવી. એમને બરાબર યાદ હતું કે શિકારે ગયેલા નિર્મળસિંહ પર ઝનૂને ચડેલા સિંહે તરાપ મારી ત્યારે યુવરાજે સમયસર બંદૂક ચલાવીને વનરાજને અધૂરી તરાપે જ જમીન પર ઢાળી દીધો હતો. ગામ આખું યુવરાજનું એ પરાક્રમ નિહાળવા રાજમહેલના ચોગાનમાં ટોળે વળ્યું હતું... પણ આ સાધુને કેમ ખબર પડી કે સિંહની ડોક વીંધીને શિકાર થયો હતો ? કદાચ સિંહના આ મહોરાની ચામડી પર ગોળીનો ડાઘ સાધુની નજરે ચડી ગયો હશે. મારી આંખે ઝાંખપ છે એટલે મને એ દેખાતો નથી.

માથું હલાવીને વૃદ્ધ પૂજારીએ તાજુબી ખંખેરી નાખવી પડી :

'નિત્યાનંદજી, આ જુઓ અમારા ભૂતપૂર્વ રાજવીઓની છબીઓ.' પૂજારીએ વાત વાળી લેવા માટે સામી દીવાલે જડેલી તૈલચિત્રોની પાંચ પૂર્ણ કદની છબીઓ તરફ સાધુનું ધ્યાન દોર્યું : 'પહેલી છબી પ્રતાપસિંહની છે. લોકવાયકા મુજબ એમના હાથે એક બ્રાહ્મણની બાળહત્યા થઈ ગયેલી. ત્યારથી એમના કુળમાં વંશ વધારવા સિવાય બીજાં કોઈ બાળકો જીવતાં નથી. બીજી છે હિંમતસિંહજીની. હિંમતસિંહજી ભારે પરાક્રમી હતા. રણમોરચે મોખરે રહેતા. એમના કાળમાં રાજ્યનો વિસ્તાર વધ્યો એટલે હિંમતનગર નામ પાડ્યું. ત્રીજા વીરસિંહ - શિકારમાં ભારે પ્રવીણ ગણાતા. બધા રાજવીઓમાં સૌથી લાંબું આયુષ્ય એમણે ભોગવ્યું. ચોથા ઉદયસિંહજી એટલે હાલનાં રાજમાતાના પતિ...

આપણું મહાદેવનું મંદિર એમણે જ સ્થાપેલું.'

કહીને પાંચમી છબી પાસે પૂજારી શ્વાસ ખાવા રોકાયા. એમના હૃદયના ધબકાર વધી ગયા હતા. યુવરાજ નિર્મળકુમારની છબી જોઈને સાધુ આપોઆપ કોઈ આશ્ચર્ય ઉચ્ચારે છે કે નહિ એનું કુતૂહલ મનમાં કૂદાકૂદ કરવા લાગ્યું.

'અને આ તમારા...' કહીને સાધુ સાવચેતીભેર અટકી ગયા ત્યારે પૂજારીના ચહેરા પરની કરચલીઓ એકસામટી થરથરી ઊઠી. એકાગ્રતાથી છબી નિહાળી રહેલા નિત્યાનંદે મૌન તોડ્યું નહીં ત્યારે તેણે પરિચય આપવો પડ્યો:

'એ અમારા યુવરાજ નિર્મળસિંહજી... પૂજારીની જીભ બોખા મોઢામાં ગડથોલિયાં ખાતી હોય તેમ વાક્ય પૂરું કર્યું : 'જેમનાં વિધવા ગઈ કાલે આપના દર્શને પધાર્યાં હતાં.'

'અને જેમણે ડોક વીંધીને પેલા જુવાન વનરાજનો શિકાર કર્યો હતો!'

છબી પર નજરને ચોંટેલી રાખીને જ સાધુએ ઉદ્‌ગાર સંભળાવ્યા: 'એ સિંહનેય કોઈ સિંહણ હશે, બચ્ચાં હશે... એને વીંધી નાખવામાં તમારા યુવરાજે મહાન પરાક્રમ કર્યું - કેમ ?'

પૂજારીનો પોરસ ઊતરી ગયો. ગમ ખાઈને એ કહેવા જતા હતા : 'ચાલો, રાજમાતા આપની પ્રતીક્ષા કરતાં હશે.'

ત્યાં તો પાંચમી છબીની બાજુમાં જડેલો મોટા કદનો અરીસો જોઈને સાધુએ પૃચ્છા કરી : 'અને અહીં છબીને બદલે દર્પણ કેમ ?'

જવાબમાં તેમને સંભળાવી દેવાનું પૂજારીને મન થયું કે એ દર્પણમાં આપનું પ્રતિબિંબ નિહાળીને પાંચમી છબી સાથે સરખાવી શકાય એટલા માટે એ ત્યાં રાખ્યો છે !

'સમજાઈ ગયું !' સાધુના એ ઉદ્‌ગાર સાંભળીને પૂજારી ચોંક્યા : 'શું સમજાઈ ગયું મહારાજ ?'

'એ જ કે યુવરાજના પુત્ર ગાદીએ બેસશે ત્યાર પછી આ દર્પણની જગ્યાએ એની છબી જડાશે - બરાબર ને ?'

'જી હા !' અચરજનો ઘૂંટડો ગળે ઉતારવા પૂજારીએ કહેવું પડ્યું :

'આપનો તર્ક સાવ સાચો છે. વિલાયતથી આવેલો આ અરીસો છેલ્લી ત્રણ પેઢીથી નવા રાજવીની છબી માટે જગ્યા કરવા ખસતો ખસતો અહીં આવી પહોંચ્યો છે.'

'પણ હવે તો આ દર્પણે દીવાલ પરથી જ ખસી જવું પડશે.'

'આપ એ શું બોલ્યા !' સાધુની એ ભવિષ્યવાણીથી અકળાતા પૂજારીએ પૂછ્યું : 'દર્પણે દીવાલ પરથી ખસી જવું પડશે શું કામ ?'

'એમાં તમે આટલા બધા અકળાઈ કેમ ગયા પૂજારીજી ?' સાધુના અવાજમાં રણકો ઊછળ્યો : 'છઠ્ઠી છબી લાગ્યા પછી દીવાલ પર દર્પણ માટે જગ્યા જ ક્યાં છે ?'

'ઓહ એવું છે !' પૂજારીએ ભોંઠપ વ્યક્ત કરી : 'આંખની ઝાંખપને કારણે દેખાયું નહીં કે દીવાલનો છેડો આવી ગયો છે. મેં તો માન્યું કે આપે ભવિષ્યવાણી ઉચ્ચારી.'

'ભવિષ્યવાણી જ સમજો.' સાધુએ કઠોર સત્ય મીઠાશથી ઉચ્ચાર્યું : 'સમયના દર્પણમાં સાફ દેખાય છે કે આ દીવાલની જેમ રાજવીઓની સત્તાનો પણ છેડો આવી ગયો.'

કોઈ સાંભળી ગયું નથીને એની ખાતરી કરવા આસપાસ ડોક ફેરવી લઈને પૂજારીએ ફરી વાત ફેરવી :

'જરા ઉપર નજર કરશો તો ભવ્ય ઝુમ્મર પણ દેખાશે.'

સાધુએ ધીમે ધીમે ડોક ઊંચી કરી તો સુશોભિત છત પર લટકતું ઝુમ્મર સાચ્ચે જ આંખો આંજી નાખે એવું આકર્ષક લાગ્યું.

'પંદરેક વર્ષ પહેલાં જ પરદેશથી મગાવ્યું હતું.' પૂજારીએ પોરસમાં કહ્યું: 'ભારે મૂલ્યવાન છે. રાતે રોશની પ્રકટે ત્યારે તો એમ જ લાગે કે જાણે હીરા ઝગમગી રહ્યા હોય.'

'હા !' ઊંચી ગરદને ઊંડો શ્વાસ લેતાં સાધુએ સહજભાવે ટકોર કરી: 'પણ એ ઝુમ્મર ક્યારેક તૂટી પડે તો નીચે ચગદાઈ જનારાની જિંદગીમાં અંધકાર જ થઈ જાય.'

જાણે એ જ વખતે ઝુમ્મર પડવાનું હોય તેમ પૂજારી ભડકીને બે ડગલાં દૂર હઠી ગયા. કપાળ પર હથેળીનું છાજલું કરીને ઝાંખી આંખે સાધુને તાકી રહ્યા. ના, એમને ચગદાઈ જવાની ભીતિ નહોતી લાગી, પણ સોળ-સત્તર વરસ પહેલાં ચગદાઈને મરણ પામેલા રાજમહેલના નોકરની ઘટના તાજી થઈ આવી હતી... સાધુની વાણીમાં ભૂતકાળનો એ પડઘો કેમ પડ્યો ?

એ જ વખતે બન્ને દાસીઓએ ધીમા પગલે સામે આવીને નમન કર્યાં: 'રાજમાતાની વિનંતી છે કે આપે મહેલ જોઈ લીધો હોય તો રાણીવાસમાં પધારવા કૃપા કરો.'

પૂજારી કંઈ બોલે એ પહેલાં સાધુએ જ જવાબ આપી દીધો : 'મહેલ તો અતિ વિશાળ દેખાય છે. એકવીસ જેટલા ખંડ હશે. દરેક ખંડની સજાવટ ભિન્નભિન્ન હોવી જોઈએ. તેમાં વળી નીચે ભૂગર્ભમાં મોટું ભંડારખાનુંય હોય... એ સર્વ જોવાનો અત્યારે અવકાશ પણ ક્યાં છે !'

દાસીઓની જેમ પૂજારી પણ હેબતાઈ ગયા :

'નિત્યાનંદજી મહારાજ ! આપ તો પહેલી જ વાર આ મહેલે પધાર્યા, છતાં આ બધી માહિતી..'

'વીસરી ગયા પૂજારીજી, માર્ગમાં આપે જ તો મને આ સઘળી માહિતી આપી હતી ને.'

'હેં....હા, હા ! પૂજારીએ પરાણે સંમતિ દર્શાવી દેવી પડી : 'અવસ્થાને કારણે યાદશક્તિ ઘસાતી જાય છે.' કહીને અધીરાઈ દેખાડી : 'તો પછી ચાલો, રાજમાતા રાહ જોતાં હશે.'

'ચાલો !' કહીને આગળ વધતાં પહેલાં સાધુએ પેલા મોટા અરીસામાં પોતાનું પ્રતિબિંબ નિહાળી લીધું.

*　*　*

'એમને આવતાં બહુ વાર લાગી !'

સંન્યાસીનો પગરવ સાંભળવા અધીર થયેલાં રાજમાતા ભીતરનો ફફડાટ સંતાડવા ઉપરછલ્લી સ્વસ્થતાથી બબડ્યાં : 'આપણો રાજમહેલ પણ ક્યાં

નાનોસૂનો છે કે ઘડીભરમાં જોઈ લેવાય.'

સાસુની વિહ્વળતા નિહાળતી લાજવંતીએ વિસ્મય અનુભવ્યું. કહેવાનું મન થયું : જે સંન્યાસીને રાજમહેલ જોવામાં આટલો બધો રસ જાગે એને માટે શું ધારવું ?

પણ લાજવંતી જાણતી નહોતી કે રાજમાતાના મનમાં અધીરાઈ કરતાંય અકળામણ વધુ હતી. પોતે સાંભળેલી વાત વહુને હમણાં કહેવી કે પછી પૂછવી એ ગડમથલ વધુ વાર જીરવી શકાય તેમ નહોતી.

'લાજુવહુ, તમને થાય છે કે મને આટલી બધી અધીરાઈ કેમ જાગી છે ?'

'નહીં સાસુમા, તમારી અધીરાઈની જેમ હુંય મારી અકળામણ છુપાવવાનાં ફાંફાં મારું છું.'

'અકળામણ !' એ એક જ શબ્દમાં બધો ભેદ પારખી ગયાં હોય તેમ રાજમાતાના હોઠ થોડી વાર અધખુલ્લા રહી ગયા. એમણે ઝાપટ મારીને વહુનું કાંડું પકડી લીધું : 'એટલે શું...' બોલતાં બોલતાં અવાજ ભીંજાવા લાગ્યો: 'તમે પણ મારી જેમ સાધુ વિષે વાત સાંભળી લીધી છે ?'

'માત્ર વાત જ સાંભળી નથી સાસુમા, તમારાથી બીજી એક વાત પણ છાની રાખી છે.' ધ્રૂજતા અવાજે તેણે એકરાર કરી નાખ્યો : 'ગઈ કાલે ખાતરી કરવા હું એ સાધુનાં દર્શન પણ કરી આવી હતી.'

'હેં !' રાજમાતાનું હૃદય ક્ષણભર તો જાણે ધબકવાનું જ ચૂકી ગયું. લાજવંતીનું કાંડું ભીંસ આપીને દાબ્યું : 'તમે એ સાધુને બરાબર જોયા ? સાચું કહેજો, તમને એ કેવા લાગ્યા ? લોકો વાત કરે છે તેમ એ મારા... મારા નિર્મળ...'

પણ ત્યાર પછી શબ્દોને બદલે આંખમાંથી આંસુ જ વહેવા લાગ્યાં.

લાજવંતીને થયું : એક જ શબ્દ 'ના' ઉચ્ચારી દેવામાં આવનારી કેટલી બધી આપત્તિનો અંત આવી જાય ! બીજાં બધાં ગમે તે બોલે, પણ રાજમાતા પોતાના ચુકાદા પર સૌથી વધુ વિશ્વાસ કરવાનાં.

અને જડ બની ગયેલી જીભના ટેરવા પરથી એ એક જ શબ્દ ઉચ્ચારી

લેવા માટે તે બળજબરી અજમાવતી હતી ત્યાં ચાર વ્યક્તિઓનાં પગલાંથી સાસુ-વહુ વચ્ચેની ખામોશી ધ્રૂજી ઊઠી. કહેવા-સાંભળવાની એ ક્ષણ ખરી પડી !

*

[૪]

રાજમહેલ તરફથી સાધુની પધરામણી કરવાનું કહેણ આવ્યું ત્યારે, મંદિરના પૂજારી વિચારમાં પડી ગયેલા. ન બનવું જોઈએ એવું કાંઈક બની રહ્યાના ભણકારા સંભળાવા લાગ્યા. સાધુની ફક્ત બે દિવસની હાજરીમાં આકાર લઈ રહેલી ઘટનાઓ જાણે-અજાણ્યે એકબીજા સાથે સંકળાઈ કેમ જતી હતી? શું શંભુએ પહેલી સાંજે જે જોયું તેના પડઘા બીજી સાંજ સુધીમાં તો ચારે બાજુથી સંભળાવા માંડ્યા, મળસકે જ રાજમહેલનો પહેરેગીર સાધુને જોવા આવી ચડ્યો, મંદિરમાં અગાઉ અનેક સાધુ-સંન્યાસીઓ રાતવાસો કરી ગયા છે પણ બીજે જ દિવસે એમનાં દર્શને ગામલોકો ઊમટી પડે એવું તો પહેલી જ વાર બન્યું. ના, લોકો આ સાધુનાં દર્શને નહોતા આવતા, યુવરાજ નિર્મળકુમાર સાથે સાધુનો ચહેરો સરખાવવાનું કુતૂહલ એમને અહીં ખેંચી લાવતું હતું. તેમાં સાંજે રાણીવહુએ સામે ચાલીને સાધુનાં દર્શન કરવાની તાલાવેલી દર્શાવી અને એ રાજમહેલે પાછાં પહોંચે ત્યાર પહેલાં તો રાજમાતા તરફથી સાધુની પધરામણીનું કહેણ પણ આવી પડ્યું ! જાણે બધું અગાઉથી ગોઠવેલું હોય તેમ બનવા લાગ્યું હતું. કોણે આ ગોઠવ્યું હશે - કુદરતે કે પછી આ સાધુ અને તેના સાગરીતોએ ? એક અજાણ્યો સાધુ ચહેરેમહોરે નિર્મળકુમારને આબેહૂબ મળતો આવે છે એની જાણ વાવાઝોડાની ઝડપે નગરભરમાં કઈ રીતે ફરી વળી ? રાજમહેલ તો ઠીક, રાણીવાસમાં સુધ્ધાં આ વાત આટલી સોંસરવી કઈ રીતે ઘૂસી ગઈ ? જાણે વ્યવસ્થિતપણે યોજાયેલા કોઈ કાવતરાની જેમ જ બધું બની રહ્યું હતું.

પોતાની આંખે ઝાંખપ હોવાનો વસવસો પહેલી વાર પૂજારીને પજવી ગયો માણસ ગમે તેટલો બાહોશ હોય છતાં ક્યારેક તો એનો ચહેરો મનના કપટની ચાડી ખાઈ જાય છે. જીભ પર ગમે એટલી મીઠાશ ઘોળાતી હોય છતાં આંખની કીકીઓમાં ક્યારેક તો તીખાશનો તીખારો ઝબક્યા વગર રહેતો

નથી... પણ પોતે જ આંખોથી લાચાર હતા. સાધુના ભીતરનો ભેદ એના ચહેરા પરથી ઉકેલવામાં પોતાની નિસ્તેજ નજર નડતી હતી.

વાણી અને વર્તનમાં તો એની સાધુતાનાં સર્વ લક્ષણ વરતાતાં હતાં. તેમાં વળી રાજમહેલથી લેવા આવેલી બગીને પાછી મોકલી દઈ પગપાળા જ પહોંચી જવાનો પ્રસ્તાવ સાંભળીને પૂજારીએ જાતને જ ઠપકો સંભળાવેલો - શંકાશીલ મનથી કોઈની સચ્ચાઈનો તાગ લેવાનું પાપ શા માટે આચરવું જોઈએ?

છતાંય રાજમહેલ તરફ જવા નીકળ્યા પછી થોડી જ વારમાં પુછાઈ જવાયું હતું : 'મેં તો ધારેલું કે આપ મહેલે જવાનો અસ્વીકાર કરશો.'

'તમે એવું ધાર્યું હતું ?' જવાબ આપવામાં સાધુએ ન તો રાજમહેલની દિશા તરફથી તેની દૃષ્ટિ હઠાવેલી કે ન તો એની ચાલને ધીમી પડવા દીધેલી: 'અમુક અંશે તમારી ધારણા ઉચિત કહેવાય. સંન્યાસી અને રાજવી વચ્ચે સદા અંતર રહેતું આવ્યું છે. જેમ તમારા આ નગરમાં એક છેડે રાજમહેલ છે અને બીજે છેડે મંદિર છે તેમ રાજા અને સાધુ આ સંસારના રાગ-વૈરાગનાં બે અંતિમ છેડા જેવા ગણાય. એક વૈભવમાં ઐશ્વર્ય માણે છે અને બીજો ત્યાગમાં ઈશ્વરને શોધે છે, પરંતુ ભોગવિલાસનો અતિરેક ક્યારેક રાજવીમાં વૈરાગ પ્રકટાવે છે અને...'

વાક્ય અધૂરું રાખીને સાધુ એકધારી ચાલે આગળ વધતા રહ્યા ત્યારે પૂજારીએ અધીરા થઈને એમના વતી વાક્ય પૂરું કરી નાખ્યું :

'અને ત્યાગનો અતિરેક ક્યારેક સાધુને ભોગવિલાસ તરફ ખેંચી લે છે, એમ જ કહેવા માગતા હતા ને આપ ?'

'નહીં, વધુ પડતી જિજ્ઞાસા ક્યારેક માનવીને અસત્ય અનુમાન તરફ દોરી જાય છે પૂજારીજી !' સાધુએ સૌમ્ય અવાજે કહ્યું હોવા છતાં પૂજારીને એ આકરા મેણા જેવું લાગ્યું હતું. પોતાને સાધુની અસલિયત પકડી પાડવાની જિજ્ઞાસા જાગી હતી એવું કળી જઈને સાધુએ પોતાના પર પ્રહાર કર્યો હશે?

'મેં રાજમહેલનું નિમંત્રણ કેમ સ્વીકાર્યું એ જ તમારે જાણવું હતું ને?' સાધુએ પેલું અધૂરું વાક્ય હવે પૂરું કર્યું : 'નગરમાં પ્રવેશ કર્યો ત્યારે મને જાણવા મળ્યું કે, આ રાજમહેલમાં અગાઉ સાધુ-સંન્યાસીઓનાં સ્વાગત થતાં

અને હવે નાચ-મુજરાની મહેફિલો થાય છે... ભોગવિલાસમાં ડૂબેલા રાજવી સાધુને નિમંત્રે એમાંયે કુદરતનો કોઈ સંકેત હોવો જોઈએ.'

'નહિ નિત્યાનંદજી, નિમંત્રણ તો રાજમાતા તરફથી આવ્યું છે. અહીંના ભાવિ રાજવી - હજુ સગીર વયના છે. રાજનગરમાં રહીને અભ્યાસ કરે છે. રાજ્યકારભાર બધો રાણીબાના ભાઈ કનકસિંહે સંભાળી લીધો છે. ગઈ કાલે એ શિકારે ન ગયા હોત તો કદાચ રાજમાતા...'

સાધુ વધુ જાણવાની જિજ્ઞાસા દર્શાવશે એમ માનીને પૂજારીએ વાક્ય અધૂરું રાખેલું પણ એ અનુમાન ખોટું ઠર્યું હતું. એમના એ મૌનમાં સંયમ હતો કે દંભ તે પૂજારી નક્કી કરી શક્યા નહોતા પણ રાજમહેલ પહોંચતાં સુધીમાં તેમણે એક વાત તો નક્કી કરી રાખેલી : એમની દરેકેદરેક હિલચાલ પર હું ધ્યાન રાખીશ. બહુ મોડું થાય એ પહેલાં મારે જ એનું કપટ પકડી પાડવું પડશે...

રાજમહેલમાં પ્રવેશ કર્યા પછી પગલે પગલે પૂજારીની મૂંઝવણ ઘૂંટાતી રહેલી. તેમાંય દીવાનખંડ નીરખતાં સાધુએ ઉચ્ચારેલી સાંકેતિક વાણી બહુ ભેદભરી લાગી હતી. સૌથી વધુ આંચકો તો ઝુમ્મર પડવાની વાત પર અનુભવ્યો. એ પહેલવહેલી જ વાર અહીં પગ મૂકે છે છતાં વરસો અગાઉ બનેલી એક ઘટના આડકતરી રીતે તેણે કેમ યાદ કરાવી ? ઝુમ્મર નીચે મહેલનો એક નોકર કચડાઈ મૂઓ હોવાથી મહારાજાએ એ દુર્ઘટનાને બહુ છાની રાખી હતી તો પછી એક અજાણ્યા સાધુ સુધી એ કઈ રીતે પહોંચી ? કાં તો આ માણસ ભારે ચાલબાજ હોવો જોઈએ. અગાઉથી અહીંની રજેરજ માહિતી જાણી લઈને રાજકુટુંબ પર પ્રભાવ પાડવા માગતો હોય. તેનો ચહેરો નિર્મળકુમારને મળતો આવે છે એનો લાભ લઈને કોઈ ભેદી ચાલ ખેલવા આવ્યો હોય અથવા તો ખરેખર ત્રિકાળજ્ઞાની હોવો જોઈએ.

શંકા અને શ્રદ્ધા વચ્ચે ઘડિયાળના લોલકની જેમ ઝોલાં ખાતા ચિત્તે પૂજારી સાધુની પડખોપડખ ચાલતા રાણીવાસમાં આગળ વધતા ગયા તેમ તેમ ઉત્તેજના તીવ્ર બનવા લાગી હતી. કટોકટીની ઘડી લગોલગ આવી પહોંચી હતી. હવે રાજમાતા સમક્ષ એ કેવું વર્તન કરે છે, જાળ બિછાવવાની કોઈ

શરૂઆત કરશે કે એક સાચા સાધુની નિર્લેપતાથી દર્શન આપીને પાછા ફરે છે એના પરથી બધું જ પરખાઈ જશે.....

'રાજમાતાજી હવે તો આંખે બિલકુલ જોઈ શકતાં નથી.' પૂજારીથી બોલાઈ ગયું, પણ કહેવાય છે કે પગલાં પરથી સામે આવનારનું અંતર પિછાણી લે છે.'

'તમે અતિશયોક્તિ કરી રહ્યા છો પૂજારીજી, પગલાં પરથી માત્ર આવનારની ઓળખાણ જ થઈ શકે છે. અંતરની પિછાણ તો અંતઃકરણની દૃષ્ટિ દ્વારા જ પામી શકાય.'

એ છેલ્લા શબ્દોની સાથે જ રાજમાતાના પૂજાખંડના દ્વારે ઊભેલી બંને દાસીઓએ નમન કરીને એમના આગમનને વધાવ્યું.

ફૂલપાંખડીથી ઢંકાયેલો ઉંબર ઓળંગતા પહેલાં સાધુએ પગમાંથી ચાખડી ઉતારી નાખી. અંદર પ્રવેશવા માટે જરૂર કરતાં ચાર-છ ક્ષણ વધુ લીધી. દાખલ થતાં જ પ્રથમ દૃષ્ટિ લાજવંતી પર પડી. પોતાના આગમનથી ધ્રૂજી ઊઠી હોય તેમ આંખો પર તેણે ઢાળી દીધેલાં પોપચાંની પાંપણ સહેજ કાંપતી દેખાઈ. ભક્તિભાવને બદલે કોઈ અજ્ઞાત ભયના ભારથી પરાણે આંખો બિડાઈ હોય એવું સાધુને લાગ્યું. પોતે જરૂર કરતાં થોડી વધુ વાર એના મુખ પર દૃષ્ટિ રોકી છે એ મહેસૂસ થતાં જ સાધુએ રાજમાતા તરફ નજર વાળી લેવી પડી. પૂજાની થાળી મૂકેલા બાજઠની બાજુમાં સ્વચ્છ સફેદ વસ્ત્રોમાં બેઠેલાં રાજમાતાની આંખો દૃષ્ટિ વગરની હોવા છતાં ભાવવિભોર લાગી. તેજસ્વી ત્વચાવાળા એમના મુખ પર અધીરતા છલકાતી દેખાઈ. ઘડીભર તો નમન કરવા માટે હાથ જોડવાનું વીસરી જઈ એમણે બંને હાથ એવી રીતે લંબાવ્યા જાણે વર્ષોના વિજોગ પછી જુવાન પુત્ર ઘેર પાછો ફરી રહ્યો હોય અને પોતે એને ગદ્ગદ છાતીએ વળગાડી દેવા માગતાં હોય !

'આવો... પધારો.'

આવેશ પર ઝડપી કાબૂ મેળવીને રાજમાતાએ પૂજ્યભાવે પ્રણામ કર્યા: 'અહીં પધારવાનું કષ્ટ લઈને આપે અમારું આંગણું પાવન કર્યું.'

'ના, એ ઉપરછલ્લો વિવેક કે શિષ્ટાચાર ન લાગ્યાં. એમના પ્રત્યેક

બોલમાં અંતરનો ઉમળકો પડઘાતો હતો.'

'વિષ્ણુપ્રસાદજી, તમારે પણ ઘણા વખતે મહેલે આવવાનું થયું. શંભુનાં લગન હવે ક્યારે લ્યો છો ?'

પૂજારીએ જવાબ આપતાં પહેલાં સાધુ તરફ નજર નાખી, રાજમાતાને તાકી રહેલા સાધુના મુખ પર વિસ્મયકારી પરિવર્તન આવતું દેખાયું, બહુ નજીક ન ઊભા હોત તો ભીની થતી સાધુની પાંપણ પોતે ઝાંખી આંખે જોઈ શક્યા ન હોત. એમની આંખોમાં રાજમાતા પ્રત્યે અનુકંપા જાગતી હતી કે લાગણી ઊભરાતી હતી એ પૂજારી કળી શક્યા નહીં.

'લાજુવહુ, એમને બિરાજવાનું તો કહો.'

સાસુમાની ટકોરે લાજવંતીને ઘડીભર આંખો પરથી પાંપણના પરદા હઠાવવાની ફરજ પાડી. છતાં સાધુનું મુખ નજરે ન પડે એટલી સાવધાની તો તેણે રાખી. શબ્દોને બદલે હાથની ચેષ્ટાથી જ સંન્યાસીને ગાલીચો બિછાવેલી ગાદી પર બિરાજવાનું સૂચન કર્યું.

બેઠક લેતાં લેતાં સાધુએ ખંડનું નિરીક્ષણ કર્યું : બેઠકની બરાબર સામે જ નાનકડું પૂજાઘર દેખાયું. બિરાજેલી ઠાકોરજીની મૂર્તિને રંગબેરંગી વાઘાથી સજાવેલી હતી. પૂજા વખતે પ્રગટાવેલા દીપની જ્યોત બારીમાંથી ધસી આવતા પવન સાથે હજુય ટક્કર લેતી વળ ખાઈને ઝગમગતી હતી.

નજર ઊંચકીને આસપાસની દીવાલો પર ઘુમાવી તો જગદ્ગુરુ શંકરાચાર્ય, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, માખણચોર બાળકનૈયો અને ચરણો સુધી માળા ધારણ કરીને ઊભેલા શ્રીનાથજી બાવાની છબીઓ ગોઠવેલી દેખાઈ.

એટલી વારમાં તો બંને દાસી વારાફરતી આવીને ચાંદીના કપરકાબીમાં બંને માટે કેસરિયાં દૂધ અને ફળના થાળ ધરી ગઈ.

'આપને કદાચ પૂજારીએ જાણ કરી નહિ હોય...' રાજમાતાને બીજું કાંઈ બોલવાનું સૂઝ્યું નહિ એટલે જૂની વાત સંભારી : મારા નિર્મળને ભગવાન હેમખેમ રાખે એટલા માટે એ નાનો હતો ત્યારે રોજ સાધુને ભોજન જમાડવાનું વ્રત રાખ્યું હતું. પણ ઉપરવાળાને મારા તપમાં કાંઈક ખોટ વરતાઈ હશે એટલે

જુવાન પુત્રના વિજોગમાં ઝૂરવા માટે માની આવરદા વધારી.'

લાજવંતીની ડોક સાસુ તરફ મરડાઈ : ક્યારેય નિસાસો નહીં નાખનારાં રાજમાતાનું મનોબળ અત્યારે કેમ ફસકી ગયું !

'માતાજી ! જેના વિયોગમાં ઝૂરવાનું થાય એ આપણા હૃદયમાં તો જીવંત જ હોય છે.' સાધુએ આશ્વાસન આપવા ઉચ્ચારેલાં વચનોમાં જોઈએ તેવો રણકો ઊપસ્યો નહીં... 'મૃત્યુ પામનાર જુદા સ્વરૂપે કોઈકની કૂખે જન્મ તો લે જ છે ને ! કૃષ્ણની જન્મ આપનારી દેવકીને તો વિયોગ જ વેઠવો પડ્યો અને જશોદા પુત્રસુખ પામ્યાં.'

'મહાત્માજી, એ તો માતાની વાત થઈ, પણ પતિસુખથી વંચિત રહેનાર વિધવાનું શું ?'

ગળગળા અવાજે રાજમાતાએ પૂછી નાખ્યું ત્યારે સાધુની નજર લાજવંતી પર મંડાઈ. લાજવંતીના હોઠ આછેરી કંપારીથી થથરી ઊઠ્યા. દુઃખનો ઘૂંટડો ગળે ઉતારતી એ બળપૂર્વક ઊભી થઈ ગઈ અને ગળામાં અટવાઈ ગયેલા ડૂસકાને છાતીમાં ધરબી દેવાની ચેષ્ટા સાથે બળજબરીભેર એ ખંડની બહાર ધસી ગઈ.

પૂજાખંડમાં સન્નાટો છવાઈ ગયો. રાજમાતાનો જીવ બેવડો કોચવાયો. પુત્રનો ઉલ્લેખ કરીને એ બિચારીને વિહ્વળ બનાવી મૂકી એ માટે અને તેના એકાએક ચાલ્યા જવાથી સાધુનો અનાદર થયો એ વધારામાં.

'સ્વામીજી, વહુએ હવે એકલવાયું જીવન અપનાવી લીધું છે.' બચાવ કરતાં હોય એમ રાજમાતા બોલ્યાં : 'બહારનાઓ વચ્ચે બેસવાનું ઓછું પસંદ કરે છે. દર્શન સિવાય મહેલ બહાર ભાગ્યે જ પગ મૂકે છે. અત્યારે મેં એને પરાણે પાસે બેસાડી હતી. એની હાજરીમાં મારે આ રીતે દીકરાનું દુઃખ રડવું નો'તું જોઈતું... બિચારીને ઊઠી જવું પડ્યું !'

'રાજમાતાજી ! એ સ્વામીજીનાં દર્શને આવેલાં ત્યારે પણ આમ જ મારી મેડી ઊતરીને ચાલ્યાં ગયાં હતાં.'

સાંભળતાં જ રાજમાતાના હોઠ આંચકાથી વધુ અધખુલ્લા થઈ ગયા અને કપાળની નસો ઊપસી આવી ત્યારે પૂજારીને સમજાયું કે ખોટા વખતે

પોતે સાચું બોલી ગયા ! ઘડીભર તો સાધુની કીકીઓમાંય આછેરી કરડાકીભર્યો ઠપકો તેમને વાંચવા મળ્યો. એની અસર ભૂંસી નાખવા માટે તેમણે ફળનો થાળ સાધુ તરફ ધર્યો : 'આપ પ્રસાદ લો.'

પણ નિત્યાનંદજીએ ચાંદીનો કપ ઊંચકીને દૂધ જ લેવાનું પસંદ કર્યું ત્યારે પૂજારીએય એમનું અનુસરણ કરવું પડ્યું. વિચારમાં ગરકાવ થઈ ગયેલાં રાજમાતાની પાંપણો ફરકવા લાગી. આખરે એમને કાંઈક પૂછવા માટેના શબ્દો જડ્યા ખરા :

'સંસારીમાંથી આપ સાધુ ક્યારે બન્યા સ્વામીજી ?'

ત્યારે સાધુએ જવાબ આપવાને બદલે પૂજારી તરફ જોયું. હવે એમને બોલ્યા વગર છૂટકો ન હોય તેમ પૂજારીએ કહેવું પડ્યું :

'એ એમના ભૂતકાળની વાત ઉચ્ચારતા નથી, રાજમાતાજી !

'નહીં !' નિત્યાનંદે અધીરાઈભેર એમનું વાક્ય સુધાર્યું : કોઈ પણ સાધુ માટે સંસાર યાદ રાખવાનું વર્જ્ય ગણાય છે, માતાજી.'

'આપ આ તરફ યાત્રાએ પધાર્યા હશો !' પ્રશ્નને બદલે અનુમાનની ઢબે રાજમાતાએ પૃચ્છા કરી.

'સાધુ માટે દરેક પગલું એક યાત્રા જ હોય છે ને... બસ, એક નિયમ રાખ્યો છે, એક સ્થળે બીજી વાર ન જવું. છતાં આ નવ વર્ષમાં યાત્રા અર્ધેય નથી પહોંચી !'

નવ વર્ષ !

રાજમાતા અને પૂજારી એકીસાથે એકસરખાં ચોંક્યાં. નિર્મળકુમારના મૃત્યુને આ વૈશાખે બરાબર નવ વર્ષ પૂરાં થયાં હતાં.

લાગણીનો ઘૂંટડો ગળા હેઠે ઉતારીને રાજમાતાએ અવાજમાં બનતી સ્વસ્થતા સાથે ફરી પૂછ્યું :

'આપનો છેલ્લો મુકામ ક્યાં હતો સ્વામીજી ?'

'આબુ !'

ઘોર અંધકારમાં અચાનક ઝબૂકી ગયેલી વીજળીથી અંજાઈ જવાય તેમ

રાજમાતા અને પૂજારી હેબત ખાઈ ગયાં.

નિર્મળકુમારના જીવનનો આખરી મુકામ પણ આબુ જ હતો.

રાજમાતાના હૈયામાં ઘૂંટાતી અકળામણ પરાકાષ્ઠાએ પહોંચી હોય એટલી હદે એમનો ચહેરો તંગ થઈ ગયો. કપાળની ઊપસેલી નસો હમણાં ફાટી પડશે એવું લાગ્યું. તક સરકી જાય એ પહેલાં એને ઝડપી લેવી જોઈએ - એમણે મન મક્કમ કરી લીધું :

'વિષ્ણુપ્રસાદજી, તમને વાંધો ન હોય તો મારે એકાન્તમાં સ્વામીજી સમક્ષ મનની એક વિકટ સમસ્યા રજૂ કરવી છે.'

'જેવી આપની આજ્ઞા !' કહેતાં પૂજારી વિના વિલંબે ઊભા થઈ ગયા. વિકટ સમસ્યા શું છે એ સમજતાં એમને વાર ન લાગી.

'ઘણા દિવસથી હું કોઈકને પૂછવાનું વિચારતી હતી ત્યાં આ સ્વામીજીનો લાભ મળી ગયો.'

રાજમાતાના આ ખુલાસાએ પૂજારીના અનુમાન પર જોરદાર ફટકો માર્યો. ઘણા દિવસથી ઊભી થયેલી સમસ્યા સાથે આ સાધુના દેખાવને કાંઈ લાગતુંવળગતું નહીં હોય. એમને આવ્યાને તો હજુ બે જ દિવસ થયા.

એ ખંડ બહાર નીકળતા હતા ત્યાં રાજમાતાએ ઉંબર પાસે ઊભેલી દાસીઓને આજ્ઞા કરી : 'પૂજારીને બગીમાં બેસાડજો. પાછા ફરવામાં સ્વામીજી રાજવાહનનો અસ્વીકાર નહીં કરે.'

એવી દૃઢ શ્રદ્ધા સાથે એ બોલ્યાં કે સાધુએ મૌન રહીને સંમત થવું પડ્યું અને પૂજારીએ વગર બોલ્યે દાસીઓની પાછળ ઝડપભેર ચાલતા થવું પડ્યું.

ઘડીભરનું એ એકાન્ત બંને માટે આત્મીય બની ગયું. રાજમાતાના મુખ પર ઊભરાતું વાત્સલ્ય સાધુના હૃદયને સ્પર્શી ગયું. અંતરની આંખોથી સામી વ્યક્તિને નિહાળી રહ્યાં હોય એમ રાજમાતા એકાગ્ર બની ગયાં હતાં. પવનનો જોરદાર સપાટો બારીના પરદા ફરફરાવતો ખંડમાં ઘૂમરાઈ વળ્યો ત્યારે સજાગ બનેલાં રાજમાતા સાધુની નજીક સરક્યાં. ધીમા અવાજે હોઠ પરથી શબ્દો પણ સરક્યાં :

'મોતિયાએ મારી આંખો ઓલવી નાખી છે એટલે વહુને પડખે બેસવાનું કહ્યું હતું.' બોલતાં બોલતાં થોડું અટક્યાં : 'એ હાજર નથી તે એક રીતે સારું જ થયું.'

'આપની સમસ્યા શું છે માતાજી ?'

'સમસ્યા નહીં વલોપાત છે સ્વામીજી.'

અવાજની ભીનાશ સાધુને સ્પર્શી ગઈ : એમના ચહેરા પરથી કેવી કરુણા ટપકે છે !

'આપની પાસેના બાજઠનું ખાનું ઉઘાડશો ?'

સાંભળીને સાધુએ બાજઠ પર બિછાવેલું ભરતકામવાળું કપડું સહેજ ઊંચું કર્યું તો એક ખાનું દેખાયું.

'એમાં એક છબી છે.' ખાનું ઊઘડવાનો અવાજ સાંભળીને રાજમાતાએ કહ્યું : 'એ છબી જરા ધ્યાનથી જુઓ.'

કુતૂહલભાવે નિત્યાનંદે છબી પર નજર નાખી ત્યારે એમના હોઠ પર ફરકેલું સ્મિત રાજમાતા જોઈ શકે તેમ નહોતાં.

'આ છબી તો મેં નીચે પણ જોઈ.'

સાધુના અવાજમાં રાજમાતાએ ધાર્યો હતો એવો પડઘો સંભળાયો નહીં.

'એ છબી મારી સમસ્યા છે.' એમના અવાજમાં દર્દ ઘૂંટાવા લાગ્યું: 'આ ખંડમાં કેટલાય સાધુ-મહાત્મા અને દેવતાની છબી છે. પૂજાઘરમાં ઠાકોરજીની મૂર્તિ છે પણ આંખો ઝાંખી પડવા લાગી ત્યારથી દરેક છબીમાં મને મારા દીકરાની જ છબી દેખાય છે. આવું શું કામ થતું હશે સ્વામીજી ?'

જવાબ વિચારવા માટે સાધુએ કાચ મઢ્યા વગરની યુવરાજની છબી રાજમાતાના ખોળામાં સરકાવી દીધી. જાણે સવા વરસનો પુત્ર ગોઠણ ઘસડતો ખોળો ખૂંદવા આવ્યો હોય એવી મમતાથી રાજમાતાએ હેતનીતરતી આંગળીનાં ટેરવાં છબી પર ફેરવવા માંડ્યાં. દેખાતું બંધ થયું ત્યારથી આની ફ્રેમનો કાચ મેં કઢાવી નાખ્યો. હવે આંગળીની આંખોથી એને જોઈ લઉં છું.'

સાધુની આંખો ઊભરાઈ આવી. બારીના પરદાની જેમ એના અંતરપટમાં

ફરફરાટ જાગી ઊઠ્યો. થોડી વાર તો લાગ્યું કે રાજમાતાની સમસ્યા પોતાની જ સમસ્યા બની જશે. ભગવા ખેસથી આંસુ લૂછવાની સાથે અંતઃકરણ પર સંયમની લગામ લગાવી દીધી.

'માતાજી, દેવતા અને મહાત્માની છબીઓમાં તમને પુત્રની ઝાંખી થાય એ સમસ્યા નથી. સ્ત્રી જ્યારે બીજું બધું જ મટી જઈને માત્ર માતા જ બની રહે છે ત્યારે જગતના પ્રત્યેક પુરુષમાં તેને પુત્રનાં જ દર્શન થાય.'

'જગતના પ્રત્યેક પુરુષની વાત જવા દો, પણ તમારી મૂરતમાં બીજા બધાંને મારા પુત્રનાં દર્શન થાય છે એનું શું ?'

રાજમાતાના સમગ્ર ચિત્તતંત્રમાં ખળભળી ઊઠેલા એ શબ્દોને તેમણે હોઠ સુધી આવવા ન દીધા. તેને બદલે બંને હાથ લંબાવી આજીજી કરી : 'સ્ત્રીના સ્પર્શનો બાધ ન હોય તો સ્વામીજી, આંગળીની આંખોથી મને આપનાં દર્શન કરવા દો.'

ધીમે ધીમે પોતાના મુખ તરફ લંબાતા એમના ધ્રૂજતા હાથની ખુલ્લી હથેળીમાં સાધુને મમતાનાં મોજાં ધસી આવતાં દેખાયા. ટટ્ટાર રાખેલી ગરદન કોઈ અદમ્ય ખેંચાણ સામે આપોઆપ નમી ગઈ અને રાજમાતાની બંને હથેળી સહિત દસેદસ આંગળીમાં એમનું મુખ લપેટાઈ ગયું. કપાળ, નેણ, નાક કે હોઠ જ નહીં, સાધુના મુખની કોઈ રેખા સ્પર્શથી વંચિત રહી ન જાય એમ બહાવરી આંગળીઓ ફરી વળી... પણ અચાનક હથેળીમાં હૂંફાળી ભીનાશ વરતાણી ત્યારે એમના ફરતા હાથ આંચકા સાથે થંભી ગયા. સાધુની આંખોમાંથી આંસુ ટપકે છે ! રજપૂતાણીની ખુમારી જોર કરી ઊઠી. એ આંસુ દયાનાં હોય તો મને ન ખપે, હું તો પુત્રની માયા ખોજવા નીકળી છું !

ઝડપથી તેમણે હાથ પાછા ખેંચી લીધા :

'ક્ષમા કરજો મા'રાજ, ઘડીભર મમતાની ઘેલછામાં હું મર્યાદા ચૂકી ગઈ. મારી સમસ્યાનો ઉકેલ કોઈ ચીંધી શકે તેમ નથી.'

બોલતાં બોલતાં બે-ચાર ડૂસકાં હોઠ વચ્ચેથી ખરી પડ્યાં ત્યારે બાજુના ખંડમાંથી સરવા કાને બધું સાંભળતી લાજવંતી ઉતાવળા પગલે આવી ચડી.

અગાઉ નજર ઢાળીને સામે આવનારી લાજવંતીને આંખો ફાડીને પોતાને

તાકી રહેલી જોઈ સાધુનું હૃદય ધડકી ઊઠ્યું : કુમાશ ખંખેરીને રૌદ્ર સ્વરૂપ ધારણ કરેલો એનો ચહેરો જાણે પોતાને ઠપકો આપી રહ્યો હતો : બે હિજરાતાં હૈયાંને રિબાવવાનું તમારી સાધુતાને શોભતું નથી.

અને બીજી જ ઘડીએ લાજવંતી સાસુમા પાસે પહોંચી જઈ એમની પીઠ પસારવા લાગી. રાજમાતાને કાંઈક કહેવા માગતી હતી, પણ સાધુની હાજરીને લીધે ચૂપ જ રહી.

નિત્યાનંદને હવે ત્યાં બેસી રહેવાનું અજુગતું લાગ્યું. રાજમાતાની કરુણા અને રાજરાણીના ક્રોધ બંનેની અસરમાંથી નિર્લેપ થવામાં તેને થોડી વાર લાગી. ઊભા થઈને પગ ઉપાડતી વખતે મહેસૂસ કર્યું કે કોઈ અકળ આકર્ષણ લોખંડની બેડીની જેમ તેને જકડી રહ્યું છે. માયાનાં અતૂટ બંધન તોડવા જેટલી મુશ્કેલી તેણે ઉંબરો ઓળંગવામાં અનુભવી. પગમાં ચાખડી ચડાવીને પૂજાખંડમાં છેલ્લી દૃષ્ટિ ફેંકી. રાજરાણી હજુય આડું જોઈને બેઠી હતી અને રાજમાતા વિષાદમાં ખોવાયાં હતાં. ચૂપચાપ ચાલ્યા જવાને બદલે તેનાથી બોલાઈ જવાયું :

'માતાજી, તમે મારા ભૂતકાળની પૃચ્છા કરી. સાધુએ પોતાનો ભૂતકાળ ઉખેળવાની શાસ્ત્રમાં મનાઈ છે એમ મેં કહ્યું પણ સાચી વાત એ છે કે સાધુ થયા અગાઉના મારા ભૂતકાળનું મને કોઈ જ સ્મરણ નથી !'

એટલું કહીને એ શ્વાસ ખાવા રોકાયા. રાજમાતા ટટ્ટાર થઈ કાન સરવા રાખીને તેને સાંભળતાં હતાં. લાજવંતી ડોક આડી રાખીનેય તેના બોલ ઝીલવા માટે તલપાપડ બની ગઈ.

'નવ વર્ષથી હું મારા ભૂતકાળને ખોજું છું. આ નગરમાં પ્રવેશ કર્યો ત્યાં સુધી મારું પૂર્વજીવન મને પૂર્વજન્મ જેટલું અકળ લાગતું હતું પણ...'

સવા સણ જેવા પણ પાસે જીભ અટકાવીને તેણે પગ ઉપાડ્યા. પગલે પગલે સંભળાતા ચાખડીના અવાજમાં રાજમાતાને 'પણ'ના જ પડઘા સંભળાતા રહ્યા. ચીસ પાડીને એ તેને રોકવા માગતાં હતાં, દોટ મૂકીને એ તેની પાસે પહોંચી જવા ઝંખતાં હતાં. કહો પેલા 'પણ' પછી શું ? આ નગરમાં આવ્યા પછી શું ? રાજમહેલમાં પધરામણી થયા પછી શું ? વાત અધૂરી છોડીને, મારી

સમસ્યા ઉકેલવાને બદલે તેને વધુ ઘેરી બનાવીને આમ ક્યાં ચાલ્યા ?

પણ રાજમાતા ઊઠી ન શક્યાં. મહેલ બહાર નીકળતી બગીના ઘોડાના ડાબલા પડઘા પાડતા દૂર ને દૂર સરકતા ગયા.

* * *

પવનવેગે પૂરપાટ ધસી આવતો ઘોડો મહેલમાં દાખલ થયો. કાળઝાળ જેવો કનકસિંહ છલાંગ મારીને પગથિયાં પર ખાબક્યો. તેનું પડછંદ શરીર ક્રોધથી કાંપતું હતું, વાઘ જેવા વિકરાળ ચહેરા પર ખુન્નસ ખદબદતું હતું.

'ક્યાં છે બધાં ?'

તેની ત્રાડથી રાજમહેલની દીવાલો સુધ્ધાં ધ્રૂજી ઊઠી.

'મારી ગેરહાજરીમાં સાધુને અહીં લાવવાની હિંમત કોણે કરી ?'

ભયથી થરથરતાં દાસદાસીઓ, નોકરચાકરો માથાં ઝુકાવી હારબંધ પગથિયાં પાસે ઊભાં રહી ગયાં. જવાબ આપવાની કે હરફ ઉચ્ચારવાની કોઈની હિંમત ચાલી નહિ.

'ક્યાં છે લખુભા, ક્યાં છે જોરૂભા ?'

પેલા બંને ગુનેગારની જેમ સામે આવીને ગરદન ઝુકાવતા ઊભા રહી ગયા.

ડાબા ખભા પર લટકતી બંદૂક તરફ કનકસિંહનો જમણો હાથ વધ્યો. પણ બીજી ઘડીએ ઇરાદો બદલ્યો હોય તેમ ઘોડાની તરફ નજર નાખી. ધરતી ધ્રુજાવતા મક્કમ પગલે ઘોડાની નજીક જઈને તેની પીઠ પરના ચાકડામાંથી હન્ટર ખેંચ્યું.

બીજી જ પળે લખુભા-જોરૂભાની પીઠ પર કોરડાના ફટકા વીંઝાયા.

'તમને ખબર છે કે આ મહેલના દરવાજા સાધુડા-ધુતારા માટે બંધ થઈ ચૂક્યા છે છતાં...'

ફરી બે ફટકા.

'પણ બાપુ અમે તો રાજમાતાની આજ્ઞા....'

બીજા ફટકા : 'બેવકૂફો, જવાબ આપો છો !'

પેલા બંને જમીન પર ફસકી પડ્યા, છતાં કનકસિંહનો ક્રોધ ઊતર્યો નહીં. તેનું મુખ વધુ ને વધુ લાલઘૂમ થતું જતું હતું.

અચાનક કાંઈક સૂઝી આવ્યું હોય તેમ દૂર ઊભેલી બગી તરફ કનકસિંહે દોટ મૂકી. ઝનૂનભેર આગલી બેઠક પર તરાપ મારી. ઝાટકા સાથે ઘોડાની લગામ ઝાલી અને બીજા હાથમાં પકડેલો કોરડો ઘોડાની પીઠ પર વીંઝ્યો. અણધાર્યા પ્રહારથી ભડકેલા ઘોડાએ આગલા બે પગ ઊંચા કર્યા ત્યાં બીજો કોરડો વીંઝતા કનકસિંહે ભયાનક ત્રાડ પાડી :

'એ સાધુડાને બગીમાં નાખીને હમણાં જ અહીં લઈ આવું છું. તમારી સૌની નજર સામે, રાજમાતાની હાજરીમાં ભગવાંધારી એ ભગતડાને કોરડા ફટકારી ફટકારીને હું એનાં ચામડાં ઊતરડી નાખીશ.'

વંટોળિયાની જેમ ધસી જતી બગી મહેલથી એક ફર્લાંગ દૂર પહોંચી હશે ત્યાં કોરડાના ફટકા ઝીલતો ઘોડો વીફર્યો. બગી અણધારી થંભી જતાં લગામ પકડીને ઊભેલો કનકસિંહ ગુલાંટ ખાતો દૂર ફંગોળાઈ ગયો. બગી ઊંધી વળી ગઈ. પછડાટ ખાઈને ઊભા થતા ઘોડાએ બગીના બંધનમાંથી છુટકારો પામી લંગડાતા પગે દોટ મૂકી.

કનકસિંહની ચીસ સાંભળીને દોડી આવેલા નોકરોએ ટેકો દઈ તેને ઊભો કર્યો ત્યારે એના જમણા પગનું હાડકું ગોઠણ પાસે ભાંગી ચૂક્યું હતું પણ તેનો ક્રોધ હજી તૂટ્યો ન હતો.

'જાવ ! એ હરામખોર ઘોડાને પકડી પાડી ત્યાં ને ત્યાં ઠાર કરી દો.' પછી દુખતા ગોઠણ પર હાથ દાબીને દાંત ભીસ્યા : 'એ સાધુડાને હું પછી જોઈ લઈશ.'

*

[૫]

નગરભરમાં ચકચાર ફેલાઈ ગઈ : કોપાયમાન થયેલા કનકસિંહ સાધુને સજા કરવા બગીમાં જતા હતા ત્યાં મહેલની હદ ઓળંગતા પહેલાં જ બગી ઊંધી વળી ગઈ. કનકસિંહબાપુનો પગ ભાંગ્યો અને ઘોડો ભાગી છૂટ્યો... સાધુ ખરેખર પુણ્યાત્મા છે, કોઈ દૈવી પુરુષ લાગે છે. મંદિરમાં બેઠાં બેઠાં જ તેણે ચમત્કાર કરી બતાવ્યો, કનકસિંહને બરાબર પરચો દેખાડી દીધો !

'ગજબ થઈ ગયો !' પૂજારીપુત્ર શંભુ તો હાંફળોફાંફળો મંદિરમાં ધસી આવીને સીધો નિત્યાનંદના પગમાં જ પડી ગયેલો : 'આપનાં પગલાં થયાં ત્યારથી જ હું તો પામી ગયો હતો કે કોઈ ચમત્કારિક મહાત્માનું આગમન થયું છે, એનો પહેલો પુરાવો આપે હમણાં જ આપી દીધો.'

ગદ્‌ગદ થઈ ગયેલા શંભુએ કેટલીય વાર સુધી સાધુના પગમાંથી માથું ઊંચક્યું નહીં ત્યારે બાજુમાં બેઠેલા પૂજારીએ છોભીલા અવાજે કહેવું પડ્યું હતું : 'મા'રાજ, ક્યારેક એના પર વેવલાપણાનો હુમલો થઈ આવે છે. થોડી વાર રડી લેશે એટલે મન હળવું થઈ જશે.'

ત્યાં આંચકા સાથે ડોક ઊંચી કરી ભીની આંખો લૂછતા શંભુએ પિતાને સંભળાવી દીધેલું : 'હું ભોળો છું પણ વેવલો નથી બાપુ, વાતવાતમાં તમે મારી કિંમત ઉતારી ન પાડો. હું જે સાંભળીને આવ્યો છું એ સાંભળ્યા પછી તમેય એમના પગમાં પડી જશો.'

'મહાત્માને પગે પડવા માટે મેં તને વેલવો નહોતો કહ્યો, શંભુ !' પૂજારી વધુ કહેવા જતા હતા પણ શંભુ સાંભળેલી વાત કહેવાની અધીરાઈ રોકી શક્યો નહીં : 'શિકારે ગયેલા કનકસિંહને મહેલમાં સાધુની પધરામણીની જાણ થતાં પાછા ફરતાંની સાથે જ ક્રોધથી ભભૂકી ઊઠ્યા. લખુભા-જોરૂભાને કોરડે કોરડે ફટકાર્યા છતાંય ક્રોધ શમ્યો નહીં એટલે કનકસિંહ બગીમાં સવાર થઈ ઘોડાને કોરડા ફટકારતા મંદિરે આવવા નીકળ્યા, ત્યાં રસ્તામાં જ ચમત્કાર થયો. બગી

ઊંધી વળી ગઈ, બાપુનો પગ ભાંગ્યો. બગીનું એક પૈડું તૂટી ગયું અને ઘોડો નાસી છૂટ્યો. કહો જોઈએ આને ચમત્કાર નહીં તો બીજું શું કહેવાય ?

સાંભળતાં પૂજારી ગમગીન થઈ ગયેલા. એમના ચહેરા પર ભય ઘેરો થતો ગયો હતો, પણ સાધુની મુખમુદ્રામાં જરાય ફેરફાર વરતાયો નહોતો.

'શંભુ, દરેક ઘટનાને ચમત્કારનું સ્વરૂપ આપી દેવું એ અંધશ્રદ્ધાની નિશાની ગણાય.' સ્વસ્થપણે તેમણે સમજાવેલું : 'કનકસિંહ શિકારમાં હતાશ થઈને પાછા ફર્યા હશે. તેમાં પોતાની મનાઈ છતાં મહેલમાં સાધુની પધરામણી થઈ એથી વ્યગ્રતા ઉગ્રતામાં પલટાઈ ગઈ. તામસી પ્રકૃતિનો માનવી ક્રોધનો જલદી શિકાર બની જાય છે અને ક્રોધથી મનનું સંતુલન ગુમાવી બેસાય છે. કનકસિંહની જેમ કોરડાના પ્રહારથી ઘોડો પણ સંતુલન ગુમાવી બેઠો અને આ દુર્ઘટના સર્જાઈ ગઈ. બાકી કોઈને હાનિ થાય એવો ચમત્કાર કોઈ પણ સાધુને શોભે નહીં, શંભુ !'

મંત્રમુગ્ધ બનીને શંભુ સાંભળતો રહેલો ત્યારે થયું કે એના પર સચોટ અસર થઈ છે, પણ ધાર્યા કરતાં અવળી અસર થઈ હતી.

'જોયું ને બાપુ, આ બીજો ચમત્કાર ! કનકસિંહ શિકારેથી ખાલી હાથે પાછા ફર્યા હતા એની એમને અહીં બેઠાં જ જાણ થઈ ગઈ. હું અહીં આવતો'તો ત્યારે રસ્તામાં જીવણ પગી મળી ગયેલો. શિકારમાં એ હંમેશાં બાપુની સાથે જ રહે છે. એણે મને કહ્યું કે બાપુએ દીપડાના શિકાર માટે ઘણી હડિયાપાટી કરી પણ ખંધા જનાવરે બાપુને હંફાવી દીધા. ખાલી હાથે બાપુને પાછા ફરવું નો'તું ત્યાં મહેલેથી કોઈએ ખબર પહોંચાડ્યા કે રાજમાતાએ સાધુની પધરામણી કરાવી છે. ખબર આપનારે કનકસિંહબાપુના કાનમાં બીજી પણ કાંઈક વાત કરી ત્યારે તાબડતોબ ઘોડે ચઢીને મહેલ તરફ રવાના થઈ ગયા.' કહીને શંભુએ ઉમેર્યું : 'જીવણ પગીની વાત પરથી તો એવું લાગ્યું કે કનકસિંહબાપુનો પગ ભાંગ્યો એથી મહેલવાળા બધા રાજી થયા.'

'એવું ન બોલ શંભુ !' ભયભીત સ્વરે પૂજારીએ દીકરાને ટપાર્યો હતો: 'કનકસિંહના ક્રોધને કોઈ સીમા નથી, પગ ભાંગવાથી એમનો ઘમંડ વધુ વીફરશે. કોને ખબર, કાલ સવારે કેવી કેવી આપત્તિ આવી પડે !'

'અરે બાપુ, તમે નકામા ગભરાવ છો.' જુસ્સાભેર હાથની મુઠ્ઠી ઉછાળતો શંભુ બોલી ગયો હતો : 'આ સાધુ-મહાત્મા અહીં હાજરાહજૂર છે ત્યાં સુધી કનકસિંહ તો શું એનો બાપ પણ આપણા કોઈનું કાંઈ બગાડી શકવાનો નથી.'

'શં...ભુ !' વૃદ્ધ પૂજારીએ એટલા જોશમાં રાડ પાડી કે એમના ચહેરાની કરચલીઓ ક્યાંય સુધી ધ્રૂજતી રહી. સાધુએ જોયું તો પૂજારીના મુખ પર ક્રોધ કરતાં ભય વધારે દેખાયો :

'શુંભુડા, જેનું અન્ન ખાઈએ છીએ એના બાપ સુધી પહોંચી જતાં તારી જીભ કેમ ઊપડી ?'

'બાપુ, અન્ન આપણે રાજમાતાનું ખાઈએ છીએ.' શંભુએ બળવાખોર બોલ સંભળાવ્યા : 'કનકસિંહ તો પરાણે રાજકારભાર પચાવી બેઠા છે. નિર્મળકુમાર આજે હયાત હોત તો શિયાળ જેવો સાળો સિંહ ન બની શકત...'

પુત્રને આગળ બોલતો રોકવા પૂજારી હાથ ઉગામવા જતા હતા ત્યાં સાધુએ મામલો સંભાળી લીધો : 'શંભુ, ખોટા શબ્દો વાપરીને કહેલી સાચી વાત પણ પાંગળી બની જાય છે. તું જા, રસોડામાં ચૂલે મૂકેલી તારી ખીચડી દાઝી જશે.'

'ખીચડી !' સાધુની સામે આદરભાવથી જોતો શંભુ ઊઠ્યો. જતાં જતાં તે જે કહેવા માગતો હતો એ સાધુએ જ સંભળાવી દીધું :

'જો પાછો એમ નહીં કહેતો કે તેં આજે ખીચડી રાંધી છે એની મને જાણ થઈ ગઈ, એ પણ ચમત્કાર ગણાય.'

ખડખડાટ હસતા સાધુ શંભુના ગયા પછી ગંભીર બની ગયા. વિચારમાં ગમગીન બેઠેલા પૂજારી સામે જોયું : 'ભગવાન ભોળાનાથની છાયામાં બેઠા છો છતાં કોઈના ક્રોધનો આટલો બધો ભય શાથી પૂજારીજી ?'

'હેં !' કહેતા પૂજારી તંદ્રામાંથી જાગ્રત થયા. 'આપને કનકસિંહની પૂરી પિછાણ નથી, રાજ્યમાં એમનું ધાર્યું ન થાય એવું આજ સુધીમાં ક્યારેય બન્યું નથી.'

'ત્યારે તો તમે ભગવાનનાં દર્શને આવતા ભક્તોને કહો છો કે ધાર્યું તો ધણીનું થાય એ ખોટું ને ?'

'કનકસિંહ પણ રાજના ધણી જ છે ને !'

'ઈતિહાસ સાક્ષી છે કે રાજ્યના ધણીએ ન ધારેલું ઘણી વાર બનતું આવ્યું છે.' સાધુએ દલીલો સાથે દાખલો આપ્યો : 'થોડી વાર પહેલાં જ કનકસિંહે કોરડા ફટકારીને મને સજા કરવાનું ધાર્યું હતું પણ અહીં સુધી પહોંચી શક્યા નહીં.'

'તો કાલ સવારે આવી પહોંચશે.'

'એ પહેલાં...' કહીને સાધુ અટક્યા. પૂજારીએ ધારી લીધું કે એ હમણાં બોલી ઊઠશે : 'એ પહેલાં હું આ નગર છોડી જઈશ.'

પણ ધારણા ખોટી ઠરી.

'પૂજારીજી, કાલ સવારે કનકસિંહ અહીં નહીં આવે. છતાં ગમે ત્યારે આવે એ પહેલાં હું એમને પૂરેપૂરા ઓળખી લેવા માગું છું. જેના ક્રોધથી સમગ્ર રાજ્ય થરથરે છે એ કનકસિંહ છે કોણ ?'

'અમારા યુવરાજ નિર્મળકુમારના સાળા...'

પરાણે કહેવું પડતું હોય તેમ પૂજારીએ શરૂઆત કરી :

'રાણી લાજવંતીના આમ તો એ ઓરમાન ભાઈ થાય. યુવરાજનાં લગ્ન થયાં ત્યારે પહેલાંથી સાળા-બનેવી વચ્ચે ગાઢ મૈત્રી બંધાઈ ગયેલી. બંને સરખી વયના, બંને શિકારના શોખીન એટલે મહિનામાં આઠ દિવસ તો કનકસિંહ અહીં જ રહેતા. ધીમે ધીમે યુવરાજના આગ્રહથી તેમણે અહીં કાયમનો મુકામ કરી નાખ્યો. શરૂઆતમાં સાંભળેલું કે લાજવંતીને ઓરમાન ભાઈ સાથે બહુ બનતું નહોતું, પતિ સાથેની ભાઈબંધીને કારણે લાજવંતીએ કનકસિંહની હાજરી સહી લીધી. ત્યાર પછી તો યુવરાજ નિર્મળકુમાર ક્ષયરોગમાં પટકાયા. એમની સારવારની બધી જ જવાબદારી કનકસિંહે ઉપાડી લીધી. સાથોસાથ રાજ્યના કારોબારનો ભાર પણ હાથમાં લઈ લીધો.'

પૂજારી શ્વાસ ખાવા થોડું રોકાયા એટલે સાધુએ જ આપમેળે શરૂ કર્યું: 'અને નિર્મળકુમારનું અવસાન થયા પછી કનકસિંહે રાજ્યની સર્વ સત્તા હાંસલ કરી લીધી.'

'હા, વિધવા બહેન અને સગીર વયના ભાણેજના હિતમાં તેમણે સત્તા

સંભાળી લીધી. નવ વર્ષ વીતી ગયાં. નાના યુવરાજને ચૌદમું ચાલે છે. ચારપાંચ વર્ષ હેમખેમ નીકળી જાય એટલે કરણકુમાર ગાદીએ બિરાજી જશે. બસ, એટલી ધીરજ ધરવાની છે અમારે.' કહેતાં કહેતાં પૂજારીથી નિઃશ્વાસ નખાઈ ગયો.

'તમે ભૂલો છો મહંત !' સાધુના અવાજનો રણકો બદલાયો : 'ચારપાંચ વર્ષ પછી ગાદી પર ગમે તે આવે પણ સત્તા તો કનકસિંહના હાથમાં જ રહેવાની. આપમેળે સત્તાની લગામ બીજાને સોંપી દેનારા તો કોઈક જ પાકે છે, મોટા ભાગે સત્તાધારીઓ મૃત્યુ, ક્રાંતિ કે કાવતરા સિવાય સત્તા છોડવા તૈયાર થતા નથી.'

સંન્યાસીના બોલમાં પૂજારીને બળવાની ગંધ આવી.

'મહાત્માજી, આપણા જેવા ધર્મક્ષેત્ર સાથે સંકળાયેલા માનવીએ રાજખટપટમાં શું કામ ઊતરવું ?'

'નહીં પૂજારી. પ્રજા પ્રત્યેનો ધર્મ રાજા ભૂલે ત્યારે આપણે જવાબદારીમાંથી છટકી કેમ શકીએ ?'

પોતે ધર્મસંકટમાં આવી રહ્યા હોય એવી અકળામણ પૂજારીએ અનુભવી. તેમણે વિષય બદલવાનો પ્રયાસ અજમાવ્યો : 'સવારથી હું આપને એક વાત પૂછવાનું વિચારતો હતો. રાજમાતાએ એકાન્તમાં આપની સમક્ષ રજૂ કરેલી સમસ્યામાં કોઈ રહસ્ય હતું કે ?'

'રહસ્ય !' સાધુનો ચહેરો ફરી સૌમ્યતા ધારણ કરવા લાગ્યો : 'અહીં આવ્યા પછી મને તો પ્રત્યેકની નજરમાં રહસ્ય જ દેખાય છે. અત્યારે તમે પૂછેલો પ્રશ્ન પણ રહસ્યમય જ લાગે છે.'

પૂજારી સહેજ છોભીલા પડી ગયા. હવે તેમને આ બધું સંતાકૂકડીની રમત જેવું લાગવા માંડ્યું. તર્ક-વિર્તકની ભુલભુલામણી છોડી દઈ સાફસાફ કહી દેવાનું મન થયું : કૃપા કરીને તમે તમારો ભૂતકાળ ઉઘાડો પાડી દો. લોકોની નજરમાં તમને જે રહસ્ય દેખાય છે એમાં નિર્મળકુમાર સાથે મળતા આવતા તમારા ચહેરાના કૌતુક સિવાય બીજું કંઈ જ નથી. જાણે કરીને એ કૌતુકનું કોકડું વધુ ગૂંચવવાને બદલે સાધુ થયા પહેલાંના તમારા પૂર્વજીવન

પરથી પરદો હઠાવી દો એટલે સૌની સમસ્યા ઊકલી જાય....

'શું વિચારો છો પૂજારીજી ?' સાધુએ ફાનસની વાટ વધારીને તેમને ચોંકાવ્યા. 'તમને પણ કોઈ સમસ્યા સતાવી રહી છે ને ? ધીરજ રાખો. આપણે ભેગા મળીને એકબીજાની સમસ્યા ઉકેલવાની રહેશે.'

'એટલે આપની પણ કોઈ સમસ્યા છે ?'

'કદાચ આપણા બંનેની સમસ્યા એક જ હોઈ શકે.'

સાંભળીને પૂજારી ટટ્ટાર થયા, બધું જ પૂછી લેવાની ઘડી હવે લગોલગ આવી પહોંચી છે એને છટકવા નથી દેવી.

'સાચું કહેજો નિત્યાનંદજી !' કહીને એ અટક્યા, ત્યાં ઘોડાની હણહણાટી સંભળાઈ. બંને સ્તબ્ધપણે તાકી રહ્યા. પૂજારીના મનમાં ભય આળોટવા લાગ્યો; નક્કી કનકસિંહ આવી પહોંચ્યા !

પણ ઘોડાના ડાબલાનો અવાજ દરવાજાની દિશાને બદલે પછવાડેથી સંભળાયો ત્યારે વિમાસણ હોઠે આવી ચડી : 'આવા ટાણે વાડાના બારણેથી ઘોડા પર કોણ આવ્યું હશે ?'

ત્યાં તો શંભુ હાંફળોહાંફળો દાખલ થયો : 'મહાત્માજી, રાજબગીનો ભાગી છૂટેલો ઘોડો ભૂલો પડીને આ તરફ આવ્યો લાગે છે.'

'ભૂલો પડીને નહીં, એ આશરો લેવા આવ્યો છે શંભુ !'

સાધુનું અનુમાન સાંભળીને બાપ-દીકરો એકબીજા સામે જોઈ રહ્યા ત્યારે ફાનસ લઈને ઊભા થતા સાધુએ ટકોર કરી : 'રાજનો જુલમ સહન ન થાય ત્યારે માનવીની જેમ સમજદાર પ્રાણી પણ ધર્મસ્થાનને આશરે આવે છે.'

ત્યાં ફરી ઘોડાની હણહણાટી સંભળાઈ એટલે સાધુના હાથમાંથી ફાનસ પકડી લઈ શંભુ આગળ થયો : 'ત્યારે તો એને આપણે આશરો આપવો જ જોઈએ... નહીંતર કનકસિંહ બિચારાને ઠાર કરી દેશે.'

પૂજારીએ સાધુની પાછળ પરાણે ખેંચાવું પડ્યું. એમના ધ્રૂજતા દેહ પર પસીનો વળવા લાગ્યો, 'નાસમજ શંભુની જેમ હુંય આ સાધુ પાછળ ખેંચાઈને શા માટે સંકટ ઉછીનું લઉં છું ? એને સવાર પહેલાં અહીંથી ચાલ્યા જવાનું

શું કામ કહી દેતો નથી...'

મેડી પછવાડેના વાડામાં અગાઉ મંદિરની ગાયો બંધાતી પણ એક ગાયને સાપ કરડી ગયા પછી જગ્યા બદલી નાખવામાં આવેલી. વાડાનો ઉંબરો ઓળંગવામાં શંભુનો પગ અચકાયો : 'સાચવીને આગળ વધવું પડશે. અહીં મહાદેવજીના ગળાનો નાગ રહે છે.'

નાગને રસ્તા વચ્ચેથી હઠી જવા વીનવતો હોય તેમ શંભુએ આગળ વધતા પહેલાં બેચાર વાર ઉંબર પર પગ પછાડીને અવાજ કર્યા. ફાનસવાળો હાથ લંબાવીને ચારે બાજુ નજર દોડાવી.

'એ રહ્યો !' વાડની દીવાલ સાથે ડોક ઘસતા સફેદ ઘોડાને જોઈ તેણે રોમાંચ અનુભવ્યો : 'મારો બેટો ટીલિયો જ છે !'

સાપનો ભય ખંખેરી નાખતો શંભુ ઉત્સાહભેર ફાનસ સાથે ઘાસ વચ્ચેની કેડી પર આગળ વધ્યો, પણ અડધે પહોંચ્યો ત્યાં કાન ઊંચા કરી ડોક હલાવતા ઘોડાએ હણહણાટી નાખી ત્યારે પગમાં ખરેખર નાગ વીંટળાયો હોય તેમ થરથર ધ્રૂજતો શંભુ જડની જેમ ઊભો રહી ગયો. તેના ધ્રૂજતા હાથમાંથી ફાનસ વછકી જાય એ પહેલાં સાધુએ પકડી લેવું પડ્યું. લાવ શંભુ, હું એને સંભાળી લઈશ.'

એકધારી ચાલે આગળ વધીને સાધુએ ભડકેલા ઘોડાની ડોક હેતાળ હાથે પંપાળવા માંડી ત્યારે ગેલમાં આવી જઈને ઘોડો સાધુના ખભા પર પોતાનાં જડબાં ઘસવા લાગ્યો.

'આ ટીલિયો આમ તો ભારે હઠીલો છે.' ધરપત અનુભવતા શંભુએ જીભ ચલાવતાં પગ ઉપાડ્યા : 'બગીના કોચવાન સિવાય બીજા કોઈને પડખે ચડવા દેતો નથી.'

કાંઈ સાંભળ્યું ન હોય તેમ શંભુના હાથમાં ફાનસ સોંપી દઈ સાધુએ બંને હાથે ઘોડાની પીઠ પસવારતાં, ધીમે ધીમે નીચા નમી ઘોડાના આગલા પગ પર હાથ ફેરવી જોયો. જેવા ડાબા પગના ગોઠણને સાધુનો હાથ અડક્યો કે ઘોડાએ ઝાટકો ખાતાં પગ પાછો ખેંચી લીધો. શંભુને થયું : 'હમણાં ટીલિયો સાધુના જડબા પર આગલા પગની લાત ફટકારી બેસશે ! પણ તેને બદલે


ઘોડો રાંક બનીને ઊભો રહ્યો અને સાધુએ તેના ડાબા ગોઠણ પર ફરી હાથ દાબ્યો :

'શંભુ, તમારા કનકસિંહની જેમ આ બિચારાનો પણ પગ ભાંગ્યો છે. આંગણામાં લઈ જઈને એની સારવાર કરવી જોઈએ.'

'પણ ઘોડો રાજમહેલનો છે,' પૂજારીથી ચૂપ રહેવાયું નહીં : 'પગ ભાંગેલા ઘોડાને ઠાર કરવાનો એમનો રિવાજ છે, નિત્યાનંદજી !'

'અને પ્રાણી માત્ર પર પ્રેમ રાખવો એ સાધુનો ધર્મ છે, પૂજારીજી!' કહીને ઊભા થતા નિત્યાનંદે ઘોડાના મોંમાંથી લગામ હઠાવી તેના કપાળની વચ્ચોવચ દેખાતા ટીલા પર વાત્સલ્ય વરસાવતું ચુંબન ચોડી દીધું.

બરાબર એ જ વખતે વાડાના બીજે છેડેથી કોઈના પગરવનો ખખડાટ સંભળાયો.



'કોણ છે ?' ધ્રૂજતા અવાજે સાદ પાડીને શંભુએ એ તરફ ફાનસ ધર્યું તો અંધારામાં છુપાઈને ઊભેલા માણસનો આકાર નજરે પડ્યો. કનકસિંહના

ભયથી શંભુના પગે ખાલી ચડવા માંડી. ત્યારે સાધુએ આગળ વધીને પૂછવું પડ્યું : 'કોણ છે ભાઈ ?'

અને અંધકાર ઓઢીને ઊભેલો આકાર ઝડપભેર બહાર આવ્યો : 'હું છું મહારાજ !' કહેતો એ સાધુને પગે પડી ગયો.

અરે આ તો કોચવાન !' ફાનસના અજવાળામાં ઓળખીને શંભુ બોલી ઊઠ્યો પણ તેના ખભે ઝૂલતી બંદૂક જોતાં અવાજ બોદો થઈ ગયો : 'ટીલિયાને ઠાર કરવા આવ્યો લાગે છે.' સાધુએ બંને ખભા ઝાલીને કોચવાનને ઊભો કર્યો ત્યારે પેલાની આંખોમાં આંસુ બાઝેલાં દેખાયાં.

'કડવી ફરજ બજાવવા આવ્યા છો ?'

સાંભળીને જોરૂભાની ડોક ઝૂકી ગઈ : 'બાપુએ બહુ વસમો હુકમ ફરમાવ્યો. વછેરો હતો ત્યારથી મેં આને ઉછેર્યો છે.' કહેતાં કહેતાં એ ગળગળો થઈને ઘોડા પાસે પહોંચ્યો : 'આનું નામ પણ મેં જ પાડ્યું હતું. બે કલાકથી હું બંદૂક લઈને એની પાછળ રખડું છું. શિકાર માટે રાખેલા બેચાર ઘોડાને મારી નજરે ઠાર થતાં જોયા છે, પણ આ...'

ગળે ડૂમો ભરાઈ આવ્યો ત્યારે જોરૂભા અટક્યો. ડોક ઊંચી કરીને ભીની આંખે સાધુ સામે જોયું. પછી તંદ્રામાં બોલતો હોય તેમ ઘોડાની પીઠ પસવારતો કહી ગયો : 'આ તો અમારા મહારાજાનો માનીતો ટીલિયો... મરતાં મરતાંય માલિક ભલામણ કરતા ગયેલા કે 'લૂલો-લંગડો થાય તોપણ ટીલિયાને કમોતે નહીં મારતા.'

કહીને તેણે ખભા પરથી બંદૂક હાથમાં લીધી : 'આને ઠાર નહીં કરું તો કનકસિંહબાપુ મને ગોળીએ દેશે.'

તેણે બંને હાથમાં બંદૂક ગોઠવવા માંડી ત્યારે શંભુ અને પૂજારીને થયું કે હમણાં ઘોડો વીંધાઈ જશે. પણ તેને બદલે ભાંગી પડતા જોરૂભાએ સાધુના ચરણોમાં બંદૂક ધરી દીધી. 'ભલે કનકસિંહ મન ફાવે એવી આકરી સજા કરે પણ યુવરાજ નિર્મળકુમારની આખરી ઇચ્છા તો હું નહીં જ ઉથાપું.'

પૂજારીને થયું : સાધુમાં કોઈક એવી ગેબી શક્તિ છે કે જે કોઈ એની સામે આવે એ ઝૂકી જાય ! પણ પહાડ જેવા કનકસિંહનો ક્રોધ એ પીગળાવી

નહીં શકે.

પગમાં પડેલી બંદૂક તરફ તાકી લઈને સાધુએ મનોમન કાંઈક ફેંસલો કરી લીધો. નીચા નમીને તેણે બંદૂક ઊંચકી લીધી. ઘોડાની પીઠ પસવારી હતી એટલી જ મમતાથી બંદૂકની નાળ પંપાળી. બંદૂક હમણાં જ જોરૂભાને એ પાછી સોંપી દેશે એવું લાગતું હતું. પણ તેને બદલે બંદૂકનો કુંદો ખભા પાસે ગોઠવીને સાધુએ આકાશ તરફ એની નાળ તાકી અને પેલા ત્રણે કાંઈ અનુમાન પર આવે એ પહેલાં તો ઘોડા પર આંગળી દબાવીને ગોળી છોડી દીધી. ધડાકાથી સૂમસામ વાતાવરણ ખળભળી ઊઠ્યું. માળામાં જંપી ગયેલાં પંખીઓ ફડફડતી પાંખે કિકિયારી કરી ઊઠ્યાં. ભડકેલો ઘોડો ભીંતસરસો ઊભો રહી ગયો અને પેલા ત્રણે અધ્ધર શ્વાસે સાધુ સામે જોઈ રહ્યા.

'લ્યો જોરૂભા !' બંદૂક તેને પાછી સોંપતાં સ્વસ્થ અવાજે સાધુએ કહ્યું: 'ધડાકો સાંભળીને મહેલમાં બેઠેલા કનકસિંહ માની લેશે કે ઘોડો ઠાર થઈ ગયો.' પછી શંભુ તરફ ફરીને કહ્યું : 'તમે લોકો ટીલિયાને આંગણામાં લઈ આવો.'

શંભુએ જોયું કે એના બોલવાની ઢબ બદલાઈ ગઈ હતી. સાધુની સૌમ્યતાને બદલે ચહેરા પર રાજપૂતી ખુમારી વરતાતી હતી. ઝડપભેર એ પાછા ફરી ગયા ત્યારે એમની ચાલથી ધરતી ધમધમતી લાગી.

પણ જોરૂભા તરફ ફરીને જોયું ત્યારે શંભુને લાગ્યું કે એ તો પૂતળા જેવો જડ બની ગયો હતો. ખભો હલાવીને એની તંદ્રા તોડવી પડી : 'અલ્યા, બાઘાની જેમ અંધારામાં આંખો ફાડીને શું જુએ છે ?'

ત્યારે જોરૂભાના શરીરમાં ચેતન પાછું આવ્યું. છતાં એની આંખો તો સાધુ જે તરફ ગયા હતા એ દિશામાં જ ખોડાઈ રહી.

'ના, એ સાધુ નથી.' દરેક શબ્દ પર જરૂર કરતાં વધુ ભાર આપીને જોરૂભા બોલતો હતો. 'માણસો ઓળખે એ પહેલાં મારા ટીલિયાએ એના માલિકને પિછાણી લીધા. પહેલી વાર સાધુને જોઈને એ ભડક્યો હતો. બીજી વાર બગી છોડાવીને અહીં નાસી આવ્યો. ટીલિયાની ટીલી એમણે ચૂમી લીધી ત્યારે જ મને વહેમ પડ્યો હતો પણ બંદૂક ચલાવી ત્યારે તો ગળા સુધીની

ખાતરી થઈ ગઈ.'

શંભુની મોટી આંખો ઉત્તેજનાથી પહોળી થઈ ગઈ.

'શેની ખાતરી જોરૂભા ?'

'એ સાધુ નથી. એ આપણા યુવરાજ નિર્મળકુમાર છે. તેં જોયું નહીં, એમણે ડાબા હાથે બંદૂક ચલાવી. યુવરાજ સિવાય ડાબા હાથે બંદૂક ચલાવનાર આજ સુધી મેં બીજો કોઈ જોયો નથી. નાનપણમાં મોટા મહારાજાએ એમને ડાબા હાથની આદત છોડાવવા બહુ લમણાઝીક કરી હતી. એ કહેતા કે અચ્છો નિશાનબાજ કદી ડાબા હાથે બંદૂક વાપરે નહીં... પણ યુવરાજે તો મર્યા ત્યાં સુધી જમણા હાથે બંદૂક ચલાવી નહોતી. હું એનો સાક્ષી છું.'

મર્યા ત્યાં સુધી ! શંભુને આ ત્રણ શબ્દોમાં જોરૂભાની બધી જ વાત ધોવાઈ જતી લાગી. યુવરાજ ખરેખર મૃત્યુ પામ્યા હોય તો પાછા ક્યાંથી આવે?

શંભુને થયું, આટલા બધા ચકરાવા પછી ફરી પાછા ત્યાં ને ત્યાં જ આવીને ઊભા !

*

[૬]

'એ નિમકહરામની ઓલાદને રાતે ઠાર કરી દીધો ને ? શાબાશ જોરૂભા!' કહીને કનકસિંહ પોરસમાં પડખું ફરવા ગયો ત્યાં દુખતા પગ પર ભાર આવતાં સબાકો નીકળી ગયો. દાંત ભીંસીને ગોઠણે હાથ દાબી દઈ પગ ઉપર ખીજ કાઢી : 'હરામજાદો ખરે વખતે ખોટો થયો. જલદી સાજો નહીં થા તો સાલા તનેય ગોળીએ દેવો પડશે.'

ત્યારે જોરૂભાએ અદબભેર ઝૂકીને ખભા પરની બંદૂક પલંગની બાજુમાં ટેકવી દીધી. તેની ભીની આંખો જોઈને કનકસિંહને બેચાર ગાળ ફૂંકી મારવાનું મન થયું, પણ આગલી સવારે કોરડાની કરડી સજા ફટકારી હતી એ યાદ આવ્યું. ગાળને બદલે દયાનો ટુકડો ફેંકવાનું મન થયું :

'અરે વેવલા, મરદ થઈને આંસુ દેખાડે છે. માનીતા ટીલિયાને તારે હાથે ઠાર કરવો પડ્યો એનો સોગ નથી પાળવાનો. આજથી બગીમાં કાળિયાને જોડજે.'

પણ જોરૂભાની જીભ ઊપડી નહીં. ત્રણ પેઢીથી પોતાના ઘરમાં જેનું અનાજ આવતું રહ્યું એ રાજમહેલની નોકરી છોડી દેવાનું નક્કી કરીને આવ્યો હોવા છતાં બોલી શક્યો નહીં. રાતે ઘણી આનાકાની છતાં સોળ ઊઠેલી પોતાની પીઠ પર સાધુએ જાતે જ લેપ લગાડ્યો ત્યારેય એની આંખો વહેવા લાગી હતી. કહેવા માટે ઘણું જોર અજમાવ્યું કે આપ તો અમારા માલિક છો, આપની સેવા અમારે કરવાની હોય તેને બદલે મારા જેવા મામૂલી કોચવાનની આપ સેવા કરો, એથી તો હું પાપમાં પડીશ... પણ એ વખતેય જીભ ઝલાઈ ગઈ હોય તેમ મૂંગો મૂંગો રડતો જ રહેલો.

'જોરૂભા, આંસુના રેલા તારી મૂછો ભીની કરે એ પહેલાં આંખો લૂછી નાખ.' કનકસિંહે બેઠા થઈને પલંગ ટેકવેલી બંદૂક હાથમાં લીધી : 'આ કનકસિંહ ક્રોધે ભરાય છે તેમ કદર પણ કરી જાણે છે. લે આ બંદૂક, ટીલિયાને

ઠાર કર્યો તેની બક્ષિસ...'

ઝટપટ આંસુ લૂછીને જોરૂભાએ મનમાં જુસ્સો ઘૂંટવા માંડ્યો. સંભળાવી દેવાનું મન થયું કે ટીલિયાની આવરદા હજી ખૂટી નથી, એ ઠાર થયો નથી. આંસુ તો રાજમહેલ તરફની લાગણી અને વફાદારીનાં છે બાપુ, તમારા જુલમના કોરડા અમે તો મૂંગા મોઢે સહી લીધા પણ ઉપરવાળો અન્નદાતા એ જીરવી ન શક્યો એટલે સાધુના વેશમાં મહારાજાને ધરતી પર મોકલ્યા.

'મૂંગોમંતર કેમ થઈ ગયો જોરૂભા ! બક્ષિસમાં આ બંદૂક ઉપરાંત પગારમાં પાંચ રૂપિયાનો વધારો પણ કરી આપું છું જા.' કહીને કનકસિંહે તેના તરફ બંદૂક ધરી : 'બદલામાં તારે પેલા સાધુડાની હિલચાલ પર નજર રાખવાની છે...'

'પણ...'

'જોરૂભા ! તું જાણે છે મને સામો હરફ સાંભળવાની આદત નથી.' કનકસિંહના અવાજમાં તીખાશ ભળવા લાગી : 'બગી ચલાવવાનું લખુંભા સંભાળી લેશે. આમેય તે થોડા દિવસ બગીનો ખપ પડવાનો નથી. તારે મંદિરે જ રહેવાનું છે. રોજ સાંજે મને છાનોમાનો ખબર મોકલી આપજે. મારો પગ સાજો થાય એટલા દિવસનું જ કામ છે, પછી તો એ સાધુડાને...'

પાછળના શબ્દો કનકસિંહે દાંત વચ્ચે કચડી નાખ્યા. તેણે ધરેલી બંદૂક જોરૂભાએ સિફતથી ઉપાડી લીધી. નોકરી છોડવાનો ઇરાદો બદલી નાખ્યો. પોતાને ગમતી કામગીરી હસતા મોંએ સ્વીકારી લીધી : 'બાપુ, મંદિરે પહેરો દેવા માટે મારે એક બહાનું કાઢવું પડશે, તમે મને કોરડા ફટકાર્યા, મારા હાથે જ ટીલિયાને ઠાર કરાવ્યો એટલે મેં મહેલની નોકરી છોડી દીધી એવો દેખાવ કરવો પડશે.'

'શાબાશ જોરૂભા ! હવે તું કનકસિંહનો કાંધિયો બનવાને લાયક ઠર્યો.'

એ આગળ બોલે ત્યાર પહેલાં તો રાજવૈદ્યને ઉંબરે ઊભેલા જોયા એટલે એકાએક મિજાજ અને અવાજ તેજ કરી નાખ્યો : 'મારે તારી કોઈ આજીજી સાંભળવી નથી જોરૂભા. અત્યારે ને અત્યારે તને નોકરીમાંથી રુખસદ મળી ગઈ એમ સમજી લે.'

બાપુનો અસલ રુઆબ જોઈને પહેલાં તો જોરૂભા ભડક્યો, પણ કનકસિંહે આડું જોઈ એક આંખ મિચકારી ત્યારે એ એમનો મિજાજપલટો પામી ગયો. બાપુ એની રીતે નાટક ભજવે છે તેમ મારે મારી રીતે પાઠ ભજવવાનો છે. તેણે બે હાથ જોડી બાપુને પગે પડીને કરગરવા માંડ્યું : અન્નદાતા, મારો એક ગુનો માફ કરી દો. ફરી વાર કોઈ સાધુ તો શું ઉપરવાળો ભગવાન પોતે પણ મહેલમાં પધારવાનો હશે તોય હું આવી ભૂલ નહીં કરું.'

ત્યારે કનકસિંહે પલંગ પાસે પડેલી મોજડી ઊંચકીને જોરૂભાના માથા પર ફટકારી : 'જાય છે અહીંથી કે કાલની જેમ કોરડા ફટકારું ?'

માથે કપડું વીંટાળ્યું હોવા છતાં જોરૂભાને મોજડીનો માર વસમો લાગ્યો. મનોમન તો એણે બાપુને સંભળાવી દીધું કે આજે તમારું ખાસડું અને મારું માથું છે પણ વખત આવશે ત્યારે તમનેય કોઈ માથાનો મળી રહેશે કનકબાપુ !

દેખાવ ખાતર ગરીબડો થઈને જોરૂભા માથા પર હાથ પંપાળતો ઝૂકેલી ગરદને બહાર નીકળી ગયો તોપણ ઉંબરે ઊભેલા રાજવૈદ્યની અંદર આવવાની હિંમત ચાલી નહીં. કનકસિંહના ક્રોધનો તેને પણ આગલી સાંજે પરચો મળી ગયો હતો. 'અબઘડી હાડકું બેસાડી દઉં છું' એવા પોરસ સાથે કનકસિંહનો દુખતો પગ પકડેલો ત્યાં તો પીડાથી ધૂંવાંપૂંવાં થઈ જતા બાપુએ સાજા પગની જોરદાર પાટુ ફટકારીને બિચારા વૈદ્યને સામી દીવાલ સુધી ઉછાળી મૂક્યા હતા. સુકલકડી વૈદ્યરાજને કળ વળતાં અર્ધો કલાક લાગ્યો હતો ! આજે ફરી બાપુનો બગડેલો મિજાજ જોઈને હાડવૈદ્યની કમરનાં હાડકાં કળવા માંડ્યાં.

'પધારો વૈદ્યરાજ, તમારે અંદર આવવા માટે પૂછવાનું ન હોય.' કનકસિંહની એ ખાસિયત હતી. જેટલો એનો ક્રોધ કઠોર રહેતો એટલી જ એની મીઠાશ મતલબી બનતી. 'મૂંઝાયા વગર અંદર આવી જાવ. ગઈ કાલે તમને પાટુ મારી એમાં દાઝ તો હતી પેલા સાધુડા પર.'

'બાપુ, એ તો ચાલ્યા કરે.' દબાતા પગલે હાડવૈદ્ય નજીક આવ્યા. 'પેટનો ખાડો પૂરે એ ક્યારેક પાટુય મારે' કહીને બાપુના સાજા પગ પર હાથ મૂક્યો: 'આજે દુખાવો કેમ છે ?'

ત્યારે કનકસિંહને ક્રૂર મજાક સૂઝી : 'પાટ્ટુ પેટમાં વાગી અને અસર મગજ પર થઈ કે ? કયો પગ ભાંગ્યો છે એય ભૂલી ગયા ?'

'ભૂલી તો નથી ગયો બાપુ, પણ દુખતાને દાબતાં પહેલાં સાજાને સંભાળી લેવો સારો.' કહીને હાડવૈદે વગર પૂછ્યે મોડા આવવાનું કારણ ઉચ્ચારવાનું દોઢડહાપણ ડહોળ્યું : 'મહાદેવના મંદિરે ગયો હતો એટલે આવતાં જરા વાર થઈ.'

'મહાદેવના મંદિરે !' કનકસિંહની આંખોનાં ભવાં ઊંચાં થયાં : 'ત્યાં વળી કોનું હાડકું બેસાડવા જવું પડ્યું ?'

'હેં... હેં... હેં...!' ગાલાવેલું હસીને વૈદ્યરાજે કહેવું પડ્યું : 'આજે બાપુને મજાક બહુ સૂઝે છે. મંદિરે તો દર્શન માટે જ જવાનું હોય ને !'

'ત્યારે તો પેલા સાધુડાનાંય દર્શન કરતા આવ્યા હશો ?'

હવે વૈદ્યરાજને સમજાયું કે વાત ન ઉચ્ચારી હોત તો સારું હતું. સાચું બોલવા જતાં બીજી વાર પાટ્ટુ ખાવી પડશે.

'હોય બાપુ, એવા સાધુ-સંન્યાસી તો કંઈક હાલી મળે.' એટલું કહીને અટકી જવાને બદલે હાડવૈદ્યની હાડકાં વિનાની જીભ સખણી ન રહી: 'બાકી મંદિરે આજે ભીડ ભારે હતી. કોણ જાણે એ સાધુએ ભક્તોને શું ઘેલું લગાડ્યું છે ! કેટલાક તો મહાદેવને બદલે સાધુનાં જ દર્શને દોડી જતા હતા. એક બાઈ વળી એના બાર વરસના દીકરાને કાખમાં તેડીને આવેલી. સાધુ-મહારાજ હાથ લગાડશે એટલે પુત્રને પગનો લકવો મટી જશે એવું બબડતી હતી.'

શબ્દે શબ્દે કનકસિંહનો ક્રોધ ઘૂંટાતો હતો એ ધ્યાનમાં આવતાં વૈદ્યરાજ બાપુના પગ પાસેથી ખસી ગયા.

'એટલે બે દિવસમાં એ સાધુડાએ લોકોને આટલી હદે ભરમાવી દીધા?'

'ભરમાવી દેવાની વાત જ છોડો બાપુ.' વૈદ્યરાજે સલામત અંતર જાળવીને મમરો મૂક્યો. 'લોકો એટલી હદ સુધી બોલતા થઈ ગયા કે સાધુના વેશમાં આપણા યુવરાજ પાછા ફર્યા છે !'

'વૈદ્યરાજ !' ઝાટકા સાથે બેઠા થઈ ગયેલા કનકસિંહે આગ ભભૂકતી આંખે ત્રાડ નાખી : 'આ મહેલમાં ફરી વાર એવું બોલ્યા છો તો જીભ ખેંચી

કાઢીશ.'

'હું... હું... નથી બોલતો બાપુ.' ધોતિયાની કાછડી સરખી કરતા વૈદ્ય પાછળ હઠતા ગયા. 'એ તો પૂજારી એમ કહેતા'તા કે એને જોઈ જનારો દરેક માણસ આમ બોલે છે.'

'પૂજારીની એ હિંમત !' કનકસિંહનાં જડબાં તંગ થવા લાગ્યાં : 'સાધુની હારોહાર મારે એ પૂજારીનેયે હદપાર કરવો પડશે. મારા બેટા બધાએ ભેગા મળીને ધતિંગ આદર્યું છે.'

'મોટાભાઈ, કોણે ધતિંગ આદર્યું છે ?'

લાજવંતીના સૂરીલા કંઠનો રણકો સાંભળીને કનકસિંહે ચહેરા પર સૌમ્યતાનું મહોરું ચડાવી દીધું. આગલી સાંજે પગ ભાંગ્યા પછી ઓરમાન ભાઈની ખબર પૂછવા આવેલી લાજવંતીએ બે જ વાક્યો કહ્યાં હતાં : 'મોટાભાઈ, બળને બદલે કળથી કામ લેતાં ક્યારે શીખશો ? સાધુને સજા કરવાથી પાપ લાગત કે નહીં એ જુદી વાત થઈ, પણ રાજમાતાનો જીવ કેવો દુભાત એનો વિચાર કેમ ન કર્યો ?'

'આ મહેલના દરવાજા સાધુ માટે બંધ થઈ ચૂક્યા છે એનો વિચાર રાજમાતાએ કેમ ન કર્યો, બેન ?'

કનકસિંહે જરૂર કરતાં ઊંચા અવાજે સંભળાવ્યું ત્યારે લાજવંતીએ ઓરમાન ભાઈના ક્રોધને છંછેડવાને બદલે ઠાવકાઈ વાપરી, 'બહાર નોકર-ચાકરો સાંભળે છે. અત્યારે એ વાત પર પરદો પાડી દો.'

અને લાજવંતી ધીમા છતાં મક્કમ પગલે ત્યાંથી ચાલી ગઈ હતી. બહેનની શિખામણ કનકસિંહે હસી કાઢેલી : રાંડ્યા પછી ડહાપણ આવ્યું ! કહે છે કે બળને બદલે કળથી કામ લેતાં શીખો. એને શું ખબર કે કળથી કામ લઈને મેળવેલો મોભો ટકાવી રાખવા માટે હવે બળ જ કામ લાગે એમ છે !

અત્યારે પ્રસાદની થાળી લઈને બહેનને આવતી જોઈને કનકસિંહે નીચલો હોઠ કરડ્યો. કાલે શિખામણ આપી અને આજે પ્રસાદ સાથે આસ્તિક બનવાનો ઉપદેશ આપશે. અંદર દાખલ થતાં બહેને પૂછેલા પ્રશ્નનો જવાબ

આપતાં પહેલાં તેણે વૈદ્યરાજ સામે જોઈ લીધું.

'લાજુબેન, આપણી પ્રજામાં આજકાલ ભક્તિભાવ વધવા લાગ્યો છે.'

નજીક આવીને લાજવંતીએ પહેલાં કનકસિંહ અને પછી વૈદ્યરાજના હાથમાં પ્રસાદ ધર્યો.

'ભક્તિભાવને તમે ધતિંગ કહો છો મોટાભાઈ !'

'નારે' પરાણે પ્રસાદ લેતાં સંભળાવ્યું : 'ભગવાનની ભક્તિ થાય ત્યાં સુધી તો સમજ્યા, પણ મંદિરે જઈને મહાદેવને બદલે ભગવાં પહેરીને આવેલા ગમે તેને પગે પડી જવાથી ભગવાનનું મૂલ્ય ઘટી જાય કે નહીં ?'

વૈદ્યરાજની હાજરી ભૂલી જઈને ભાઈ ગમે તે ભરડી મારશે આવો ભય લાગ્યો ત્યારે લાજવંતીએ સિફતથી કહેવું પડ્યું : 'મોટાભાઈ, રાજગઢથી કરણનો કાગળ આવ્યો છે...' કહેતાં કહેતાં વૈદ્યરાજ તરફ નજર કરી લીધી : 'તુલજાશંકરનું કામ પતી ગયું હોય તો આપણે નિરાંતે વાત કરીએ.'

હાડવૈદ્ય સંકેતમાં સમજી ગયા : 'રાણીબા, આપ નિરાંતે બેસો, ત્યાં સુધીમાં હું બાપુના પગે લગાડવાનો લેપ તૈયાર કરી લઉં.'

કહીને એ બહાર નીકળી ગયા. એકલા પડેલાં ભાઈ-બહેન થોડી વાર ખામોશી સાથે એકબીજાને તાકી રહ્યાં. પહેલ કનકસિંહે જ કરવી પડી : 'બેન, તારી આંખોમાં રતાશ કેમ કળાય છે ?'

એકાન્તમાં લાગણી દર્શાવતી વખતે કનકસિંહ નાની બેનનું રાણીપદ બાજુએ મૂકી દઈ તુંકારે બોલાવી લેતો :

'રાતે ઊંઘ નહોતી આવી કે પછી રડી રડીને આંખો લાલ કરી દીધી છે ?'

'બન્ને !' લાજવંતીએ નિસાસો નાખ્યો : 'તમારા બનેવીની યાદમાં ઉજાગરો વેઠ્યો અને વહેલી સવારે મન મોકળું કરીને રડી લીધું.'

'પણ બેન, એકાએક મારા બનેવીની યાદ...' પૂછતાં પૂછતાં તેના મગજમાં ઝબકારો થયો હોય એમ કનકસિંહ થોડી વાર થોભી ગયો. ચહેરાની રેખા તંગ થવા લાગી : 'સાચું કહેજે લાજવંતી ! એ સાધુ મહેલે આવ્યો ત્યારે તેં પણ


એનાં દર્શન તો કર્યાં જ હશે !'

ઓરમાન ભાઈના સવાલનો સંકેત એ સમજી ગઈ.

'રાજમાતાએ મને પરાણે બેસાડી હતી... પણ બહુ વાર બેસી શકી નહોતી.'

'છતાં તેં એને ધારીને જોયો તો હશે.'

'ધારી ધારીને ન જોવા ખાતર હું જ ઊઠીને ચાલી ગયેલી.' કહેતાં લાજવંતી અટકી. કોણ જાણે કેમ, કેટલીક વાર ભાઈથી છાનું રાખવાનું નક્કી કર્યા પછી એ બહુ દિવસ જીરવી શકતી નહીં. કનકસિંહની લાગણી જોઈને આપોઆપ પીગળી જતી : 'ભગવાનના પ્રસાદની થાળી હાથમાં છે એટલે સાચું જ કહી દઉં... પરમ દિવસે મંદિરે દર્શને ગઈ ત્યારે જ સાધુને ધારી ધારી જોઈ લીધા હતા.'



'હેં !' કનકસિંહને ધ્રાસકો પડ્યો. પોતાની બે જ દિવસની ગેરહાજરીમાં વાત આટલી બધી આગળ વધી ગઈ છતાં હું અજાણ રહ્યો ! જિજ્ઞાસા જોર

કરી ઊઠી તોપણ પૂછવામાં અવાજ ધ્રૂજી ઊઠ્યો : 'એને ધારી ધારીને જોવા જવાની તારે શું જરૂર પડી ? અંજાઈ જવાય એવું એ સાધુમાં શું છે ?'

'ચહેરેમહોરે એ અસલ તમારા બનેવી જેવા છે.'

'બેન !' કનકસિંહે દાંત ભીંસીને પથારી પર મુઠ્ઠી પછાડી : 'તું પણ લોકોની જેમ ભરમાઈ ગઈ ?'

'ભરમાઈ જવાનું મને પાલવે તેમ નથી.' લાજવંતીએ ધ્રૂજતા હોઠે ઊંડો શ્વાસ લીધો : 'પરાયા પુરુષના મુખમાં પતિને જોવા લલચાઉં તો તો રજપૂતાણીનું લોહી લાજે.'

'છતાંય એ સેતાનને જોઈને મારા બનેવીની યાદ તને સતાવી ગઈ, ઊંઘ હરામ થઈ ગઈ, મોકળા મને રડી લેવું પડ્યું...' કનકસિંહનો અવાજ વાક્યે વાક્યે ઉગ્ર બનતો ગયો : 'છતાં તું કહે છે કળથી કામ લેતાં શીખો ?'

'એમાં એ સાધુનો શું વાંક ?' પ્રયત્ન કરવા છતાં અવાજમાં એ જોમ ન લાવી શકી : 'મને જોઈને એની આંખોમાં વિકારનો તણખોય ફૂટ્યો નહોતો. રાજમાતાના પૂછવા છતાં એણે પોતાના ભૂતકાળનો એક શબ્દ સુધ્ધાં ઉચ્ચાર્યો નહોતો.'

'પણ રાજમાતાને સાધુનો ભૂતકાળ જાણવાની શી જરૂર પડી ?'

'ભાઈ, તમે ઉશ્કેરાઈને વાત કરવાના હો તો અહીંથી જ બંધ વાળી દઈએ.' લાજવંતીના ભિડાયેલા હોઠ જોતાં કનકસિંહ પામી ગયો કે કળથી જ કામ લેવું પડશે. તેણે અવાજ પર લગામ નાખી દીધી :

'બેન, ભળતી વાતો સાંભળીને મારો જીવ પીંખાય છે. ઉશ્કેરાઈ ન જાઉં તો શું કરું ? આંખે ન દેખવા છતાં રાજમાતાને સાધુનાં દર્શન કરવાની ઇચ્છા જાગી, મહેલે એની પધરામણી કરાવીને ભૂતકાળ જાણવાની પૃચ્છા કરી...'

'કારણ કે એમના કાને વાત આવી કે મંદિરમાં આવેલા સાધુ અદલોઅદલ યુવરાજ જેવા છે.'

ત્યારે કનકસિંહનું ખુન્નસ ખળભળી ઊઠ્યું. બન્ને હાથની મુઠ્ઠી મસળીને બોલવાનું ઝનૂન જાગ્યું પણ સાવધ બની ગયો. બહેન સાથે કળથી કામ લેવાનું હતું, હવે બધાં જ પાસે કળ વાપર્યા વગર ચાલે તેમ નહોતું :

'ત્યારે તો રાણીબેન, મારી ધારણા સાચી ઠરી.'

'શેની ધારણા ?'

'આ સાધુડો પાખંડી હોવાની...' કનકસિંહે થોડું રોકાઈને ઝડપભેર મગજ ચલાવ્યું. ધારણા ઉપજાવી કાઢી : 'કોઈકે આ માણસને કહ્યું હશે કે એ હિંમતનગરના યુવરાજ નિર્મળસિંહ જેવો દેખાય છે. એટલે એના મનમાં લાલચ જાગી. અગાઉથી અહીંની બધી જાણકારી મેળવી લીધી. પછી સાધુનો વેશ ધારણ કરીને હિંમતનગરમાં પધરામણી કરી. રાજમાતાના કાન સુધી અફવા પહોંચતી કરી. મોતિયાવાળી આંખે રાજમાતા અસલ-નકલ ક્યાં પારખી શકવાનાં હતાં ? રાજભક્તિની ઘેલછામાં લોકો પણ ક્યાં વિરોધ કરવાનાં હતાં? એવું માનીને યુવરાજનું પદ પચાવી પાડવાનું આબાદ કાવતરું ઘડી કાઢ્યું એ પાખંડીએ...' બોલતાં બોલતાં ઉશ્કેરાટ ઉપરની લગામ છૂટી ગઈ : 'પણ એને ખબર નથી કે કનકસિંહની આંખોમાં ધૂળ નાખનારો હજી કોઈ પાક્યો નથી. મરી ચૂકેલા મારા બનેવીને ભગવાન પણ જીવતો કરી શકે નહીં.'

છેલ્લું વાક્યું સાંભળીને ચોંકેલી લાજવંતી ફાટી આંખે ભાઈનો લાલઘૂમ ચહેરો નીરખી રહી. તેની ગરદન ટટ્ટાર થઈ : 'ભગવાને શું કરવાનું ધાર્યું છે એ તો એને ખબર, પણ રાજમાતાના મનમાંથી આ ભ્રમ ભૂંસાશે નહીં ત્યાં સુધી એમના જીવને જંપ નહીં વળે.'

'શેનો ભ્રમ ?' કનકસિંહે દાંત ભીંસ્યા : 'એ પાંખડીને પંપાળવાથી કંઈ ન વળે બેન, મારા હાથના બેચાર કોરડા ખાશે એટલે આપોઆપ ભગવાં ઉતારીને ભાગી છૂટશે.'

'ભાગી છૂટવાની તમારી ધારણા સાચી ન ઠરે તો ?'

'તો... તો હું એને ઠાર કરીને ભોંયમાં ભંડારી દઈશ...'

'નહીં મોટાભાઈ, આ બાબતમાં બળનો ઉપયોગ તો હું નહીં જ થવા દઉં.' લાજવંતીના દરેક શબ્દમાં રાજરાણીના રુઆબનું વજન વરતાયું ત્યારે કનકસિંહને કાળજે ભીંસ વધી ગઈ. આજલગી પોતાની દરેક વાતમાં 'હા' ભણનારી બહેનમાં આટલી દૃઢતા ક્યાંથી આવી ? પેલા સાધુનો ચમત્કાર અહીં સુધી પહોંચી ગયો ?

'બેન, બળનો ઉપયોગ કરવાની ના પાડીને તું પોતે જ મારી સામે બળ વાપરવા માગે છે ?' કનકસિંહે શબ્દોને લાગણીથી લપેટવા માંડ્યા : 'તારી ભલાઈ ખાતર હું ગમે તે કરવા તૈયાર થઈશ.'

'પણ તમારી ભલાઈ ખાતર હું ગમે તે થવા દઈશ નહીં.'

આ અણધારી વાતે કનકસિંહને ભડકાવ્યો : 'મારી ભલાઈ ? બેન, આમાં મારી વાત વચ્ચે ક્યાં આવી ?'

'સાધુને કાંઈ પણ થશે એ રાજમાતા સાંખી નહીં લે.' લાજવંતીએ વિના સંકોચે સમજાવ્યું : 'સાધુએ હજુ સુધી કોઈ જાતનો દાવો કર્યો નથી. એ પહેલાં તમે એના પર હાથ ઉગામો એનો અર્થ શું થાય એનો વિચાર કર્યો ? રાજમાતાને તમારા પર વહેમ જાગે.'

'શેનો વહેમ ?'

'એ જ કે સત્તા છીનવાઈ જવાની બીકે તમે સાધુ પર સિતમ ગુજાર્યો.'

'સત્તા ?' કનકસિંહ લુખ્ખું હસ્યો : 'તું એમ માને છે કે મને સત્તાનો મોહ છે ? અરે બેન, યુવરાજનાં દૂરનાં સગાં રાજમાતાને વહાલાં થઈને મારા ભાણેજના હક્ક પર તરાપ ન મારે એટલા ખાતર હું નવ નવ વરસથી આ બોજ વેંઢારું છું એની..'

'મને ખબર છે !' લાજવંતીને અધવચ્ચે જ બોલવું પડ્યું : 'તમે એક વાત ભૂલી ગયા મોટાભાઈ, કે તમારા, મારા કે કરણ કરતાંય રાજ્યની સત્તા પર સૌથી વધુ હક્ક રાજમાતાનો ગણાય...'

'પણ એની કોઈ ના પાડે છે બેનબા !'

'તો પછી રાજમાતાને મહેલમાં સાધુની પધરામણી કરવાનીય સત્તા નહીં?'

હવે કનકસિંહને પોતાની ભૂલનો તાગ હાથ લાગ્યો, રાજમાતાને મળ્યા વગર, એમની સાથે વાતચીત કર્યા વગર આવેશમાં જોરૂભા-લખુભા પર કોરડા ફટકાર્યા અને સાધુને સજા કરવાની અધીરાઈ દેખાડી એમાં પોતે મોટી થાપ ખાધી.

'તમારો પગ ભાંગ્યો ત્યારે રાજમાતા શું બોલ્યાં ખબર છે ?' લાજવંતીએ ભાઈની પ્રશ્નસૂચક દૃષ્ટિ સાથે નજર મેળવીને બોલી જવું પડ્યું: 'એમણે કહ્યું કે તમારા ભાઈનો પગ ન ભાંગ્યો હોત અને સાધુને સજા કરવા એ મંદિર સુધી પહોંચ્યા હોત તો આ મહેલમાં ફરી એ પગ મૂકવા ન પામત.'

કનકસિંહના કાનમાં જાણે ધગધગતું સીસું રેડાયું : 'એમણે તને આવું સંભળાવી દીધું ?'

સાસુ-વહુ વચ્ચે સગી મા-દીકરી જેવી સ્નેહગાંઠ હતી એ જાણવા છતાં કનકસિંહે જીભની કાતર ચલાવી : 'મારા બનેવી જીવતા હોત તો તારે આવું સાંભળવાનો વખત ન આવત.'

'એ જ તો સમજવાનું છે.' લાજવંતી આટલું બોલીને અટકી એટલે કનકસિંહને પોતાનો દાવ પાંસરો પડતો લાગ્યો. એક વાર સાસુના વિરોધને રવાડે એ ચડી જાય પછી તો પોતાનો રસ્તો સાવ સાફ થઈ જાય...

પણ -

'મારા બનેવી જીવતા હોત... એ શબ્દો તમે વાપર્યા એ જ ભ્રમ રાજમાતાના મનમાં ભરડો લઈ રહ્યો છે !'

'શું ?' જોરદાર આંચકો લાગ્યો હોય તેમ કનકસિંહ દુખતા પગનો ખ્યાલ વીસરી જઈ ગોઠણભેર થવા ગયો ત્યારે એનાથી બેવડ વળીને તીણી ચીસ નંખાઈ ગઈ.

લાજવંતીએ સફાળા ઊઠીને તેની પાસે જવું પડ્યું. સ્પર્શ બાબત સદાય સાવધ રહેનારી બહેને લાગણીના આવેશમાં બંને હાથે તેનો ખભો દાબી દીધો. 'દુખતા પર ભાર આવે તેની પીડા અસહ્ય બની જાય છે !'

બહેનના એ બોલમાં કટાક્ષ છુપાયો હોય તેમ બેવડ વળી ગયેલા કનકસિંહની કમર ઝાટકા સાથે સીધી થઈ ગઈ પણ લાજવંતીની આંખોમાં નરી લાગણી જ નીતરતી દેખાઈ. છતાં પેલા આઘાતની અસર છાતી સોંસરવી ઊતરી ગઈ હતી !

'રાજમાતાનું ચસકી ગયું છે કે શું ? આટલાં વરસે દીકરો જીવતો હોવાનું ભૂત મનમાં ક્યાંથી ભરાયું ?'

'વિયોગનો આઘાત સ્ત્રીને માટે બહુ વસમો બની જાય છે મોટાભાઈ! યાદ છે તમને ? તમારા બનેવીનો જીવનદીપ ઓલવાઈ ગયો, ડૉક્ટરે એમના માથા પર ચાદર ઓઢાડી દીધી છતાંય એમના પગ પકડી લઈને હું પાગલની જેમ પોકારતી હતી કે એ હજુ જીવે છે, એમના પગ હજુ ગરમ છે.'

'હા, ત્યારે ડૉક્ટરે તને સમજાવવું પડ્યું કે મૃત્યુ પછી પણ ત્રણ કલાક સુધી લાશમાં ગરમી રહે છે.' કનકસિંહ સડસડાટ બોલી ગયો : 'પણ ત્યાર પછી બનેવીને અગ્નિદાહ દેવાયો, એમનાં અસ્થિને ગંગાજળમાં પધરાવ્યાં અને બધું પતી ગયું. ત્યાર પછી ક્યારેય એ જીવતા હોવાનું ભૂત તારા મગજ પર તો સવાર થયું નથી.'

'થયું હતું !' લાજવંતી તંદ્રામાં આવી ગઈ હોય તેમ બારી બહાર નજર ખોડી રાખીને બબડી : 'હું કુંભમેળો નહાવા ગઈ'તી ત્યાં એક ત્રિકાળજ્ઞાની સંન્યાસીએ મારું કપાળ કોરું હોવા છતાં અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ આપેલા... ત્યારે દિવસો સુધી મહેલની બારીએ ઊભી રહી નજર ફેલાવીને હું એમના આવવાની રાહ જોતી.'

'ફરી આમાં પણ સંન્યાસી જ નીકળ્યો.' કનકસિંહની અકળામણ વધી પડી : 'તો તો પછી એ સાધુડો આ જ હોવો જોઈએ. તારા મગજમાં અખંડ સૌભાગ્યવતીનું ભૂંસું ઠાંસી દઈને હવે રાજમાતાને રવાડે ચડાવવા આવ્યો એ લંપટ !'

ક્રોધ ઝાલ્યો ન રહ્યો ત્યારે કનકસિંહે દુખતા પગે ઊભા થવા માંડ્યું: 'હવે મારાથી બેસી નહીં રહેવાય, લંગડા પગે હું ઘોડા પર બેસીને અબઘડી એની પાસે પહોંચી જાઉં છું. બોચી પકડીને એને અહીં તારી સામે ઘસડી લાવું છું.'

બોલતાં બોલતાં દુખતા પગે દગો દીધો હોય તેમ એણે પથારીમાં ફસકાઈ જવું પડ્યું. પોતાનો ક્રોધ ક્યારેય આટલો લંગડો પુરવાર થયો નહોતો એનો એને વસવસો જાગ્યો.

'મોટાભાઈ, એ સાધુએ એક વાર તો મારી સામે આવવું પડશે ખરું, પણ તમારા બળથી નહીં - રાજમાતાના નિમંત્રણથી !'

'એ નહીં બને લાજવંતી !'

'એ સિવાય બીજું કાંઈ જ બની શકે એમ નથી મોટા ભાઈ !' લાજવંતીએ અફર ફેંસલો સંભળાવ્યો : 'આ બાબતમાં મારું જ ધાર્યું થશે. તમારે મૂંઝાવાની જરૂર નથી. રાજમાતાની હાજરીમાં મારી સામે ઊભા રહીને એણે એનો ભૂતકાળ કહેવો પડશે. મારી અગ્નિપરીક્ષામાં ઊતરવું પડશે.' એના બોલવામાં એવી ખુમારી હતી કે કનકસિંહ અધવચ્ચે રોકી શક્યો નહીં : 'એટલું યાદ રાખજો મોટાભાઈ, આ રાજપૂતાણીની આંખો નકલી પુરુષને પારખવામાં કદી થાપ નહીં ખાય.'

અને આખરી ફેંસલો સંભળાવતી લાજવંતી જાણે કનકસિંહની છાતી પરથી પસાર થતી હોય એમ સડસડાટ ચાલી ગઈ !

*

[૭]

ચાર દિવસમાં તો દૂર દૂર સુધી ચમત્કારી સાધુની ખ્યાતિ ફેલાઈ ગઈ. પહેલાં યુવરાજ-નિર્મળકુમાર જેવા સાધુ દેખાયા એટલા પૂરતું લોકોમાં જામેલું કુતૂહલ હવે શ્રદ્ધામાં પલટાવા લાગ્યું. આસપાસના ગામડેથી ગાડાં જોડીને માણસો એમનાં દર્શને આવતાં થયાં. તન, મન કે ધનની આધિ, વ્યાધિ અને ઉપાધિના નિવારણ માટે આવનારા ભક્તિભાવથી એમના પગે પડી જતા ત્યારે નિત્યાનંદ સૌને સમજાવતાં : 'ભગવાનને ભક્તિભાવે પ્રણામ કરવા અને માનવીને માનથી વંદન કરવા એ જ સાચી રીત છે. મુગટ પહેરેલા મહારાજાને કે ભગવાં ધારણ કરનાર સંન્યાસીને વગર સમજ્યે પગે ન પડશો. સૌથી મોટો ચમત્કાર તો માનવીનું જીવન છે અને દરેક આધિ-વ્યાધિનું કારણ પોતાનું મન છે. મારાં દર્શન કે સ્પર્શથી તમારાં દુઃખ દૂર થાય છે એવા ભ્રમમાં નહીં રહેતા. અહીં આવવાથી કોઈ રોગમુક્ત થાય તો એ ગુણ ઔષધિનો છે. કોઈને શાંતિ સાંપડતી હોય તો એનું કારણ પોતાનું મન જ છે એમ માનજો. કુદરતે વનસ્પતિ, વાયુ, જળ અને ધૂળમાં ભારોભાર સંજીવની શક્તિ ભરી છે. એનું રહસ્ય સમજ્યા પછી ચમત્કારોનો ભ્રમ ભાંગી જશે. ન સમજાય એ ચમત્કાર અને સમજાય એ સાક્ષાત્કાર.

પરંતુ માણસ પોતે કહે કે હું મહાન નથી, ત્યારે લોકોને એનામાં વધુ મહાનતા દેખાય છે તેમ નિત્યાનંદજીની વાણી સાંભળીને દર્શને આવનારાની શ્રદ્ધા વધુ દૃઢ બની જતી. સાધુજીવનની રઝળપાટ દરમિયાન અનેક વનસ્પતિના ચમત્કારિક ગુણ તેણે જાણી લીધા હતા. કેટલાક છોડનાં મૂળિયાંનો ઉપયોગ તો સાવ અજ્ઞાન આદિવાસીઓ પાસેથી એ શીખ્યા હતા. એમના ગુરુ કહેતા: સાધુએ હરતાંફરતાં વૈદ્ય બનવું જોઈએ. મનને એવું શુદ્ધ રાખો કે સામા માણસને સ્પર્શ કરો તેમાંય ઘડીભર એને શાંતિનો અનુભવ થાય. આંખો દ્વારા એવું તેજ વહાવો કે દૃષ્ટિ મેળવનારમાં ચેતના જાગ્રત થાય. વાણીમાં એવા

ઉદ્ગાર પ્રગટાવો કે સાંભળનારા મંત્રમુગ્ધ બની જાય. પછી જુઓ કે એનામાં જાગેલી શ્રદ્ધા દ્વારા જ તમે ધારી અસર ઉપજાવી શકશો, ધાર્યું પરિણામ પ્રાપ્ત કરી શકશો... છતાં ક્યારેય દાવો કરતા નહીં કે આ તમારો ચમત્કાર છે. ચમત્કાર નથી એમ કહેવાથી તમે વધુ મોટો ચમત્કાર સરજી શકશો...

અને એવું જ બનતું હતું. વાડામાં છુપાવીને રાખેલા ટીલિયા ઘોડાનો ખોટો પગ બે જ દિવસની સારવારથી સારો થઈ ગયો ત્યારે જોરૂભાએ નિત્યાનંદજીના પગ પકડી લીધા હતા : 'અન્નદાતા ! આ પ્રતાપ દવાનો નહીં, આપની દયાનો છે.'

'એવું નથી જોરૂભા, ઘોડાના પગે પહેલી વાર મેં હાથ લગાડ્યો, ત્યારે જ મને ખબર પડી ગયેલી કે એની ખોડનો ઇલાજ થઈ શકશે.' કહીને સાધુ થોડા વિચારમાં પડી ગયેલા. એ કાંઈક યાદ કરતા હોય એવું જોરૂભાને લાગ્યું હતું : 'અરે જોરૂભા, મહેલની ઘોડાસરમાં આટલા બધા ઘોડા હોવા છતાં જનાવરનો એકાદ જાણકાર પણ નથી ?'

'હતો અન્નદાતા, અભરામ સાઈસ. બે-અઢી વરસ અગાઉ ગુજરી ગયો.'

'અભરામ !' સાધુની કીકીઓમાં આછેરી ચમક ઊપસી આવેલી. 'ભૂખરા રંગની લાંબી દાઢી અને કાન....'

'હા અન્નદાતા એ જ !' જોરૂભા ઉત્તેજનાભેર અધવચ્ચે બોલી ઊઠ્યો હતો : 'આપને હજુય એ યાદ છે, અભરામ પોતે કાને બહેરો હતો અને ઘોડાના કાનમાં વાતો કરતો. એનું મોત થયું ત્યારે આ ટીલિયાએ ચાર દી લગી ઘાસ કે ચણાને મોં લગાડ્યું નહોતું.' એટલું કહી થોડી વાર અટકીને ઉમેર્યું હતું : 'પણ ત્યારે તો આપ હયાત ક્યાં હતા... મારો મતલબ કે આપ હાજર નહોતા.'

હયાત અને હાજર શબ્દમાં ગૂંચવાતા જોરૂભા સામે સાધુએ સ્મિત ફેંકીને કહેલું : 'બે-અઢી વરસ અગાઉ મારી હાજરીનો સવાલ જ ક્યાં આવે છે ! મને અહીં આવ્યાને હજુ પૂરા પાંચ જ દિવસ થયા.'

અને જોરૂભા એનો જવાબ શોધે એ પહેલાં તો સાધુએ સિફતથી વાત વાળી લીધેલી : 'બે દિવસથી તમારાં મહારાણી દર્શને નથી આવતાં ?'

'કનકસિંહબાપુનો કડપ તો આપ જાણો છો. મનાઈ નહીં કરી હોય તો બગી ભાંગી ગઈ એવું બહાનું ધરીને રાણીબાનાં દર્શન બંધ કરાવ્યાં હશે !'

ત્યારે લાગ સાધીને સાધુએ બીજી પૂછપરછ કરવા માંડી હતી : રાજમાતાની એક આંખ મોતિયામાં ક્યારે ગઈ ? નાના યુવરાજ કરણકુમાર દેખાવે કેવા છે ? ઘોડેસવારી કરે છે ? નિશાનબાજી શીખ્યા છે ? એની સગાઈ ક્યાં કરી ?

એક પછી એક સવાલ પૂછતા સાધુની ચુંબક જેવી દૃષ્ટિથી વશ થતો જતો હોય તેમ જોરૂભા આજ્ઞાંકિતપણે જવાબ આપતો રહેલો. તેને પોતાને જ નવાઈ લાગી હતી કે આટલી ઝડપે જવાબો જીભેથી કેમ ખરતા ગયા ! પણ સાધુના એક સવાલે તેને ચોંકાવી દીધેલો.

'યુવરાજ નિર્મળકુમારની ચિતા પ્રગટાવી ત્યારે કોણ કોણ હાજર હતા?'

સમજાયું નહીં કે એનો જવાબ આપવામાં પોતે કેમ થોથવાઈ ગયેલો: 'એમનું... એમનું મૃત્યુ તો આબુમાં થયું હતું. મરણપથારીએ રાણીબા, કનકસિંહબાપુ અને રાજના દાક્તર હાજર હતા.'

'અને રાજમાતા ?'

'એ નાના યુવરાજ કરણસિંહ સાથે અહીં હિંમતનગર હતાં.' કહેતાં કહેતાં જોરૂભા થોડું અટકેલો. 'આખરી ઘડીના ખબર આવ્યા એટલે આબુ પહોંચવા માટે મોટર દોડાવેલી. પણ...'

'પણ શું ? પહોંચી શક્યાં નહીં - આખરી મેળાપ થયો નહિ ?'

'હા, હું મોટરમાં એમની સાથે જ હતો. ઈડર પહોંચ્યા ત્યાં મોટર બગડી. ઈડરિયા ગઢે ચાર કલાક રોકાવું પડ્યું. ઘોડેસવારને મોકલી બીજી મોટર મંગાવી ત્યાં સુ ધીમાં તો વાવાઝો ડુ ં ફૂ ં કાવા માં ડ્ યુ ં . અગાઉ ક્યારે ય જો ભયાનક વાવાઝોડાએ રાજમાતાનો રસ્તો રોકી લીધો. અધ્ધર જીવે રાત ઈડરમાં જ વિતાવવી પડી. સવાર પડી ત્યાં આબુથી ખબર આવ્યા કે...' બોલતાં બોલતાં જોરૂભા ગળગળો થઈ ગયેલો.

'યુવરાજના મૃત્યુના ખબર આવ્યા પછી રાજમાતા આબુ પહોંચ્યાં એમ જ ને ?'

'ના. ખબર સાંભળતાં જ રાજમાતા બેહોશ થઈ ગયેલાં. તાબડતોબ એમને લઈને અમારે હિંમતનગર પાછાં ફરી જવું પડ્યું. ચિતા કનકસિંહે જ પ્રગટાવવી પડી.'

સાધુએ આગળ પૂછ્યું નહીં છતાં જોરૂભાએ નિસાસો નાખીને કહી દીધેલું : 'રાજમાતાને એ જ વાતનો વસવસો રહી ગયો કે છતે દીકરે યુવરાજની ચિતાને અગ્નિદાહ ઓરમાન સાળાને હાથે અપાયો એટલે મરનારના જીવને સદ્‌ગતિ નહીં સાંપડે તો ?'

'માનો જીવ એવો વલોપાત કરે, પણ સદ્‌ગતિ કે અવગતિનો આધાર મરનારનાં કર્મો પર અવલંબે છે જોરૂભા !'

કહીને સાધુએ આંખો ભીડી દઈ ઊંડા વિચારમાં ડૂબકી મારી દીધી હતી. એમના ચહેરા પર પલટાતા હાવભાવ જોઈને જોરૂભા ડઘાઈ ગયેલો. ઘણી વાર સુધી સાધુએ આંખો ખોલી નહીં ત્યારે શ્વાસભેર એ પૂજારી પાસે પહોંચી ગયેલો.

'મહંતજી, આજે પહેલી વાર એમણે મને રાજમહેલ વિશે જાતજાતના સવાલો પૂછ્યા. ખાસ કરીને યુવરાજની ચિતા પ્રગટી ત્યારે કોણ હાજર હતું ? રાજમાતા પહોંચેલાં કે નહીં ?'

સાંભળીને વિચારમાં પડી ગયેલા પૂજારીને મૂંગા જોઈને જોરૂભા ઉત્સાહભેર બોલી ઊઠેલો : 'મને લાગે છે કે એ મૃત્યુ પહેલાંનું બધું યાદ કરવા મથે છે અને મૃત્યુ પછીનું જાણી લેવા માગે છે.'

'હં !' પૂજારીએ આંખો પહોળી કરીને તેને ટપાર્યો. 'મૂરખ કોચવાન, તારી અકલ ઘોડા હાંકવામાં જ હવાઈ ગઈ. મૃત્યુ પામનારને પહેલાં કે પછી કાંઈ જ હોતું નથી. એક વાર પ્રાણ નીકળી ગયા પછી કાયામાં ફરી એ પ્રવેશ કરતો નથી.'

છેલ્લું વાક્ય બોલીને પૂજારી પોતે જ મંદિર પર ફરફરતી ધજાને તાકતા જોરૂભાની સમજમાં ન આવે એવા ખ્યાલમાં ખોવાઈ ગયા હતા.

સતત બે દિવસ પૂજારી બેચેનપણે એકનો એક વિચાર વાગોળતા રહ્યા. એમની ઊંઘ ઊડી ગઈ, ભૂખ મરી ગઈ. મહાદેવની આરતીમાંય પેલો વિચાર

ઝબકી જતો. ત્યારે ઘડીભર આરતીની થાળી પકડેલો હાથ જડવત્ થંભી જતો. પટારામાંથી કાઢેલું પુરાણનું એક થોથું ઉઘાડીને બેસતા અને કલાકો સુધી એનાં બે-ચાર પાનાં વારંવાર વાંચ્યા કરતા. એકનો એક શબ્દ વારંવાર બબડ્યા કરતાં, પણ કોઈને કાને પડવા ન દેતા. આખરે એ વિચાર અસહ્ય બની ગયો, ચિત્તભ્રમ થઈ જવાની હાલત વરતાવા લાગી ત્યારે અસ્ત થતા સૂર્યને પ્રણામ કરી પૂજારી પેલા થોથા સાથે સાધુ સામે પહોંચી ગયા.

'મારી એક શંકાનું આપે સમાધાન કરવાનું છે.'

'બે દિવસથી તમને કોઈ આશંકામાં અટવાતા જોઉં છું.' સાધુએ સ્વસ્થતા જાળવી રાખતાં કહ્યું : 'તમારી શંકાના સમાધાનમાં કદાચ મારી સમસ્યાનું નિવારણ પણ જડી જાય.'

પૂજારીની વૃધ્ધ કાયા ધ્રૂજી ઊઠી, બોલવા માટે પહોળા થયેલા હોઠ ફફડતા રહ્યા પણ બે જ શબ્દ ઉચ્ચારવા માટે જીવ ઊતરડી નાખવો પડતો હોય એવી પીડા અનુભવી.

'પરકાયા પ્રવેશ !'

જાણે સાંભળ્યું જ ન હોય, સાંભળવાની કોઈ અસર થઈ ન હોય તેમ સાધુ તેની સામે તાકી રહ્યા. પૂજારીની અધીરાઈ ઊછળી પડી : 'આપ પરકાયા પ્રવેશમાં માનો છો ? આપ એ વિદ્યા જાણો છો ?'

છતાં સાધુ તો સ્થિતપ્રજ્ઞ જ રહ્યા ત્યારે બબ્બે દિવસથી ધૂંધવાતું પૂજારીનું મન ભૂકંપની જેમ ભભૂકી ઊઠ્યું.

'આ પુરાણમાં લખ્યું છે : સતયુગમાં સિધ્ધપુરુષો પરકાયા પ્રવેશ કરી શકતા. કોઈના મૃતદેહમાં પોતાના આત્મા દ્વારા પ્રવેશ કરીને એને સજીવન કરતા. નવ વર્ષ પહેલાં આમ જ બન્યું હોવું જોઈએ.'

સાધુના હોઠ પર ફરકતું આછું સ્મિત જોઈને પૂજારીનો ઉત્સાહ વધી ગયો :

'યુવરાજ નિર્મળકુમારસિંહનું અવસાન થયું એ સાંજે વાવાઝોડું ફૂંકાયું હતું. એમની ચિતા પ્રગટાવીને ડાઘુઓ તોફાનથી બચવા અધીરા થઈને આઘાપાછા થઈ ગયા હશે. સળગતી ચિતા વરસાદથી બુઝાઈ ગઈ હશે. પવનથી

લાકડાં આઘાંપાછાં થઈ ગયાં હશે. બરાબર એ જ વખતે સાધુરૂપે આપ ત્યાંથી પસાર થતા હશો. એક યુવાનનો મૃતદેહ જોઈને આપને અનુકંપા જાગી હશે. પરકાયા પ્રવેશની વિદ્યાનો પ્રયોગ અજમાવવાની ઈચ્છા પ્રબળ બની હશે. સમાધિમાં લીન થઈને આપે સાધુની કાયામાંથી આપના આત્માને મુક્તિ અપાવી હશે અને જીવંત આત્મા દ્વારા યુવરાજના મૃતદેહમાં પ્રવેશ કર્યો હશે. વૃધ્ધ સાધુ મટીને આપ યુવાન બન્યા. સાધુના નિર્જીવ દેહ પરથી ભગવાં વસ્ત્રો ઉતારીને યુવાન કાયા પર ધારણ કરી લીધાં. કોઈને વહેમ ન પડે એટલા માટે સાધુની વૃધ્ધ કાયાને ચિતા પર ચડાવી દીધી. બુઝાયેલો અગ્નિ ફરી પ્રગટાવ્યો અને ફૂંકાતા પવનમાં ભડભડતી ચિતા છોડી આપે ત્યાંથી પ્રયાણ કર્યું.' બોલતાં પૂજારીની છાતી ધમણની જેમ હાંફવા લાગી, કાયા ઉત્તેજનાથી ધ્રૂજવા લાગી છતાં રૂંધાતા શ્વાસે વાત પૂરી કર્યા વગર ન રહ્યા : 'સાચેસાચું કહેજો, માત્ર તમારી કાયા જ યુવરાજની છે અને આત્મા સાધુનો... એ સિવાય આવો ચમત્કાર શક્ય નથી. બીજી કોઈ જ રીતે આવું બનવાનો સંભવ નથી. બોલો નિત્યાનંદજી ! આ જ છે ને મારી શંકાનું સમાધાન ?'

'નહીં પૂજારીજી, સમાધાન નહીં, એ તમારો તર્ક છે.' કહીને એ થોડું અટક્યા. રહસ્યમય સ્મિતથી હોઠ ફરકાવ્યા. 'પણ મેં તમને કહ્યું હતું ને કે તમારી શંકાઓથી કદાચ મારી સમસ્યાનું નિવારણ સાંપડી જાય.'

'કઈ સમસ્યા ?'

'હું કોણ છું એ !'

'કોણ છો તમે ?' ટીંગાતી જિજ્ઞાસાથી પૂજારીએ પૂછ્યું પણ જવાબ સાંભળવા મળે એ પહેલાં શંભુ બંને વચ્ચે આવીને ઊભો રહ્યો. બે દિવસે મોઢું દેખાડતો હોવા છતાં દીકરાની હાજરી પૂજારીને એ વખતે બહુ ખટકી.

'મા'રાજ આબુ જઈને હું તપાસ કરી આવ્યો.'

ત્યારે પૂજારીની જિજ્ઞાસા ફરી સળવળી ઊઠી. શંભુને કામસર બહાર મોકલ્યો છે એટલું જ સાધુએ એમને કહ્યું હતું. હવે ખબર પડી કે એ કાંઈક તપાસ કરવા આબુ ગયો હતો : શેની તપાસ ?

'મહાત્માજી, મહામહેનતે જાણવા મળ્યું કે યુવરાજનું મૃત્યુ થયું એ સાંજે

વાવાઝોડાની સાથે થોડી વાર વરસાદ પણ પડ્યો હતો.'

સાંભળતાં જ પૂજારી ગોઠણભેર થઈને વચ્ચે બોલી ઊઠ્યા : 'હવે કહો, મારું અનુમાન સો ટકા સાચું છે.'

પણ સાધુએ તો શંભુ તરફ દૃષ્ટિ રાખી આગળ સાંભળવાની જ ઉત્કંઠા દાખવી.

'હું સ્મશાનના ચંડાળ પાસેય જઈ આવ્યો, એ ડોસાને સારી પેઠે ગાંજો પાયો ત્યારે એણે મગજ કસીને યાદ કર્યું કે વૈશાખી વાવાઝોડાની સાંજે એક ચિતા પેટાવીને ડાઘુઓ જલદી ઘરભેગા થઈ ગયા હતા. અમારા ઝૂંપડાનું છાપરું ઊડી ગયું અને વરસાદ ત્રાટક્યો એટલે હુંય ગામભેગો થઈ ગયેલો.. પણ કલાક પછી પાછો ફર્યો ત્યારે પેલી ચિતા ભડભડ બળતી હતી.'

શંભુ બોલવાનું પૂરું કરે ત્યાં જ પૂજારી ઊછળી પડ્યા : 'બસ, તો તો મારી વાતમાં કોઈ મીનમેખ નથી. શંભુ, આપણા યુવરાજની કાયામાં આ સાધુએ પરકાયા પ્રવેશ કર્યો છે. માત્ર એનો દેહ નિર્મળકુમારનો છે, પણ આત્મા પરાયો.'

બાપની વાત સાંભળીને શંભુ બાઘા જેવો બની ગયો. બાપુ વળી આ શું બાફે છે ? કાયાપ્રવેશનું શું તૂત લઈ બેઠા ! એમનું ચસકી તો નથી ગયું ને ?

'પૂજારીજી, તમે પૂછતા હતા ને કે હું કોણ છું ?' ઘડીભર આંખો મીંચીને બોલી ગયેલા સાધુએ બાપ-દીકરા સામે એક નજર નાખી : 'તમારી શંકાનું સમાધાન હવે હાથવેંતમાં જ છે. પરંતુ...'

કહીને ફરી રહસ્યમય મૌન ધારણ કરી લીધું. ભીતરમાં ડૂબકી મારવા માટે આંખોની પાંપણ ભીડી લીધી.

'નવ નવ વર્ષથી હું મારો ભૂતકાળ, સાધુ થયા પહેલાંના પૂર્વજીવનની ખોજ કરતો રહ્યો અને આટલાં વરસે અહીં મારી ખોજ પૂરી થઈ. બસ, હવે ફક્ત ત્રણ જ દિવસ ધીરજ રાખો. હવે પછી કોઈને મારાં દર્શને આવવા ન દેશો. શંભુ સિવાય બીજું કોઈ અહીં હાજર નહીં રહે. ત્રણ દિવસ અને રાત હું મારા અંતરનો તાગ લઈ લેવા માગું છું. હવે સમાધિ પૂરી થતાં જ તમારી

અને મારી સમસ્યા સમાપ્ત થઈ જશે. આપણને સૌને સાચો જવાબ જડી જશે. મારી એ સમાધિમાં કોઈ ખલેલ ન પડે એની જવાબદારી તમારી.'

બસ, એ શબ્દો પૂરા થતાની સાથે જ સાધુ ઊંડો શ્વાસ લઈને સમાધિ અવસ્થામાં એકાગ્ર બની ગયા ત્યારે પૂજારી અને શંભુ એકબીજા સામે વિહ્વળપણે જોતા રહી ગયા.

* * *

'હું જાતે જ એ સાધુની પરીક્ષા લઈશ.' એવો દૃઢ સંકલ્પ કનકસિંહ સામે જાહેર કર્યા પછી લાજવંતી પાંચ દિવસ સુધી એને અમલમાં મૂકી શકી નહીં. કઈ રીતે હું એની પરીક્ષા કરવાની હતી ? સામો પુરુષ પતિ છે કે પરાયો એની ખાતરી કરવા માટે સ્ત્રીએ પોતાની લાજ ઉઘાડી પાડવી પડે. શું હું એને એમ પૂછી શકીશ કે યુવરાજ નિર્મળસિંહે એની પત્ની સાથે પહેલી રાત કઈ રીતે વિતાવી હતી એ તમે કહી શકશો ? મારા પેઢુ પર નાભિની નીચે કેવા રંગનું લાખું છે - લાલ કે કાળું ? મારી છાતી પર કઈ જગ્યાએ તલ છે ?

લાજવંતી ધ્રૂજી ઊઠેલી. આવું પૂછવામાં તો શું, વિચારવામાંય પાપ છે. તો પછી ખાતરી કેમ કરવી ! રાજમાતાના મનની શંકા કઈ રીતે દૂર કરવી?

ધીમે ધીમે લાજવંતીએ વિચાર બદલવા માંડ્યો. મારે બદલે રાજમાતા પર જ પરીક્ષા લેવાનું છોડી દઉં તો ? હજુય સાસુમા ક્યારેક આઘેનો ભૂતકાળ વાગોળવા બેસે છે ત્યારે બબડી ઊઠે છે : નિર્મળ નાનો હતો ત્યારે આમ કરતો કે તેમ કરતો. એને ફાટેલા દૂધના પેંડા બહુ ભાવતા. એક વાર હું ઠાકોરજીની સેવામાં આંખો મીંચીને બેઠી હતી ત્યારે છાનોમાનો પ્રસાદની થાળી ઉઠાવી ગયો હતો અને મેં હોહા કરી મૂકી ત્યારે નિર્દોષ ભાવે બોલી ઊઠ્યો હતો : મા તમે કહેતાં'તાને કે ઠાકોરજી પ્રસન્ન થાય તો સાચેસાચ પ્રસાદ આરોગી જાય. આજે એ તમારા પર પ્રસન્ન થયા લાગે છે. મેં તેનો કાન આમળીને કહ્યું કે ઠાકોરજી પ્રસાદ આરોગી જાય તોપણ ખાલી થાળી ક્યાં જાય ?

રાજમાતા પેલા સાધુને બોલાવી આવી પૂછતાછ કરી જુએ તો આપોઆપ એનું પોકળ ફૂટી જશે.

પણ તરત લાજવંતીનું મન બોલી ઊઠ્યું. યુવરાજના બચપણની વાતો એટલી છાની ક્યાં છે કે બીજું કોઈ જાણતું ન હોય ? ધારો કે સાધુ આ બધી તૈયારી સાથે જ આવ્યો હોય, યુવરાજની આદતોની વાતોથી વાકેફ થઈ ચૂક્યો હોય તો એ બધું ફટાફટ બોલી જાય અને રાજમાતા એને સાચેસાચ પોતાનો પુત્ર જ માની બેસે ! ના, એમાં તો જબરું જોખમ છે.

પાંચમે દિવસે લાજવંતીની વિમાસણ એટલી બધી વધી પડી કે પરીક્ષા લેવાનો સંકલ્પ પીગળવા માંડ્યો : 'એને બદલે મોટભાઈને કહી દઉં કે તમે જ આ ધર્મસંકટમાંથી એવો રસ્તો કાઢો જેથી રાજમાતાનું દિલ દુભાય નહીં અને સાધુ આપમેળે નગર છોડીને ચાલ્યો જાય.'

'અંદર આવું કે મોટાભાઈ ?'

કનકસિંહના ખંડનો પછવાડેનો દરવાજો ખટખટાવતાં લાજવંતીએ ટહુકો કર્યો પણ જવાબ ન મળ્યો ત્યારે બારણાને હળવો હડસેલો માર્યો. 'મોટાભાઈ, સમી સાંજના સૂઈ ગયા કે શું ?' કહેતી હળવે પગલે એ દાખલ થઈ પણ અંદર કોઈ દેખાયું નહીં. પલંગ પાસે મોજડી જોવા ન મળી, ભીંતે લટકતી રહેતી બંદૂક પણ દેખાઈ નહીં ત્યારે એને ફાળ પડી. ઝડપભેર બહાર નીકળીને માલતીને હાંક મારી, પણ માલતીને બદલે મધુમતી હાજર થઈ.

'મોટાભાઈ કેમ દેખાતા નથી ?' સાંભળીને મધુમતીએ નજર ફેરવી લીધી. લાજવંતી જાણતી હતી કે કનકસિંહની હિલચાલ બાબત મહેલમાં સૌથી વધુ વાકેફ મધુમતી રહેતી : 'તને તો ખબર હશે એ ક્યાં ગયા ? ક્યારે ગયા?'

મધુમતીએ જવાબ આપ્યા વગર ચાલે તેમ નહોતું.

'રાણીબા, બાપુ કહેતા હતા કે પાંચ પાંચ દિવસથી પથારીમાં પડ્યા પડ્યા તંગ આવી ગયો.'

'પણ વૈદ્યરાજે એમને બહુ હરફર કરવાની ના કહી છે છતાં...'

'કહેતા'તા કે મારા પગને ક્યાં ભાર વેંઢારવાનો છે. ઘોડા પર મોટી વાડી સુધી સવારી કરી આવું.'

લાજવંતીએ મનમાં ધરપત અનુભવી, 'મોટી વાડીએ જ ગયા હોય તો તો સારું.'

પણ કનકસિંહે પુરપાટ દોડાવી મૂકેલો ઘોડો મંદિરના ચોગાનમાં ધસી આવતો દેખાયો ત્યારે પૂજારીના ટાંટિયા ધ્રૂજવા માંડ્યા. સંધ્યા-આરતીની તૈયારી પડતી મૂકીને તેમણે આવકાર આપવા દોડી જવું પડ્યું. પસીનો નીતરતો બાપુનો લાલઘૂમ ચહેરો જોઈને કાળજું ઊતરડાયું. 'પધારો, આજે આપનાં પગલાં મંદિરે થયાં - અમારા ધન્યભાગ્ય !'

'કેમ તમે મને એટલો બધો નાસ્તિક માનો છો પૂજારી ?' કરડાકીભર્યો કટાક્ષ ફેંકીને કનકસિંહે આસપાસ નજર ઘુમાવી. 'મેં તો સાંભળેલું કે આજકાલ મંદિરે ભક્તોની ભીડ બહુ વધી પડી છે. તેને બદલે અહીં બધું સૂમસામ કેમ વરતાય છે ?'

'આપ તો જાણે છો, સાંજે રાણીબા દર્શને પધારતાં હોવાથી બહારના માટે મનાઈ રાખવામાં આવી છે.'

'હં !' કનકસિંહે નીચલો હોઠ કરડ્યો : 'છતાં તમે રાજમહેલની રજા વગર બહારનાને મંદિરમાં આશરો આપો છો ખરા ?'


સાધુ માટેનો એનો ઈશારો પૂજારી સમજી ગયા પણ જવાબ આપીને કનકસિંહને ઉશ્કેરવાનો મોકો નહોતો આપવો એટલે પૂછ્યું : 'આપના પગે હવે કેમ છે ?'

અને કનકસિંહની આંખોમાં ક્રોધ ભભૂકી ઊઠ્યો. પગ ભાંગવાની વાત તેને માનભંગ જેવી વસમી લાગતી હતી. કોઈની સામે લંગડા દેખાવામાં પોતાનો રુઆબ ઘટી જવાના તોરને લીધે તો એ અત્યાર સુધી ઘોડા પરથી હેઠે ઊતર્યો નહોતો. તેમાં પૂજારીએ જાણે પડ્યા પર પાટું માર્યું.

'ક્યાં છે એ બાવો ?'

'બાવો !' પૂજારીએ બે ડગલાં પાછળ હઠી જઈને મામલો સંભાળવા માંડ્યો : 'આપ પેલા સાધુનું પૂછો છો ? એ તો સમાધિમાં બેઠા છે.'

'સમાધિ !' કનકસિંહે તુચ્છકાર ઉછાળ્યો : 'ત્યારે એની સમાધિમાં મારે ભંગ પાડવો પડશે.' કહીને કનકસિંહે લગામને ઝાટકો આપ્યો. ઘોડો સામેના બેઠા ઘાટના મકાનને દરવાજે જઈને ઊભો રહી ગયો. કનકસિંહનો ક્રોધ તો કહેતો હતો કે નીચે છલાંગ મારી બારણા પર પાટુ ફટકારી સમાધિમાં બેઠેલા



સાધુ પર કોરડા વીંઝવા માંડું... પણ લંગડો પગ સાથ આપવાનો નહોતો એટલે ત્રાડ નાખવી પડી : 'પૂજારી, એ બાવાને કહો બહાર આવે.'

હાથ જોડતા પૂજારી પાસે આવ્યા. એ કોઈ પણ હિસાબે આ કટોકટી ટાળવા માગતા હતા, પણ ઉપાય સૂઝતો નહોતો.

બરાબર એ જ વખતે રસોડામાંથી પોતડીભેર શંભુ દોડી આવ્યો : 'બાપુ આપ પધાર્યા છો !' કહેતો દરવાજા અને ઘોડાની વચ્ચે ઊભો રહી ગયો: 'આપ જરૂર સાધુનાં દર્શને જ પધાર્યા હશો.'

ત્યારે કનકસિંહે દાંત ભીંસીને ઘોડાના જીનમાં ભરાવેલો કોરડો ખેંચ્યો: 'દર્શનના બચ્ચા ! હું એ બાવાને પ્રસાદ ચખાડવા આવ્યો છું.'

કનકસિંહે માનેલું કે શંભુડો કોરડો જોતાં જ આઘો ખસી જશે તેને બદલે સામો જવાબ આપ્યો : 'પણ બાપુ, સાધુએ ત્રણ દિવસની સમાધિમાં ખલેલ ન પાડવાની તાકીદ કરી છે.'

હવે કનકસિંહનો ક્રોધ હાથમાં પકડેલા કોરડામાં ઊતર્યો અને શંભુની

પીઠ પર વીંઝાયો : 'ખલેલના બચ્ચા, દરવાજો ખોલે છે કે નહીં.'

ગડથોલિયું ખાઈ ગયેલા શંભુની પીઠ પર સોળ ઊઠી આવી. દીકરાને માર પડતો જોઈને પૂજારીએ વચ્ચે પડવું પડ્યું : 'બાપુ, એ બચારાને શું કામ પીટો છો. લ્યો, બારણાં હું ઉઘાડી આપું છું.' કહીને દરવાજાને જોરદાર ધક્કો માર્યો : 'નિત્યાનંદજી ! કનકસિંહબાપુ પધાર્યા છે. આપને બહાર બોલાવે છે.'

ત્રણે જણા અધ્ધર શ્વાસે ઉઘાડા બારણા તરફ ફાટી આંખે જોઈ રહ્યા. પણ અંદરથી જવાબ ન મળ્યો ત્યારે પૂજારીએ વધુ આપત્તિ ટાળવા માટે બબડતા અંદર જવું પડ્યું : 'મારે સાધુને ઢંઢોળીને સમાધિ તોડવી પડશે.'

પણ બીજી જ ઘડીએ એ હાંફળાફાંફળા એકલા જ પાછા ફર્યા : 'બાપુ, સાધુ તો અંદર નથી.'

'અંદર નથી ?' હોઠ ભીડીને કનકસિંહે ઘોડા પરથી છલાંગ મારી : 'બાપ-દીકરો ભેગા મળીને મને બનાવો છો ?' કહેતો દુખતા પગે હાથમાં કોરડો ઘુમાવતો અંદર ધસી ગયો. શંભુ તો કોરડા ફટકારવાના અવાજની ધારણાથી ધ્રૂજતો ઊભો હતો તેને બદલે કનકસિંહની ત્રાડ સંભળાણી : 'કાયર ભાગી છૂટ્યો !' ધૂંઆપૂંઆ થતા તે બહાર આવ્યા : 'મારા આવવાની એને કોણે જાણ કરી ?'

ત્યારે શંભુ દુખતો વાંસો પંપાળતો બોલી ઊઠ્યો : 'બાપુ, એ સાધુ ત્રિકાળજ્ઞાની છે.'

'તારો લવારો બંધ કર નહીંતર ચામડું ઊતરડી નાખીશ.' કનકસિંહને થયું પોતાનો ક્રોધ નપુંસક જેવો બનતો જાય છે : 'ભાગીને એ જાય ક્યાં ?' બોલતાં બોલતાં એની નજર પછવાડે પડતા વાડાના બારણા પર પડી : 'હં, એ પાખંડી પાછળ સંતાઈ ગયો હશે.' કહીને લંગડી ચાલે ત્યાં પહોંચી જઈ સાજા પગે બારણે પાટુ ફટકારી.

શંભુનો શ્વાસ તાળવે ચડી ગયો : હમણાં બાપુની નજર ટીલિયા ઘોડા પર પડશે અને એને ફૂંકી મારશે.

પણ આ શું ? વાડામાં ઘોડો સુધ્ધાં નહોતો !

બાપ-દીકરો દિગ્મૂઢ બનીને એકબીજા સામે જોઈ રહ્યા. આ તે કેવો

ચમત્કાર !

'તમને બેઉને કહી દઉં છું.' ખુન્નસ ઘૂંટતા કનકસિંહે દુખતા પગની પરવા કર્યા વગર ઘોડે પલાણીને ફરમાન સંભળાવ્યું : 'મારાં પગલાં થતાં જ એ પલાયન થઈ ગયો પણ ફરી પાછા આવવાની બાવો હિંમત કરે, તો મને તાબડતોબ ખબર આપજો, નહીંતર તમને બન્નેને ફૂંકી મારીશ.'

કનકસિંહના ઘોડાના ડાબલા સંભળાતા બંધ થયા પછી પણ બાપ-દીકરાની જીભ સળવળી શકી નહીં. એમનાં મગજ બહેર મારી ગયાં હતાં : સાધુ અને ઘોડો બંને ક્યાં ગાયબ થઈ ગયા ?

*

[૮]

'પણ મોટાભાઈ, દિવાળીના વેકેશનમાંય કરણ અહીં આવી શક્યો નહોતો.' લાજવંતીએ ચાર દિવસથી આવેલા પુત્રના પત્રની ગડી ઉઘાડબંધ કરતાં કહેવું પડ્યું : 'ઉનાળાની રજાઓમાં ભલે મહિનો આપણાં બધાંની સાથે રહી જાય... એને હવે આવવા દેવામાં હરકત પણ શું છે ?'

લાજવંતીથી અનાયાસે જ 'હવે' પર ભાર મુકાઈ ગયો તેનો કનકસિંહને ઝાટકો લાગ્યો : 'હવે આવવા દેવામાં હરકત શું છે એટલે તું કહેવા શું માગે છે ?'

લાજવંતીએ સહેજ ડોક નમાવી દેવી પડી. ઘણી વાર તેને થઈ આવતું કે મોટાભાઈએ વાતવાતમાં પોતાની સાથે આ રીતે કરડાકી નહીં વાપરવી જોઈએ. ક્યારેક તો નક્કી કરીને એ કનકસિંહ સામે આવતી કે આ બાબતમાં મારું જ ધાર્યું કરીશ, પણ કોણ જાણે કેમ મોટે ભાગે દરેક વાતમાં મોટાભાઈનું ધાર્યું થઈ જતું. કોઈ વાર એવું આશ્વાસન લેતી કે મોટાભાઈ આખરે તો મારા હિત ખાતર જ સખતાઈ વાપરે છે ને.... તો કોઈક વાર નિસાસો નાખીને અકળાતાં મનને ટપારી લેતી; કરણ જુવાન થાય ત્યાં સુધી ભલે ભાઈ એમનું ધાર્યું કરી લે. પછી મારે ક્યાં કોઈની ઓશિયાળ ભોગવવાની છે !

'બેન, મૂંગી કેમ થઈ ગઈ ?' કનકસિંહે નરમાશ ધારણ કરી લીધી: 'ક્યારેક તું એવું બોલી નાખે છે કે મારું લોહી વધુ તપી જાય ! કાલ સાંજે હું મંદિરમાં પહોંચ્યો ત્યાર પહેલાં પેલો બાવો મારી ધાકથી પલાયન થઈ ગયો. એટલે જ તું બોલી ને કે હવે કરણને બોલાવવામાં શું હરકત છે ?'

'હા.' લાજવંતીએ નજર ઊંચી કર્યા વિના ધીમા અવાજે હા ભણી : 'એ સંન્યાસી ગામમાં હાજર હોત તો ગમે તે બહાનું કાઢીને હું કરણને ના લખી નાખત.'

'એની સામે જ મારો વાંધો છે !' કનકસિંહના કઠોર ચહેરા પર રતાશ

ઊપસવા માંડી : 'શું એ સાધુડાથી આપણે ડરતા'તા ? એ હોત તોય આપણું શું બગાડી નાખવાનો હતો ?'

'કરણ હજુ બાળક છે. સાધુ વિષે નોકરચાકરો પાસેથી ભળતીસળતી વાતો સાંભળીને વિચારે ચડી જાય, જવાબ ન આપી શકાય એવા સવાલો કરે એનો મને ડર હતો.'

'કેટલી વાર મેં કહ્યું કે બાળક બાળક કહીને તું કરણને માવડિયો જ રાખવા માગે છે !' કનકસિંહે પોરસ સાથે ઉમેર્યું : 'કરણને તો હું એના બાપ કરતાંય સવાયો બનાવવા માગું છું, આ ગરવી ગુજરાતમાં એની બરોબરીનો કોઈ રાજકુમાર ન હોવો જોઈએ. ઘોડેસવારી, નિશાનબાજી કે તલવારના દાવપેચ. કોઈ વાતે કચાશ નથી રહેવા દેવી.. એનું વૅકેશન મા-દાદીમાની ગોદમાં વેડફાઈ જાય એની સામે મારી નારાજી એટલા માટે સ્તો છે.'

'મોટાભાઈ, એ બધું તો અહીં પણ રજામાં શીખી શકે.' લાજવંતીએ વિનવણી કરવી પડી : 'તમારા કહેવાથી હું છ વર્ષના છોકરાને નજરથી અળગો કરવા કબૂલ થઈ હતી. મા-દાદીમાના લાડકોડથી એ નમાલો કે માવડિયો થઈ જાય એવું હું ઇચ્છતી નથી, પણ...'

બોલતાં બોલતાં એનો કંઠ રૂંધાવા લાગ્યો છતાં એ અટકી નહીં : 'માવડિયો ન થઈ જાય એ બીકે એને મા વગરનોય ન કરી શકાય ને મોટાભાઈ, એણે કાગળમાં લખ્યું છે કે આ વખતે તો મારી સાથે ચંદનને પણ લેતો આવીશ.'

'ચંદન !' કનકસિંહના કાન ચમક્યા : 'એ નવો ભાઈબંધ વળી કોણ છે?'

'ભાઈબંધ નહીં મોટાભાઈ, તમે પણ ભારે ભુલકણા છો.' લાજવંતીએ હળવાશથી કહ્યું : 'જામબંદરના રાજભાયાતને ભૂલી ગયા... એની દીકરી ચંદન.'

'પેલા વટલાયેલા રાજપૂતની દીકરી !' કનકસિંહની મુખમુદ્રા તંગ થઈ ગઈ : 'કરણ એને અહીં લઈ આવવા માગે છે ? એની સાથે ભાણિયાકુંવરે ઓળખાણ રાખી છે ?'

'મને હતું કે તમે ગુસ્સે થઈ જશો.'

'મારાથી છાનુંછપનું કાંઈ પણ થાય એ હું ચલાવી નહીં લઉં, તેં મને આજ સુધી એ વાત કેમ ન કરી ?'

'આમાં છાનું રાખવા જેવું છે શું ?' લાજવંતીની અકળામણ છાની ન રહી : 'તમારા બનેવીના ભાઈબંધની એ દીકરી છે. કરણના પિતા હયાત હોત તો કદાચ ચંદનકુંવરી આ મહેલની રાણી..'

'બેન !' કનકસિંહ ધૂંઆપૂંઆ થઈ ગયો : 'જ્યારે ત્યારે બનેવી હયાત હોત તો આમ થાત ને તેમ થાત એવું સંભળાવવાની જરૂર નથી. વિજયસિંહ અને યુવરાજ વચ્ચેની ભાઈબંધી હવે ભૂતકાળની ભૂલી જવા જેવી વાત બની ગઈ. આજે વિજયસિંહની હેસિયત શું ? એની આબરૂ શું ? ખૂદ જામબંદરના રાજાએ પણ જે સગા નાનાભાઈ સાથે બોલવાવહેવાર નથી રાખ્યો, સગી બૈરીએ સુધ્ધાં જેની સાથે રહેવાનું છોડી દીધું એની દીકરી આ મહેલની રાણી તો શું, મહેમાન બનીનેય નહીં આવી શકે.'

મનાઈ-હુકમ ફરમાવી દેવાની મોટાભાઈની પ્રકૃતિ લાજવંતીને ક્યારેક બહુ ખટકી જતી. ગળા સુધી આવી પહોંચેલા નિસાસાને પરાણે પાછો હડસેલી દઈ તેણે કનકસિંહ સામે જોયું : 'કનકભાઈ, તમારી મનાઈ અને રાજમાતાની મમતા મારા માટે વારંવાર ધર્મસંકટ ઊભું કરે છે. બંને બાજુ સાચવી લેવાની મારામાં હવે શક્તિ રહી નથી.'

'એમ વાત છે !' કનકસિંહ ડાબા હાથની ચપટીથી કાનની બૂટ મસળવા લાગ્યો. એની ખાસિયત હતી, ક્રોધ જાગે ત્યારે દાંત ભીંસવા અને અવરોધ ઊભો થાય તો કાનની બૂટ મસળવી : 'બેન, તારી શક્તિ ખૂટી જવાનું કહે છે પણ તારી ચાલાકી વધતી રહી હોય એવું લાગે છે. એમ કેમ નથી કહેતી કે તારે ધાર્યું કરવું હોય ત્યારે રાજમાતાને વચ્ચે લઈ આવે છે. પેલા સાધુડાની પરીક્ષા લેવાની વાતમાં રાજમાતાના નામે તેં મારી પાસે નમતું જોખાવ્યું, એને ચાર દિવસ થઈ ગયા છતાં તું આગળ ન વધી અને બહુ સિફતથી તેં વાત પડતી મૂકી દીધી.'

'કારણ કે રાજમાતા બે દિવસથી એ વાત ઉચ્ચારતાં નથી. કોણ જાણે આજકાલ એ બહુ ખુશ રહે છે. મને થયું : કરણ રજામાં આવવાનો છે એનો

હરખ વાગોળતાં હશે.'

'માત્ર કરણ નહીં રાણીબેન, એની સાથે પેલી નવી નવાઈની રાજકુંવરી આવવાની છે એની ખુશાલી હોવી જોઈએ.' કનકસિંહે મેણું સંભળાવ્યું : 'હવે યાદ આવ્યું, પેલી છોકરીની નાનીમા અને રાજમાતા વચ્ચે કાંઈક નજીકની સગાઈ છે, ખરું ને ?'

'હા, બંને માસીઆઈ બેનો થાય.'

'આખરે બૈરાંની આંખે તો માસી-મામા જ પહેલાં દેખાય ને ?'

'એમ આડું કેમ બોલો છો મોટાભાઈ ?'

'તો હવે સીધું બોલું, સાંભળ ! આપણા રાજકુંવર માટે આપણા કરતાંય સવાયું ખાનદાન મારા ધ્યાનમાં છે. વિલાસપુરના રાજવીની કન્યા અગિયાર વરસની છે. બોલ, તારા કરણને વિલાસપુરનો જમાઈરાજ બનાવવો છે?'

કનકસિંહે એવી રીતે ચપટી વગાડી જાણે એ કામ ડાબા હાથના ખેલ જેટલું સહેલું હોય. લાજવંતીથી મરક મરક હસી જવાયું. એને કહેવાનું મન થયું કે, કરણને એવડા મોટા રાજનો જમાઈ બનાવીને મારે દીકરો ગુમાવી દેવો નથી ! પણ એ કહેવાની જરૂર ન રહી. મધુમતીનો અવાજ સંભળાયો : 'બાપુ, બાપુ !' કરી અધીરાઈભેર ખંડમાં દાખલ થયા પછી દાસીને ખ્યાલ આવ્યો કે રાણીબા ત્યાં હાજર છે ! વિવેક ચૂકી ગયાની ભોંઠપ સાથે જીભ કચરતી એ પાછી ફરી જતી હતી ત્યાં લાજવંતીએ હાંક મારી : 'મધુ ! શું કહેવા આમ દોડી આવી હતી ?'

ત્યારે તો દાસીની અકળામણ વધી પડી. ન બોલે તો રાણીબાને કાંઈક 'ખાનગી' હોવાનો વહેમ જાગે અને કહી દે તો કનકસિંહ...

'બોલ મધુમતી !' કનકસિંહે ફરમાન ફંગોળ્યું : 'જે કહેવા આવી હોય તે બોલી નાખ. રાણીબા નારાજ નહિ થાય.'

'મેં... મેં...' દાસીએ લોચા વાળતી જીભે કહેવું પડ્યું : 'રાજમાતાને મેં પટારાખંડમાં કોઈકની સાથે વાતો કરતાં સાંભળ્યાં !'

'પટારાખંડમાં !' કનક અને લાજવંતી બંનેએ એકસામટા આંચકા અનુભવ્યા.

રાણીવાસના સાવ છેવાડે આવેલા એ ખંડમાં ડઝન જેટલા પટારા હતા. ચારપાંચ પેઢીના રાજવીઓ, એમની રાણીઓ અને કુંવરકુંવરીઓનાં વસ્ત્રો-શસ્ત્રો તેમ જ બીજી સાચવી રાખવા જેવી ચીજો આ પટારામાં સંઘરવામાં આવતી. જુવાન પુત્રના મૃત્યુ પછી રાજમાતાએ પોતાના હાથે નિર્મળકુમારની નાનીમોટી યાદગીરીઓ જતનપૂર્વક પટારામાં ભરી લીધી હતી. શરૂ શરૂમાં તો પુત્રના સંભારણાંથી મન ભરાઈ આવતું ત્યારે એ પટારો ખોલીને બેસી જતાં. સાચવીને દરેક વસ્તુ બહાર કાઢે, એની સાથે સંકળાયેલી પુત્રની યાદ તાજી કરી હાથ ફેરવીને પંપાળે, કોક વાર એકલાં એકલાં વાતો કરીને બબડે, ક્યારેક પોક મૂકીને રડી પડે અને મન હળવું થઈ જતાં બધું પાછું સાચવી-ગોઠવીને પટારામાં મૂકી દે... ધીમે ધીમે ભગવાનની ભક્તિમાં મન વાળી લીધું પછી પટારાખંડ વર્ષમાં માંડ એકાદબે વાર ઊઘડતો. વારતહેવારે સાફસૂફી પૂરતો આ ખંડ ખોલવામાં આવતો. માત્ર એક જ બાબતમાં ફેરફાર થયો નહોતો, રાજમાતા પટારાખંડની ચાવીનો ઝૂડો ક્યારેય કોઈને સોંપતાં નહીં.

તો પછી આજે એકાએક પટારાખંડમાં જવાનું રાજમાતાને કેમ સૂઝ્યું? લાજવંતી અને કનકસિંહ એકબીજા સામે પ્રશ્નસૂચક દૃષ્ટિથી જોઈ રહ્યાં.

કનકસિંહ સંકેતમાં જાણે સંભળાવતો હતો : 'જોયું ને, પેલા સાધુડાએ એમના મગજને ફરી યુવરાજની યાદને રવાડે ચડાવી દીધું... અને હમણાં તું કહેતી'તી કે રાજમાતા બે દિવસથી ખુશ દેખાય છે ! આમ ને આમ ડોશીમાનું ચસકી ન જાય...'

છેલ્લો વિચાર ઝબકતાંની સાથે કનકસિંહની આંખોમાં ચમકારો થયો: 'ઠીક છે, મારી વાતમાં બહુ વચ્ચે પડશે તો એને ગાંડપણ વળગાડ્યા વિના છૂટકો નથી. એક તો આંધળી અને ઉપરથી ચિતભ્રમ એટલે પતી ગયું !'

'એ પટારાખંડમાં ક્યારનાં ગયાં છે ?' લાજવંતીએ ઉચાટભેર પૂછ્યું, 'કદાચ કોઈની પાસે સાફસૂફી કરાવતાં હશે.'

'નહીં રાણીબા, એ અંદર એકલાં જ છે.' દાસીએ કનકસિંહ તરફ જોઈ લેતાં ખુલાસો કર્યો : 'હું પસાર થતી હતી ત્યાં પટારાખંડમાં કાંઈક ખડખડાટ સંભળાયો. અટકીને દરવાજા પર જોયું તો ઉઘાડું તાળું લટકતું હતું. બારણાં

પાસે જઈને હડસેલો મારી જોયો, બારણાં અંદરથી બંધ હતાં ત્યાં મારા કાને રાજમાતાનો અવાજ સંભળાયો. પૂછપરછ કરવા માલતી પાસે ગઈ તો એણે છણકો કર્યો કે એમાં હાંફળીફાંફળી શું થઈ ગઈ. રાજમાતા તો બે દિવસથી સાંજે ખંડમાં જઈને કલાક-કલાક બેસે છે. છતાં મને થયું રાણીબાને જાણ કરવી જોઈએ. આપ ન દેખાયાં એટલે અહીં બાપુ પાસે...'

'ઠીક છે !' કહેતી લાજવંતી ઊભી થઈ ગઈ : 'હું જાતે જ જઈને જોઉં છું.' થોડુંક ચાલીને યાદ આવ્યું હોય એમ કનકસિંહને પૂછ્યું : 'તો પછી કરણને જવાબ લખી નાખું ને કે આ વખતે વેકેશનમાં અહીં જ આવી જાય?'

'જેવી તમારી અને રાજમાતાની મરજી.' કહીને તરત જ ઉમેર્યું પણ ખરું : 'લખતાં પહેલાં વિલાસપુરવાળી વાત રાજમાતાના કાને નાખવાનું ભૂલતાં નહીં.'

'ભલે.' કહીને લાજવંતી ઉતાવળાં પગલે બહાર નીકળી ગઈ. મધુમતીએ ખરી રીતે એની પાછળ પાછળ જવું જોઈએ પણ ઉંબરા સુધી પહોંચીને બહાર ડોકિયું કરતી ઊભી રહી ગઈ. રાણીબા દેખાતાં બંધ થયાં એટલે દબાતાં પગલે કનકસિંહ તરફ સરકી આવી. તેને હતું કે હમણાં કનકસિંહબાપુ ઊઠીને પોતાનું કાંડું મરડી નાખશે અને કહેશે કે બેવકૂફ બોલતી બોલતી અંદર ધસી આવી. ઓરડામાં બીજું કોઈ છે કે નહીં એટલું તો જાણી લેવું જોઈએ. જાસૂસી કરતાં આવડશે ક્યારે ?

પણ તેને બદલે કનકસિંહ મલકતા દેખાયા : 'મધૂડી, આ રાજમાતાના પિયરમાં કોઈ વડીલને ગાંડપણ વળગ્યું હોય એવો કોઈ દાખલો ખરો ?'

'એમ કેમ પૂછવું પડ્યું બાપુ ?' ઈશારામાં સમજી જવા છતાં દાસીએ વહાલપનો વઘાર મૂક્યો : 'બેત્રણ પેઢીએ વારસામાં ગાંડપણ ઊતરી આવે એવું સાંભળ્યું છે ખરું.'

'બીજું બહાનું પણ સામે ચાલીને આવ્યું.' કનકસિંહના મનમાં કપટ ઘૂંટાવા લાગ્યું : 'યુવરાજનું મૃત્યુ થયું ત્યારે તો રાજમાતાએ આઘાત જીરવી લીધો'તો. ધીમે ધીમે દુ:ખ કોઠે પડી ગયું. ત્યાં આટલાં વરસે પેલા સાધુડાએ આવીને બધું તાજું કરાવ્યું, એટલે ચિત્તભ્રમ થાય જ ને ! પટારાખંડમાં એકલાં

એકલાં વાતો કરે છે એ વાત તારે બહુ જલદી ફેલાવી દેવી પડશે - શું સમજી?'

'હું તો સમજી બાપુ, પણ આપ મારી વાત પૂરી સમજ્યા નથી લાગતા.' કહેતી એ થોડું અટકી. કનકસિંહ ખુશમિજાજમાં હોય ત્યારે મધુમતી બોલવામાં થોડીક છૂટછાટ લઈ લેતી : 'આપને હું ખુશખબર આપવા નહોતી આવી. રાણીબાની હાજરી ભૂલી જઈને હું બોલી ગયેલી કે રાજમાતા પટારાખંડમાં કોઈકની સાથે વાતો કરે છે પણ એકલાં એકલાં નહીં !'

કનકસિંહનો કપટી હરખ ઓસરવા લાગ્યો : 'રાજમાતા કોની સાથે વાતો કરતાં હતાં ? પટારાખંડમાંથી તને બીજા કોનો અવાજ સંભળાયો ?'

'કોઈ પુરુષનો.'

સાંભળતાં જ કનકસિંહ સુંવાળી ગાદીવાળા આસન પરથી સફાળો ઊભો થઈ ગયો : 'તું શું બોલે છે એનું કંઈ ભાન છે ? રાણીવાસમાં દાખલ થવાની કોઈ મરદની મગદૂર નથી.'

'એટલે તો આપને જાણ કરવા દોડી આવી.' મધુમતીએ કહ્યા વગર ચાલે તેમ નહોતું છતાં બોલવામાં જીભને જોર પડતું હતું : 'એ અવાજ પાછો જાણીતો પણ હતો.'

'જાણીતો અવાજ ! પુરુષનો !' કનકસિંહની કીકીઓમાં ક્રોધ અંજાવા માંડ્યો : 'કોનો હતો એ અવાજ, ભસી મર જલદી !'

'આપણા યુવરાજનો !'

મધુમતી હજુ એટલું બોલી ત્યાં તો કનકસિંહના હાથનો પંજો એના ગળા પર પહોંચી ગયો : 'શું બકે છે તું ? તારું ચસકી ગયું લાગે છે. મરી પરવારેલાનો અવાજ નવ વરસે તને સંભળાયો ?'

મધુમતીએ માંડમાંડ તેના પંજામાંથી ગળચી છોડાવી. રૂંધાતા શ્વાસને કારણે તેની આંખના ડોળા ફાટી જતા રહી ગયા. કનકસિંહના લોઢા જેવા પંજાએ તેની ડોક પર લાલ છાપ ઉપસાવી દીધી. થોડી વારે માંડમાંડ એ બોલી શકી : 'માનવામાં ન આવતું હોય તો આપ જાતે જઈને ખાતરી કરી આવો બાપુ, મારી ગળચી દાબવામાં વખત ન વેડફો.'

તેના ગાલ પર તમાચો ફટકારી દેવાનું કનકસિંહને ખુન્નસ ચડી આવ્યું

પણ મધુમતીના અવાજમાં વરતાતી મક્કમતાએ એને વાર્યો, ઘડીભર મૂંઝવણ અનુભવી.

'ખાતરી કરવા માટે મને જવાનું કહે છે ?' એને હળવો હડસેલો મારતાં અધીરાઈથી કહ્યું : 'જા, લાજવંતી જઈને પૂછપરછ કરે ત્યાં સુધીમાં તું પહોંચી જા. મારે બદલે તું ખાતરી કરીને આવ એટલે ખોટું સાંભળવા બદલ તારા કાન કાપી નાખું.'

ત્યારે મધુમતીએ દોટ મૂકી. તેની પીઠ પર કનકસિંહની તાકીદ અફળાઈ : 'લાજવંતીની સામે ઊભી રહે ત્યારે તારી ડોક ઢાંકી રાખજે, નહીંતર મારા પંજાની છાપ ચાડી ખાઈ જશે.'

એકલો પડેલો કનકસિંહ બંને હાથની મુઠ્ઠીઓમાં ક્રોધને મસળતો વીફરેલા વાઘની જેમ ઓરડામાં ઘૂમવા લાગ્યો. ગળા સુધીનો આત્મવિશ્વાસ હોવા છતાં ભીતરનો કોઈ અજાણ્યો ભય ભરડો લેતો હોય એવી ભીંસ કેમ લાગ્યા કરે છે ! પેલો સાધુ મંદિરમાંથી પલાયન થઈ ગયો તેનો આનંદ વાગોળતો હતો ત્યારેય અંદરખાનેથી કંઈક ખટક્યું તો હતું જ... અત્યારે રાજમાતાને ગાંડપણ વળગાડવાનો મનસૂબો મમળાવતો હતો ત્યાં વળી બીજો ફણગો કાં ફૂટ્યો !

'નહીં નહીં ! આ બધી પોચટ બૈરાંની વાતો છે. રાણીવાસમાં બહારનો પુરુષ પગ મૂકી ન શકે. બે દિવસથી મહેલ ફરતો કડક ચોકીપહેરો ગોઠવ્યા પછી યુવરાજનું ભૂત સુધ્ધાં નજર ચૂકવીને આવી ન શકે. હું ક્યાં આવા ખોટે રવાડે ચડી ગયો.'

અને કોઈનાં નજીક આવતાં અધીરાં પગલાં સંભળાયાં. ખાતરી કરવા મોકલેલી મધુમતી પાછી આવી રહી હતી. એને દાખલ થતી જોઈને જ કનકસિંહનો અસલી મિજાજ પાછો ફરી ગયો : 'કેમ કાચા કાનની ! ખાતરી કરી આવી !'

'હા !' મધમુતીએ ગરદન ઝુકાવીને ખુલાસો કર્યો : 'હું વખતસર પહોંચી ગયેલી. રાજમાતા રાણીબાને કહી રહ્યાં હતાં કે લાજુવહુ, કંટાળી જાઉં એટલે પટારાખંડમાં જઈને બેઘડી બંગડીવાજું વગાડવા બેસું છું.'

'બંગડીવાજું !' કનકસિંહના અટ્ટહાસ્યથી ઓરડો ભરાઈ ગયો :

રાજમાતાજીને હવે ગ્રામોફોન વગાડવાનું ઘેલું લાગ્યું. 'આખરે તેં કોથળામાંથી બિલાડું જ કાઢ્યું ને !' કનકસિંહને પેટ ભરીને હસી લેવાનું મન થયું. બંગડીવાજા પર આપણાં ડાહ્યાં રાજમાતા કયું ગાણું સાંભળતાં હતાં એ કહ્યું કે નહીં ?'

'હા કહ્યું.' મધુમતીએ ધારદાર નજરે જોતાં સંભળાવ્યું : 'રાજા ભરથરી નાટકનું... "ભિક્ષા દેને મૈયા પિંગળા"નું ગીત સાંભળતાં હતાં.'

'બીજું કાંઈ કહ્યું રાજમાતાએ ?'

'હા, રાણીબાને એમ પણ કહ્યું કે મારો નિર્મળ બીમારીના દિવસોમાં આ ગાણું બહુ વગાડતો એટલે આટલાં વરસે મનેય સાંભળવાનું મન થયું.'

હવે કનકસિંહ પોરસમાં આવી ગયો :

'સાંભળો રાજમાતા, તમતમારે એ ગાણું સાંભળ્યા જ કરો.' કહેતાં કહેતાં એણે નીચલો હોઠ કરડી લીધો : 'હવે લોકોને અમે તમારા ગાંડપણનું ગાણું સંભળાવતા થઈ જશું... કેમ મધુડી ?'

પણ મધુમતી હોંકારા ન ભણી શકી. એ કહી દેવા માગતી હતી કે બાપુ, આજકાલ રાજમાતામાં કંઈક વધુ પડતું ડહાપણ આવી ગયું છે. બંગડીવાજું વગાડવાની વાત એમણે ઉપજાવી કાઢી. રાણીબાએ ભલે તે સાચી માની લીધી પણ તમેય...'

એ શબ્દો જીભ સુધી પહોંચી ન શક્યા. થોડી વાર પહેલાં દબાયેલી ગળચીની પીડા હજુ પૂરી ઓસરી નહોતી. ફરી જો એવું કહી દેવાની હિંમત કરે તો તો...

મધુમતીએ ચૂપ રહેવાની સલામતી સ્વીકારી લીધી. 'વખત આવ્યે સાચાંખોટાનાં પારખાં થઈ જવાનાં !'

* * *

'જાગો બાપુ, સૂરજ ઊગવાની તૈયારીમાં છે.'

હંમેશાં સૂરજ ઊંચે ચડ્યા પછી આંખો ઉઘાડનારા કનકસિંહને જગાડવામાં મધુમતીએ બહુ લમણાઝીક કરવી પડી.

'સૂરજ ઊગે કે આથમે એની સાથે મારે શું નિસ્તબ ?'

'રાતે જોરૂભાએ ખબર મોકલ્યા'તા એ ભૂલી ગયા ?' મધુમતીએ બાપુની પડછંદ પીઠ પર હાથ પસવારતાં યાદ કરાવવું પડ્યું : 'કાલ સાંજથી ગામેગામના લોકો ગાડાં ભરીને મંદિરે ઠલવાય છે. સૂરજ ઊગતાની સાથે પેલા સાધુ સમાધિમાંથી ઊઠીને અદ્‌ભુત ચમત્કાર બતાવવાના છે એ વાત આખા પંથકમાં ફેલાઈ ગઈ લાગે છે. મળસકે લખુભાનેય મેં ખાતરી કરવા દોડાવ્યો હતો. એ તો મંદિરે લોકોની ભીડ જોઈને જ દંગ થઈ ગયો. કહે છે કે શ્રાવણિયા મેળામાંય આટલે દૂરદૂરથી માણસો આવતા નથી.'

ત્યારે કનકસિંહે સવા મણની સુંવાળી તળાઈમાંથી સફાળા બેઠા થઈ જવું પડ્યું : 'ગાડાં ભરીને આવેલા લોકો ભોંઠા પડીને પાછા જશે ત્યારે જોવા જેવી થશે. કેવો સાધુ અને કેવી સમાધિ ?'

કનકસિંહે પોકળ અટ્ટહાસ્ય કર્યું. પણ અંદરખાનેથી એને ધાસ્કો તો પડ્યો જ.

'ખબર નથી પડતી, દૂર દૂર સુધી સાધુની સમાધિની અફવા કોણે ફેલાવી? ચમત્કારનાં બણગાં કોણે ફૂંક્યાં ?'

'બાપુ, દુશ્મન તમે માનો છો એટલો મોળો નથી લાગતો.'

ત્યારે કનકસિંહને ચાનક ચડી. બાજુમાં પડેલી શરાબની બૉટલ મોઢે માંડીને બેચાર ઘૂંટડા ગટગટાવી ગયો : 'લાવ મારાં કપડાં અને લખુભાને કહે કે ઘોડો તૈયાર રાખે.'

'કપડાં તૈયાર છે અને લખુભા ઘોડા સાથે પછવાડેના દરવાજે ઊભો જ છે.'

કનકસિંહની આંખોમાં મસ્તીનો તણખો ફૂટ્યો. કપડાં ધરીને ઊભેલી મધુમતીના ગાલ પર હળવી ટાપલી મારી : 'આજકાલ તું ભારે પાવરધી બની ગઈ.'

'પાવરધા મરદના સંગની અસર તો થાય જ ને.' મધુમતી નાનીસરખી ટાપલીમાં બહુ મોટી બક્ષિસ મળી હોય તેમ ગેલમાં આવી ગઈ : 'આમ થોડી થોડી માયા રાખતા જાવ તો આ દાસી માટે બસ થઈ ગયું.'

પણ કનકસિંહે બંદૂક હાથમાં લીધી ત્યાં એનો મિજાજ પલટાઈ ગયો:

'ભૂલચૂકેય એ સાધુ પાછો આવ્યો હશે તો આજે મંદિરના આંગણે એની લાશ જ પડવાની ! ચમત્કાર જોવા આવેલા પછી ભલે એની સ્મશાનયાત્રા કાઢે.'



'પણ બાપુ, સાધુની હત્યા તમારા હાથે થઈ એવું દેખાડવાની શું જરૂર છે !'

સાંભળીને કનકસિંહની કીકીઓમાં તિખારો પ્રગટ્યો : 'હત્યાનો સવાલ તો એ ત્યાં હાજર હશે ત્યારે ઊભો થશે ને મૂરખ માણસોની જેમ તુંયે ચમત્કારમાં માની બેઠી ?' કહેતો કનકસિંહ જોશભેર બહાર નીકળી ગયો.

પણ પૂરપાટ ઘોડો દોડાવી મૂક્યા પછી મધુમતીએ સંભળાવેલા શબ્દો એના મગજમાં અફળાવા લાગ્યા : 'સાધુની હત્યા તમારા હાથે થઈ એની જાણ કરવાની શું જરૂર છે ?' કોણ જાણે કેમ, એના ભીતરમાંય એવો જ પડઘો પડતો હતો : સાધુ નક્કી કોઈ ચમત્કાર કરી દેખાડશે. એની સમાધિમાં કોઈ ચાલબાજી હોવી જોઈએ. મારે સાવધ રહેવું પડશે.

અને પૂર્વ દિશા તરફ ડોક મરડી તો ઊગવા માટે અધીરા થયેલ સૂરજનાં

કિરણો ફૂટું ફૂટું થતાં દેખાયા. અચાનક કનકસિંહનું ધ્યાન ઊંચી ટેકરીની ટોચ તરફ ખેંચાયું. તરત જ લગામ તાણીને ઘોડાને એ બાજુ વાળ્યો. સાથોસાથ મનના ઈરાદાને પણ વળાંક આપ્યો : ના, સીધા મંદિરે નથી જવું. લોકો શું ધારશે ? મારા જેવો માથાભારે નાસ્તિક મરદ સાધુનાં દર્શને આવ્યો ! એને બદલે પહેલાં દૂરથી જ ભવાઈ જોઉં. જરૂર પડશે તો અચાનક બધાની વચ્ચે ત્રાટકીશ...

ટેકરીની ટોચ નજીક આવતી ગઈ તેમ કનકસિંહને લોકોનો શોરબકોર અને ભજનકીર્તનનાં અવાજો સંભળાવા લાગ્યા. કપરું ચઢાણ આવ્યું ત્યારે એણે ઘોડા પરથી નીચે ઊતરી જવું પડ્યું. મગજમાં ઘૂંટાતા ઝનૂન સાથે એ ટોચે પહોંચીને જુએ છે તો સાંભળેલી વાતમાં જરાય અતિશયોક્તિ જોવા ન મળી. કીડિયારાની માફક ઊભરાતા માણસોની ભીડ સમાવવા માટે મંદિરનું વિશાળ ચોગાન પણ સાંકડું પડતું હતું. ઊંટિયા, ઘોડા અને ગાડાં જોતાં સમજાઈ ગયું કે ખરેખર દૂરદૂરથી લોકો ચમત્કારની આશાએ આવ્યા હતા. મંદિરનાં દ્વાર ઊઘડવાની આતુરતાથી રાહ જોતા હોય તેમ બધાની આંખો પેલા બેઠા ઘાટના મકાનનાં બંધ બારણા પર ચોંટેલી હતી. તેનાં પગથિયાં પાસે ઘેરો વળીને બેઠેલા સાધુ-બાવાઓ ઊંચા અવાજે ભજનના રાગડા તાણતા હતા. કનકસિંહના જડબાં ભીંસાયાં : એ પાખંડીએ ટોળી જમાવી લાગે છે.

વાતાવરણમાં ઉત્તેજના જોઈને કનકસિંહને ખાતરી થઈ ગઈ કે સાધુ જરૂર બહાર આવશે. એ પલાયન થઈ ગયાના ભ્રમમાં પોતે બે દિવસ નકામા વેડફી નાખ્યા. ખભા પરથી બંદૂક ઉતારી સમતોલ ઊભા રહેવા માટે દસ ડગલાંનું ઢળાણ ઊતરવું પડ્યું. લોકોની નજરે ન ચડવા માટે કાંટાળા ઝાડની ઓથ લેવી પડી. ઘડીભર ભૂલી ગયો કે પોતે હિંમતનગરમાં સર્વસત્તાધીશ હોવા છતાં એક ચોરની જેમ લપાઈને ઊભો હતો !

કુતૂહલ ખાતર બંદૂકની નાળ લંબાવીને નિશાન લેવાના કાણા પર તેણે એક આંખ માંડી. જે દરવાજો ઊઘડવાની રાહ જોવાતી હતી તેના બરાબર મધ્યભાગનું નિશાન સાધ્યું. તેના મગજમાં ખુન્નસ ઘૂંટાવા માંડ્યું.

અને દરવાજો ઊઘડતો દેખાયો. બંદૂકની ટ્રીગર પર ટેકવેલી કનકસિંહની

આંગળીના ટેરવે ઝણઝણાટી જાગી ઊઠી. બોડમાંથી બહાર નીકળતા સિંહને ઠાર કરવા તત્પર બનેલા શિકારીની જેમ કનકસિંહ એકાગ્ર બની ગયો.

પણ આ શું ?

ઊઘડતા દરવાજાની વચ્ચોવચ આવીને ઊભેલા સાધુને જોઈ તેની ગરદને જોરદાર ઝાટકો અનુભવ્યો. 'સ્વામી નિત્યાનંદની જય'ના પોકારો અને ચિચિયારીઓ ઝીલતો, ભગવા વસ્ત્રમાં ઊભેલા સાધુનો ચહેરો આટલે દૂરથી પણ તેને ભડકાવી ગયો ! એની આંખો, નાક, હોઠ, હડપચી, જડબાંનો આકાર, પહોળું કપાળ, બધું જ અદલોઅદલ નિર્મળકુમાર જેવું છે. રતીભારનો પણ ફરક વરતાતો નથી ! બંદૂકની ટ્રીગર પર દબાવેલી તેની આંગળી આપોઆપ ઢીલી પડી ગઈ. ગરદન પરથી પસીનાનો રેલો વહેવા લાગ્યો. એનું હૃદય જાણે ઘડીભર ધબકવાનું ચૂકી ગયું હોય તેમ કનકસિંહ જડવત્ બની બેઠો.

તો શું સાધુએ દાઢી-મૂછ ઉતારી નાખ્યાં ! શું કામ ?

એટલી વારમાં તો સાધુને આગળ વધવા માટે લોકોની ભીડમાંથી આપોઆપ રસ્તો થઈ ગયો. સ્વસ્થ પગલે એ મંદિરનાં પગથિયાં તરફ આગળ વધતા દેખાયા. નજીક ઊભેલા લોકો એના પગે પડી ચરણસ્પર્શ લેતા હતા. અને દૂર ઊભેલાઓ માત્ર એમના મુખને જ તાકી રહ્યા હતા. એની હાજરીના પ્રભાવથી જ બે ઘડીમાં બધો શોરબકોર શમી ગયો.

પગથિયાં ચડીને સાધુ મંદિરના ઓટલા ઉપર ઊભા રહી ગયા. સ્તબ્ધપણે ઊંચી ડોકે પોતાને જોઈ રહેલા લોકો પર સાધુએ દૂરદૂર સુધી દૃષ્ટિ ફેંકી, પછી બંને હાથ ઊંચા કરીને એ કંઈક બોલવા જતા હતા ત્યાં એની નજર ટેકરી તરફ ઊંચી થઈ. બંદૂક સાથે ઊભેલા કનકસિંહને પલક વારમાં પિછાણી લીધા છતાં એના મુખની એક રેખા સુધ્ધાં ફરકી નહીં, માત્ર મીઠું સ્મિત ફેંકીને દૃષ્ટિ વાળી લીધી.

'પ્રજાજનો !' ઊંચા અવાજે ઉચ્ચારેલા એ સંબોધને કનકસિંહના કાન ચમકાવ્યા. કટોકટીની ઘડી લગોલગ આવી પહોંચી હોવાની ઉત્તેજના સાથે તેણે બંદૂકની નાળ લંબાવી સાધુની છાતીનું નિશાન લીધું.

'નવ નવ વર્ષથી હું સાધુવેશમાં ભટકતો હતો, મારો ભૂતકાળ ખોજતો

હતો, પણ મારા પૂર્વજીવનનો કોઈ અણસાર મને મળતો નહોતો. નવ દિવસ પહેલાં હિંમતનગરની ધરતી પર મેં પગ મૂક્યો ત્યારથી મારા મનમાં ન સમજાય એવાં આંદોલન જાગવા માંડ્યાં. લોકો મને જોઈને તર્ક કરવા લાગ્યા કે, ચહેરેમહોરે હું યુવરાજ નિર્મળકુમારને અદલોઅદલ મળતો આવું છું.'

અને સાધુ થોડી વાર અટક્યા. ચારેબાજુ લોકો પર ફરી એક દૃષ્ટિ ફેંકી, ટેકરી તરફ ઊડતી નજર નાખી દીધી. ફરી એક સ્મિત હોઠ પર ફરકી ગયું અને ઊંડો શ્વાસ લઈને પાછું બોલવાનું શરૂ કર્યું.

'તમારા સૌની શંકા અને કુતૂહલ મારા માટે વિકટ સમસ્યા બની ગઈ. ખરેખર હું કોણ છું એ જાણવાની જિજ્ઞાસા તીવ્ર બની ગઈ ત્યારે મારે ત્રણ દિવસની સમાધિ લેવી પડી. એક વાર મૃત્યુ પામેલો, ચિતા પર ચડી ચૂકેલો માનવી કદી ફરી સજીવન થયો નથી, પરંતુ ઈશ્વર જેને જિવાડવા માગે છે એને કોઈ પણ મારી શકતું નથી.'

સાધુનો અવાજ વધુ ને વધુ ઘૂંટાતો જતો હતો. દૂર સુધી સંભળાય તેટલો ઊંચો જતો હતો :

'માણસના જીવનમાં ક્યારેક ચમત્કાર સર્જાય છે અને ચમત્કાર કરનાર કોઈ માનવી નથી પણ ઉપરવાળો ઈશ્વર છે જેને આપણે કદી જોઈ શકતા નથી. મારા જીવનમાં આવો જ ચમત્કાર થયો છે. તમારી સામે સાધુવેશે ઊભેલો નિત્યાનંદ નામ ધરાવતો હું, બીજો કોઈ નહીં પણ હિંમતનગરનો યુવરાજ નિર્મળકુમાર છું !'

સાધુએ બોલવાનું પૂરું કર્યું ત્યારે એક ઘડી પૂરતો સમગ્ર વાતાવરણમાં સન્નાટો છવાઈ ગયો અને બીજી જ ઘડીએ ચોમેર નાદ ગાજી ઊઠ્યો : 'યુવરાજ નિર્મળકુમારનો જય ! અમારા અન્નદાતા ઘણું જીવો.'

પણ એ જયજયકારના હજુ તો પડઘા પડે એ પહેલાં બંદૂકનો ધડાકો ગર્જી ઊઠ્યો. સનનન કરતી ગોળી સાધુની છાતી પર વીંઝાણી. તેના ધક્કાથી સાધુ બે ડગલાં પછવાડે હડસેલાઈને ભીંતસરસા થઈ ગયા. દિગ્મૂઢ બનેલા લોકો સાધુનો દેહ ઢળી પડવાની કલ્પનાથી ધડકતા હૃદયે અને અધ્ધર શ્વાસે આંખો ફાડીને જોઈ રહ્યા.

પણ આ શું ?

ગોળી વાગવા છતાં એ ફરી પહેલાંની જેમ સ્વસ્થ ચિત્તે અને સૌમ્ય ચહેરે ઊભેલા જ દેખાયા !

ઝાટકો લાગ્યો હોય તેમ લોકોની ડોક એકસામટી બંદૂકના ધડાકાની દિશા તરફ મરડાઈ, સાથોસાથ સાધુની હાંક પણ ટેકરીની ટોચ પર અફળાઈ:

'કનકસિંહ જાડેજા ! ભાગો છો ક્યાં ? તમારા બનેવી બીજી વાર મોતના ફટકામાંથી ઊગરી ગયા છે એની પાકી ખાતરી તો કરતા જાવ.'

કનકસિંહના માથા પર જાણે આભ તૂટી પડ્યું. રૂંવાડે રૂંવાડે ક્રોધ ભભૂકી ઊઠ્યો હતો. પોતાને નિર્મળકુમાર તરીકે ખપાવનાર સાધુના શરીરને ગોળીઓથી ચાળણી કરી નાખવાનું ખુન્નસ ઊભરાયું હતું ત્યાં આ શું બની ગયું ? નિશાન બરાબર લાગ્યું હોવા છતાં એ અડીખમ કેમ ઊભો છે ? ઉપરથી પાછો મારો બનેવી તરીકે પડકાર ફેંકે છે !

'પ્રજાજનો !' સાધુના સંબોધનથી સૌનું ધ્યાન ફરી એના તરફ દોરવાયું.

'માનશો નહીં કે આ કોઈ ચમત્કાર છે.' કહેતાં સાધુએ તેનો ભગવો ઝભ્ભો ઊંચો કર્યો : 'મને મોતમાંથી બચાવનાર આ બખ્તર જુઓ !'

લોખંડનું બખ્તર જોઈને લોકોની આંખો પહોળી થઈ ગઈ. શંભુ અને પૂજારી તો બાઘાની જેમ જોઈ જ રહ્યા. સૂરજનાં કિરણો બખ્તર પર અફળાઈને સૌની આંખો આંજી નાખવા લાગ્યાં. કનકસિંહની હાલત કાપો તોયે લોહી ન નીકળે એવી થઈ ગઈ !

'કનકસિંહ જાડેજા !' સાધુએ ફરી પડકાર ફેંક્યો : 'યુવરાજ નિર્મળકુમાર શિકારે જતા ત્યારે આ બખ્તર અચૂક પહેરતા એ યાદ છે ને ? તમે એ પણ ભૂલ્યા નહીં હો કે એક વાર વાઘનો શિકાર કરતી વખતે તમારી ગોળી આડી ફાટીને આ બખ્તર પર છરકો કરી ગઈ હતી ! જુઓ આ રહ્યું એ નિશાન.'

સાધુએ જમણા પડખે બખ્તર પર આંગળી મૂકીને નિશાન દેખાડ્યું ત્યારે તો કનકસિંહ એવો ભડક્યો કે ભૂત જોયું હોય તેમ ભાગ્યો. કૂદકો મારીને ઘોડા પર સવાર થયો. વાવાઝોડું ફૂંકાયું હોય એવા વેગે મહેલ તરફ ઘોડાને

દોડાવ્યો. તેના મગજમાં એક જ વિચાર ઘૂમરાતો હતો : સાધુ પાસે એ બખ્તર ક્યાંથી આવ્યું ? તાબડતોબ મહેલે પહોંચીને પટારાખંડ ખોલાવું....

મધુમતી સાચું જ કહેતી હતી : દુશ્મન હું માનું છું એવો મોળો નથી!

*

[૯]

'તમારી એક જ ભૂલનું આ બધું પરિણામ છે.' ધૂંઆપૂંઆ થતા કનકસિંહે રાજમાતા અને લાજવંતી પર દોષ ઠાલવવા માંડ્યો : 'મારી ગેરહાજરીમાં એ સાધુની મહેલે પધરામણી કરાવી, એટલાથી સંતોષ ન થયો હોય તેમ રાજમાતા તમે એની સામે એકાંતમાં પુત્રવિયોગનો કલ્પાંત કર્યો, સાધુનો ભૂતકાળ જાણવાની જિજ્ઞાસા દેખાડી. બસ, એને તો એટલું જ જોઈતું'તું. મંદિરમાં હજારો માણસોની વચ્ચે પોતાની જાતને નિર્મળકુમાર ઠરાવી આપણો કેવો ભવાડો કર્યો એ સાધુડાએ.'

લાજવંતી ઓરમાન ભાઈને અથરા ન થઈ જવાનું સંકેતથી સમજાવી રહી પણ કનકસિંહ હવે સબૂરી રાખી શકે તેમ નહોતો. મગજમાં ગજબનાક ઊથલપાથલ મચી ગઈ હતી. 'મેં લીધેલું ગોળીનું નિશાન સાધુએ ભગવા ઝભ્ભા નીચે પહેરેલા બખ્તર પર ઝીલી લઈને મને કેવી છકકડ ખવડાવી, ફૂંકી મારવાની મારી ધમકી સામે એણે આટલી બધી તૈયારી રાખી હશે ? એણે એમ કેમ માની લીધું કે હું એની છાતીનું જ નિશાન લઈશ ? એણે કેમ જાણ્યું કે એક વાર શિકારમાં મેં છોડેલી ગોળી નિર્મળકુમારના પડખા પર છરકો કરતી ગઈ હતી ? એ જ બખ્તર દેખાડીને એણે બધાની વચ્ચે મને કેવો ભોંઠો પાડી દીધો. પણ એ બખ્તર એની પાસે આવ્યું ક્યાંથી ?

લાજવંતી તેનો કાળઝાળ ચહેરો જોઈને ભયભીત બની ગયેલી : 'ક્યાં છે પટારાખંડની ચાવી ?' બહેન સામે હાથ લંબાવીને તેણે ત્રાડ નાખી હતી. જલદી ચાવી આપ, મારે ખાતરી કરવી છે.' મોટાભાઈના એ અણધાર્યા વર્તને લાજવંતીને હેબતાવી દીધેલી પણ આમ એકાએક ચાવીની શું જરૂર પડી? માંડ માંડ એ પૂછી શકી, પણ કનકસિંહની અકળામણ પળે પળે ઘૂંટાતી હતી : 'શું જરૂર પડી એનો જવાબ પછી, પહેલાં ચાવી આપ. મારે ખાતરી કરવી છે, જલદી.'

પણ લાજવંતી ચાવી ક્યાંથી આપે ? પટારાખંડની ચાવીનો ઝૂડો રાજમાતા ક્યારેય કોઈને સોંપતાં નહીં અને સાસુમા તો પૂજાખંડમાં ઠાકોરજીની સેવા કરવા બેસી ગયાં હતાં. આજ લગીમાં કોઈએ ક્યારેય એમની સેવા-પૂજામાં ખલેલ પાડવાની હિંમત કરી નહોતી. એ કહેતાં કે 'આગ ફાટી નીકળે તોય ભગવાનની પૂજા અધૂરી ન છોડાય...'

'મોટાભાઈ, પૂજાખંડનો દરવાજો ઊઘડ્યા પહેલાં પટારાખંડની ચાવી તમારા હાથમાં નહીં આવે. રાજમાતા ઠાકોરજીની સેવામાં બેઠાં છે.'

'ભાડમાં જાય ઠાકોરજી' કનકસિંહ બરાડી ઊઠ્યો હતો.

'મોટાભાઈ, ભગવાનને ભાંડવાની હદે પહોંચી ગયા ?'

'તને ખબર નથી લાજવંતી, મારા પર કેવી વીતી ગઈ. અને કોને ખબર આપણા બધા પર શું શું નહીં વીતે ?'

'તમે કંઈક કહો તો ખબર પડે ને !' લાજવંતીનો ઇરાદો રાજમાતાની પૂજા પૂરી થાય ત્યાં સુધીમાં કનકસિંહના ક્રોધ પર લગામ નાખી દેવાનો હતો: 'મોટાભાઈ, એટલી ખાતરી રાખજો કે આપણા પર જે કંઈ વીતશે એનો આપણે બધાં ભેગાં મળીને જ સામનો કરવાનાં.'

'તારી બાબતમાં તો મને પૂરી ખાતરી છે, બેન.' કનકસિંહ થોડો નરમ પડવા માંડ્યો : 'આપણે ભલે ઓરમાન રહ્યાં છતાં ભાઈ-બહેન તો ખરાં જ ને... પણ રાજમાતા પર મને ક્યારેય ભરોસો પડતો નથી.'

'ફરી તમે આડી વાત પર ચડી ગયા. તમારા પર શું વીતી એ તો કહો. બંદૂકની ગોળી છૂટવાનો અવાજ સાંભળીને મારોય જીવ ફફડી ઊઠ્યો હતો.'

'પણ ગોળી વાગવા છતાંય સાધુડો અડીખમ ઊભો હતો.'

'શું કહો છો ? તમે એના પર ગોળી ચલાવી ? રાજમાતા જાણશે તો...'

'પૂરું સાંભળ તો ખરી. લોકોની વચ્ચે એ સાધુએ જાહેર કર્યું કે હું પોતે જ નિર્મળકુમાર છું.' લાજવંતીનો હાથ ધડકતી છાતી પર પહોંચી ગયેલો. એ ધ્રૂજી ઊઠેલી. કનકસિંહ કહેતો ગયો તેમ તેમ એનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. શિકારમાં પોતાની ગોળી યુવરાજના બખ્તર પહેરેલા પડખા પર છરકો કરી ગઈ હતી એ સિવાયની બધી જ વાત કનકસિંહે ઉશ્કેરાટભેર કહી સંભળાવી

ત્યારે ઊભા રહેવાનું અસહ્ય બની ગયું હોય તેમ લાજવંતીએ ચાંદીના પલંગ પર બેસી જવું પડ્યું.

'હવે તું જ કહે બહેનબા, એક લેભાગુ બાવો નવ વરસ પછી નિર્મળકુમારનો અવતાર બનીને આ રાજપાટ, મહેલ-મિલકત અને મારી વિધવા બહેન પર હકદાવો જાહેર કરે ત્યારે તારો ભાઈ આખેઆખો સળગી ન જાય?'

'પણ...' લાજવંતી માંડ માંડ હોઠ ફફડાવી શકેલી : 'પટારાખંડ ખોલવાથી તમને શેની ખાતરી મળવાની મોટાભાઈ ?'

'પેલું બખ્તર. યુવરાજની દરેકેદરેક ચીજ પટારામાં સાચવી રાખી છે એમ તેં કહેલું. પેલા સાધુએ બધાની વચ્ચે દાવો કર્યો કે પોતે પહેરેલું બખ્તર યુવરાજ નિર્મળકુમારનું હતું. એની બનાવટ ઉઘાડી પાડવા માટે મારે પુરાવો જોઈએ. પટારાખંડની ચાવી જોઈએ.'

'આ શાની હો-હો મચી છે.' અચાનક રાજમાતા પૂજાખંડનાં બારણાં ઉઘાડી લાજવંતીના શયનખંડને ઉંબરે આવી ઊભાં રહી ગયેલાં ત્યારે બંને ભાઈ-બહેન ચોંકી ઊઠ્યાં હતાં. 'કઈ ચાવી માટે બૂમાબૂમ મચાવી દીધી છે કનકસિંહે ?' એમના અવાજમાં ઉગ્રતા આવી ગયેલી : 'તમે લોકો મને એકચિત્તે પૂજા પણ નહીં કરવા દો.'

'માફ કરજો રાજમાતા' કનકસિંહે મનમાં દાઝ ઘૂંટતાં ઉપરછલ્લી નરમાશથી કહેવું પડેલું : 'પેલા બાવાએ હદ કરી નાખી. મને પહેલાં પટારાખંડની ચાવી આપો. બીજી બધી વાત તમને લાજવંતી સમજાવશે.'

જરાય આનાકાની વિના રાજમાતાએ કમરેથી ચાવીનો ઝૂડો કાઢીને કનકસિંહને સોંપી દીધો. ભૂરાટા આખલાની જેમ પટારાખંડનાં બારણાં ઉઘાડી કનકસિંહ અંદર ધસી ગયેલો. બેહદ અધીરાઈથી નિર્મળકુમારવાળો પટારો ઉઘાડ્યો હતો. દાંત ભીંસીને બંને હાથે અંદરની ચીજવસ્તુઓ ઊંચકીને પટારા બહાર ઠાલવી દીધી. ત્યાં પેલું બખ્તર તેની નજરે ચમકી ઊઠેલું. ઝપટ મારીને ઊંચકેલું બખ્તર ચકળવકળ આંખે જોયું ત્યારે તેનો જીવ અધ્ધર થઈ ગયેલો. બખ્તર તો નિર્મળકુમારનું જ હતું. પણ તેના છાતીના ભાગ પર ગોળીનું તાજું જ નિશાન ક્યાંથી આવ્યું ? સાધુએ પહેરેલું બખ્તર આટલી વારમાં પટારામાં

કેમ પહોંચી ગયું ?

કનકસિંહ ધ્રૂજી ઊઠ્યો હતો. દુશ્મન માત્ર પાવરધો નહીં, કોઈ ગજબનાક ગેબી શક્તિને વરેલો હોવો જોઈએ.

'શું થયું મોટાભાઈ, બખ્તર જડ્યું ?' લાજવંતી રાજમાતાને લઈને ત્યાં આવી પહોંચી હતી : 'મેં સાસુમાને બધી વાત કહી. એમના તો માનવામાં આવતું નથી. તમે સાધુ પર ગોળી છોડી એ માટે માતાજી ઊલટાં નારાજ થયાં.'

કનકસિંહ સમસમી ઊઠ્યો હતો. આવેશમાં રાજમાતાને આકરાં વેણ કહી દેતાં અચકાયો નહીં, પોતે ઘણુંબધું બોલી ગયા છતાંય રાજમાતા ચૂપ રહ્યાં ત્યારે તેણે છેલ્લું વાક્ય ફરી સંભળાવવું પડ્યું : 'મંદિરમાં હજારો માણસોની વચ્ચે પોતાની જાતને નિર્મળકુમાર ઠરાવીને આપણો કેવો ભવાડો કર્યો એ સાધુએ ?'

'ભવાડાની બીકે આટલા બધા ભડકી ગયા કનકસિંહ ?' રાજમાતાએ જરાય અસ્વસ્થ થયા વગર તેના હાથમાંથી બખ્તર લઈ તેને આંગળીના ટેરવાથી પંપાળતાં સંભળાવ્યું : 'આખરે તો જે ખોટો પુરવાર થાય એનો જ ભવાડો થવાનો.'

'પણ એક અજાણ્યો સાધુ ક્યાંથી ટપકી પડે અને ખુલ્લે આમ મારો બનેવી હોવાનો પડકાર ફેંકે એ સાંખી કેમ લેવાય ?'

'કનકસિંહ, તમારો બનેવી પછી' રાજમાતાના અવાજમાં દૃઢતા ભળતી ગઈ : 'પહેલાં તો એ મારો પુત્ર, આ રાજનો ધણી. નિર્મળ ભગવાનને વહાલો થઈ ગયો. એની ચિતા તમે જાતે જ પ્રગટાવી તો પછી ખોટો માણસ આવીને સાચાનું સ્થાન કઈ રીતે પચાવી પાડવાનો હતો ?'

કનકસિંહ વિચારમાં અટવાઈ ગયો. એમનાં છેલ્લાં વાક્યોનો શું અર્થ તારવવો ?

'માતાજી, મને તો હતું કે આ બધું સાંભળીને તમે સાધુ ઉપર ઊકળી ઊઠશો. તેને બદલે તમે સાચાં-ખોટાનાં પારખાં કરવાની વાત ઉચ્ચારી.' કનકસિંહે એમના મનનો તાગ લેવાની શરૂઆત કરી : 'આપ જાણતાં નથી,

એ સાધુ મેલી વિદ્યાનો જાણકાર છે. વશીકરણ કરી જાણે છે. એક મુલાકાતમાં જ એણે તમારા પર પ્રભાવ પાડી દીધો હોય. જુવાન પુત્રના વિયોગમાં ઝૂરતી મા પર વશીકરણ કર્યું હોય.'

'વશીકરણ તો આંખોથી જે જોઈ શકે તેના પર થાય.'

'કેટલાક પાસે એવી સિદ્ધિ હોય છે કે અવાજથી, સ્પર્શમાત્રથી સામાને વશ કરી શકે. પોતે ધારેલું એના મનમાં ઠસાવી દે.' કનકસિંહે પોતાની દલીલનો પુરાવો પણ ધરી દીધો : 'નહીંતર તમે જ કહો, મંદિરમાં ભેગા થયેલા હજારો માણસો નિર્મળકુમારના મૃત્યુ વિષે જાણતા હોવા છતાં સાધુના પ્રભાવમાં આવી જઈને નિર્મળકુમારનો જયજયકાર બોલાવે ખરા ?'

'ત્યારે તો એ સાધુ ખરેખર સિદ્ધપુરુષ કહેવાય.'

'રાજમાતા, આપ પણ એનાં વખાણ કરો છો ?'

'વખાણ નહીં, શંકા વ્યક્ત કરું છું.'

કનકસિંહ ગૂંચવાયો : 'શેની શંકા ?'

'આ બખ્તર પર હાથ ફેરવતાં લાગ્યું કે એના પર તાજો જ ઘા થયો છે. તમે જ જોઈને કહો, એ તમારી ગોળીનું નિશાન છે ?'

હા કહેવી કે ના ? કનકસિંહે વિમાસણમાં પડી જવું પડ્યું. રાજમાતા પોતાની ઊલટતપાસ લઈ રહ્યાં હોય એવું અકારું લાગ્યું.

'મને એ જ તો સમજાતું નથી કે સાધુએ પહેરેલું બખ્તર અહીં પટારામાં આવ્યું ક્યાંથી ?'


'હું જવાબ માગું છું કનકસિંહ, અને તમે સામો સવાલ પૂછો છો!' રાજમાતાની સખ્તાઈ જોઈને લાજવંતી પણ ડઘાઈ ગઈ. કનકસિંહે શંકાનું નિવારણ શોધવું પડ્યું.

'બનવાજોગ છે કે આ કાવતરામાં સાધુ એકલો ન હોય. તેના કોઈ સાથીદારે પટારામાંથી બખ્તર ચોર્યું હોય કે મહેલના કોઈ માણસને ફોડીને ચોરાવ્યું હોય અને...'

'અને તમારા બધાની હાજરીમાં ચોરેલું બખ્તર આ બંધ પટારાખંડમાં

ફરી પાછું એની અસલ જગ્યાએ આવીને કોઈ મૂકી ગયું હોય એમ જ ને ?' રાજમાતાએ ધારદાર કટાક્ષ કરીને વહુ તરફ જોયું : 'લાજુવહુ, તમારે ગળે આ વાત ઊતરે છે ?'

'માતાજી !' લાજવંતી હજુ સ્વસ્થ થઈ શકી નહોતી : 'મારો તો જીવ ચૂંથાય છે. મારા પગ પાણી પાણી થાય છે. ભગવાને એક વિધવાને આવી આકરી કસોટીએ ચડાવીને શું કરવા ધાર્યું છે એ સમજાતું નથી.'



હવે રાજમાતાને થયું કે વાત વાળી લેવી જોઈએ.' ધરપત રાખો લાજવંતી, ભગવાનની કસોટીમાંય ક્યારેક આશીર્વાદ છુપાયા હોય છે. એની પૂજામાંથી મને તો રોજ નવી નવી હિંમત મળે છે. હું પુત્રના વિયોગમાં ભલે ઝૂરતી હોઉં પણ મારા કૂખના જણ્યા સિવાય કોઈને દીકરો માની લઉં એટલી કાચા કાળજાની નથી. કોઈ પરાયો પુરુષ તમારી સામે આંખ સુધ્ધાં ઊંચી કરીને જોઈ નહીં શકે. અને કનકસિંહ, તમે રજનું ગજ ન કરો ! મેલી વિદ્યા કે મેલી દાનતવાળો કોઈ પણ આ રાજપૂતાણીને ક્યારેય છેતરી નહીં શકે.'

'હું રજનું ગજ કરું છું !' કનકસિંહ હાથની મુઠ્ઠી મસળવા લાગ્યો. લાજવંતીએ ભાઈના ખભા પર હાથ મૂક્યો. છતાં તેનો ઉશ્કેરાટ કાબૂમાં રહ્યો નહીં, 'સાચાંખોટાનાં પારખાં કરવાની મારામાં ધીરજ નથી. મારી બહેનના હિતને ખાતર હું એ સાધુની ખોપરી વીંધી નાખીશ. પછી જોઉં છું કયું બખ્તર મારી ગોળીને રોકી શકે છે !' કહેતો એ સડસડાટ બહાર નીકળી ગયો. રાજમાતાના મુખ પર ધ્રુજારી વ્યાપી ગઈ. તેમનાથી રાડ પડાઈ ગઈ : 'કનકસિંહ ઊભા રહો!'

એમનો હુકમ જાણે લોખંડની બેડી બની ગઈ હોય તેમ કનકસિંહે પગ થંભાવી દેવા પડ્યા. પણ રોષ જારી રાખવા તેણે પીઠ ફેરવી નહીં.

'લાજવંતી,' રાજમાતાના અવાજમાં અચંબાભર્યો પલટો આવી ગયો. 'તમે બહાર ડોકિયું કરીને જુઓ તો, કોઈ આપણી વાત સાંભળતું નથી ને ?'

હવે કનકસિંહને સમજાયું કે રાજમાતા કોઈ મહત્ત્વની વાત ઉચ્ચારવા માગે છે. પોતે જ આસપાસ નજર કરી લઈને અંદર પાછો ફર્યો : 'બહાર કોઈ નથી. બોલો, તમારે શું કહેવું છે ?'

'આજ સુધી ક્યારેય આ વાત કોઈએ અમારા કુળ બહારની વ્યક્તિને કહી નથી.' એટલું બોલીને ખચકાટ અનુભવતાં હોય તેમ રાજમાતા અટક્યાં. ત્યારે કનકસિંહની જિજ્ઞાસા તીવ્ર બની : 'પણ માતાજી, હું બહારનો હોવા છતાં ઘરના જેવો જ છું. તમે જરાય ખચકાટ ન રાખતાં.'

'આમ તો કહેવા સામે કુળદેવીની આણ છે, છતાં ધર્મસંકટમાં ક્યારેક આણ પણ ઓળંગવી પડે.'

ફરી એ અટક્યાં એટલે કનકસિંહની ચટપટી વધી ગઈ. તેને થયું કે રાજમાતા હોઠે આવેલી વાત પાછાં ગળી જશે.

'હું તમારી કુળદેવીના સોગંદ ખાઉં છું કે બીજા આગળ વાત ઉચ્ચારીશ નહીં. કહો, એટલી ગંભીર બાબત શું છે ?'

'રાજ્યના ખજાનાની' કહેતાં કહેવાઈ ગયું હોય તેમ રાજમાતાએ હોઠ ભીડી દીધા. ખજાનો શબ્દ સાંભળતાં જ કનકસિંહના મગજમાં ઘમસાણ મચી ગયું. લાગ ચૂકી ગયો તો લાખો-કરોડોનો ખજાનો ગુમાવી બેસવાનો હોય તેમ

એ રાજમાતાને પગે પડવા સુધી તૈયાર થઈ ગયો હતો, પણ કપટી મને એને સત્વરે સાવધ કરી દીધો :

'રાજ્યના ખજાનાની શું વાત છે માતાજી ? મને તો એના વિષે કશી જ જાણ નથી.'

'એટલે જ આજે જાણ કરું છું.' રાજમાતા સાવચેતીભેર આગળ વધ્યાં: 'સાંભળ લાજવંતી, કદાચ તું થોડુંઘણું જાણતી હોઈશ. આપણા વડાએ આસપાસના કોઈ ડુંગર હેઠે કરોડોના હીરા, મોતી, માણેક અને સોનાનો ખજાનો સાચવીને દાટ્યો છે. ગાદી પર બેસનાર રાજવી સિવાય બીજા કોઈને એના ઠેકાણાની જાણ કરવામાં આવતી નથી, વહુ-દીકરીને સુધ્ધાં નહીં.'

કનકસિંહ અને લાજવંતી રાજમાતાના હોઠ પર તાકીને સરવા કાને સાંભળતાં હતાં. એમનો એક શબ્દ પણ ચૂકી ન જવાય એટલો બધો એકાગ્ર કનકસિંહ દેખાતો હતો.

'એ ખજાનાનો કોઈ જાણકાર આપણી વચ્ચે હયાત નથી. મરતી વખતે રાજવીનો ગાદીવારસ પુત્ર સગીર વયનો હોય તો ખજાનાનો નકશો રાજમાતા કે મહારાણીને સોંપી જવાનો શિરસ્તો છે.'

'એવી અમને ક્યાં ખબર હતી ?' કનકસિંહથી વચ્ચે બોલી જવાયું: 'નહીંતર અમે યુવરાજને પૂછી લેત કે નકશો ક્યા સ્થળે સાચવ્યો છે.'

'અને ત્યારે હું હાજર નહોતી.' રાજમાતાએ નિસાસો નાખ્યો : 'મારો કરણ ગાદીએ આવશે ત્યારે એને ખજાનાની જાણ નહીં હોય અને પેઢીઓથી સંઘરેલો કરોડોનો ખજાનો ક્યારેય કોઈને જોવા નહીં મળે. કોઈના કામમાં નહીં આવે. કાયમને માટે જમીનમાં દટાઈ રહેશે.'

પણ અત્યારે એ વાત તમને કેમ યાદ આવી ગઈ. કનકસિંહને પૂછવાનું મન થયું પણ જરૂર ન રહી.

'આ સાધુ પોતાની જાતને નિર્મળકુમાર તરીકે ખપાવે છે એ જાણીને મારા મનમાં એક આશા જાગી.'

'પણ એ સાચેસાચ નિર્મળકુમાર હોય તો આપણને ખજાનાનો નકશો ચીંધે ને.' કનકસિંહે અધીરા થઈને બોલી નાખ્યું : 'ખજાનાની લાલસામાં મૃત્યુ

પામનારને ફરી જીવતો થયેલો કેમ માની લેવાય ?'

'એ જ એની સાચી પરીક્ષા છે. રાજમાતાએ મલકતા મુખે કહ્યું : 'સાધુ નિર્મળકુમાર નથી એમ માની લઈએ પણ સાચેસાચ એ સિદ્ધપુરુષ હશે તો ખજાનાનું ઠેકાણું શોધવામાં આપણે એનો ઉપયોગ કરી શકીએ કે નહીં ?'

'નહીં, કદાપિ નહીં.' કનકસિંહ નમતું જોખવા માગતો ન હોય તેમ બોલી ઊઠ્યો : 'આ તો આપણી જાળમાં આપણે જ ફસાવા જેવું થાય.'

'કઈ રીતે ?' લાજવંતીએ પહેલી વાર વાતમાં રસ દાખવ્યો : 'મોટાભાઈ, એ બહાને સાધુની પરીક્ષા પણ થઈ જશે. એ લાલચુ હશે તો આપોઆપ ઉઘાડો પડી જશે.'

'પરીક્ષા અને પારખાંની વાત છોડી દે બેન. જરાક તો વિચાર કરી જો. જે માણસ તારો ધણી થવાનો દાવો કરે તેને આ મહેલમાં એક વાર પગ મૂકવા દીધો તો ફરી ક્યારેય એનો પગ બહાર નીકળશે નહીં. તું એને તારા શયનખંડમાં દાખલ થવા દેવા તૈયાર છે ?'

સાંભળતાં જ લાજવંતી ધ્રૂજી ઊઠી : 'મને તો કાંઈ જ સમજાતું નથી. મારા માથામાં ચક્કર આવે છે.'

લમણા પર હાથ મૂકીને સમતોલ રહેવા તેણે સાસુના ખભાનો ટેકો લઈ લેવો પડ્યો. રાજમાતાએ સાવધ થઈને સમય સાચવી લીધો : 'કનકસિંહ, આપણે બંને સાધુનો મામલો સંભાળી લેશું. વહુને એમાં વચ્ચે સંડોવવાની જરૂર નથી.'

કહીને લાજવંતીને ટેકો આપતાં શયનખંડમાં દોરી ગયાં. કનકસિંહ ગૂંચવાઈ ગયો હોય તેમ પટારાખંડને ઉંબરે જ ઊભો રહ્યો. રાજમાતાએ ઊભી કરેલી ભુલભુલામણીમાં એ એવો અટવાઈ ગયો કે હવે આગળ કેમ વધવું એની સૂઝ પડી નહીં.

* * *

'વિજયસિંહબાપુ હવેલીમાં છે ?'

ઊતરતા અંધારામાં જામબંદર નગરના છેવાડે નાળિયેરીનાં ઝુંડ વચ્ચે

આવેલી હવેલીના દરવાજેથી તેણે હાંક મારી ત્યારે પહેલાં તો કોઈ જવાબ ન મળ્યો. બધું જ સૂમસામ અને ભેંકાર ભાસતું હતું. બંધ બારીબારણાંવાળી હવેલીમાં દીવાબત્તી પણ થયાં નહોતાં. હાંક મારનારને પોતાનો પડઘો પણ બિહામણો લાગ્યો. છતાં બીજી વાર સાદ દીધો : 'હવેલીમાં કોઈ છે કે ?'

'કોણ ?' છેક પછવાડેથી અંધકાર ભેદીને લંગડાતો જવાબ સંભળાયો. સાથોસાથ હાથમાં ફાનસ પકડીને લંગડી ચાલે ઝૂકી ગયેલી કમરે એક આદમી આવતો દેખાયો. ચોગાનના દરવાજે પહોંચીને તેણે સહેજ કમર સીધી કરી ફાનસવાળો હાથ ઊંચો કરી, આવનારને પૂછ્યું : 'કોણ છો ભાઈ ?'

'વિજયસિંહબાપુ છે ?'

ધ્રૂજતા હાથે ફાનસ પકડીને કરચલીવાળા ચહેરામાં ચમકતી આંખે આવનાર સામે તાકી રહેલો પગી જવાબ આપવાને બદલે ભગવાંધારી સામે જોઈ રહ્યો : કોઈકે બિચારાને ભેખડે ભરાવી દીધો લાગે છે. કોઈકે કહ્યું હશે બાવાજી દાન જોઈતું હોય તો અમારા બાપુની હવેલીએ પહોંચી જાવ. એવો દાનેશ્વરી તમને ગોત્યો નહીં જડે. જિંદગીભર યાદ કરશો. આવી રીતે ભેખડે ચડાવી દેનારા જાણે છે કે વિજયસિંહબાપુ પહેલાં તો બેફામ ગાળોનું દાન કરે છતાં માંગણ હટે નહીં તો શિકારી કૂતરાને એના પર હડદાવે અને મગજની કમાન છટકે તો બંદૂકના બે-ચાર ભડાકા કરીને માણસનાં કપડાં ભીંજાઈ જાય એમ ભડકાવીને તગડી મૂકે.

'મા'રાજ, તમને કોણે આ ઠેકાણું ચીંધ્યું ?' પગીએ બહુ વારે જીભ હલાવી: 'તમારાં નસીબ સારાં છે કે બાપુ હવેલીમાં નથી. નહીંતર....'

'હવેલીમાં નથી તો ક્યાં છે ?' નિત્યાનંદે અધીરાઈથી કહેવું પડ્યું : 'એમનું મારે ખાસ કામ છે. અમે જૂના ભાઈબંધ છીએ.'

પગીને ઝાટકો લાગ્યો હોય તેમ ફાનસ પકડેલો હાથ હેઠો થઈ પડ્યો: બાપુનો ભાઈબંધ એક સાધુ ! ભારે કરી ! ગપ મારીને આ બાવો મોતને નોતરવા માગે છે !

નિત્યાનંદમાંથી નિર્મળકુમાર બનેલા સાધુથી આ વિલંબ સહેવાયો નહીં. અવાજમાં સખ્તાઈ લાવીને કહેવું પડ્યું : 'પગી, બાપુનો મિજાજ હું જાણું છું.

કાં તો એ જ્યાં હોય એનું ઠેકાણું ચીંધી દે, નહીંતર દરવાજો ઉઘાડીને મને હવેલીમાં ઉતારો આપ. બાપુને જાણ થશે કે તેં મને આંગણેથી ઠાલો પાછો કાઢ્યો છે તો એમની નેતરની સોટીથી તારો બરડો ઉતરડાઈ જશે.'

'નેતરની સોટી !' પગીએ ખભાથી કમર સુધી કંપારી અનુભવી. બાપુને કાળ ચડતો ત્યારે નોકરને નેતરની સોટીની સજા ફટકારતા.

'અરે બાપરે !' પગીના મોંમાંથી અચરજ ઊછળી પડ્યું. સાધુ છે છતાં બાપુની બધી જ વાતથી વાકેફ દેખાય છે. ના, હવે ઘરડી પીઠ પર નેતરની સોટી સહેવાતી નથી.

ચમત્કાર થયો હોય તેમ પગીએ ફાનસ નીચે મૂકી લોખંડી દરવાજો ઉઘાડી સાધુને હાથ જોડ્યા : 'મા'રાજ, આપ જે હો તે. બાપુ પાસે મારી ફરિયાદ કરો એવું લાગતું નથી. વરસો થયાં એમણે સમ ખાવાનોય ભાઈબંધ રાખ્યો નથી, વાડી જોઈ હોય તો પહોંચી જાવ ! મેં ઠેકાણું ચીંધ્યું છે એવું ન બોલતા. અને બાપુ નશામાં હોય તો મળવાનું મુલતવી રાખજો ! નહીંતર...'

'નશામાં હશે તોપણ મને ફૂંકી નહીં મારે પગી.'

કહેતા ટીલિયા ઘોડાને એડી મારી સાધુ અંધકારમાં ઓગળી ગયા. પગીને ઘોડાના ડાબલા સંભળાતા રહ્યા.

ચાર ગાઉ છેટે આવેલી વાડીમાં ટીલિયો દાખલ થતો હતો ત્યાં જ શિકારી કૂતરાના ભસવાએ ઘોડાને ભડકાવી દીધો.

'ટીલિયા ! બેધડક આગળ વધ !' સાધુએ તેની ડોક થાબડીને સમજાવ્યું: 'એ તો આપણા ભાઈબંધનું આંગણું છે.'

માલિકના વેણની ચાનક ચડી હોય તેમ ટીલિયો ગરદન ટટ્ટાર કરી વાડીની કેડી પર રેવાલ ચાલે આગળ વધતો ગયો. કૂતરા વધુ જોરથી ભસવા લાગ્યા. વાડીમાંથી બે-ત્રણ આદમી આવીને વચ્ચે ઊભા રહી ગયા. ઘોડા પર સાધુની આકૃતિ જોઈ પડકારને બદલે હળવા સાદે પૂછપરછ કરી : 'મા'રાજ, આપ રસ્તો ભૂલ્યા લાગો છો.'

'નહીં, વિજયસિંહને મળવા આવ્યો છું.' સાધુએ દૂર દેખાતા બેઠા ઘાટના મકાન તરફ નજર રાખીને કહ્યું : 'બાપુ નશો કરતા હોય તોપણ મળ્યા વગર

ચાલે તેમ નથી.'

વાડીનો જુવાન રખેવાળ મૂંઝાયો. સાધુએ ઘોડાને તારવીને કેડી આંતરીને આગળ વધવાની મક્કમતા દેખાડી ત્યારે રખેવાળે દોટ મૂકી : 'પહેલાં હું બાપુને ખબર આપું છું. ત્યાં લગી તમે આગળ નહીં વધતા ભાઈસા'બ.'

કૂતરાનું ભસવું અટક્યું નહીં, સાધુએ ટીલિયાને પણ રોક્યો નહીં. હાંફતો જુવાન બાપુની બંગલીમાં દાખલ થયો ત્યાં સુધીમાં સાધુનો ઘોડો પણ પગથિયે પહોંચીને ઊભો રહી ગયો હતો.

'તને ખબર નથી કે નશામાં બેઠો હોઉં ત્યારે હું સાધુ તો શું સેતાનની પણ સોબત કરતો નથી.'

નિત્યાનંદને કાને બાપુનો પરિચિત અવાજ સંભળાયો. અગાઉ કરતાં એમાં ખારાશ વધી હોવાનું મહેસૂસ કર્યું.

'બાપુ, મેં એને બહુ વીનવ્યા પણ એ ભારે જિદ્દી લાગે છે. કહે છે કે બાપુ નશામાં બેઠા હોય તોય મારે મળ્યા વગર ચાલે તેમ નથી.'

'એની એ મજાલ ?' બાપુના અવાજમાં રહેલો એ ક્રોધનો ધ્રુજારો નિત્યાનંદને બરોબર પરખાયો. 'એનું મોત સાધુને અહીં ખેંચી લાવ્યું લાગે છે. લાવ મારી બંદૂક. ઘણા દીથી સાવજનો શિકાર કર્યો નથી, આજ સાધુનો શિકાર કરી જીવને શાંતિ વળશે.'

ત્યારે ઘોડા પરથી છલાંગ મારીને સાધુ સડસડાટ અંદર પહોંચી ગયો. તેને ધૂસી આવેલો જોઈને નોકર થરથરીને બહાર નીકળી ગયો. ભલું પૂછવું-ક્રોધમાં કદાચ બાપુ પોતાનેય ફૂંકી મારે !

બંદૂકમાં કારતૂસ ભરતા વિજયસિંહે સાધુ પર નજર પડતાં ત્રાડ નાખી: 'નજર સામેથી હઠી જા બાવા ! નહીંતર મારા હાથે સાધુની હત્યા થઈ જશે તો પાપ નહીં લાગે.' છતાં નિત્યાનંદ આગળ વધતો અટક્યો નહીં. 'સાધુની હત્યાનું કદાચ પાપ નહીં લાગે પણ ભાઈબંધની હત્યાનું આળ ચડશે.'

'ભાઈબંધ ?' વિજયસિંહની નશાથી ઘૂમરાતી કીકીઓમાં તુચ્છકાર ઘૂંટાયો: 'બધા ભાઈબંધના નામનું મેં નાહી નાખ્યું છે.'

'પણ એક ભાઈબંધનું નાહી નાખ્યા પછીય નવ વરસે આજે પાછો ફરે છે. મને ઓળખ્યો નહીં વનરાજ વિજય !'

વનરાજ વિજય ! આ તો ભાઈબંધનું સંબોધન ! આવું કહેનાર તો એક જિગર હતો. કોણ ? અરે હા, નિર્મળ.

અને વિજયસિંહની શિકારી આંખો નિત્યાનંદના મુખ પર જળોની જેમ ચોંટી ગઈ. આબેહૂબ એ જ છે, રંગીલો નિર્મળ...

વિજયની આંખો ચકળવકળ થવા લાગી. પળવારમાં જાણે નશો ઊતરી ગયો. પણ જીભ પરથી તીખાશ ઓસરી નહીં : 'નિર્મળ, તું ભગવાંમાં ભૂત થઈને આવ્યો ?'

'ભૂત નહીં વિજય, જીવતોજાગતો નિર્મળ !' સાંભળીને ઝાટકો લાગ્યો હોય તેમ વિજયસિંહ બંદૂક સાથે ઊભો થયો. તેની કીકીઓમાં ઘડીક ખુન્નસ તો ઘડીક જિજ્ઞાસા છલકતી હતી. 'હું જીવતો છતાં ભૂતની માફક ભટકું છું અને તું મરીને જીવતો જાગતો મારી પાસે આવ્યો.'

લથડતી ચાલે બંદૂકની નાળ લંબાવતો એ સાવ લગોલગ આવી પહોંચ્યો: 'ભૂતને ગોળી વાગતી નથી, મરેલાને ફરી મોત આવતું નથી. ચાલ આજે એની પણ અજમાયશ કરી લઉં.' કહેતાં વિજયે બંદૂકની નાળથી સાધુની ભગવી લુંગી ધીમે ધીમે ઊંચી કરવા માંડી. તેની ચેષ્ટાથી નિત્યાનંદની આંખો ચમકી ઊઠી. જાંઘ સુધી લુંગી ઊંચી થઈ એટલે સાધુએ ટાઢાશથી કહ્યું : 'હા વિજય, તારા શિકારી કૂતરાએ ભરેલા બચકાનું નિશાન હજુય સાબૂત છે.'

અને સાંભળતા જ વિજયસિંહના હાથમાંથી બંદૂક વચકી ગઈ. ડોક નમાવી હોઠ ભીડી વિચિત્રપણે એ સાધુને જોઈ રહ્યો. પેલાએ હૂંફાળું સ્મિત ફરકાવી હકારમાં બે વાર ડોક નમાવી.

'યાદ છે ને, બાર વરસ પહેલાં અહીં આ જ વાડીમાં તને મળવા આવ્યો ત્યારે શિકારી કૂતરાએ તરાપ મારીને મારી જાંઘ પર દાંત ભીંસ્યા હતા. તેં બંદૂકનું નિશાન લઈને એને ઠાર કરી દીધો હતો. લાજવંતીએ ઘા જોઈને મને પૂછ્યું હતું : કઈ વીસનહોરી પાસે જઈ આવ્યા કે અહીંયાં બચકું ભરી લીધું?'

અને નિત્યાનંદ ખડખડાટ હસી પડ્યો ત્યારે વિજયથી રહેવાયું નહીં. બન્ને હાથ પહોળા કરીને તેણે ભાઈબંધને બાથમાં ભીંસી દીધો : 'નિર્મળ, હું

સાવ એકલો પડી ગયો. ભગવાનમાં માનતો નથી છતાં કહું છું કે એણે મારે ખાતર તને પાછો મોકલ્યો. નિર્મળ ! મને શેતાનને સુધારવા તને સાધુવેશે એણે મોકલ્યો.'

અને કેટલીય વાર સુધી વિજય ધ્રુસકે ધ્રુસકે રડતો તેને વળગી પડ્યો.

કોઈએ જોયું હોત તો માનત નહીં કે કઠોર કાળજાનો આ શિકારી જિંદગીમાં ક્યારેય રડી શકે !

*

[૧૦]

મોટી વાડીને બંગલે ખરા બપોરે કનકસિંહ સુંવાળી શૈયામાં ઉચાટના કાંટા ભોંકાતા હોય તેમ આળોટતો હતો. પલંગની આસપાસ વેરાયેલા છાપાના ડૂચા પંખાની હવામાં વારેવારે ફરફરતા તરફડતા હતા. બે દિવસથી છાપામાં આવતા અહેવાલો વાંચીને કનકસિંહ રઘવાયો બન્યો હતો. છાપું વાંચીને બંને હાથની મુઠ્ઠીમાં એને એવી રીતે મસળી નાખતો કે જાણે છાપાવાળાની ગળચી ભીંસતો હોય. રાજગઢના 'ફૂલથાળ'ને પહેલે પાને છપાયેલા મથાળે તો એની આંખોમાં ભાલા ભોંક્યા હતા.

નવ વર્ષ પછી સાધુવેશે પાછા ફરતા હિંમતનગરના યુવરાજ ! પોલિટિકલ એજન્ટ માટે ઊભી થયેલી વિમાસણ....

'હરામજાદાએ પોલિટિકલ એજન્ટને આ મામલામાં ક્યાં સંડોવ્યા !' દાંત ભીંસીને કનકસિંહે છાપાના લીરા કરી નાખ્યા હતા, પણ તરત જ ખ્યાલ આવ્યો કે અંદરનું લખાણ વાંચવાનું તો રહી ગયું ! ગાળો બબડતાં ટુકડા જોડીને આખો અહેવાલ વાંચવો પડેલો. વાંચતો જાય અને મનમાં બબડતો જાય. મંદિરમાં હજારોની મેદની વચ્ચે સાધુ નિત્યાનંદે પોતાની જાતને નિર્મળકુમાર તરીકે જાહેર કરી. (કેવું જૂઠાણું, આદત મુજબ સેંકડોને બદલે હજારોની મેદની કરી નાખી !) નિર્મળકુમાર પર સંતાઈને બંદૂકનું નિશાન લેનાર આસામી કોણ હતો ? (તારો બાપ હતો) જુલમગાર કનકસિંહનું આસન હવે ડોલે છે... (મેવાણીના બચ્ચા, આ તારું મોત બોલે છે.) નવ વર્ષ પહેલાં નિર્મળકુમારને મૃત્યુ પામેલ જાહેર કરનાર ડૉક્ટર દીક્ષિતની શોધ ચાલી રહી છે. (એ તારો બાપ ડૉક્ટર તો થોડા કલાકમાં જ અહીં આવી પહોંચવાનો છે.) રાજગઢના પોલિટિકલ એજન્ટ વચ્ચે નહીં પડે તો નિર્મળકુમાર પોતાનો હક્ક પાછો મેળવવા અદાલતે ચઢશે... (પહેલાં તને પણ એ સાધુડાની સાથે પરલોક પહોંચાડી દઈશ !)

અને અહેવાલના છેલ્લા વાક્યે તો કનકસિંહના શરીરની રુવાંટી સળગાવી દીધી : અંદરખાનેથી મળેલી બાતમી મુજબ હિંમતનગરનાં રાજમાતા સાધુની પરીક્ષા લેવા માટે સામે ચાલીને તેને મહેલે નોતરવાનાં છે !

મારી મરજી વિરુદ્ધ મહેલમાં એક ચકલુંય ફરકી નથી શકતું. એનું આ તંત્રી બની બેઠેલા રેવાચંદ મેવાણીને ક્યાં ભાન છે !

પણ કનકસિંહ જેમ જેમ વિચારતો ગયો તેમ તેમ મનમાં પડઘો સંભળાતો ગયો કે અત્યાર સુધી ઘણુંખરું પોતાની મરજી વિરુદ્ધ જ બનતું આવ્યું છે. દાવ નાખવામાં પોતે દરેક વખતે મોડો પડીને પીછેહઠ કરતો રહ્યો છે. હવે આ મોટી વાડીને પેંતરા રચવાનું મથક બનાવી દુશ્મનના દાવને એક પછી એક ઊંધા પાડવા પડશે...

મોટી વાડી આમ તો નિર્મળકુમારના પિતાએ અંગ્રેજ મહેમાનોની સરભરા માટે બનાવી હતી. ચોતરફ ઘટાદાર વૃક્ષોનો ઘેરો, આગળ પાછળ લીલા ઘાસનાં મેદાન, આજુબાજુ દેશી-વિલાયતી ફૂલોના બગીચા, ચારે ખૂણે નગ્ન સુંદરીના નકશીદાર શિલ્પવાળા ફુવારા અને વચ્ચોવચ્ચ કાળા-ધોળા આરસપહાણની દીવાલોથી મઢેલો બે માળનો બંગલો. અંદરની સજાવટમાં પણ ભારોભાર વિલાયતીપણું, મોટા મોટા ખંડની દીવાલોને પરદેશથી મંગાવેલા રંગબેરંગી સુશોભનવાળા લીસા ભીંત-કાગળો ચીટકાવીને સજાવેલી હતી. કલાત્મક રીતે ગોઠવેલું રાચરચીલું, પરદેશથી આવેલા મોંઘા કાપડના પડદા, જેનું નામ બોલવું ન ફાવે એવા દેશમાંથી મંગાવેલાં કાચનાં નકશીદાર વાસણો, ચાંદીના છરીકાંટા તથા ચમચા, ગુજરાતીઓ બાથરૂમ બોલતાં શીખ્યા નહોતા એ જમાનામાં રાજવીએ બનાવેલો અરીસાની દીવાલવાળો બાથરૂમ કે જેમાં નાહતાં નાહતાં અંગ્રેજ મહેમાન પોતાનાં સંખ્યાબંધ પ્રતિબિંબો નિહાળી શકે !

પણ આ બધાને ટપી જાય એવું મોટી વાડીનું અચરજ તો હતું એનો તરવાનો વિશાળ હોજ અને તે ઉઘાડો નહીં, ઊંચી દીવાલો તથા વિલાયતી નળિયાના છાપરાથી અકબંધ ! જેનો ઉપયોગ માત્ર દિવસના નહિ રાત્રે પણ થઈ શકે એ માટે હોજ ફરતી રંગબેરંગી રોશનીઓ ગોઠવેલી. જ્યાં અંગ્રેજ મહેમાનો એમની ગોરી મડમો સાથે પાણીની સપાટી પર તારના રબ્બરના

બિછાનામાં પડ્યાં પડ્યાં જળક્રીડા કરતા અને પાણીથી ડરતા દેશી રાજવીઓ હોજ ફરતી પાળ પર બિછાવેલી ગાદીએ બિરાજીને શરાબ પીતાં પીતાં નગ્ન સુંદરીઓને તરતી નિહાળીને દિલ બહેલાવતા. એક વાર ઝળહળતી રોશનીમાં નાહતી દિલ્હીના ચાંદની ચોકથી ખાસ તેડાવેલી તવાયફનું ભીનું જોબન જોઈને વિલાસપુરના આધેડ રાજવીએ નશાના જોશમાં અને ઉત્તેજનાના આવેશમાં આંખો મીંચીને હોજમાં પડતું મૂકેલું. પાણીમાંથી એમની લાશ જ બહાર કાઢવી પડેલી અને આબરૂ સાચવી લેવા માટે બધું ભીનું સંકેલાઈ ગયું.... બસ, ત્યારથી વરસમાં બે વાર થતા એ જલસા પણ સંકેલાઈ ગયા.

એ મોટી વાડીને ફરી રંગરાગથી ગાજતી કરવાની કટોકટી કનકસિંહ સામે આવી ચડી હતી. શિકારશોખીન પોલિટિકલ એજન્ટ વિલિયમ સાહેબને બે દિવસ આરામ ફરમાવવા પધારવાનું નિમંત્રણ આપવા માટે જાતે જ રાજગઢ જઈ આવવાનું નક્કી કરી રાખ્યું હતું. કાયદાની સલાહ અંગે મુંબઈના માથાભારે બૅરિસ્ટર વાડિયાને મોં માગી ફી આપીને એક આંટો હિંમતનગર આવી જવાનું કહેણ મોકલાઈ ચૂક્યું હતું. હિંમતનગરનું હિત જોનારા ચાર-પાંચ રાજવીઓને પડખે બેસાડી દેવાની બાજી ગોઠવાઈ રહી હતી. બનાવની સાંજે આબુમાં વરસાદ પડ્યો જ નહોતો એવા પુરાવા માટે ત્યાંના વહીવટદારને હજાર રૂપિયાની કોથળી પહોંચતી થઈ ચૂકી હતી. 'ફૂલથાળ'ને ઝાંખું પાડી દે એવું ચોપાનિયું શરૂ કરવા માટે રાજગઢના લવજી નાગડાને સાબદો કરી દીધો હતો.

આટલાં બધાં હથિયાર સજીને બેઠો હોવા છતાં કનકસિંહ ઉચાટમાં આળોટતો હતો : રાજમાતાનું શું કરવું ? ચોપાટની બાજીમાં આ એક જ સોગઠી એવી છે જે મારી બધી જ ચાલને પાછી પાડી દે.

સાધુએ પહેરેલું બખ્તર પટારાખંડમાંથી નીકળ્યું અને રાજમાતાએ ખજાનાની વાત ઉચ્ચારી ત્યારથી કનકસિંહ એ બાઈના મનનો તાગ લેવા મગજ કસતો રહેલો... પટારાખંડને ઉંબરે ઊભા ઊભા તેણે બહુ ચીવટથી અંદર-બહાર નિરીક્ષણ કર્યું ત્યારે એક વિચિત્રતા એની નજરે ચડી ગયેલી. પટારાખંડ તથા પૂજાખંડ લગોલગ હતા અને બંને વચ્ચેની ભીંતમાં એક બારણું પડતું હતું ! એ બારણાનો ઉપયોગ કરવામાં આવે તો પૂજાખંડમાંથી

પરભારા પટારાખંડમાં આવી શકાય અને બહારનાને તેની જાણ સુધ્ધાં ન થાય. રાજમાતા બંધ બારણે પૂજા કરવાને બહાને આ વચલો દરવાજો ઉઘાડીને પટારાખંડમાં આવી શકે. મધુમતીએ રાજમાતાને પટારાખંડમાં કોઈકની સાથે વાત કરતાં સાંભળેલાં. તે એમ પણ બોલી ગયેલી કે રાજમાતા સાથે વાત કરતા પુરુષનો અવાજ નિર્મળકુમાર જેવો હતો ! તો શું રાજમાતા સાધુને છાનામાના અહીં બોલાવી તેની સાથે મારી વિરુદ્ધ કોઈ કાવતરું ઘડતાં હશે?

કનકસિંહે તર્કનો તાંતણો લંબાવ્યો : પણ એ સાધુ છાનોમાનો મહેલમાં આવી જ કઈ રીતે શકે ? મંદિરથી અહીં સુધી રાતના અંધારામાંય - કોઈની નજરે ચડ્યા વગર આવી ન શકાય તો પછી સાધુ ધોળે દહાડે આવી જ કેમ શકે ? મહેલના ચોકીદારો, નોકર-ચાકરો અને રાણીવાસની દાસીઓની નજર ચૂકવીને બાહોશ ચોર સુધ્ધાં અંદર ઘૂસી શક્યો નથી...

અને કનકસિંહના મગજમાં એક અજબ ઝબકારો થયો : રાણીમાએ ખજાનાની વાત ઉચ્ચારી ત્યારે નકશાનો ઉલ્લેખ કર્યો હતો. જો ખરેખર ખજાનો આસપાસમાં ક્યાંય દાટેલો હોય તો ભોંયરું પણ હોવું જોઈએ... અને આવું કોઈ ભોંયરું પટારાખંડ સાથે જોડાયેલું કેમ ન હોય !

એની ખાતરી કરવા કનકસિંહે ઉત્તેજનાભેર પટારાખંડની ભોંય તપાસી લીધેલી. લાદી પર પગ પછાડીને પોલાણનો પડઘો સાંભળવાની ચેષ્ટા અજમાવી પણ એમાં એ ફાવ્યો નહીં. કદાચ પૂજાખંડમાં આવું કોઈ ભોંયરું પડતું હોવાનો વિચાર જાગેલો, પણ એ ચકાસણી કરવામાં જોખમ હતું. પોતાને આવો કોઈ વહેમ પડ્યો છે એની રાજમાતાને ગંધ આવવી ન જોઈએ. તેને બદલે મધુમતીને આ બંને ખંડ વચ્ચે થતી હિલચાલ પર જાપ્તો રાખવાનું સોંપી દીધું. એ વાતનેય બે દિવસ વીતી જવા છતાં કાંઈ વળ્યું નહીં ત્યારે સાધુ સામે મોરચો માંડવાનાં ચક્રો ગતિમાન કરી દેવાં પડ્યાં.

અને ભીંતઘડિયાળે સાડા ત્રણનો ડંકો સંભળાવ્યો. એના પડઘા શમે એ પહેલાં બ્યૂક મોટરનું હૉર્ન વાગી ઊઠ્યું. કનકસિંહની કીકીઓમાં ચમક ઊપસી આવી. અધીરાઈભેર પલંગમાંથી ઊઠીને પડદો ખેસડી તેણે બહાર નજર નાખી. મોટી વાડીનો માળી દરવાજો ઉઘાડતો હતો, કાળી બ્યૂક ધીમી

ગતિએ અંદર દાખલ થતી હતી. બેચેનીભેર જેની રાહ જોવાતી હતી તેને મળવા નીચે ધસી જવાની કનકસિંહની ઇચ્છા જોર કરી ઊઠી, પણ ના, આવનારને ગરજની ગંધ વરતાવા નહોતી દેવી.

'બાપુ, અમદાવાદથી મે'માન આવી ગયા.' અરજણે ઉપર આવીને ખબર આપ્યા ત્યારેય તેણે ટાઢક જાળવી રાખી : 'એમને દીવાનખંડમાં બેસાડ અને કહે કે મને આવતાં થોડી વાર લાગશે... ત્યાં સુધીમાં તું અમારા માટે ચા બનાવતો થા.'

ફરી આવીને અરજણે ચા ટેબલ પર હાજર કરી છે એની જાણ કરી ત્યારે બાપુ દુનિયાના સૌથી સુખી માણસ હોય એવા નિરાંત જીવે અને મખમલી ચાલે સીડીનું એક એક પગથિયું ઊતરતા નીચે પહોંચ્યા. દીવાનખંડમાં દાખલ થઈ ધરાઈ ગયેલા સિંહની જેમ નિરાંતનું બગાસું ખાઈ લીધું. સોફા પર બેઠક લીધી ત્યાં સુધી આવકાર આપવાનીય ઉતાવળ ન દેખાડી.

'આવી ગયા કે ડૉક્ટર દીક્ષિત !'

'હા બાપુ !' આવનારે સહેજ ઊભા થઈને માન આપતાં કહ્યું : 'આપનો હુકમ થતાં જ ટ્રેનમાં બેસી ગયો.'

'ટ્રેનની સફરમાં છાપાં તો વાંચ્યાં જ હશે.' કનકસિંહની ચકોર નજરે જોઈ લીધું કે ડૉક્ટરના પડખામાં ગડી વાળેલાં બે-ત્રણ છાપાં પડ્યાં છે. 'લ્યો, ચા પીઓ.'

કહીને કનકસિંહે પોતાનો કપ હોઠે માંડ્યો. છાપાંના ઉલ્લેખ માત્રથી અસ્વસ્થ બની ગયેલા ડૉક્ટરની મુખરેખા નીરખવામાં કનકસિંહને સ્વાદ આવ્યો. માંડ ચાળીસે પહોંચેલા ડૉક્ટરના વાળ લમણાની બંને બાજુથી ધોળા થવા લાગ્યા હતા. ચશ્માનાં કાચ અગાઉ કરતાં વધુ જાડા દેખાતા હતા. વધી રહેલું પેટ સારી ચાલતી પ્રૅક્ટિસની ચાડી ખાતું હતું. માળો લંડન જઈને બૈરાના રોગની ડિગ્રી લઈ આવ્યો છે એટલે બેટાને મફતમાં મોજ મળતી હશે... કનકસિંહની આંખોમાં અદેખાઈનો દોરો ઊપસી આવ્યો.

'હં તો ડૉક્ટર, તમારું બાયનેકોલૉજી કેમ ચાલે છે ?'

'બાપુ, બાયનેકોલૉજી નહીં, ગાયનેકોલૉજી.'

'એ તો વિલાયતી નામ થયું, દેશમાં બૈરાંનાં રોગનું કામકાજ એટલે બાયનેકોલૉજી જ કહેવાય.' કનકસિંહે ખંધાઈથી કહેતાં ઉમેર્યું : 'કેમ ચાલે છે એ ?'

'તમારી દુઆથી ચાલુ પ્રેક્ટિસ તો ફાંકડી ચાલે છે બાપુ, પણ વિલાયતની જેમ હજુ આપણે ત્યાં બૈરાંઓ પુરુષ ડૉક્ટર પાસે જલદી આવતાં નથી.'

'અમદાવાદના મિલમાલિકોની શેઠાણીઓ પણ નહીં ?'

'હા, એવાં સુધરેલાં પેશન્ટ બે-ચાર ખરાં.'

'એમને બરોબર ખંખેરો છો ને ?' આંખ મિંચકારીને કનકસિંહે પૂછ્યું અને ડૉક્ટર નજર તારવી ગયા એટલે પડખે પડેલી ચિરૂટની ડબી ઉઘાડી : 'લો લગાવો, આ પણ વિલાયતી છે.'

કનકસિંહ મહેલમાં તો હુક્કો જ પીતા પણ મોટી વાડીમાં ચિરૂટનું ચલણ રાખ્યું હતું. ચિરૂટના બેચાર કશ લઈને ધુમાડા છોડતા કનકસિંહે વિચાર્યું: આળપંપાળ પૂરતી થઈ ગઈ. હવે નહોર બેસાડવા જોઈએ.

'ડૉક્ટર, અત્યાર લગીમાં તમારે હાથે કેટલા દર્દીનાં મોત થયાં ?' સાંભળતાં જ દીક્ષિતસાહેબ ભડક્યા : 'મારે હાથે..?'

'એટલે કે તમારી સારવારમાં સાજા ન થયા હોય એવા કેટલાક દર્દીનાં તમે ડેથ-સર્ટિફિકેટ લખ્યાં હશે ?'

'બહુ ઓછાં.'

કનકસિંહને એ જવાબ ખટક્યો હોય તેમ બીજો નહોર ભરાવ્યો :

'ત્યારે ડેથ-સર્ટિફિકેટ બાબતમાં તમે બહુ અનુભવી ન ગણાવ.'

'એ શું બોલ્યા, બાપુ, નહીં નહીં, એમ તો બાર વરસની દાક્તરીમાં આવાં પાંચસો સર્ટિફિકેટ લખ્યાં જ હશે.'

'તો પછી એમ બોલોને !' કનકસિંહે ચિરૂટના ધગતા છેડા પર વળગી જતી રાખ સામે નજર રાખીને વાત આગળ વધારી. 'આવું સર્ટિફિકેટ આપ્યા પછી કોઈ માણસ ફરી જીવતો થાય તો તમારી આબરૂને કેવોક ધક્કો પહોંચે ડૉક્ટર ?'

'પણ.... પણ... એવું...' ડૉક્ટર દીક્ષિતની જીભે લોચા વાળવા માંડ્યા ત્યારે કનકસિંહ ખંધું હસ્યો : 'ભલા માણસ, તમે એમ. ડી. ડૉક્ટર આમ ગભરાઈ જાવ તે કેમ ચાલે ? હા, એ વાત ખરી કે યુવરાજની સારવાર કરતા હતા ત્યારે તમે નવા નવા ડૉક્ટર થયેલા. માત્ર એમ. બી.; બી. એસ.'

'પણ દર્દી મૃત્યુ પામ્યો છે એની ખાતરી તો ગમે તેવા સાધારણ ડૉક્ટરનેય બે ઘડીમાં થઈ જાય. ડેથ-સર્ટિફિકેટ સાથે ડિગ્રીને શું લાગેવળગે?'

'હં, હવે કાંઈક હિંમતથી બોલ્યા.' કનકસિંહે ચિરૂટની રાખ ખંખેરી નાખતાં પેંતરો બદલ્યો : 'તો પછી તમારી યાદદાસ્તને બરાબર ચકાસીને કહો, નિર્મળકુમારનું ડેથ-સર્ટિફિકેટ લખ્યું ત્યારે યુવરાજ સોએ સો ટકા મરી ચૂક્યા હતા ને ?'

'બાપુ !' ડૉક્ટરે અથરા અવાજે સંભળાવ્યું : 'મરણ પામવામાં ટકાવારી ન હોય. માણસ સંપૂર્ણપણે મૃત્યુ પામે નહીં ત્યાં સુધી એ જીવતો જ કહેવાય.'

'એમ ઉતાવળે જવાબ ન આપો, દીક્ષિતસાહેબ.' કનકસિંહે આંખો ઝીણી કરી : 'એવું બને ખરું કે ડૉક્ટરની નજરે મૃત્યુ પામેલો માનવી અંદરખાનેથી જીવતો હોય ?'

'અંદરખાનેથી !' ડૉક્ટરની આંખો સહેજ પહોળી થઈ. બાપુના કહેવાનો મતલબ એ પામી ગયા. તેમણે થૂંક ગળે ઉતારવું પડ્યું : 'શ્વાસ બંધ થાય, હૃદયના ધબકારા સંભળાય નહીં, નાડી જવાબ આપે નહીં અને છતાંય જીવ શરીરમાં રહી ગયો હોય એવું ક્યારેક જ બને કનકસિંહજી !'

'ડૉક્ટર દીક્ષિત, આપણે ત્યાં તો ક્યારેય ન બને એવું કંઈક બની રહ્યું છે.'

'મારા આપેલા ડેથ-સર્ટિફિકેટની વાત જવા દો.' ડૉક્ટરે પહેલી વાર ગરદન ટટાર કરી : 'બાપુ, યુવરાજનો અગ્નિસંસ્કાર તમે તમારા હાથે કરેલો પછી એના શરીરમાં જીવ રહી જવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ?'

'હં !' કનકસિંહના ગળામાં ચિરૂટનો ધુમાડો અટવાયો. બે-ચાર ખાંસી આવી ગઈ. જવાબ આપનારો સવાલ પૂછવા લાગે ત્યારે એને સંભાળી લેવો જોઈએ : 'ધારો કે યુવરાજને એ સાંજને બદલે બીજી સવારે અગ્નિદાહ દેવાયો

હોત તો ?'

'તો... તો...' ડૉક્ટરે અકળામણ અનુભવી. ઉંદર-બિલાડી જેવી રમતથી તંગ આવી ગયા હોય તેમ તે બોલી ઊઠ્યા : 'બાપુ, તમે તાબડતોબ અહીં બોલાવ્યો ત્યારે મેં એમ માનેલું કે મારી સલાહ લેવા માગો છો તેને બદલે તમે ઊલટતપાસ લેવા માંડી !'

'હવે ઠેકાણે આવ્યા ડૉક્ટર !' કનકસિંહે સિફતથી કડવો ઘૂંટડો ગળી જવો પડ્યો : 'આખરે તમને સમજાયું ખરું કે તમારી આના કરતાંય વધુ આકરી ઊલટતપાસ થવાના સંજોગો ઊભા થયા છે.' કહીને એ જરા અટક્યો. ડૉક્ટર કાંઈ બોલવા જતા હતા તેમને રોકીને ઝડપભેર ઉમેર્યું : 'મેં તો તમને સારવાર આપવા બોલાવ્યા છે. આ રાજનું તમે લૂણ ખાધું છે. રાજને પૈસે તમે પરદેશ જઈને મોટી ડિગ્રી લઈ આવ્યા. અમદાવાદમાં દવાખાનું શરૂ કર્યું ત્યારે પણ શુકનના પાંચ હજાર લઈ ગયા હતા...'


'આ ઋણ હું ક્યારેય નહીં ભૂલું.' ડૉક્ટરે બોલવામાં અધીરાઈ કરી અને કનકસિંહે તક ઝડપી લીધી : 'ઋણ માત્ર યાદ રાખવા માટે નથી હોતું ડૉક્ટર, વખત આવ્યે એ ચૂકવવું પડે છે.'

'બોલો, મારે શી સેવા બજાવવાની છે ?'

'સેવા નહીં, સારવાર આપવાની છે.' કનકસિંહે ઝડપ કરી : 'ખબર નથી કે આ લડાઈમાં કોણ કોની પડખે ઊભું રહેશે. રાજમાતા છેલ્લા કેટલાક મહિનાથી મગજનું સમતોલપણું ગુમાવી રહ્યાં છે. ડૉક્ટર છો એટલે તમે સમજી શકશો કે જૂનો જખમ તાજો કરવામાં આવે તેના પ્રત્યાઘાત કેવા પડે. કદાચ એમનું સાવ ખસી જાય તો આપણે પડખેથી ખસી પણ જાય....'

આટલું કહીને કનકસિંહ જાણે કરીને અટક્યા. તેણે વાપરેલા 'આપણે પડખેથી' શબ્દોની ડૉક્ટર પર ધારી અસર થઈ. કનકસિંહની ખાસિયત હતી કે ક્રોધમાં એ જરૂર કરતાં વધુ બોલી નાખતો અને કપટમાં અર્ધું બોલીને સંકેતમાં પૂરું સમજાવી દેતો.

'પણ રાજમાતા મારી સારવાર લેવા તૈયાર ન થાય તો ?' ડૉક્ટર બોદા અવાજે બોલ્યા : 'મારી સારવારથી યુવરાજ સાજા નહોતા થયા એટલે કદાચ...'



'કદાચ શબ્દને ક્યાંય વચ્ચે નથી લાવવાનો ડૉક્ટર.' કનકસિંહે મક્કમપણે સંભળાવ્યું : 'યુવરાજની સારવાર પછી તમે ઈંગ્લેન્ડ જઈને વધુ ભણી આવ્યા. અમદાવાદના એક મિલમાલિકની પત્નીને તમે ડાહી કરી દીધી હતી. આવા તો કેટલાય કિસ્સા હશે. બાકીનું લાજવંતીબેન સંભાળી લેશે.'

એ નામ સાંભળતાં જ ડૉક્ટરના ચહેરા પરની તંગ રેખા હળવી થઈ ગઈ. ઘણુંબધું યાદ આવવા લાગ્યું. કનકસિંહ સામે બેઠા ન હોત તો એ બધું નિરાંતે વાગોળવાનું ગમત. અત્યારના ગંભીર વાતાવરણમાં એ ફાવે એમ નહોતું.

'બાપુ, રાજરાણીને તો મારા પર પૂરો ભરોસો હશે જ... જે કાંઈ બની રહ્યું છે એને લીધે રાણીબાની માનસિક હાલત બહુ સારી તો નહીં જ હોય.'

'હા, એ જ મારી મોટી ચિંતા છે. ક્યારેક બેન બહુ મૂંઝાઈ જાય છે. એનું મન ઢીલું પડી જાય ત્યારે સાચા-ખોટાનું પારખું કરવામાં ભૂલથાપ ખાઈ બેસે. તમારે એનોય ઈલાજ કરવો પડશે.'

ડૉક્ટરને આનાકાની કરવા જેવું લાગ્યું નહીં એટલે કનકસિંહે પાસો ફેંક્યો : 'વિલાયત જઈને તમે દર્દીની સારવાર માટે કાંઈક નવું શીખી આવ્યા

હોવાનું કહેતા'તા... શું નામ એનું ?'

'હિપ્નોટિઝમ !'

'હં, એ ત્રાટકવિદ્યામાં તમે કેટલા પારંગત છો એ મારે જોવું છે.'

'પણ એની અજમાયશ તો દર્દી સાથે એકાંતમાં કરવી પડે.' બોલાઈ ગયા પછી ડૉક્ટરને ભૂલ સમજાઈ એટલે વાળી લીધું : 'રાણીબાને એ નહીં ફાવે.'

'નહીં ડૉક્ટર, એ અજમાયશ તમારે મારી હાજરીમાં જ કરવાની છે. પછી બેનને વાંધો લેવા જેવું નહીં રહે.' કહીને કનકસિંહે વાત આટોપી લીધી. 'તમે હવે થોડી વાર આરામ કરો. સફરનો થાક ઉતારો. હું મહેલે જાઉં છું. સાંજે મોટર મોકલીશ, તમે આવી જજો.'

'પછી ઊભા થઈને જતાં જતાં ઉમેર્યું : 'મહેલે આપણી પહેલી મુલાકાતમાં તમે વધુ દિવસ રોકાવા માટે આનાકાની કરશો. હું આગ્રહ કરીશ. બહુ વારે તમે બે-ચાર દિવસ રહેવા કબૂલ થશો. બસ, પછીની વાત પછી !'

કનકસિંહના ચાલ્યા ગયા પછી ડૉક્ટર દીક્ષિત નક્કી ન કરી શક્યા કે પોતે ખુશ થવું યા ખેદ કરવો ? આ નવી કામગીરીમાં પાંચે આંગળી ઘીમાં બોળાવાની કે આગમાં ?

'હં ! રાજમાતા હવે ખંડનાં બારણાં વાસીને પૂજામાં નથી બેસતાં.' કનકસિંહ મધુમતીએ આપેલી બાતમી સાંભળીને બબડ્યો : 'પટારાખંડની ચાવી પણ તેણે લાજવંતીને સોંપી દીધી... થોડા દિવસ માટે જાત્રાએ જવાની વાત અચાનક કેમ ઉચ્ચારી એ સમજાયું નહીં.'

'બાપુ, એના કરતાંય વિચિત્ર લાગે એવું તો મંદિરે થયું છે. બે દિવસથી હું રોજ સાંજે મંદિરે જાઉં છું. આજકાલ શંકર ભગવાનમાં મારી શ્રદ્ધા વધતી જાય છે... પણ પેલા સાધુ મહાત્મા તો ત્યાં દેખાતા જ નથી.'

'એ સમાધિને બહાને અંદર પુરાઈ રહેલો હશે.'

'એની પણ મેં ખાતરી કરી જોઈ. પેલા બ્રહ્મચારી શંભુડાની નજરને અભડાવવાનું મેં શરૂ કરી દીધું. ધીમે ધીમે એ ચોટલીદાસ મારી મુઠ્ઠીમાં આવી જવાનો, એની પાસેથી મેં જાણી લીધું કે સાધુ બે દિવસથી ગાયબ છે. વાત

કઢાવી ત્યારે એટલું બકી ગયો કે એના ગુરુને મળવા જવાનું બોલતા હતા.'

'દુશ્મન છુપાઈને લડવાની તૈયારી કરે એ વધુ જોખમી.' કહીને કનકસિંહે બારણા તરફ નજર નાખી લઈ દાસીનું કાંડું પકડી લીધું ત્યારે પેલીએ જીભની લગામ ઢીલી કરી : 'કેમ, ડરી ગયા કે બાપુ ?'

'ના, સાવધ બની ગયો.' કનકસિંહનો હાથ પેલીની પીઠ પર ફરવા લાગ્યો. મધુમતીએ બીજો ટોણો માર્યો : 'તમારા હાથની હિલચાલ પરથી તો લાગે છે કે અસાવધ બની રહ્યા છો. કોઈક આવી ચડશે તો ?'

અને આવેશમાં આવી ગયેલો કનકસિંહ ઝાટકો આપીને તેને પડખામાં ખેંચવાની ચેષ્ટા કરે એ પહેલાં તો મહેલનું ચોગાન પૂરપાટ ધસી આવતા ઘોડાના ડાબલાથી ધમધમી ઊઠ્યું. કનકસિંહનો પિત્તો ઊછળ્યો : 'કોણ આ રીતે મહેલમાં ઘૂસી આવે છે ?'

મધુમતી સડસડાટ પાછલા દરવાજે સરકી ગઈ. કનકસિંહ રોષભેર મહેલનાં પગથિયાં તરફ ધસી ગયો. બરાબર એ જ વખતે ઘોડેસવાર લગામ તાણીને ઘોડા પરથી ઝપાટાબંધ નીચે ઊતર્યો. તેને ઓળખતાં કનકસિંહને થોડી વાર લાગી. પહેલાં તો બે ડગલાં પાછળ હઠી ગયો.

'કેમ છો કનકસિંહ જાડેજા !' આવનારે અધીરાઈથી પગથિયાં ચડી હાથ લંબાવ્યો. કનકસિંહનો રોષ હજુ ઊતર્યો નહોતો. તેમાં પેલાના વર્તનથી મૂંઝવણ વધી પડી. બંને હાથ તેણે પીઠ પાછળ જ રાખ્યા ત્યારે આવનારે તેની પીઠ પર ધબ્બો માર્યો : 'જુવાનીમાં જ નજર કમજોર થઈ ગઈ કનકસિંહ !' કહીને ફરી હાથ લંબાવ્યો : 'પોતાના માણસનેય ઓળખતાં આટલી બધી વાર? વિજયસિંહ જામને પાંચ-સાત વરસમાં જ વીસરી ગયા કે ?'

કનકસિંહે આંચકો અનુભવ્યો. વિજયસિંહ જામ ! ચહેરો તો એ જ છે પણ આટલો બધો ફેરફાર ભૂલ સુધારી લેવા માટે તેણે સિફત વાપરી. વિજયસિંહના લંબાવેલા હાથ પર નજર નાખીને કહ્યું :

'આ હાથ ભાઈબંધીનો છે કે ?'

'આવકાર આપવાને બદલે ઝડતી લો છો કે ?' વિજયસિંહે ખોટું લગાડ્યા વિના સંભળાવ્યું : 'આપણે રાજપૂતો આફત સામે એક થઈને લડવામાં

માનનારા... હિંમતનગરના રાજકુટુંબ પર એક સાધુડો કાદવ ઉડાડે, પોતાની જાતને નિર્મળકુમારમાં ખપાવે, ન બનવા જેવું બની જાય અને છતાં તમે અમને યાદ ન કરો ? હું શરાબી થઈ ગયો એટલે શું રાજપૂતી લોહી પીળું પડી જવાનું હતું ? છાપામાં વાંચીને મારું તો માથું ફાટી ગયું. અહીં આવતા પહેલાં સીધો મંદિરે જઈને એ બાવાને ફૂંકી મારવો હતો પણ થયું કે તમને લોકોને મળતો જાઉં.'

હવે કનકસિંહે તેનો હાથ પંજામાં પકડી લીધો : 'વિજયસિંહ જામ! ખરાખરીના ખેલમાં મરદ માણસ સાચાની જ પડખે ઊભો રહે.'

'સાચા-ખોટાની પરવા કોણ કરે છે ?' વિજયસિંહનો ચહેરો લાલઘૂમ થતો હતો : 'આપણે તો જેને આપણા માનીએ એની પડખે રહેવા ખાતર જાન આપી દેતાંય અચકાઈએ નહીં.'

કનકસિંહે હવે બીજો હાથ તેના ખભા પર મૂકીને દાબ્યો. મનમાં ગણતરી કરી : આવા જોરદાર ખભા પર બંદૂક મૂકીને ગોળી ચલાવવામાં મારી સલામતી વધારે છે.

વિજયસિંહજીની જીભેથી પણ તેને કંઈક એવો જ પડઘો સાંભળવા મળ્યો : 'જાડેજા ! આ બંદૂકથી કેસરીસિંહ તો ઘણા ઠાર કર્યા, હવે ઓલ્યા બાવાના શિકારનો સ્વાદ ચાખવો છે !'

'સિંહનો શિકાર કરવામાં તો મોજ આવે જામ, પણ આ તો ઝેરી નાગ છે.' કનકસિંહે ચકાસણી ખાતર કહ્યું : 'સાપને ગોળીથી મારવા જતાં નિશાન ચૂકી જવાય.'

ત્યારે વિજયસિંહની આંખોમાં ઘાતકી ચમક ઊપસી આવી :

'એમ વાત છે જાડેજા ! તો એ ઝેરી નાગને મારવા માટે આપણે ઝેરનો જ ઉપયોગ કરીશું.'

સાંભળતાં જ કનકસિંહના પંજામાં ધ્રુજારી વછૂટી ગઈ. એના બોલનો મતલબ સમજવામાં મૂંઝવણ ઊભી થઈ.

*

[૧૧]

ધાર્યા કરતાં વધુ ઝડપથી બધું ગોઠવાઈ ગયું. વિજયસિંહના અણધાર્યા આગમને ધૂંધળું વાતાવરણ ઝડપભેર વિખેરી નાખ્યું. રાજમાતા, લાજવંતી અને કનકસિંહ સમક્ષ તેણે એક પ્રસ્તાવ મૂક્યો : 'મારી દરખાસ્તને ગરજ ન માની લેતા. દુશ્મન આપણી આબરૂ પર બીજી તરાપ મારે ત્યાર પહેલાં આપણે કોઈ એવું પગલું ભરવું જોઈએ જેથી આબરૂ એક વેંત વધી જાય. કનકસિંહ, તમે આવો કોઈ કીમિયો વિચાર્યો છે ?'

દુશ્મનને મહાત કરવાના અનેક પેંતરા વિચારી ચૂકેલો કનકસિંહ જવાબ શોધવા માટે માથું ખંજવાળતો બેસી રહ્યો ત્યારે વિજયસિંહે કીમિયો સુઝાડ્યો: 'વહેલી તકે આપણે હિંમતનગરના ગાદીવારસ કરણકુમારનું વેવિશાળ કરી નાખવું જોઈએ.'

સાંભળીને રાજમાતા અને લાજવંતીએ હર્ષની હળવી ઝણઝણાટી અનુભવી, પણ કનકસિંહે નાગની ફેણ માફક ડોક ઊંચી કરી : 'આમાં આબરૂ વધારવાનો કીમિયો ક્યાં આવ્યો ? હા, તમે દીકરીના બાપ છો એટલે કદાચ તમારી આબરૂ એક વેંત નહીં, એક હાથ ઊંચી થઈ જાય ખરી.'

આ ઘા વિજયસિંહને છંછેડવા માટે પૂરતો હતો, બીજા કોઈ સંજોગોમાં આવું સંભળાવનારની તેણે બોચી પકડી લીધી હોત પણ હિંમતનગર મહેલનાં પગથિયાં ચડતી વખતે જ તેણે મિજાજ પર લગામ નાખી દીધી હતી. સ્વસ્થતા ગુમાવ્યા વિના તેણે કનકસિંહ સામે જોયું : 'પ્રસ્તાવ મૂકતી વખતે જ મેં ચોખવટ કરી છે કે મારી વાતને ગરજને ત્રાજવે નહીં તોળતા. કનકસિંહ, હજુ સુધી મેં મારી દીકરી માટે માગું તો નાખ્યું નથી. કરણકુમારના વેવિશાળની જ વાત ઉચ્ચારી છે.'

કનકસિંહ વચ્ચે બોલી ન ઊઠે એટલે અધીરાઈભેર તેણે આગળ ચલાવ્યું: 'હવે આમાં આબરૂ વધવાની વાત ક્યાં આવે છે એ સમજાવું... સાધુએ આપણી

આબરૂ ઉપર એક ઘા તો કરી દીધો. પથરો નાખીને તેણે પાણી તો ડહોળી જ નાખ્યું છે. વાત આટલેથી અટકે એવા અણસાર દેખાતા નથી. આપણી હજુ ઘણી કસોટી થવાની છે. ત્યારે કરણકુમાર માટે સારા કુળની કન્યા શોધવા જઈશું તો આપણે ગરજવાન ગણાશું. મામલો અદાલતે ચડશે તો એનો અંત આવતાં બે-પાંચ વરસ નીકળી જાય. પોતાની જાતને નિર્મળકુમાર પુરવાર કરવા માટે એ સાધુય ધાર્યા ન હોય એવા આક્ષેપો કરશે, આપણા પર કાદવ ઉડાડશે. એટલે જ કહું છું આપણે પાણી પહેલા પાળ બાંધવી જોઈએ. હિંમતનગરના ગાદીવારસની રાણી તરીકે શોભે એવી લાયક કુંવરી શોધી કાઢવી જોઈએ.'

'મેં અને લાજુવહુએ તો મનથી એ કુંવરી ધારી પણ લીધી છે વિજય!' રાજમાતાએ પ્રસ્તાવને વધાવી લેવાની અધીરાઈ દેખાડી : 'તમારી ચંદન અમને પસંદ છે.'

'પણ લડાઈનાં નગારાં વાગતાં હોય ત્યારે સગપણની શરણાઈ વગાડવાંમાં મને તો ડહાપણ દેખાતું નથી.' કનકસિંહે પ્રસ્તાવ ઉડાવી દેવાની દલીલ ઉછાળી: 'એનાથી આપણી આબરૂ શું વધવાની એ જ સમજાતું નથી.'

'હું સમજાવું, જે રાણી-કુંવરી પસંદ કરીશું એની સાથે વેવાઈનો સંબંધ બંધાશે, આપણા હિતમાં એ આપણી પડખે રહેશે. વેવાઈ રાજવીના વળનાં બીજાં રાજ્યો પણ આપણી તરફેણ કરશે.'

'તો તો વિજયસિંહ આપણે વિલાસપુર જેવા સધ્ધર રાજવીની કુંવરી પસંદ કરવી જોઈએ.' કનકસિંહે પ્રસ્તાવને ફંટાવ્યો : 'તમારી ચંદન સાથે સગાઈ કરવાથી કદાચ અમને તમારું પડખું મળે પણ જામબંદરનું રાજ થોડું પડખે ઊભું રહેવાનું ?'

'તમે વાત છેડી છે એટલે કહું છું કનકસિંહ કે છેલ્લા એક મહિનાથી જામસાહેબ મને કહેણ મોકલાવે છે હિંમતનગર જઈને ચંદનનું માગું નાખી આવો. પણ આવા વહેવારમાં હું સાવ અણઘડ ગણાઉં છું એટલે આજ સુધી વાત ટાળતો રહ્યો હતો.' કહીને વિજયસિંહે ઉમેર્યું : 'તમારી જાણ ખાતર એ પણ કહી દઉં કે ચંદનકુંવરીનું કન્યાદાન જામસાહેબ અને રાણીબાના હાથે જ

અપાશે. એ સગી કુંવરીની જેમ ચંદનને ધામધૂમથી પરણાવવા માગે છે કારણ કે એમને પોતાને કોઈ પુત્રી નથી.'

કનકસિંહના વિરોધની અણી બૂઠી થઈ ગઈ છતાં નમતું જોખતાં પહેલાં પોતાનો હાથ ઉપર રહેવો જોઈએ એટલા ખાતર દલીલ કરી : 'કન્યાદાન તો લગ્નપ્રસંગે થશે અને કુંવર હજુ પરણાવવા જેવડો થયો નથી. અમારા બનેવીને એવી ઇચ્છા હતી કે કુંવરને ખૂબ ભણાવવો, એકાદ બે વરસ વિલાયત પણ મોકલવો.'

'એ બધું થઈ રહેશે, કરણના મામા !' રાજમાતાએ કનકસિંહને પોરસ ચડાવ્યો : 'તમારી બધી જ હોંશ પૂરી કરીશું, પણ પહેલાં સગપણનું પાકું કરો. કરણની આ દાદીમા બીજી આંખે દેખતી બંધ થાય ત્યાર પહેલાં ભારે ધામધૂમથી સગાઈનો પ્રસંગ ઊજવી લો. નાનાંમોટાં રજવાડાંને નોતરાં મોકલો. મન ભરીને મહેમાનગતિ કરો, ખાનારા આંગળાં ચાટતા રહી જાય એવાં ભોજન જમાડો, આંખો અંજાઈ જાય એવા ઠાઠમાઠથી ભાણિયાનો અવસર ઊજવો તો હું તમને ખરા મામા કહું !'

રાજમાતાનો આ ઉમળકો કનકસિંહે લાગ જોઈને ઝીલી લીધો. લાગતાવળગતાની મહેમાનગતિનું આબાદ બહાનું મળી ગયું. ડોસીનું ખસી જાય એટલી હદે ખુશાલી ઠાલવી દેવાનો મનસૂબો તેણે કરી લીધો : 'તો હવે આ મામાનો ઝપાટો જોઈ લેજો રાજમાતાજી, બીજા બધાની તો ઠીક તમારી આંખો સુધ્ધાં અંજાઈ જાય એવા ઠાઠથી કરણનું સગપણ ઊજવું છું કે નહીં!'

'ઘણી ખમ્મા, કરણના મામાને ઘણી ખમ્મા !' વિજયસિંહે કનકસિંહની પીઠ થાબડી : 'હું જઈને જામસાહેબને આ ખુશખબર આપું છું. તમે સારું મૂરત જોવડાવીને જામબંદર આવી પહોંચજો.'

અને કોઈએ ધાર્યું નહોતું એટલી ઝડપથી દસમે દિવસે એ અવસર આવી પહોંચ્યો. ખુશાલીના ખળભળાટમાં બધાની તંગદિલી દબાઈ ગઈ. કરણકુમાર અને ચંદનકુંવરીની સગાઈ જામબંદરમાં તો સાદાઈથી થઈ પણ એનો ઉત્સવ હિંમતનગરમાં બેફામ ધામધૂમથી ઉજવાયો. પંદર-સોળ રજવાડાનાં રાજકુટુંબો, નજીકના ભાયાતો, દૂર દૂર વસતા હિંમતનગરવાસી મહાનુભાવો

અને રાજગઢના અંગ્રેજ પોલિટિકલ એજન્ટ વિલિયમ સાહેબ સુધ્ધાં સહકુટુંબ આ અવસરમાં સામેલ થયા હતા. રાજનાં ગામેગામની નિશાળોમાં પતાસાં વહેંચાયાં, બ્રાહ્મણોને ભોજન જમાડ્યાં, રાજમાતાને હાથે ગરીબોને દાન દેવાયાં. બબ્બે રાત હિંમતનગરનું આકાશ રંગબેરંગી આતશબાજીથી ઝળહળી ઊઠ્યું, મરદ મહેમાનો માટે મોટી વાડીમાં મોંઘી તવાયફોના મુજરા ગોઠવાયા, સ્ત્રીઓ માટે રાણીવાસમાં રાસગરબાની રમઝટ બોલી અને ત્રીજી સાંજે મહેમાનોને વિદાય આપતાં પહેલાં મહેલના ચોગાનમાં ઠાઠમાઠભર્યો મેળાવડો યોજાયો. વિલાસપુરના પહેલવાનોએ કુસ્તીના દાવ દેખાડ્યા, ઉદયગઢના ઘોડેસવારોએ અશ્વોના ખેલ કરી બતાવ્યા, ભાવનગરના છેલે જાદુની તરકીબોથી બધાનાં દિલ જીતી લીધાં અને છેલ્લે વારો આવ્યો હિંમતનગરના તલવારબાજ અમરસિંહનો.

'વિજયસિંહ, આપણા વિલિયમ સાહેબને અંગ્રેજીમાં સમજાવો કે હવે હિંમતનગરનું પાણી જોવા મળશે.'

કનકસિંહે પડખે બેઠલા વિજયસિંહ ઉપરાંત આજુબાજુવાળા બધા સાંભળી શકે એટલા ઊંચા અવાજે પોરસ કર્યો.

આથમતા સૂરજનાં કિરણોથી ચમકતી તલવાર ઊંચી કરીને અરમસિંહે ચારે બાજુ ખુમારી નીતરતી નજર ફેલાવી. પચાસ વરસના એ તલવારબાજે પોતાનાં સશક્ત બાવડાં દેખાય એવી ચપોચપ જાકીટ પહેરી હતી. તલવારની ધાર કેટલી તેજ છે એ દેખાડવા માટે અમરસિંહે એક કેળના થડને ત્રણ ઝાટકા મારી આંખના પલકારામાં કાપી નાખી. પછી આંખે પાટા બાંધીને તલવારનાં સચોટ નિશાન લેવાની પટ્ટાબાજીથી સૌની તાળીઓ ઝીલી ત્યારે કનકસિંહે ઊભા થઈ પોરસ કર્યો :

'મહેમાનો, તલવારબાજીમાં અમરસિંહની તોલે આવે એવો એક પણ રજપૂત ગુજરાત-રાજસ્થાનમાં આજે હયાત નથી. હિંમતનગરના કુંવરો સિવાય બીજા કોઈને એણે તલવારનો જે સૌથી જોખમી દાવ શીખવ્યો નથી એ હવે અમરસિંહ કરી દેખાડશે. કાળજાં કઠણ કરીને તમે જોજો.'

પ્રશંસાના જવાબમાં પોતાની તલવાર નમાવી અમરસિંહે મહેમાનોને નમન કર્યું. એટલી વારમાં પચ્ચીસ વરસનો એક જુવાન ઉઘાડા ડિલે તેની

પાસે આવીને ઊભો રહ્યો. અમરસિંહે સૌને એની ઓળખાણ આપી : 'આ છે મારો એકનો એક દીકરો જોધાસિંહ. તલવારબાજીનો આ દાવ એટલો જોખમી છે કે સગા દીકરા સિવાય બીજા પર ખેલી શકાય નહીં.'

જુવાન જોધાસિંહ ત્રણે બાજુ ફરી સૌને નમન કરી પિતાને પગે લાગ્યો: 'બાપુ, ભૂલી જજો કે તમારો દીકરો આ ઘા ઝીલવાનો છે.

કહીને જુવાન ચોગાનની વચ્ચોવચ પથરાયેલી રેતી પર ચત્તોપાટ સૂઈ ગયો. જોનારાની ગરદન ટટ્ટાર થઈ. કનકસિંહ મૂછને વળ દેવા લાગ્યા. અમરસિંહે માથે બાંધેલા સાફામાંથી ત્રણ લીંબુ કાઢ્યાં. અંગ્રેજ સાહેબ પાસે જઈને લીંબુ દેખાડ્યાં. એમણે ખાતરી કરી લીધા પછી લીંબુ લઈને અમરસિંહ જમીન પર સૂતેલા દીકરા પાસે ગયો. એક લીંબુ તેની ડૂંટી પર, બીજું છાતીની વચ્ચોવચ અને ત્રીજું લીંબુ દીકરાના કપાળે ગોઠવી દીધું.

'વિજયસિંહ, હવે અમારા બહાદુરની કમાલ જોજો.' કનકસિંહે ઉત્તેજનાભર્યા અવાજે કોણી મારતાં કહ્યું : 'અમારો આ અમરો એક પછી એક ત્રણે લીંબુ પર તલવાર ઝાટકીને એનાં ફાડિયાં ફરી દેશે, છતાં એના દીકરાને તલવારની ધારનો છરકોય નહિ થવા દે.

સૌના શ્વાસ તાળવે ચોંટી ગયા, આંખની કીકીઓ સજ્જડ બની ગઈ, કેટલીક સ્ત્રીઓ ગભરાટની મારી આડું જોઈ ગઈ. એકબીજાથી દૂર બેઠેલાં કરણ અને ચંદને વડીલોનું ધ્યાન ચુકાવીને નજર ટકરાવી લીધી.

અને અમરસિંહે બંને હાથે તલવાર પકડી, તેની ધાર કપાળ પર અડાડી, આંખો મીંચીને મા ભવાનીનું સ્મરણ કરી લીધું. તંગ નજરે જોતાં વિલિયમ સાહેબનાં ગોરાં મડમ આવો ખતરનાક દાવ ખેલવાનું રોકી પાડવાનું કહેવા જતાં હતાં ત્યાં જ અમરસિંહે 'જય ભવાની'ના નાદ સાથે તલવાર ઉગામીને વીજળી જેવી તેજ ગતિએ, સૂતેલા દીકરા પર એક બે અને ત્રણ ઘા ઝાટકી દીધા.

ઘણાની આંખો મીંચાઈ ગઈ, કેટલાકથી ચીસો નખાઈ ગઈ, ગોરી મડમની તો છાતી ભીંસાઈ ગઈ, જે રીતે અમરસિંહે તલવાર વીંઝી હતી એ જોતાં સૌએ ધારી લીધું કે નીચે સૂતેલા એના જુવાન દીકરાના ત્રણ ટુકડા થઈ

ગયા હશે અને લોહીના ફુવારા ઊડતા હશે પણ...

'શાબાશ, અમરસિંહ શાબાશ !' નો કનકસિંહનો અવાજ સાંભળીને સૌના શ્વાસ હેઠા બેઠા. જમીન પરથી લીંબુનાં ફાડિયાં ઊંચકીને અમરસિંહ ગોરાસાહેબ પાસે ગયો ત્યારે જ સૌને તાળીઓથી તેનું પરાક્રમ વધાવી લેવાનું સૂઝ્યું.

મંત્રમુગ્ધ બની ગયેલા વિલિયમ સાહેબે તો સિંહાસન પરથી ઊઠીને માનભેર અમરસિંહના બંને હાથ પકડી લીધા. તેના જુવાન દીકરાની ઉઘાડી પીઠ થાબડીને શાબાશી આપી. રાજવીઓ અને શ્રીમંત મહેમાનો તરફથી બાપ-દીકરાને ભેટ અપાવા લાગી. છેલ્લે કરણકુમારે પોતાની ડોકમાંથી સોનાનો હાર ઉતારીને અમરસિંહના ગળામાં પહેરાવ્યો ત્યારે મામા કનકસિંહનો પોરસ ઊછળી આવ્યો : 'મહેમાનો, તમારા રાજમાં અમારા અમરસિંહનો જોટો જડે તો કહેજો ! આજે તમે જોયા એના કરતાં પણ વધુ જોખમી દાવ અમરસિંહ ખેલી દેખાડશે.'

કહીને મૂછોના છેડા આમળતો કનકસિંહ બેસવા જતો હતો ત્યાં રાણીવાસ તરફથી પૂરપાટ ધસી આવતા ઘોડાના ડાબલા સંભળાયા. બધાની ડોક એકસામટી એ દિશામાં વંકાઈ. ઘોડેસવાર પર નજર પડતાં જ સૌની આંખોમાં વીજળી અંજાઈ. હાંફતો ઘોડો બરાબર વચ્ચે આવીને ઊભો રહી ગયો એ ઘડીએ તો અનેકનાં હૃદય ધબકવાનું જ ચૂકી ગયાં. ટીલિયો ઘોડો અને તેના પર સવાર થયેલા નિર્મળકુમાર !


પૂજારીની બાજુમાં બેઠેલા શંભુની ચોટલી આનંદના આંચકાથી સીધી થઈ ગઈ. કનકસિંહની પડખે બેઠેલા વિજયસિંહના હોઠ સ્મિતથી મરકી ગયા. રાજમાતાના ચહેરા પર તેજ ઊપસી આવ્યું અને લાજવંતીએ ધડકતી છાતી પર હાથ દાબી દેવો પડ્યો.

કનકસિંહના મુખ પરથી ઊડી ગયેલું લોહી પાછું આવતાં થોડી વાર લાગી, તેના મગજ પર હથોડા ટિપાવા લાગ્યા. નિર્મળકુમારના જ પોશાકમાં સજ્જ થઈ ટીલિયા ઘોડા પર સવાર થઈને સાધુ કઈ રીતે આવ્યો ! અને પાછો કેવા વખત આવ્યો !

એકબીજાના શ્વાસ સંભળાય એવો સન્નાટો ભેદીને તેણે પડકાર કર્યો:

'કોણ વણનોતર્યો આદમી આ શુભ અવસરમાં ખલેલ પાડવા આવ્યો છે ? એને પકડીને હડસેલી મૂકો નહીંતર...'

'નહીંતર મને ફૂંકી મારશો કનકસિંહ ?'



કહેતો અસવાર ઘોડા પરથી દમામભેર નીચે ઊતર્યો. ઘોડાની ડોક થાબડીને ચાર ડગલાં આગળ વધ્યો. કનકસિંહ આસપાસ ગરદન ઝાટકીને બંદૂક શોધતો હતો ત્યાં આવનારે પડકાર સંભળાવ્યો :

'ઓળખી ગયા છતાં ઓળખવાની હિંમત નથી ચાલતી કનકસિંહ?' કહીને તેણે કમરે બાંધેલી રત્નજડિત મ્યાનમાંથી તલવાર ખેંચી : 'આપણા આ શુભ અવસરમાં ખલેલ પાડવા નહીં, એનો દમામ વધારવા હાજર થયો છું, કુંવરના મામા !'

એની ચમકતી તલવાર જોઈને કનકસિંહનો ચહેરો લાલઘૂમ થઈ ગયો. તેણે લાગ જોઈને હાંક મારી : 'અમરસિંહ ! ઊભો ઊભો જુઓ છે શું? તલવારના એક ઝાટકે એને બોલતો બંધ કરી દે.'

પણ અમરસિંહ તો આ ન જોવા ધારેલા જોણાંથી પૂતળા જેવો જડ થઈ ગયો હતો. કનકસિંહે ફરી હાંક મારવી પડી : 'તને મા ભવાનીની સોગન છે જો એને...'

ત્યારે નિર્મળકુમારના વેશમાં આવેલો સાધુ સામે ચાલીને અમરસિંહ તરફ આગળ વધ્યો : 'ઉસ્તાદ, કનકસિંહ જાડેજાને ભલે ઓળખાણ ન પડી પણ તમારી યાદશક્તિ તો હજુ તલવારની ધાર જેવી તેજ હશે. યાદ છે, બેચાર વરસ પહેલાં યુવરાજને તલવારબાજી શીખવતી વખતે મારી આ જ તલવારે તમારા જમણા કાંડા પર એક છરકો કર્યો હતો ?'

સાંભળતાંવેંત જ અમરસિંહે હાથમાં પકડેલી તલવાર વચકીને નીચે પડી. પોતાની ફાટેલી આંખની કીકીઓ જમણા કાંડા પર જડાઈ ગઈ.

'વિજયસિંહ, તમે મૂંગામંતર શું બેઠા છો ? 'કનકસિંહે રઘવાયા અવાજે એનો ખભો હચમચાવી નાખતાં રાડ પાડી : 'આપણી આબરૂ લેવા આવનાર પર ફટકો મારવાનો આવો લાગ નહીં મળે.'

ત્યારે વિજયસિંહે તેનો હાથ દાબીને હળવેથી સમજાવ્યું : 'અથરા ન થાવ કનકસિંહ, દુશ્મન સામે ચાલીને જાળમાં ફસાવા આવ્યો છે. જરા ધીરા ખમો. અંગ્રેજ સાહેબની હાજરી વીસરી ન જાવ.' કહીને ઊંચા અવાજે ઉમેર્યું: 'મારો બેટો લાગે છે તો અસલ આપણા નિર્મળકુમાર જેવો ! જો સાધુના વેશે આવ્યો હોત તો આમ ડઘાઈ ન જાત... એ શું કરે છે તે જુઓ તો ખરા.'

રાજવીઓ, મહેમાનો અને નગરના આગેવાનો વચ્ચે આપસમાં ગુસપુસ શરૂ થઈ ગઈ : 'કોઈ ન કહી શકે આ નિર્મળકુમાર નથી.' 'પણ ટીલિયા ઘોડાને તો કનકસિંહે ઠાર કરાવ્યો હતો, પાછો જીવતો કેમ થયો ?' 'અરે આમાં કાંઈ સમજાતું નથી. મર્યા પછી નવ વરસે નિર્મળકુમાર પોતે રૂબરૂ હાજર થાય એ કેમ બને ?'

તલવાર મ્યાન કરીને તેણે રાજમાતા તરફ પગલાં ઉપાડ્યાં એટલે બધાંની બોલચાલ આપોઆપ બંધ થઈ ગઈ. સૌનું કુતૂહલ જોર કરી ઊઠ્યું: 'હવે એ શું કરે છે ?'

રાજમાતા પાસે પહોંચીને તેણે રાજપૂતી ઢબે પ્રણામ કર્યાં અને લાજવંતી

તરફ એક નજર નાખીને પાછો ફરી ગયો. પછી મોટેરા મહેમાનો તરફ જઈને વિલિયમ સાહેબ સાથે અંગ્રેજ ઢબે હાથ મિલાવ્યા. તેમની નજીક બેઠેલા કરણકુમાર પર આંખોથી આશીર્વાદ વરસાવીને સૌ સાંભળે એટલા ઊંચા અવાજે હાકલ કરી :

'તલવારબાજીનો સૌથી જોખમી દાવ દેખાડવાનો હજુ તો બાકી છે.' કહીને એણે મ્યાનમાંથી તલવાર કાઢી. કનકસિંહ પર નજર નાખી. તેને ધ્રૂજી જતો જોઈને એના હોઠ મરક્યા : 'નહીં જાડેજા, આજે હિસાબ સમજવા નથી આવ્યો. હિંમતનગરના ગાદીવારસ યુવરાજના સગપણનો અવસર સાચવવા આવ્યો છું. મને ચૂપ રાખવો હોય તો તમે ચૂપચાપ જોયા કરજો.'

કનકસિંહે હાથની મુઠ્ઠીઓ ભીડીને મૂંગા રહ્યા વગર ચાલે તેમ નહોતું. તેને સૌથી દાઝ તો એ ચડી કે આટલા બધા વચ્ચેથી કોઈ એકાદ માણસ પણ હરફ કેમ ઉચ્ચારતો નથી ! બધાને થઈ શું ગયું ?

'રાજવીઓ !' સાધુએ તલવાર ઊંચી કરીને સંભળાવ્યું : 'થોડી વાર પહેલાં જ કનકસિંહે પડકાર ફેંક્યો કે તલવારબાજીમાં અમરસિંહનો જોટો જડે તેમ નથી... એ વાત સાચી છે. હિંમતનગર બહારનો કોઈ રજપૂત અમરસિંહની બરોબરી કરી શકવાનો નહીં... પણ તલવારનો સૌથી જોખમી દાવ તેણે એક જણને શીખવ્યો હતો અને તે હિંમતનગરના યુવરાજ નિર્મળકુમારસિંહને !'

આટલું કહીને તેણે ચારે તરફ નજર ઘુમાવી લઈ અમરસિંહ સામે જોયું: 'મેં સાચી વાત કહી કે નહીં અમરસિંહ ?'

ત્યારે પેલાએ ડોકું નમાવી હા ભણવી પડી.

'એ ખતરનાક ખેલ છે. માણસના પેટ પર નાગરવેલનું પાન મૂકીને તેના ટુકડા કરવાનું... અને હું તમને એ કરી દેખાડવા માગું છું.'

'નહીં !' કનકસિંહ બરાડી ઊઠ્યો : 'તારી બડાઈ સાંભળીને કોઈ પોતાનો જીવ હોડમાં મૂકવા શું કામ તૈયાર થાય ?'

'તમે તો તૈયાર નહીં જ થાવ કનકસિંહ !' મલકતા મુખે સાધુએ કહ્યું: 'પણ અમરસિંહનો આ જવાન જોધાસિંહ જરૂર હિંમત કરશે.'

જોધાસિંહે તેના બાપ તરફ જોયું, અમરસિંહે કનકસિંહ સામે મીટ માંડી.

એ બિચારો હેબતાઈ ગયો હતો. નિર્મળકુમારના વેશે આવેલા સાધુની ડાબા હાથે તલવાર પકડવાની રીત જોઈને અમરસિંહ અકળામણ અનુભવતો હતો. કનકસિંહે ફેંસલો કરી લીધો : બધાની વચ્ચે આ બદમાશને ઠમઠોરીને તગડી મૂકવો... મુઠ્ઠીઓ વાળતો એ ઊભો થયો ત્યાં વિજયસિંહે તેનું બાવડું પકડી લઈ હળવેકથી કહ્યું : 'હવે મામલો મને સોંપી દો.'

કનકસિંહને પરાણે બેસાડી દઈ વિજયસિંહ ઊઠીને સાધુ તરફ આગળ વધ્યો. તેના ફરતો એક ચકરાવો મારી તીક્ષ્ણ નજરે નિરીક્ષણ કર્યું. સાધુ અડગ જ રહ્યો. વિજયસિંહનો ઇરાદો સૌને માટે કૌતુક બની ગયો.

'સાધુ, આ વેશ અને તલવાર તમને શોભતાં નથી.' વિજયસિંહના આ કટાક્ષથી કનકસિંહ ખુશ થયો પણ પેલાનો જવાબ સાંભળીને કપાળની નસ ઊપસી આવી.

'દોસ્ત, પોતાના જ માણસ સાથે દગો કરવો એ પણ રાજપૂતને શોભે નહીં.'

'ખરો તલવારબાજ ડાબા હાથે હથિયાર પકડતો નથી.'

'મરદ માટે દરેક મુશ્કેલ કામ ડાબા હાથના ખેલ જેવું હોય છે વિજયસિંહ!'

'ઝેરનાં પારખાં ન હોય સાધુ !'

'ઝેર પચાવીને જીવી ગયેલાને મોતનો ડર ન હોય વિજયસિંહ !'

'તો પછી બાપના બોલથી એક શરત સ્વીકારવી પડશે.'

'કઈ શરત ?'

'તલવારનો જોખમી દાવ દેખાડવા જતાં અમારા જોધાસિંહની ચામડી પર એક છરકો પણ થશે તો મોત યા દેશનિકાલની સજા !'

'મંજૂર છે !'

તેના મક્કમ જવાબે સૌને સાબદા કરી દીધા. કનકસિંહ ઘડીવાર ગડમથલમાં પડી ગયો પણ તરત જ મનને પંપાળ્યું : ખૂદ નિર્મળકુમાર આવે તોય આટલાં વરસ પછી તલવારના આ જોખમી દાવમાં થાપ ખાઈ જાય ! શરત મૂકવામાં વિજયસિંહે સિફત વાપરી. મોત યા દેશનિકાલ - માથા પરથી

મોટી બલા ટળશે...

'તો ભલે થઈ જાય જીવસટોસટનો ખેલ !' કહીને વિજયસિંહે જોધાને હાક મારી : 'જુવાન, આ રાજની આબરૂ આજે તારી ડૂંટી પર છે. શ્વાસ રોકી રાખી આંખો મીંચીને મડદાની જેમ પડ્યો રહેજે. કોઈ નાગરવેલનું પાન લઈ આવો.'

'હું સાથે જ લઈ આવ્યો છું વિજયસિંહ !' કહેતાં સાધુએ શેરવાણીના ખિસ્સામાંથી ભીના કપડામાં વીંટાળેલું પાન કાઢીને તેની સામે ધર્યું : 'ખાતરી કરી લો, કોઈ બનાવટ નથી ને ?'

વિજયસિંહે નાગરવેલનું સુંવાળું પાન હાથમાં લઈને તપાસી જોયું. પછી જમીન પર ચત્તા સૂતેલા જોધાના ઉઘાડા પેટની ડૂંટી પર પાન મૂકી દીધું, પોતાની બેઠક તરફ જતાં પહેલાં તેણે ફરી એક વાર સાધુ પર વેધક નજર નાખી : 'તલવાર ઉગામતા અગાઉ તમારી કોઈ આખરી ઇચ્છા હોય તો જણાવી દેજો સાધુમહારાજ !'

'ઇચ્છા નહીં, મારી પણ એક શરત રહેશે.'

'શું ?'

'મારો દાવ ખતમ થયા પછી કોઈની બક્ષિસ હું સ્વીકારીશ નહિ, પણ મારી એક બક્ષિસ કરણકુંવરે સ્વીકારવી પડશે.'

ત્યારે વિજયસિંહ ખડખડાટ હસી પડ્યો : 'અરે સંન્યાસી, તમારો દાવ અહીં ખેલ ખતમ થવાનો છે, બક્ષિસ આપવા-લેવાની નહીં, સજા ભોગવવાની તૈયારી કરો.' કહીને તેણે હાંક મારી : 'કનકસિંહ ! અંદરથી મારી બંદૂક મંગાવી આપો.'

એ વાત પર કનકસિંહ એટલો આવેશમાં આવી ગયો કે જાતે જ દોડી જઈને મહેલમાંથી બંદૂક લઈ આવ્યો : 'લ્યો વિજયસિંહ જામ, આખરે એનું મોત તમારા હાથે જ લખાયું લાગે છે. પણ જોજો, ખોપરી વીંધવાની ગફલત ન કરતા. આ વખતે કદાચ સાફા નીચેય બખ્તર પહેરીને આવ્યો હોય. ગરદન સોંસરવી ગોળી ઉતારી દેજો.'

દાંત ભીંસીને બોલી ગયેલા કનકસિંહ સામે સ્મિત ફરકાવતા વિજયસિંહે

બે જોટાળી બંદૂકમાં કારતૂસ ચડાવી : 'જાડેજા, તમે બેધડક ખેલ જોયા કરો. આપણો દાવ ક્યારેય ખાલી નથી જતો.'

એટલી વારમાં સાધુએ ખુલ્લી તલવારે જોધાસિંહ પાસે જઈને કુળદેવીનું સ્મરણ કરી લીધું હતું. ચારે તરફ જોઈ લઈ હવામાં તલવાર ઘુમાવીને તેણે નિશાન લીધું. ઉગામેલી તલવાર જોધાસિંહના પેટ પર એટલા જોરથી વીંઝી કે જોનારાના શ્વાસ થંભી ગયા. બધાને થયું કે હમણાં જ પેલા બિચારાના બે કટકા થઈ જશે, પણ પેટથી બે વેંતનું છેટું રહ્યું ત્યારે વીંઝાયેલી તલવારની તેજ ગતિને તેણે આબાદપણે અંકુશમાં લઈ લીધી અને કોઈને કાંઈ સમજાય એ પહેલાં તો જોધાના પેટ પર પડેલા પાનને આછેરો સ્પર્શ કરીને તલવાર નાગની ફેણ માફક ઊંચી થઈ ગઈ.

જોનારા બધા એકસરખા સ્તબ્ધ થઈ ગયા. સાધુએ નીચા નમીને જોધાના પેટ પર પડેલું પાન દાંડલીથી ઊંચકી લીધું : 'શાબાશ જુવાન, હવે ઊભો થઈ જા.' પછી હોઠ કરડતા કનકસિંહ તરફ જોઈને ઉમેર્યું : 'જા, જઈને અંગ્રેજ સાહેબને તારું પેટ અને મારું આ પાન દેખાડ એટલે ખાતરી થઈ જાય !'

જાણે કોઈએ નજરબંધી કરી હોય તેમ બધાં જ આંખો ફાડીને અવાક બેઠાં રહ્યાં. કોઈ કાંઈ બોલે, હરફ ઉચ્ચારે કે હિલચાલ કરે એ પહેલાં તો સાધુએ ઝપાટાબંધ રાજકુમારનો પહેરવેશ ઉતારી નાખ્યો. ભગવાં વસ્ત્રોમાં એ રત્નજડિત તલવાર સાથે કુંવર પાસે પહોંચી ગયો. ટટ્ટાર ઊભા રહીને કરણના હાથમાં તલવાર સોંપી દીધી : 'યુવરાજ, નિર્મળકુમારની સગાઈ થઈ ત્યારે તારા દાદાએ એને આ તલવાર ભેટ આપી હતી. સૂર્યવંશી કુળની એ પરંપરા છે.'

બંને હાથમાં તલવાર પકડીને કરણ ઊંચી ડોકે તેને અપલક આંખે તાકી રહ્યો. સાધુની સજળ કીકીઓમાંથી વહેતું વાત્સલ્યનું ઝરણું એના માસૂમ હૃદયને ભીંજવી ગયું. આશીર્વાદ આપવા માટે સાધુનો હાથ ઊંચકાયો ત્યારે કરણનું મસ્તક આપોઆપ નમી ગયું.

વધુ વાર રોકાયા વગર, ભગવા ઝભ્ભાના ખિસ્સામાં રાખેલો કાગળ અંગ્રેજ સાહેબના હાથમાં સુપરત કરી દઈ, ઝપાટાબંધ ટીલિયા ઘોડા પર સવાર

થઈને સાધુ પવનવેગે સડસડાટ અદૃશ્ય થઈ ગયો. ત્યાર પછી થોડી વારે સૌની મૂર્છા વળી હોય તેમ બધાંની વાચા ફૂટી : 'આ તે કેવો ચમત્કાર થઈ ગયો !'

'એ બાવો જાદુમંતર કરીને આપણને સૌને બનાવી ગયો !' કનકસિંહ બરાડી ઊઠ્યો : 'એના નજરબંધીના ખેલથી કોઈ ભરમાશો નહીં.'

'પણ જાડેજા, એજન્ટ સાહેબને એ શેનો કાગળિયો આપી ગયો એ તો પહેલાં જાણી લો.' વિજયસિંહે ટકોર કરી ત્યારે સૌનું ધ્યાન વિલિયમ સાહેબ પર દોરાયું. કાન સરવા રાખીને બધાએ કાગળનું લખાણ સાંભળ્યું :

'માનનીય પોલિટિકલ એજન્ટ સાહેબ,

નવ વર્ષ પહેલાં જેને મૃત્યુ પામેલા જાહેર કરવામાં આવ્યા હતા એ હિંમતનગરના યુવરાજ નિર્મળકુમાર આપને અરજ ગુજારે છે કે મને માનભેર મારું સ્થાન પાછું આપવામાં આપ મધ્યસ્થી બનો. હું સાચોસાચ નિર્મળકુમાર છું કે નહીં એની ખાતરી કરવાની આપ તસ્દી લો અને ન્યાય આપો.

જો આ બાબતને આપ આપની સત્તા બહારની ગણતા હો તો મારો હક્ક સાબિત કરવા રાજગઢની અદાલતમાં દાવો માંડવાની મારે કડવી ફરજ બજાવવી પડશે, જે કોઈ પણ રાજકુટુંબ માટે શોભારૂપ ન ગણાય. ચોવીસ કલાક હું આપના પ્રત્યુત્તરની રાહ જોઈશ.

એ જ લિ.

નિત્યાનંદ ઉર્ફે નિર્મળકુમાર

લખાણ સાંભળીને કોઈને કાંઈ જ બોલવાનું સૂઝ્યું નહીં.

*

[૧૨]

કચ્છ, કાઠિયાવાડ અને ગુજરાતમાં ખળભળાટ મચી ગયો હતો. કરણકુમારના સગપણની ઉજવણીમાં છેલ્લી ઘડીએ દૂધપાકમાં મીઠું નાખી દેવા જેવી દુર્ઘટના બની ગઈ ત્યારે કનકસિંહે ગળગળા અવાજે મહાજન-મહેમાનોને વિનવણી કરેલી : 'હિંમતનગરના રાજકુળની આબરૂને ધક્કો પહોંચાડવા અને રાજનું સિંહાસન પચાવી પાડવા માટે આ સાધુ જાતજાતનાં તરકટ અજમાવે છે. મેલી વિદ્યાના જોરે આંખ આંજી નાખતા ચમત્કારો દેખાડીને એ બધાને ભરમાવવા માગે છે, કારણ કે ચહેરે-મહોરે એ સાધુ અમારા સ્વર્ગસ્થ યુવરાજ નિર્મળકુમારને મળતો આવે છે.'

બોલતાં કનકસિંહ ગળું ખંખેરવા થોડું અટક્યો હતો.

પોતાના શબ્દોની થોડીઘણી અસર વરતાય છે એવું લાગવાથી જુસ્સો ઘૂંટીને તેણે કહેવા માંડ્યું હતું : 'આ તરકટી સાધુ સારી રીતે સમજે છે કે હિંમતનગરનું રાજસિંહાસન એના બાપની જાગીર નથી, એ ક્યારેય ત્યાં સુધી પહોંચી શકવાનો નથી. પણ અમારું નાક દાબીને મોઢું ખોલાવવાની તરકીબ એ અજમાવી રહ્યો છે. થોડા દિવસ અગાઉ એણે ખાનગીમાં સમાધાન કરી લેવા માટે અમને કહેણ મોકલ્યું હતું કે મને સવા લાખ રૂપિયા આપી દો તો મારો દાવો જતો કરી આ દેશ છોડીને સદાને માટે તમારી નજર સામેથી ચાલ્યો જાઉં....

કનકસિંહની એ વાત પર બધાની ગરદન ટટ્ટાર થતી દેખાઈ ત્યારે એણે મૂછને છેડે બેચાર વળ દઈ દીધા હતા : 'હવે તમે જ કહો અમારે શું કરવું ? અત્યારે એણે નજરબંધીના જોરે તલવારના ખેલ દેખાડ્યા જેથી તમારા બધાના મનમાં ઠસી જાય કે એ પોતે સાચેસાચ નિર્મળકુમાર જ છે. ઘડીભર તો એના વશીકરણથી હું પોતે જ દિગ્મૂઢ બની ગયો હતો. પણ તમે જ વિચાર કરો. નિર્મળકુમાર તલવારબાજીના અચ્છા જાણકાર હોવા છતાં માંદગી પછી

બાર વરસે એકાએક તલવાર પકડીને એ ખુદ આ રીતે ખેલ કરી શકે ખરા? મૃત્યુ પહેલાં બે-અઢી વરસ તો એ પથારીવશ હતા. કોઈ પણ માણસ દશ-બાર વરસ તલવારબાજી છોડી દીધા પછી મન પડે ત્યારે તલવાર ઊંચકીને પોતાની હોશિયારી દેખાડવાની હિંમત ન કરી શકે. તેમાં આ તો ભગવાંધારી સાધુ ! તેનો દાવો છે કે પોતે નવ વરસથી સાધુજીવન વિતાવે છે, તો પછી તલવારના દાવ ક્યાંથી શીખ્યો ? એના પરથી સાફ સમજાઈ જાય છે કે એ સાધુ નથી, પણ સાધુના વેશે આવેલો કોઈ ઠગ છે. યુવરાજ નિર્મળકુમાર વિષે અગાઉથી રજેરજ જાણી લઈને પોતાને નિર્મળકુમારમાં ખપાવી દેવાની પૂરેપૂરી તૈયારી સાથે એ આવ્યો છે. જતાં જતાં એણે ગોરાસાહેબના હાથમાં જે કાગળ આપ્યો એમાં એવી સુફિયાણી વાત લખી છે રાજકુટુંબને અદાલતમાં ઘસડી જઈને હું એમની આબરૂ ઓછી કરવા નથી માગતો... આડકતરી રીતે એણે અમને આ ધમકી આપી છે, પણ ખરી રીતે તો એ પોતે જ અદાલતથી આઘો રહેવા માગે છે કારણ કે એનું જૂઠાણું ઉઘાડું પડી જાય તો મહેલની લાલચમાં જિંદગી જેલમાં વિતાવવી પડે. આપ સૌ મહેમાનોને મારી એટલી જ વિનંતી છે કે થોડી વાર અગાઉ જે કંઈ બની ગયું એને તમારા મનમાં જ ધરબી રાખજો. બહાર ક્યાંય કોઈની પાસે આ વાત ઉચ્ચારશો નહીં. હિંમતનગરની આબરૂનો ધજાગરો કરવાની એ પાખંડી સાધુની ચાલબાજી આપણે સૌએ ભેગા મળીને ઊંધી વાળવાની છે. રજવાડાને કાળી શાહીથી ચીતરનારા છાપાવાળાને આનો ઈશારો સુધ્ધાં ન સાંપડે એ માટે આપણે સાવધ રહેવાનું છે. તમે સૌ અમારી પડખે જ ઊભા રહેશો એની તો અમને ગળા સુધીની ખાતરી છે.'

પણ બીજી સવારે 'ફૂલથાળ'માં એ સઘળી ઘટનાનો આંખે દેખ્યો અહેવાલ બહાર પડી ગયો ત્યારે કનકસિંહને કોઈએ સામી છાતીએ છૂરી હુલાવી દીધી હોય એવો વસમો ઘા લાગ્યો. છાપાના તંત્રી રેવાચંદ મેવાણીએ પાછો ખુલાસો કર્યો હતો કે કંઈક બનવાનું છે એની અમને ગંધ આવી ગઈ હોવાથી વેશપલટો કરીને અમે જાતે જ વગર નોતરે અવસરમાં હાજર રહીને જે કાંઈ બની ગયું એ બધું જ નજરોનજર નિહાળ્યું છે. એમાં રતીભાર પણ અતિશયોક્તિ કરી નથી.

'હવે તો હદ થાય છે !' કનકસિંહે મુઠ્ઠીઓ ઉગામીને હવામાં ખીજ ઉછાળી : 'વગર નોતરે વેશપલટો કરીને એ આપણી બદબોઈ કરવા આવ્યો હતો. નક્કી એ મેવાણી પણ સાધુ સાથે ભળેલો હોવો જોઈએ. એ સિવાય એને આવી ગંધ આવે ક્યાંથી ? પોલિટિકલ એજન્ટને સંબોધી સાધુએ લખેલા કાગળની અક્ષરોક્ષર નકલ તેની પાસે આવી ક્યાંથી ?'

'કનકસિંહ, છાપાવાળાનો તો આ ધંધો છે.' વિજયસિંહે તેને ટાઢા પાડતાં કહ્યું : 'તેમાં તમે કાલે સાંજે એવી ટકોર કરી કે છાપાવાળા રજવાડાંને કાળાં ચીતરે છે એટલે એણે આપણને વળતો ફટકો માર્યો.'

- છતાં તમારા પેટનું પાણી હાલતું કેમ નથી ? રૂંવાડુંય ફરકતું કેમ નથી ?

જીભના ટેરવા સુધી પહોંચેલો સવાલ કનકસિંહે સિફતથી દાંત વચ્ચે કચડી નાખ્યો. વિજયસિંહ તેના સ્વભાવની વિરુદ્ધ વર્તતો હોય એવું કેમ લાગ્યા કરે છે ? મહેલનાં પગથિયાં ચડીને મારી સાથે હાથ મિલાવ્યા ત્યારે એ કેવા ઝનૂનમાં હતો ? સાધુને વીંધી નાખવાની કેવી અધીરાઈ દેખાડી હતી એણે! ત્યાર પછી સાધુને પડતો મૂકી પોતાની પુત્રી સાથે કરણકુંવરની સગાઈની વેતરણ ચાલુ કરી દીધી. આપોઆપ બધું થાળે પડી જશે એવી ધરપત આપીને સગપણ ગોઠવી નાખ્યું. રાજમાતાને એણે રાજી કરી દીધાં અને હિંમતનગરનો વેવાઈ પણ બની ગયો... શું આમાં એની કોઈ ચાલબાજી હશે ?

સામે બેઠેલા વિજયસિંહને વેધક નજરે નીરખતા કનકસિંહે મનમાં ચકાસણી ચાલુ રાખી : કાલ સાંજે પેલો સાધુ અચાનક નિર્મળકુમારના પોશાકમાં ઘોડે ચડીને ધસી આવ્યો છતાં એણે એવો જબ્બર આંચકો અનુભવ્યો નહોતો. તલવારના દાવમાં ભોંઠો પડે તો સાધુને મોત કે હદપારીની સજા ફરમાવવાની તેણે શરત મૂકી ત્યારે એ ટાઢે કોઠે વરત્યો હતો. પોતાની બંદૂક મંગાવવાનો દેખાવ કરીને એણે ઠાવકાઈ ધારણ કરી લીધી હતી. વિજયસિંહ આટલો બધો ઠરેલ ક્યારેય નહોતો.

'શું વિચારમાં પડી ગયા કનકસિંહ !' સામે બેઠેલા વિજયસિંહે પૂછ્યું ત્યારે ખલેલ પડી હોય તેમ હાથની ચેષ્ટાથી થોભી જવાનું કહી એણે વિચારવાનું

ચાલુ રાખ્યું : દિવસ આથમ્યે મહેમાનોને વિદાય કર્યા પછી પોલિટિકલ એજન્ટની હાજરીમાં મધરાત સુધી મસલત ચાલી તેમાં વિજયસિંહ અને રાજમાતાનો મત લગભગ દરેક બાબતમાં સરખો જ પડતો હતો. સાધુ અદાલતમાં દાવો માંડે એનો રાજમાતાએ જોરદાર વિરોધ કર્યો ત્યારે વિજયસિંહે ટાપશી પુરાવીને કહેલું: કોર્ટે ચડવામાં આપણા માટે વધુ જોખમ રહેલું છે. રાજમાતાને જુબાની આપવા બોલાવે કે લાજવંતીભાભીને ગમે તેવી પૂછપરછ થાય એ અજુગતું ગણાય. વકીલો કેવા વાયડા હોય છે એ આપણે જાણીએ છીએ. એ તો એમ પણ પૂછે કે તમારા ધણી નિર્મળકુમાર ઘણી વાર મોડી રાતે ઘેર આવતા તો એ ક્યાં જતા હતા ?' એની આ દલીલ સાંભળીને જ લાજવંતી થથરી ઊઠેલી અને 'મારા જીવને મૂંઝારો થાય છે' કહેતી ઊઠીને ચાલતી થઈ હતી... પોતે પ્રસ્તાવ મૂક્યો કે રત્નજડિત તલવાર અને યુવરાજનો પોશાક મહેલમાંથી તફડાવીને તેનો ઉપયોગ કરવા માટે સાધુ પર ચોરીનો આરોપ મૂકી દાવો માંડવો. તો વિજયસિંહે ભડકી જઈને વિરોધ દર્શાવ્યો હતો : 'આવી કટોકટીમાં ચોરીનો આરોપ મામૂલી ગણાય. એવી વાત છાપે ચડે તો આપણી ઠેકડી થાય.'

'તો પછી શું કરવું ?'

-'એક જ ઉપાય છે...' વિજયસિંહે જાણે વિચારી રાખ્યું હોય તેમ સૂચવ્યું હતું : 'આપણે પોલિટિકલ એજન્ટને મધ્યસ્થી બનાવી સાધુના દાવાને પડકારવો. ગોરાસાહેબ સામે એણે પુરવાર તો કરવું પડશે ને કે એ પોતે ખરેખર નિર્મળકુમાર છે.'

'એ નિર્મળકુમાર હોઈ જ કેમ શકે ? સૌની દેખતાં અમે યુવરાજને ચિતા પર ચડાવ્યા હતા, અગ્નિદાહ આપ્યો હતો.' કનકસિંહે કહ્યું.

- એ જ તો આપણા લાભની વાત છે ! વિજયસિંહે કેવી સિફતથી સૌના મગજમાં આ ઠસાવી દીધેલું : એ સાધુ પુરાવા લાવશે ક્યાંથી ? યુવરાજને ટી. બી. થયો હતો એની દાક્તરી સાબિતી આપણી પાસે છે. મૃત્યુ સમયે સારવાર કરનાર ડૉક્ટર દીક્ષિત આપણી તરફેણમાં જ જુબાની આપવાના છે. તો પછી સાધુ કેવી રીતે પુરવાર કરશે કે ચિતામાં સળગી ગયા પછી હું પાછો સજીવન થયો ? એની વાત ગોરાસાહેબને ગળે કેમ ઊતરશે ?

- ધારો કે સાધુ બનાવટી છે એવું પુરવાર થયા પછી એ ફરી નહીં જાય એની ખાતરી શું ? એ ધારે તો પાછળથી પણ અદાલતે ચડીને હકદાવો દાખલ કરી શકે તો તો આપણે મૂરખ ઠરીએ ને ?

- કનકસિંહ, તમારી એ વાત વિચારવા જેવી છે, કહીને એણે થોડી વાર મગજ કસવાનો દેખાવ કર્યો હતો અને રસ્તો પણ સુઝાડ્યો હતો: 'હં, એક ઉપાય છે. પોલિટિકલ એજન્ટ સમક્ષ કેસ રજૂ કરવામાં સંમત થતાં પહેલાં સાધુ સામે આપણે એક શરત મૂકીએ.'

- કઈ શરત ?

- એણે દસ્તાવેજના કાળ પર લખી આપવાનું કે ગોરાસાહેબનો ફેંસલો પોતે માથે ચઢાવશે. પોતે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડે તો માફીપત્ર લખી આપવાનું અને ગેરલાભ ઉઠાવવાની દાનતથી આ કાવતરું રચ્યું હોવાનો લેખિત એકરાર આપવાનો.

- પણ સાધુ આવી શરત કબૂલ રાખશે ?

- કબૂલ ન રાખે તો પછી એ છે અને આપણે છીએ ! કહીને વિજયસિંહે એના અસલ મિજાજમાં પ્રસ્તાવ મૂક્યો હતો : તમને વાંધો ન હોય તો હું પોતે સાધુ પાસે જઈને આ શરત મૂકવા તૈયાર છું.

- વિજયસિંહ, પ્રથમ પગલે જ તમે તો નમતા જવાની વાત કરી!

- નહીં કનકસિંહ, તમે ભૂલો છો, એને અદાલતે ચડતો રોકવાની આ મારી ચાલ છે. એ સાધુ આપણી શરત મંજૂર નહીં રાખે તો મારા વડવાના સોગન ખાઈને કહું છું, હું એને અદાલતે પહોંચવા સુધી જીવતો જ નહીં રહેવા દઉં !

બસ, વિજયસિંહ આ વાત પર પોતે મુસ્તાક બન્યો હતો. છતાં અત્યારે લાગતું હતું કે આની પાછળ એની કોઈ જુદી જ ગણતરી તો નહીં હોય ને? આ ભેદનો તાગ કઈ રીતે લેવો ?

આંખો ભીડીને વિચારમાં ઊંડી ડૂબકી મારી ગયેલા કનકસિંહ કંઈક બોલે એની રાહ જોવાની ધીરજ ખૂટી ગઈ ત્યારે વિજયસિંહે એક કીમિયો અજમાવ્યો. બંદૂક ખભે ચડાવવાનો અવાજ કરતાં ઊભા થઈને તેણે કહ્યું :

'કાલ રાતના ઉજાગરાથી તમારી આંખો ઘેરાતી લાગે છે, ભલે જાડેજા, તમે નીંદર ખેંચી લો ત્યાં સુધીમાં હું પેલા સાધુને મળી આવું.'

અને કનકસિંહે ઝાટકા સાથે સફાળા ટટ્ટાર થઈ જવું પડ્યું. એના બોલમાં કટાક્ષ છૂપો ન રહ્યો : 'તમને એ સાધુનાં દર્શનની ભારે તાલાવેલી લાગી છે કે શું ?'

'તાલાવેલી નથી તેમ તમારી માફક આંખો મીંચી દેવા જેટલી ધરપત પણ નથી જાડેજા.' સામે કટાક્ષ ફેંકીને વિજયસિંહે ઠાવકાઈથી વાળી લીધું : 'સાધુએ આપેલી ચોવીસ કલાકની મહેતલ પૂરી થવા આડે પૂરા બે કલાક પણ બાકી નથી.'

'તમે તો એવી વાત કરો છો કે હિંમતનગરના આપણા બદલે જાણે એનું રાજ ચાલતું હોય.'

'રાજ તો આપણુંય ક્યાં ચાલે છે જાડેજા !' વિજયસિંહે પગ ઉપાડતાં હસીને સંભળાવ્યું : 'નહીંતર આ ગોરાસાહેબને સલામો શું કામ ભરવી પડે? એણે સવારે જતાં જતાં આપણને સંભળાવ્યું'તું એ યાદ છે ને.... આ મામલો કુનેહથી પતાવજો નહીંતર અંગ્રેજ સરકાર તમારા આપસના ઝઘડાને કારણે આ રાજનો વહીવટ પોતાને હસ્તક લઈ લેતાં અચકાશે નહીં.'

બહુ વસમું લાગ્યું કનકસિંહને, ગોરાસાહેબે ધમકી સંભળાવી ત્યારે જ પગ નીચેથી ધરતી સરકતી લાગી હતી. એ ફરીને તાજું કરવાની શી જરૂર હતી?

વિજયસિંહ ઘોડા પર મહેલના દરવાજા બહાર પહોંચ્યો ત્યાં લગી એ તેની પીઠે તાકતો રહ્યો. જેવો એ દેખાતો બંધ થયો કે દાંત કચકચાવીને તેણે મધુમતીને હાંક મારી. પેલી જાણે સાદ પડવાની રાહ જોતી હોય તેમ બીજી જ ઘડીએ હાજર થઈ ગઈ.

'આખરે ચાર દિવસે બાપુને આ દાસી યાદ આવી ખરી.'

'મેણાં કે મલાવાનો વખત નથી મધુડી.' ચપટી વગાડીને કનકસિંહે વિચારી રાખેલી તરકીબ સંભળાવી : 'ઝડપભેર મંદિરે પહોંચી જા. તારું સ્ત્રીયાચરિત્ર અજમાવીને ગમે તે ભોગે વિજયસિંહ અને સાધુ વચ્ચેની રજેરજ

વાત કાનમાં ભરી આવ, એ કામમાં પાર પડીશ તો તારા બેય કાન સોનેથી મઢાવી દઈશ.'

'માત્ર કાન જ બાપુ ?' મધુમતીએ મીઠો છણકો કર્યો : 'મને આખેઆખી સોનેથી મઢી દો એની હું તો રાહ જોઉં છું.'

'એવોય વખત આવશે સોનાઘેલી !' કહીને અધીરાઈભેર તેના ગાલે ટાપલી મારતાં કહ્યું : 'અત્યારે વખત બગાડ નહીં. ઝટ પહોંચી જા, નહીંતર મોડી પડીશ.'

હરણીની જેમ મધુમતીએ પગ ઉપાડ્યા અને પાછલા દરવાજેથી સરકી જતાં પહેલાં કનકસિંહ સામે આંખ મીંચકારી : 'બાપુ, હું મોડી પડું એ વાતમાં માલ નહીં. દરેક ઠેકાણે પહોંચવામાં તમારી જેમ હુંય ટૂંકા રસ્તા જ પસંદ કરું છું.'

પણ ટૂંકા રસ્તાનો લાંબો અર્થ સમજવા જેટલું કનકસિંહનું મગજ ત્યારે ઠેકાણે ક્યાં હતું !

* * *

'છાપાવાળાએ બરાબરનો ખળભળાટ મચાવી દીધો મા'રાજ !' શંભુએ માથાની ચોટલીની ગાંઠ કસીને બાંધતાં કહ્યું : 'આજે ઘેર ઘેર ભગવદ્‌ગીતાની જેમ એ વંચાતું હશે. મને તો થાય છે મહેલે જઈને કનકસિંહબાપુનું મોં જોઈ આવું. એ બિચારા પર કેવી ગુજરતી હશે.'

ત્યાં તો ઘોડાના ડાબલા સંભળાયા. શંભુ ભડકીને ઉભડક થઈ ગયો: 'બાપરે નામ લેતાં જ પધરામણી થઈ લાગે છે.'

'નહીં શંભુ, કનકસિંહનો ઘોડો ન હોય.' સાધુએ અનુમાન કર્યું, 'મહેતલનો જવાબ વાળવા વિજયસિંહને મોકલ્યા લાગે છે.'

અને બીજી જ ઘડીએ વિજયસિંહનો અવાજ સંભળાયો : 'પૂજારી, પેલા સ્વામી નિત્યાનંદ મહારાજ ક્યાં બિરાજ્યા છે ?' એની પૃચ્છામાં કટાક્ષ હતો : 'એ સમાધિમાં બેઠા ન હોય તો કહો કે રાજમહેલથી વિજયસિંહ જામ મળવા પધાર્યા છે.' કહીને ઘોડા પરથી ઊતરતાં ઉમેર્યું : 'દર્શન કરવા માટે નહીં !'

'પધારો, આજકાલ સાધુએ પોતે જ દર્શન આપવાનું બંધ કર્યું છે.' ચોખવટ કરતાં પૂજારી એમને દરવાજા સુધી દોરી લાવ્યા : 'શંભુ, નિત્યાનંદજીને કહે કે મહેલના મહેમાન પધાર્યા છે.'

શંભુએ ઊઠીને એમનું સ્વાગત કર્યું. સાધુની સામે બિછાવેલી ગાદી પર બેસવાનો વિવેક દાખવ્યો : 'બિરાજો, આપ આવ્યા છો એ તો મહાત્માજીએ ઘોડાના ડાબલા સાંભળીને જ જાણી લીધું હતું.'

વિજયસિંહને એ દોઢડહાપણ ખટક્યું હોય તેમ શંભુ સામે કતરાઈને જોયું : 'દરેક મહાત્માના ચેલા આવી જ રીતે ચમત્કારની વાત ફેલાવે છે, પણ મારા પર એની કોઈ અસર નહીં થાય ચોટલીદાસ !'

'એ બિચારા પર ખીજ શું કામ ઉતારો છો વિજયસિંહ જામ !' સાધુએ તેની તરફ પ્રસાદની થાળી લંબાવતાં કહ્યું : 'વર્ષો જૂના ભાઈબંધના ઘોડાના ડાબલા ઓળખી જવામાં ચમત્કાર ક્યાં આવ્યો ?'

'ભાઈબંધ !' વિજયસિંહે તુચ્છકારભર્યું હસતાં સંભળાવ્યું : 'સાધુ થઈને ગળે પડતાં સારું આવડે છે.'

'હવે તો ભાઈબંધમાંથી પાછા વેવાઈ થયા.'

સાધુનાં વેણ સાંભળતાંની સાથે જ વિજયસિંહે ખભા પરથી બંદૂક ઉતારી. 'જીભ પર લગામ રાખો સાધુ ! રાજપૂતો ઠેકડી સાંખી લેતા નથી. સીધી રીતે વાત સાંભળવી હોય તો બેસું નહીંતર બે ગાળ દઈને હાલતો થાઉં.'

'ગાળ દેશો તો વેવાઈને નાતે એ તમને જ લાગશે.' સાધુએ જરાય અસ્વસ્થ થયા વિના સંભળાવ્યું : 'અને ગોળી ચલાવવાનું તો શક્ય જ નથી. ઉતાવળમાં તમે બંદૂક ભરવાનું ભૂલી ગયા છો.'

વિજયસિંહને ઝાટકો લાગ્યો. તેની વાત સાચી હતી, બંદૂકમાં કારતૂસ ભરવાની રહી ગયેલી. કનકસિંહ સાચું જ કહેતા'તા, સાધુ મેલી વિદ્યાનો પાકો જાણકાર છે.

'તમારી કોઈ વિદ્યાથી હું અંજાઈ જવાનો નથી.' વિજયસિંહે નમી ગયેલી ગરદન ટટ્ટાર કરતાં સંભળાવ્યું : 'જે કામ માટે આવ્યો છું એ પતાવીને મારે ઝટ રવાના થવું છે, તમારા આ ચેલાને કહો બહાર જઈને બેસે.' એટલું

સાંભળતાં જ શંભુ સફાળો ઊભો થઈને બહાર સરકવા ગયો ત્યાં એની પીઠ પર તાકીદ અફળાઈ : 'અને એ ચોટલીદાસ, સંતાઈને વાતચીત સાંભળવાની પેરવી ના કરતો... નહીંતર કુંવારો ગુજરી જઈશ તો પૂજારીને તારી પાછળ લીલ પરણાવવી પડશે.'

ધમકી સાંભળીને શંભુની ચોટલી થથરી. રોષમાં તેણે જરૂર કરતાં વધારે જોશમાં બારણાં વાસી દીધાં, પણ બહાર નજર કરી ત્યાં મહેલની દાસી દેખાતાં જ શંભુએ ઝણઝણાટી અનુભવી.

બારણાં બંધ થવાની સાથે જ સાધુએ સંયમ ખંખેરી નાખી વિજય તરફ બંને હાથ લંબાવ્યા : 'તને મળવા માટે કેટલી અધીરાઈ જાગી હતી વનરાજ, આખરે મારા કુંવર જોડે તારી કુંવરીનું બંધ બેસાડી દીધું ખરું !'

પણ વિજયસિંહે તેના ઉમળકાનો પડઘો પાડ્યો નહીં. પોતાની જગ્યાએથી હઠ્યા વગર તેણે આંખો ફાડી.

'દોસ્ત, હવે છોડ નાટક ! બે ઘડી એકાન્તમાં મળ્યા છીએ તો દિલ ખોલીને વાતો કરીએ, હરખનો ઊભરો ઠાલવીએ.'

પણ વિજયસિંહ ડગ્યો નહીં, 'સાધુ મા'રાજ, મનેય તમારું આ નાટક પસંદ નથી. લાવો કાગળ-પેન્સિલ, તમારી મહેતલના જવાબમાં અમારે એક શરત મૂકવાની છે. પહેલાં એ વાંચી જાવ.'

એની સખ્તાઈથી સાધુ સ્તબ્ધ બની ગયો : એકાએક એનામાં આ પલટો ક્યાંથીય આવ્યો ? કનકસિંહે કાનભંભેરણી કરી કે લાજવંતીએ આનો ઇરાદો બદલાવી નાખ્યો !

સાધુ વિમાસણ વાગોળતો રહ્યો એટલી વારમાં વિજયસિંહે ઉતાવળે કરેલા લખાણનો કાગળ તેની સામે ધર્યો : 'લ્યો, વાંચી લો, અમારી શરત.'

ધ્રૂજતા હાથે તેણે કાગળ હાથમાં લીધો, વાંચવા અગાઉ વિહ્વળ નજરે વિજયસિંહ સામે જોઈ લીધું. સામેથી વળતો પડઘો ન પડ્યો ત્યારે લખાણ પર આંખ માંડી :

'શરત એ છે કે આપણે અત્યારે પણ દુશ્મનની જેમ વર્તવાનું !' વાંચતાં જ સાધુની ગરદન ઊંચી થઈ :

'પણ આ શરત શું કામ વિજયસિંહ ?'

'કારણ કે અમને તમારા પર ભરોસો નથી. તમે બોલીને ફરી જાવ તો!' કહીને વિજયસિંહે ઝટપટ કાગળ પર ટપકાવ્યું : 'કનકસિંહને મારા પર વહેમ પડ્યો લાગે છે. એકાન્તનો લાભ લઈને આપણે આપસમાં કંઈક મસલત કરશું, એવી એની ગણતરી હોવી જોઈએ. ગફલતમાં રહેવાનું જોખમ નથી ખેડવું. શરત મંજૂર રાખતા પહેલા તારે ઊકળી જવાનું, હું પણ થોડી તડાફડી કરીશ.'

વાંચતાં જ સાધુએ ઊંચા અવાજમાં પિત્તો ઉછાળ્યો : 'તમે બધા તમારા મનમાં સમજો છો શું ? હું નિર્મળકુમાર છું એટલે જ અદાલતે ચડતાં અચકાઉં છું. રાજમાતા કે લાજવંતીને કુળની મર્યાદા ઓળંગી અદાલતમાં આવવું ન પડે એટલા ખાતર બંધ બારણે ફેંસલો કરવાનો પ્રસ્તાવ મૂક્યો. તેની સામે પાછા તમે શરત મૂકો છો ?'

'સાધુ મા'રાજ, આ શરતમાં જ તમારી સચ્ચાઈની કસોટી રહેલી છે.' વિજયે એટલા જ ઊંચા અવાજે સંભળાવ્યું : 'ખરેખર તમે નિર્મળકુમાર હો તો શરત સ્વીકારતાં ડર શેનો લાગે છે ? પુરવાર કરી આપો તો તમે રાજા અને નહીંતર ખેલ ખતમ !'

થોડી વાર વચ્ચે જોરદાર જીભાજોડી ચાલી. અવાજમાં બનાવટી ગુસ્સો લાવતાં બન્નેને વચ્ચે હસી પડવાનું મન થતું હતું પણ છેવટ સુધી પાઠ ભજવવામાં બંને પાર ઊતર્યા અને સાધુ પાસે શરત મંજૂર કરાવીને વિજયસિંહે વિદાય લીધી. જતી વખતે બારણાં ઉઘાડીને ધમકી આપવાનું પણ એ ચૂક્યો નહીં : 'યાદ રાખજો કે હવે કનકસિંહ એકલા નથી. એની પડખે હું અડીખમ ઊભો છું. પાંચ-પંદર હજાર જોઈતા હોય તો દાનમાં લઈ જાવ... બાકી રાજ પચાવી પાડવાની દાનત તમને ભારે પડી જશે. કહી દઉં છું.'

એટલા જુસ્સામાં વિજયસિંહ ઘોડો દોડાવતો નીકળી ગયો કે તેને જોતાં ઊભેલા શંભુ અને મધુમતીને વરસાદનું જોરદાર ઝાપટું ભીંજવી ગયું તેનુંય ભાન ન રહ્યું.

'દાસી, મામલો ગંભીર બનતો જાય છે.' શંભુએ તીરછી નજરે જોતા

પૂછ્યું : 'હવે શું થશે ?'

'જે થાય તે, એમાં આપણા બાપનું શું જવાનું.' મધુમતીએ ખભાને જોરદાર ઉલાળો આપતાં લટકો કર્યો : 'આપણે તો આ બહાને છાનગપતિયાં મારવાની મોજ તો માણીએ છીએ ને !'

સાંભળીને વરસાદથી ભીંજાયેલો શંભુ ભીતરમાં પણ પાણી પાણી થઈ ગયો.

* * *

પાંચ પાંચ દિવસની સતત પૂર્વ તૈયારી પછી કસોટીકાળની પહેલી સવાર આવી પહોંચી. આગલે અઠવાડિયે જે રાજમહેલમાં ઉત્સવની ધામધૂમ અને દોડધામ હતી ત્યાં આજે વાતાવરણમાં વ્યગ્રતા, ઉગ્રતા અને તંગદિલી ધૂમરાવા લાગી હતી. મહેલના નોકરચાકરો અને ચોકીદારોના પગમાં ચોંપ આવી ગયો હતો : કોને ખબર ક્યાં સુધી ખડે પગે રહેવું પડશે. મુંબઈથી બૅરિસ્ટર વાડિયા આવ્યા હતા. અમદાવાદથી ડૉક્ટર દીક્ષિત ફરી મહેમાન બન્યા હતા. જામબંદરના જામબાપુ અને ઉદયગઢના નરેશ પણ બંધ બારણે ચાલનારી આ તપાસમાં સામેલ થવાના હતા. રાજગઢથી આવનાર પોલિટિકલ એજન્ટના રસાલાએ તો બે દિવસ અગાઉ જ પડાવ નાખ્યો હતો. ગોરાસાહેબના આવતા પહેલાં બધો જ જડબેસલાક બંદોબસ્ત કરવાનો હતો. મહેલ ફરતે એક-બે માઈલના વિસ્તારમાં બહારના કોઈએ ફરકવાની મનાઈ ફરમાવવામાં આવી હતી.

નવને ટકોરે એક પછી એક મોટરો આવવા લાગી. મહેલને પગથિયે કનકસિંહ તથા વિજયસિંહ એમનું સ્વાગત કરવા ઊભા હતા. આવનાર સાથે થોડી ગુસપુસ થતી, ધીમા અવાજમાં ભલામણની આપલે સંભળાતી. કોઈ મોટી વાડીની સગવડતાનાં વખાણ કરતું તો કોઈ આ કપરી કસોટીમાં હિંમત રાખવાની ધરપત આપતું. જોકે એ દરેકનું મન આવા અજોડ કિસ્સામાં કામગીરી બજાવવાનો છાનો રોમાંચ તો અનુભવતું જ હતું. આ ભૂતપૂર્વ ઘટના કેવો વળાંક લેશે અને આખરે એનો શું અંજામ આવશે એ સૌ કોઈને માટે ભુલભુલામણીના વિકટ કોયડા જેવું અકળ બની ગયું હતું.

મહેલના ટાવરમાં નવના ટકોરા વાગવા શરૂ થયા ત્યાં જ પોલિટિકલ એજન્ટ વિલિયમ સાહેબની વિલાયતી મોટર સડસડાટ દરવાજામાં દાખલ થઈ. સૌ કોઈ એમને આવકારવા સાબદા બની ગયા. વડી અદાલતમાં ન્યાયાધીશનું આગમન થાય એના કરતાં પણ વધુ અદબથી બધા હારબંધ ઊભા રહી ગયા. હસ્તધૂનન અને ઓળખાણવિધિ આટોપાઈ જતાં જ ગોરાસાહેબે પૂછ્યું : 'દાવો રજૂ કરનાર સાધુ હાજર છે ?'

'જી નહીં' વિજયસિંહે જ જવાબ આપ્યો. 'ગમે તે ઘડીએ આવી ચડશે.'

'એ ચમત્કારી મહાત્મા આકાશમાંથી તો ટપકી નહીં પડે ને ?' ગોરાસાહેબે મજાક કરી, સૌએ દબાયેલા હાસ્યથી એમાં સાથ પુરાવ્યો. એટલી વારમાં તો એજન્ટ સાહેબ ગંભીર બની ગયા. 'મેં કરેલી તાકીદનો ચુસ્તપણે અમલ થવો ઘટે. તપાસખંડમાં દાખલ થતાં પહેલાં પોતાનાં હથિયાર મારા અંગરક્ષકને સોંપી દેવાનાં રહેશે. દલીલો અને પુરાવા સિવાય બીજાં કોઈ જ હથિયારની અહીં છૂટ નહીં મળે.'

ગોરાસાહેબે ઉડાવેલી સાધુની મજાક તેમ જ આ તાકીદે કનકસિંહને થોડી ધરપત આપી. શરૂઆત તો સારી થઈ રહી છે !

વિશાળ ખંડની બરાબર મધ્યમાં મોટા મેજ સામે સિંહાસન ગોઠવાયું હતું. ગોરાસાહેબે ધીરગંભીર ભાવે તેના પર બેઠક લીધી. બધા પોતપોતાના સ્થાન પર ગોઠવાઈ ગયા એટલે સાહેબે ચોતરફ નજર ફેરવીને ધારદાર નિરીક્ષણ કરી લીધું. તેમની એક બાજુ નાગર દુભાષિયો અને વણિક લહિયો હતો. બીજી બાજુ અંગ્રેજીમાં નોંધ કરનારો પારસી હેડમાસ્તર અને તેનો મુસ્લિમ મદદનીશ હતો. થોડે દૂર જમણી તરફ બૅરિસ્ટર વાડિયા અને ડૉક્ટર દીક્ષિતની ખુરશીઓ હતી. તેમની બરાબર ડાબા હાથે બે રાજવીઓ નાનાં સિંહાસનો પર બિરાજ્યા હતા. સાહેબની બરાબર સામે સીધી લીટીમાં ઓરડાની દીવાલ સરસો એક દીવાન ગોઠવાયો હતો. ગાદીતકિયાની એક બેઠક ખાલી જોતાં સાહેબ સમજી ગયા કે ફરિયાદી સાધુને ત્યાં સ્થાન આપવામાં આવ્યું છે. ગોરા એજન્ટની પીઠ પાછળ મલમલના પાતળા રંગીન પડદા પછવાડે જનાના બેઠક હતી. રાજમાતા અને રાજરાણી તકિયાને અઢેલીને ઉચાટભરી આતુરતાથી દરવાજાને તાકતાં

બેઠાં હતાં. કોઈ દાસીને હાજર રાખવાની રાજમાતાએ જ અનિચ્છા દર્શાવી હતી.

સાધુ મહાત્મા હજુ કેમ પધાર્યા નહીં ?

ગોરાસાહેબ અકળામણ અનુભવતા પૂછવા જતા હતા ત્યાં જ ભગવાં વસ્ત્રધારી નિત્યાનંદે સ્વસ્થ પગલે ઉંબરો ઓળંગી સૌની સામે હાથ જોડ્યા : 'પંદર મિનિટના વિલંબ બદલ આપ સૌની ક્ષમા ચાહું છું.' કહીને તેણે પગમાંથી ચાખડી ઉતારી. બગલમાં દબાવેલું પોટલું દીવાન પર મૂકી સૌજન્યભર્યા સ્મિત સાથે બેઠક લીધી : 'એક મહત્ત્વના પુરાવાની રાહ જોવામાં વિલંબ થયો.'

ખંડમાં બેઠેલા દરેકની આંખો એકીટશે એને ટાંપી રહી હતી. પુરાવાની એની ટકોરે કનકસિંહને હળવી ધ્રુજારી આપી. ડૉક્ટર દીક્ષિતની બાજુમાં બેઠક લેતાં એણે કાનમાં ફૂંક મારી : 'આપણને આંચકો આપવાની ચાલકી અજમાવે છે, બાકી પોટલામાં શાસ્ત્રોનાં થોથાં સિવાય કંઈ નીકળવાનું નથી.'

વિજયસિંહે પણ જામબાપુની પડખેની ખુરશીમાં ગોઠવાતાં દબાયલા અવાજે મોટાભાઈને કહ્યું : 'છે એના મોં પર જરાસરખો ઉચાટ... યુવરાજ હોય કે નહીં પણ સાચો સાધુ તો દેખાય છે જ !'

'કાર્યવાહી શરૂ કરતાં પહેલાં મારે બે શબ્દો કહેવાના છે.' ગોરાસાહેબના અવાજે બધાનું ધ્યાન એમના તરફ ખેંચ્યું. 'આ અદાલત નથી છતાં અદાલતની શિસ્ત અને સખતાઈ અહીં પૂરતા પ્રમાણમાં જળવાઈ રહે એવો મારો આગ્રહ છે. અહીં આક્ષેપો નહીં, દલીલો કરવાની છે. તકરાર નહીં, તર્કનો આશરો લેવાનો છે. કોઈની માન-મર્યાદાનો ભંગ બિલકુલ સાંખી લેવામાં નહીં આવે. કોઈની દલીલ ગેરવાજબી કે વાંધાજનક છે કે નહીં એનો નિર્ણય બૅરિસ્ટર વાડિયા લેશે. કુળની માન-મર્યાદાનું ઉલ્લંઘન થયાનો ફેંસલો આપણા બે રાજવીઓ આપશે. તમારામાંથી કોઈ પણ જે કાંઈ બોલશે તેની શબ્દેશબ્દની નોંધ બંને ભાષામાં થવાની છે એ યાદ રાખજો.'

એમના 'બે શબ્દો'નું કથન પૂરું થતાં થોડી વાર સન્નાટો છવાઈ ગયો. પછી વિલિયમ સાહેબની સૂચનાથી દસ્તાવેજ પર દરેકની સહી લેવામાં આવી. છેલ્લી વિધિમાં સાધુએ શરતપત્ર પર સહી કરવાની હતી. વિના સંકોચે સહી

થઈને કાગળ સાહેબના હાથમાં આવ્યો ત્યારે એમનાથી સાધુ સામે ધારદાર નજરે જોવાઈ ગયું. સહીમાં નિત્યાનંદ ઉર્ફે નિર્મળકુમાર લખાયું હતું !

બરાબર દસના ટકોરા વાગતા બંધ થયા કે તરત જ ગોરાસાહેબે બંધબારણાની એ તપાસનો દોર હાથમાં લીધો : 'આખા મામલામાં કોનો શું દાવો છે અને કોણે શું પુરવાર કરવાનું છે એ આપણે બધા જ સારી રીતે જાણીએ છીએ. બોલો, હવે શરૂઆત ક્યાંથી કરવી ?' કહીને સાહેબે કનકસિંહ પર નજર ઠેરવી, પણ એણે ચૂપ રહેવાનું પસંદ કર્યું. ખોટી શરૂઆત વિરુદ્ધનું વાતાવરણ સર્જી દે છે !

ત્યારે સાહેબે સવાલ દોહરાવ્યો : 'તમારામાંથી કોઈ પણ સૂચવી શકે છે કે શરૂઆત ક્યાંથી કરવી ?'

કોઈએ આ બીડું ઝડપવાની ચેષ્ટા ન દેખાડી, ત્યારે સાધુએ જ ઊભા થવું પડ્યું : 'નામદાર, કોઈ પણ ગૂંચવાયેલું કોકડું ઉકેલવાનું હોય ત્યારે પહેલવહેલા એનો છેડો શોધવામાં આવે છે. આપણી શરૂઆત પણ છેડાથી થાય તો વધુ સરળ પડશે.'

'મતલબ ?'

'સાહેબ, મતલબ એ જ કે આપણી શરૂઆત નિર્મળકુમારના મૃત્યુથી કરવામાં આવે.'

'એનો અર્થ એ થયો સાધુમહારાજ કે નિર્મળકુમારના મૃત્યુ થવાની વાત સ્વીકારી લો છો.'

સાહેબે આ ટકોર કરી ત્યારે કનકસિંહ અને ડૉક્ટર મનમાં હરખાયા: બરાબરનો ફસાયો !

'સાહેબ, આપણો હેતુ કોઈ વાતનો સ્વીકાર કરવા માટેનો નહીં પણ પુરવાર કરી બતાવવાનો છે.' સાધુએ પૂરતી સ્વસ્થતાથી જવાબ સંભળાવ્યો : 'અહીં બેઠેલા ડૉક્ટરે નિર્મળકુમારને મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. એમની પાસે મૃત્યુનો શું પુરાવો છે ?'

સાધુની ચતુરાઈ પર બધા ગૂંચવણમાં પડી ગયા : મૃત્યુનો પુરાવો શું?

પણ બૅરિસ્ટર વાડિયા પાસે દલીલ હાજર હતી : 'જે કોઈ વ્યક્તિના

અંતિમ સંસ્કાર થઈ જાય એ તેના મૃત્યુનો પુરાવો ગણાય.'

આ જવાબ પર મલકીને સાધુએ સામી દલીલ કરી : 'તો પછી એ કહેવાતા મૃત્યુનું કારણ શું હતું ?'

સાંભળતાં જ ડૉક્ટર દીક્ષિતે એમની ફાઈલ ઉઘાડી ઝટપટ એક કાગળ કાઢી ગોરાસાહેબ તરફ સરકાવ્યો. તેના તરફ નજર ફેરવી લઈને સાહેબે કહ્યું: 'મૃત્યુનું કારણ આ ડેથ-સર્ટિફિકેટમાં સાફ જણાવ્યું છે - ટી. બી. !' પછી સર્ટિફિકેટવાળો હાથ લંબાવીને ઉમેર્યું : 'લ્યો વાંચીને ખાતરી કરી લો.'

સાધુએ સર્ટિફિકેટ જોવાની ઇચ્છા ન દાખવી : 'એટલે કે નિર્મળકુમારને ક્ષયરોગ થયો હતો.... પણ એ રોગ થયો જ હતો એનો પુરાવો શું?'

સાંભળીને કનકસિંહ તુચ્છકારભર્યું હસ્યો. વિજયસિંહ મનમાં ગૂંચવાયો. નિત્યાનંદે આવી લપ ક્યાં માંડી ? આટલી વારમાં ડૉક્ટર દીક્ષિતે પોતાની ચામડાની બેગમાંથી કાગળ વીંટાળેલું એક પૅકેટ કાઢીને સાહેબની સામે ધર્યું: 'નામદાર આ છે પુરાવો.'

કારકુને ઝડપભેર પૅકેટની દોરી છોડી, કાગળ હઠાવી અંદરથી એકસ-રેના બે ફોટા કાઢી સાહેબ સામે ધર્યા. બે ફોટા વચ્ચેથી એક પરબીડિયું સરકીને મેજ પર પડ્યું. એ ખોલીને સાહેબે અધીરાઈભેર વાંચ્યું.

'આજથી બરાબર દસ વર્ષ પહેલાં રાજગઢની સરકારી હૉસ્પિટલમાં લેવાયેલા યુવરાજ નિર્મળકુમારની છાતીના આ એકસ-રે - ફોટા છે. તેની સાથેના રિપોર્ટમાં જણાવ્યા મુજબ નિર્મળકુમારસિંહને જમણી છાતીના પહેલા અને ત્રીજા ફેફસા પર ટી. બી.ની ઘેરી અસર દેખાય છે. રિપોર્ટની નીચે સરકારી હૉસ્પિટલના વડા ડૉક્ટર નૌશીર ભરૂચાની સહી પણ છે.'

વાંચી-સંભળાવીને સાહેબ એકસ-રેના ફોટા તથા રિપોર્ટ સાધુ તરફ સરકાવવાની ઈશારત કરી ત્યારે સાધુએ કહ્યું : 'મારે એ જોવા નથી, પણ ડૉક્ટર દીક્ષિત પાસેથી સોગંદ પર ખાતરી સાંભળવી છે કે એ એકસ-રે - ફોટા અને તેના રિપોર્ટ યુવરાજ નિર્મળકુમારના જ છે.'

તરત જ ડૉક્ટરે હિંમતભેર ઊભા થઈને કુળદેવતાના સોગંદ પર સૌને એની ખાતરી આપી.

એટલી વારમાં તો સાધુએ પોતાનું પોટલું ખોલીને અંદરથી એક મોટું કવર બહાર સરકાવી લઈ સૌની સામે ધર્યું : 'તો હવે આ એકસ-રે તપાસી જુઓ.'

સાધુએ ધરેલો ફોટો સાહેબ પાસે થઈને ડૉક્ટરના હાથમાં પહોંચ્યો. ડૉક્ટર દીક્ષિતે ચશ્માનાં કાચ સાફ કરીને એકસ-રે તપાસ્યો. બરાબર ચકાસણી કરી લઈને સાધુ સામે જોયું : 'એટલે તમે શું એમ કહેવા માગો છો કે આ એકસ-રે - ફોટો નિર્મળકુમારનો છે ?'

જવાબ આપતાં પહેલાં સાધુએ સ્મિત ફરકાવ્યું : 'હું શું કહેવા માગું છું એ તમને થોડી વારમાં સમજાઈ જશે, પણ એ પહેલાં ડૉક્ટર દીક્ષિત, તમે એ કહો કે મેં આપેલા એકસ-રે - ફોટામાં જમણી છાતીના પહેલા અને ત્રીજા ફેફસા પર ટી. બી.ના કોઈ ડાઘ છે ખરા ?'

'છે પણ બહુ નજીવા.' ડૉક્ટરે થોથવાતાં કહ્યું : 'એટલે કે દર્દીને ટી. બી. થયો હોય અને સાજા થયા પછી લાંબા વખતે એક્સ-રે-ફોટો લેવડાવે એવા રોગની જૂની નિશાનીના જ ડાઘા છે.'

'ડૉક્ટર, તમારા એકસ-રે-ફોટા અને આ ફોટામાં બીજી કોઈ જાતનો તફાવત છે ખરો ?'

'જરા પણ નહીં !'

'બરાબર સરખાવી જુઓ, કદાચ પાછળથી કોઈ તફાવત નજરે ચડી આવે.' સાધુએ પડકારરૂપે કહ્યું ત્યારે ડૉક્ટરે દાંત ભીંસીને બંને એકસ-રે-ફોટા સરખાવી જોયા પછી ખીજવાતા અવાજે સંભળાવ્યું : 'મારી પરીક્ષા લેવાની જરૂર નથી. આટલાં વરસોના અનુભવ પર હું બેધડક કહી જ શકું છું કે બંનેમાં એક જ રીતનો તફાવત છે. એકમાં ટી. બી.નો રોગ ઘેરો છે અને બીજામાં મટી ગયેલા રોગના માત્ર ડાઘ જ રહ્યા છે. પણ આ એકસ-રે છે કોનો ?'

ત્યારે સાધુથી મર્યાદા ઓળંગીને ખડખડાટ હસી જવાયું : 'વાહરે ડૉક્ટર સાહેબ, મારે તમને સમજાવું પડશે કે આ એકસ-રે-ફોટો માત્ર દસ જ દિવસ પહેલાં રાજગઢની સરકારી હૉસ્પિટલમાં જ લેવાયેલો છે અને એ મારો પોતાનો છે. લ્યો, રિપોર્ટ વાંચીને ખાતરી કરી જુઓ.'

બીજા બધાને સમજાતાં વાર લાગી પણ ડૉક્ટરે તો રિપોર્ટ વાંચીને જ કપાળ પર હથેળી પછાડી.

'નામદાર સાહેબ, હું નિર્મળકુમાર છું એનો આ પહેલો પુરાવો.' સાધુએ જુસ્સાભેર કહેવા માંડ્યું : 'યુવરાજની જમણી છાતીની જમણી બાજુએ જે ફેફસાંઓ પર ક્ષયરોગ લાગ્યો હતો એ જ જગ્યાએ અને એ જ ફેફસાંઓ પર મારી છાતીમાં આજેય જૂના ડાઘ સાબૂત છે. હવે કહો જોઈએ, કોઈ બનાવટી માણસ પોતાની છાતીની અંદર આવા બનાવટી જૂના ડાઘ ઉપજાવી શકે ખરો?' કહીને તેણે ચોતરફ અને ખાસ કરીને ગોરાસાહેબની પછવાડે જનાના પડદા પર નજર ફેરવી લઈને ઉમેર્યું : 'મારા આ પ્રથમ પુરાવા પર શાંતચિત્તે વિચાર કરો પછી આપણે આગળ વધીએ.'

ત્યાં તો જનાના પડદા પછવાડેથી એક દબાયેલી ચીસ સંભળાઈ, બધાં એકસરખાં ચોંકી ગયાં.

'લાજુવહુ, શું થયું તમને ?' રાજમાતાના ધ્રૂજતા શબ્દોએ સૌને ઉચાટમાં નાખી દીધા. કનકસિંહ અંદર જવા માટે ઊભો થતો હતો ત્યાં રાજમાતાનો સાદ સંભળાયો : 'ડૉક્ટરસાંબ જલદી અંદર આવો તો... રાજરાણી બેશુદ્ધ થઈ ગયાં.'

કનકસિંહ ડૉક્ટરનું કાંડું પકડી અંદર ધસી ગયા. બહાર બેઠેલા બધા સૂનમૂન બની ગયા. સાધુના મુખ પર પહેલી વાર તીવ્ર વ્યગ્રતા છવાઈ જતી જોવા મળી.

*

[૧૩]

અચાનક લાજવંતી બેહોશ બની જવાથી પૂરતી તૈયારી સાથે શરૂ કરેલી તપાસની કામગીરી પહેલે પગથિયે જ થંભાવી દેવી પડી. ચોપાટની અટપટી બાજીમાં સાધુએ ફેંકેલા પાસા પહેલવહેલા ઘાએ જ પોબાર પડ્યા ત્યાં આવું અણધાર્યું વિઘ્ન આવી પડ્યું. બીમારી દરમિયાન લેવામાં આવેલા યુવરાજના એકસ-રે-ફોટામાં જે ફેફસાંને ટી. બી.ના રોગથી નુકસાની પહોંચી હતી બરાબર એ જ જગ્યાએ જૂના રોગની નિશાની દર્શાવતો એકસ-રે-ફોટો રજૂ કરીને સાધુએ સૌને અચંબામાં નાખી દીધા હતા. તપાસના પ્રારંભમાં જ આવો સબળ પુરાવો આટલા આત્મવિશ્વાસ સાથે સાધુ પેશ કરશે એવી કોઈએ કલ્પનાય ક્યાંથી કરી હોય ! બહારના અદલોઅદલ દેખાવ ઉપરાંત શરીરની અંદરથી પણ પોતે નિર્મળકુમાર કરતાં જરાય જુદો નથી એવી સધ્ધર સાબિતી તેણે આપી દીધી હતી. ન્યાય તોળાવા બેઠેલા મહાનુભાવોએ મનોમન એ તો સ્વીકારી લીધું કે પહેલાં જ જોખમમાં ત્રાજવાનું પલ્લું સાધુની તરફેણમાં નમી ચૂક્યું છે. પણ આટલો જલદી ફેંસલો કરવાનું જોખમ સૌ સમજતા હતા. સાધુ ખરેખર નિર્મળકુમાર પુરવાર થઈ જાય તો એક ગૂંચ ઉકેલવા જતાં અનેક ગૂંચવણો ઊભી થવાનો ભય સૌને સતાવતો હતો. હિંમતનગરની રાજગાદીનાં પદ ઉપરાંત રાજમાતાના પુત્ર, રાજરાણીના પતિ અને રાજકુંવરના પિતાના પદનો પણ એ હકકદાર બની જાય. માતા પુત્ર તરીકે સ્વીકારે પણ પત્ની તેને પતિરૂપે માન્ય ન રાખે તો ? કાં તો એકસામટો સ્વીકાર થાય અને નહીં તો સાધુ બનાવટી પુરવાર થાય એ જ આ તપાસનો ફેંસલો હોવો જોઈએ. ન્યાયદૃષ્ટિ કરતાં દીર્ઘદૃષ્ટિથી કામ લેવાનું હતું.

પોલિટિકલ એજન્ટ વિલિયમ સાહેબ અને બૅરિસ્ટર વાડિયા આપસમાં મસલત કરીને આ મુદ્દા પર એકમત થયા હતા. રાજરાણી શુદ્ધિમાં આવે એટલે તપાસને આગળ વધારવાની રાહ જોવાઈ રહી હતી. વારંવાર સૌ એકલા

બેઠેલા સાધુ પર દૃષ્ટિ નાખીને તેના મનોભાવ પારખી લેવાની ચેષ્ટા કરતા હતા. સબળ પુરાવો રજૂ કરવાની ખુશાલીને બદલે તેના મુખભાવમાં ખિન્નતા તરવરતી દેખાઈ એથી બધાને અચરજ ઊપજતું હતું, દંભ જેવું દેખાતું હતું. પણ વિજયસિંહ એનો મરમ પામી ગયો. લાજવંતીભાભી બેહોશ બની ગયાં એટલે એની ખુશાલી ખેદમાં પલટાઈ ગઈ... બધાની વચ્ચે પોતે એની પાસે જઈ શકતો નહોતો, કાંઈ કરી શકતો નહોતો એનો વસવસો જાગ્યો.

રાજમાતાને લઈ કનકસિંહ ઊતરેલા ચહેરે તપાસખંડમાં પાછો ફર્યો કે તુરત જ સૌ પ્રથમ અધીરાઈભેર સાધુએ જ પૂછ્યું : 'કેમ છે એમની તબિયત?'

જવાબ આપવાને બદલે કનકસિંહે દાંત ભીંસી તુચ્છકારભરી નજર ફંગોળી. જાણે કહેતો હોય : તારે એની તબિયત સાથે શું લાગેવળગે ? બાહોશી દેખાડીને તેં તો એને બેહોશ કરી અને પાછો ખબર પૂછવાની ધૃષ્ટતા દાખવે છે ?

બેરિસ્ટર અને ગોરાસાહેબની વચ્ચે ઊભા રહી નીચા નમીને કનકસિંહે દબાયેલા અવાજે ચિંતાતુર સ્વરમાં કહ્યું : 'રાણીબાને ડૉક્ટર કહે છે કે હિસ્ટીરિયા જેવું થઈ ગયું છે. અહીંથી રાણીવાસમાં લઈ ગયા પછી હાથપગ ખેંચાવા લાગ્યા હતા. હવે કાંઈક ઠીક છે, છતાં ભાનમાં આવતાં અર્ધો કલાક નીકળી જશે.'

'બહુ ચિંતા કરવા જેવું નથી ને ?' બેરિસ્ટર વાડિયાએ પૂછ્યું. તેનો જવાબ કનકસિંહે આપે એ પહેલાં તો સાધુનો અવાજ સંભળાયો : 'કનકસિંહ, તમારાં બહેનને હિસ્ટીરિયાનો હુમલો તો નથી આવ્યો ને ?'

સાંભળતાં જ કનકસિંહની કમર અને બધાની ડોક સીધી થઈ ગઈ. બેરિસ્ટર વિસ્મયમાં પડી ગયા : કનકસિંહે આટલી ધીમેથી કરેલી વાત સાધુએ કઈ રીતે સાંભળી લીધી ! કનકસિંહે દાંત કચકચાવ્યા. વાતવાતમાં એ પોતાની તરફેણના પુરાવા ઉછાળે છે !

'મારે તો એટલા માટે પૂછવું પડ્યું કનકસિંહ, કે લાજવંતીને દસ-અગિયાર વરસ અગાઉ આવું અવારનવાર થઈ જતું હતું. ત્યાર પછીના ગાળામાં આવી તાણ ક્યારેય અનુભવી નથી ને ?'

હવે કનકસિંહથી મૂંગા રહેવાયું નહીં. તેને ઉતારી પાડવાનો મોકો શું કામ ચૂકી જવો ? તેણે ઘૂંટાતા અવાજે સંભળાવ્યું : 'અમારી અંગત બાબતમાં દખલ કરવાનો અધિકાર તને કોણે આપ્યો ?' પછી ગુસ્સાભેર ઉમેર્યું : 'લાજવંતીબેનને ક્યારેય હિસ્ટીરિયા જેવું કાંઈ થયું નથી. તારા પ્રતાપે આ સંતાપ ઊભો થયો.'

'સંતાપ ઊભો કરનાર કોણ છે એ તો આ તપાસને અંતે પુરવાર થઈ જશે. એમની બેહોશ હાલતમાં અધિકારની રુએ હું કંઈ બોલું તો મને ધિક્કાર છે, પણ...'

'પણ-બણ કંઈ જ બોલવાનું નથી.' કનકસિંહે મેજ પર મુઠ્ઠી પછાડી: 'તપાસ ચાલે ત્યારે તારું ભાષણ સંભળાવજે.'

બોલાઈ ગયા પછી ભાન થયું કે ગોરાસાહેબનો મોભો વીસરી જઈને પોતે તુમાખી ઉછાળી બેઠો એટલે હોઠ કરડીને વાળી લીધું : 'સાહેબ, આ મતલબી દંભી માણસ - બધાના મગજ ખરાબ કરી નાખશે. વાતવાતમાં પોતાની કરામત દેખાડે છે. જાતજાતની વિદ્યામાં એ પારંગત છે. આપણા વચ્ચેની ખાનગી વાતચીત મેલી વિદ્યાના જોરે જાણી લઈને એવું પુરવાર કરવા મથે છે કે લાજવંતીને અગાઉ હિસ્ટીરિયા થતો હતો એની પોતાને ખબર છે!'

'એવો કોઈ ઉચાટ ન રાખતા કનકસિંહ !' બેરિસ્ટરે સહાનુભૂતિ દર્શાવીને ધરપત આપી. 'અત્યારે તપાસ થંભાવી દેવામાં આવી છે. એની કોઈ વાતને પુરાવારૂપે ગણવામાં નહીં આવે. એની તરફ અણછાજતું વર્તન દાખવવાથી તમારો કેસ નબળો પડી જશે, એ ભૂલી ન જાવ. તમે જઈને બહેનની સારવારમાં ધ્યાન આપો, શુદ્ધિ વળે એટલે આવીને જાણ કરજો.'

'ભલે સાહેબ, હું ક્યાં આ બાવાના બોલવામાં અટવાઈ ગયો !' કનકસિંહે રોષને લાચારીમાં પલટાવી દીધો : 'મારી બહેન ત્યાં તરફડે છે ત્યારે આની સાથે જીભાજોડી કરવાનું વળી ક્યાંથી સૂઝ્યું !' કહેતાં એણે પગ ઉપાડ્યા પછી વિજયસિંહને વિશ્વાસમાં લેવાની ગણતરીથી કહ્યું : 'તમે અહીંનો મામલો સંભાળજો. રાજમાતાને ધરપત આપજો, જરૂર પડશે તો હું તમને જરૂર બોલાવી લઈશ.'

પછી ઓઝલ પરદા પછવાડે જઈને રાજમાતાને સમજાવ્યું : 'ઉચાટ ન કરશો, ડૉક્ટર હાજર છે એટલે બધું ઠીક થઈ જશે. તમારે વારેવારે ધક્કા ખાવાની જરૂર નથી.'

'પણ ત્યાં ડૉક્ટર પાસે લાજુવહુ સાવ એકલી...'

'નહીં રાજમાતાજી, ત્યાં મધુમતીને મૂકતો આવ્યો છું અને હું પણ પહોંચી જાઉં છું ને' કહીને ચાલમાં ઉચાટ દેખાડતાં એ જેવો ખંડમાંથી બહાર નીકળવા ગયો કે સાધુનો અવાજ પીઠ પર અફળાયો : 'ડૉક્ટરસાહેબ ભલે એનો ઈલાજ કરે, પણ વાઈની આંચકી માનીને ભૂલેચૂકેય એને ચામડું ના સૂંઘાડતા... લાજવંતીને જાનવરના ચામડાનો ભારે અણગમો છે.'

ઝાટકા સાથે કનકસિંહ થંભી ગયો. તેના તંગ ચહેરા પરથી લાગતું હતું કે હમણાં તરાપ મારીને સાધુની ગળચી દાબી દેશે પણ દાંત વચ્ચે ગુસ્સો કચડી નાખી એ સડસડાટ બહાર નીકળી ગયો. થોડી વાર સુધી સાધુની નજર બારણાં પરથી હઠી નહીં. ઊઠીને કનકસિંહની આગળ થઈ જવાની તાલાવેલી પરાણે દાબી દેવી પડી. પણ મનથી ત્યાં પહોંચી જવાના મક્કમ ઈરાદે બંને આંખો બીડી દઈને સાધુ સમાધિમાં લીન બની જતા દેખાયા.

કનકસિંહનાં પગલાં સાંભળતાં જ લાજવંતીના શયનખંડમાં ડૉક્ટર દીક્ષિતની સારવાર પર નજર રાખતી મધુમતી ઉતાવળા પગલે દરવાજે સરકી આવી.

'કેમ છે બેન ને ?'

'ભાનમાં આવતાં લાગે છે' કહેતી દાસી કનકસિંહનો રસ્તો રોકીને ઊભી રહી ગઈ : 'અંદર ચાંદીમઢ્યો પલંગ જોઉં છું ત્યારે મારી કાયામાં સળવળાટ ઊપડે છે. બાપુ, એવી તળાઈમાં આળોટવાનો મોકો મને ક્યારે મળશે ?'

આવા કટાણે આળોટવાની વાત ઉચ્ચારનાર મધુમતીના ગાલ પર પોતાના પંજાના નિશાન પાડી દેવા જેવી ખીજ કનકસિંહને જાગી ઊઠી, પણ કપટની ભાગીદાર બનાવ્યા પછી આળપંપાળથી જ કામ લેવું પડે તેમ હતું. તેના ગાલે હળવી ટપલી મારીને કહેવું પડ્યું : 'આળોટવાની બહુ અધીરાઈ જાગી હોય તો સાધુને પહેલો સુવડાવી દેવો પડશે, સમજી ?' કહેતો એ અંદર ધસી ગયો.

પછી કંઈક યાદ આવ્યું હોય તેમ તરત દરવાજે ડોકાઈને તાકીદ કરી : 'હું બારણા બંધ કરી દઉં છું, કોઈ આડે આવી ચડે તો ટકોરો મારજે.'

જવાબમાં પેલીએ માત્ર લુચ્ચાઈપૂર્વક આંખ જ મીંચકારી.

'શું થયું ડૉક્ટર ?' કનકસિંહે લાજવંતીના માથા પાસે જઈ તેના કપાળે હાથ પસવારતાં પૂછ્યું : 'દાસી કહેતી'તી કે એ ભાનમાં આવવા લાગ્યાં.'

'હા, અસર ઓસરવા લાગી છે, પણ હજુ થોડી વાર લાગશે.' ડૉક્ટર દીક્ષિતે દર્દીની હાંફતી છાતી પરથી નજર હઠાવ્યા વગર કહ્યું : 'જૂનું દર્દ ફરી એકાએક ઊપડ્યું લાગે છે.'

ત્યારે કનકસિંહે ઝડપભેર લાજવંતીની છાતી પર સાડીનો છેડો ઠીક કરતાં કતરાતી આંખે સંભળાવ્યું : 'ભાન ન ભૂલી જાવ ડૉક્ટર, લાજવંતીને આ જૂનું દર્દ છે એવું ફરી બોલતા નહીં.' પોતાથી ઊંચા અવાજે બોલાઈ જવાનું ભાન થતાં કનકસિંહે અવાજ દબાવી દેવો પડ્યો : 'પેલો સાધુ પણ બધાની વચ્ચે એવું જ કાંઈક બોલી ગયો. યુવરાજની હયાતીમાં એને હિસ્ટીરિયા આવતું હોય તો મને ખબર પડ્યા વગર રહે ?'

'બીજાને ખબર ન પડે તોય ડૉક્ટરને એની ખબર પડી જાય ખરી, જાડેજાબાપુ !' ડૉક્ટર દીક્ષિતે ખંધું હસીને ઉમેર્યું : 'યુવરાજે મને તાકીદ કરી હતી કે આ રોગની જાણ રાજમાતાને સુધ્ધાં ન થવી જોઈએ.'

'એમ !' કનકસિંહે દાંત વચ્ચે હોઠ દબાવ્યો. તેને તુક્કો સૂઝી આવ્યો: 'ખરેખર ડૉક્ટર, તમારા એકલા સિવાય બીજું કોઈ જાણતું નથી કે લાજવંતીને આવું થઈ જતું હતું !'

'મારા એકલા સિવાય નહીં. અમારા ત્રણ સિવાય.' ડૉક્ટરે મલકતા હોઠે કહ્યું: 'યુવરાજ, લાજવંતી અને હું... ત્રણ જણા આ વાત જાણીએ છીએ.'

'તો તો એ આપણા ફાયદામાં રહેશે.' કનકસિંહે મગજ કસ્યું. 'રાજમાતા ઈન્કાર કરશે કે લાજવંતીને અગાઉ આવું ક્યારેય થયું નથી તો સાધુ ખોટો ઠરશે.'

'પણ એકસ-રે-ફોટામાં એણે આપણને ફસાવ્યા.'

'કોઈ રીતે એમાંથી આપણે છટકી ન શકીએ ડૉક્ટર ?' કનકસિંહના

બોલમાં આજીજી આવી ગઈ : 'ભલા થઈને તમે કોઈક દાક્તરી કીમિયો અજમાવજો.'

'રાણીબાનો ઈલાજ કરતાં કરતાં હું એ જ મથામણમાં હતો. સાધુ બહુ પાવરધો નીકળ્યો.'

'આપણે ક્યાં ઓછા પાવરધા છીએ !' કનકસિંહે પોચી આંગળીએ મૂછને વળ દેતાં કહ્યું : 'જરૂર પડે ત્યારે આ જાડેજા કેટલી હદે ઘાતકી થઈ શકે છે એની તમને હવે જાણ થશે.'

'બધી વખત તાકાતથી દાવ નથી જિતાતો જાડેજા, ક્યારેક તરકીબ કામે લગાડવી પડે છે.'

'તાકાત મારી અને તરકીબ તમારી.' જુસ્સાભેર કહીને કનકસિંહે ડૉક્ટર સાથે આંખો ટકરાવી ત્યારે ફક્ત એ બે જણા જ સમજી શકે એવી રહસ્યમય ચકમક ઝરી.

અને લાજવંતીનો ઊંહકારો સંભળાયો. બંને સાવધ બની ગયા. બંનેએ એકસરખો ધ્રાસકો અનુભવ્યો : 'લાજવંતીએ કાંઈ સાંભળી તો નહીં લીધું હોય ને ? તાકાત અને તરકીબ ઘડીભર ભોંઠી પડી ગઈ !

આંચકા સાથે મીંચેલી આંખે લાજવંતીએ ઝાટકા સાથે એક હાથ હવામાં ઉછાળ્યો. કનકસિંહે કાંડું પકડી લઈ બિછાના પર હાથ દબાવી દીધો. ઊંડો શ્વાસ છોડી અચેત લાજવંતીએ ભિડાયેલા હોઠ અને દાંત છૂટા પાડી ઊંહકારો નાખ્યો. તેનો બીજો હાથ ઊંચો થતો દેખાતાં કનકસિંહે એ પકડી રાખ્યો.

'નહીં, મને કોઈ રોકો નહીં.'

વળ ખાતી લાજવંતીએ આંખો ઉઘાડ્યા વગર પડેલું વાક્ય ઉચ્ચાર્યું ત્યારે કનકસિંહથી ડૉક્ટર સામે પ્રશ્નસૂચક નજરે જોવાઈ ગયું.

દીક્ષિતે નાક તરફ આંગળી ઊંચકી સંકેત કર્યો : 'અભાન અવસ્થામાં એનું સબકોન્શિયસ માઈન્ડ બોલી રહ્યું છે.'

અધરા અંગ્રેજીમાં હંમેશાં ગોથા ખાઈ જતા કનકસિંહે આંખની ઈશારતથી એનો અર્થ જાણવાની જિજ્ઞાસા દર્શાવી ત્યાં વચ્ચે લાજવંતી બોલી ઊઠી: 'મને પકડી ન રાખો... એમની પાસે જવા દો.... નવ-નવ વરસના વસમા તપ પછી

મને એ પાછા મળ્યા છે.'

આ સાંભળતાં જ બંનેને ધક્કો લાગ્યો. કનકસિંહ ખીજમાં બેનના કાંડા પર પોતાના પંજાની ભીંસ વધારવા જતો હતો પણ ડૉક્ટરે તેનો ખભો દાબી દીધો: 'એના અંદરના મનમાં જે સાચેસાચું છે તે અત્યારે જ જાણવા મળશે. ભાનમાં આવી જશે તો ભીતરનું ધરબાઈ રહેશે અને આપણે અંધારામાં જ અટવાઈ જઈશું.'

લાજવંતી થોડી વાર ખામોશ રહી એટલે કનકસિંહની બેચેની વધવા લાગી. હવે એ બોલવાનું બંધ કરી દેશે તો ? ડૉક્ટર કહે છે તેમ ભીતરની ભાળ નહીં મળે. નક્કી એ મારાથી છાનું મનમાં ને મનમાં કાંઈક ઘૂંટતી રહી હશે. તેની ધીરજ ખૂટી ગઈ.

'ડૉક્ટર, ભાનમાં આવતાં પહેલાં એને બોલતી કરો. તમારો કોઈ કસબ અજમાવો. આજે મારે એની અસલિયત ઓળખી લેવી છે.'

દીક્ષિતને પણ અધીરાઈ જાગી હતી. કસબ અજમાવવા માટે તેણે ઊંડો શ્વાસ લીધો :

'લાજવંતી !'

સંબોધન સાંભળીને કનકસિંહ ચોંક્યો, પણ ડૉક્ટરે હવે તેની હાજરી વીસરી ગયા હોય તેમ ઘૂંટાતા અવાજે બોલવાનું ચાલુ રાખ્યું.

'તું કોને મળવા આટલી બધી અધીરી થઈ છે ?'

ઉત્તર ન મળ્યો એટલે અવાજમાં ફરમાનની ધાર સાથે જવાબની ઉઘરાણી કરી : 'બોલ, કોણ તને પાછું મળ્યું છે ? કોને મળવા માટે તું વલખાય છે ?'

'એમને...' આજ્ઞાંકિત સ્વરે લાજવંતીએ હોઠ ફફડાવ્યા : 'જુઓને સાધુના વેશમાં સામે તો બેઠા છે.'

'સાધુના વેશમાં છે છતાં તું એને ઓળખી ગઈ ? બધા તો કહે છે કે એ બનાવટી...'

'નહીં નહીં !' લાજવંતી અધવચ્ચે જ બોલી ઊઠી : 'મારી આંખો તો પહેલી નજરે જ ઓળખી ગઈ હતી પણ...'

'પણ શું, મનમાં જે હોય તે બોલી નાખ !'

'મને બીક લાગે છે.'

'કોની ?'

'મોટાભાઈની...'

સાંભળતાં જ કનકસિંહનું કાળજું ઉતરડાઈ ગયું. ગરદન ઝાટકીને એ ડૉક્ટરને કાંઈક કહેવા જતો હતો ત્યાં એનો લાલઘૂમ ચહેરો જોઈને જીભ સિવાઈ ગઈ.

'મોટાભાઈની બીક શું કામ લાગતી હતી ? એ તો તારા હિતેચ્છુ છે. તારે ખાતર એ કેટલી ઉપાધિ વહોરે છે. બોલ, લાજવંતી ! સાધુને જોઈને તારી કામના જાગી ઊઠી ? સંસાર ભોગવવાની વૃત્તિ જોર કરી ઊઠી એટલા ખાતર તું એને...'

'નહીં, એ પોતે જ યુવરાજ છે. ભગવાન પોતે પણ એમનું રૂપ લઈને આવે તોય હું છેતરાઈ ન જાઉં.'

'ખોટી વાત, તને ભરજુવાનીમાં પૂરો સંસાર ભોગવવા ન મળ્યો એની ભ્રમણમાં તું પરાયા પુરુષને ભરથાર માની લેવા તૈયાર થઈ છો.'

'હે ભગવાન, ભલો થઈને આ બધાને તું સમજાવ. મારે સંસાર નથી ભોગવવો, મારે એનાં ભગવાં નથી ઉતારવાં. મને તો માત્ર મારા કપાળનો ભૂંસાયેલો ચાંદલો પાછો જોઈએ છે.'

બોલતાં બોલતાં એ હાંફી ગઈ, એનો શ્વાસ રૂંધાવા માંડ્યો, છેલ્લા શબ્દોમાં અવાજ તરડાઈ ગયો અને ચહેરા પર પરસેવાના રેલા નીતરવા લાગ્યા. ડોક ઢાળી દઈ ફરી એ બેહોશ બની ગઈ, હોઠ ભીડીને જડ બની ગઈ.

'હવે હાથ દબાવી રાખવાની જરૂર નથી કનકસિંહ !' ડૉક્ટરે પોતાના ગળાનો પસીનો લૂછતાં કહ્યું, ત્યારે કનકસિંહ આંચકામાંથી બહાર આવ્યો. લાજવંતીના હાથ પરથી પંજો ઉઠાવી લીધો તો બંને કાંડા પર લાલ સોળ ઊઠી ગયેલી દેખાઈ. દાંત પીસતાં એણે ડૉક્ટર સામે જોયું.

'બાપુ, એનું ભીતરનું મન ફરી થીજી ગયું.'

'એ મનને તો હું ઉતરડી નાખીશ ડૉક્ટર !' કનકસિંહનો ક્રોધ ખળભળી ઊઠ્યો : 'કેવું કેવું બોલી ગઈ એ... આપણી બાજીમાં એ જ તો હુકમનું પાનું છે અને હજુ રમતની શરૂઆત થઈ ત્યાં જ એણે રંગ બદલ્યો.'

ડૉક્ટરે જવાબ આપવાને બદલે બેગમાંથી ઈન્જેક્શનની સિરિંજ કાઢવા માંડી. કનકસિંહ ભુરાયો થઈને પૂછી બેઠો : 'તમે એનું શું કરવા માગો છો ?'

'અત્યારે તો ઘેન આપીને ઊંઘાડી દેવા સિવાય બીજું કાંઈ જ થઈ શકે નહીં.'

'પણ હમણાં એ જ કાંઈ બોલી એવું ફરી ક્યારેક બધાની વચ્ચે બેહોશીમાં બકી મારશે તો મારા હાથે સગી બહેનની હત્યા...'

'નહીં જાડેજા, સગી બહેન નહીં, ઓરમાન કહો.'

'શબ્દોની પંચાતમાં ન પડો ડૉક્ટર, હવે દરેક વાતમાં મારું જ ધાર્યું થવું જોઈએ' કહીને દીક્ષિત સામે આંખોની ધારદાર દૃષ્ટિ ભોંકી : 'ધીરજ કે ધરપત આપવાને બદલે હું કહું એમ થવું જોઈએ. નહીંતર....'

દીક્ષિતને તેની આંખોમાં ઘાતકી ધમકી વંચાઈ; છતાં ધારી અસર થઈ નહીં. ડૉક્ટરે ઠાવકાઈથી સંભળાવ્યું : 'જાડેજા, ખોટી જગ્યાએ તાકાત વેડફી નાખવામાં બહાદુરી નથી. ધાર્યું તો આપણા બંનેનું થશે - તમારા એકલાનું જ નહીં.'

કનકસિંહને કોઈએ છાતીમાં છૂરી હલાવી દીધી હોય એવું વસમું લાગ્યું, પણ હસતા મોઢે ઘા ખમી લેવો પડ્યો. થૂંક સાથે કડવો ઘૂંટડો ગળી જઈને કહ્યું : 'ડૉક્ટર, આજ સવારથી મારા પર ઘણ પડતા રહ્યા છે. મારું લોહી સળગી ઊઠ્યું છે. બોલવામાં બેકાબૂ બની જવાય છે, પણ પરિણામ અવળું આવશે તો મારી સાથે તમેય....'

ઈન્જેક્શન આપીને ડૉક્ટરે સિરિંજમાંથી સોય કાઢતાં તેની સામે જોયું : 'હું બધું સમજીને જ સાથ આપવા તૈયાર થયો છું જાડેજા !' તમારા દબાણે નહીં, આ સારવારમાં બહુ મોટી કમાણી કરવાની દાનતે.'

'તમારી દાનતને હું વધાઈ આપું છું, પણ અત્યારે નીચે જઈને મારે કહેવું શું ? બધાં વાટ જોઈને બેઠાં છે.'

'કહેવાનું તમારે નહીં, મારે છે.' દીક્ષિતે એમની બેગ બંધ કરતાં કહ્યું, 'દર્દીનો રિપોર્ટ આપતાં ડૉક્ટરને આવડે. બારણાં ઉઘાડી નાખો.'

અને જેવું કનકસિંહે ઓરડાનું બારણું ઉઘાડ્યું કે, દરવાજાથી દૂર ખસી ગયેલી મધુમતી ઊભે પગે ચોટલો રમાડતી દેખાઈ. એને કંઈ પૂછવા-કહેવા જાય ત્યાં તો ઝડપી પગલે વિજયસિંહ આવતો દેખાયો. કનકસિંહને દાસી પર દાઝ ચડી. દાદર તરફ ધ્યાન રાખવાને બદલે બારણે કાન રાખીને ઊભી હતી બેવકૂફ !

'હજી સુધી ભાભી ભાનમાં આવ્યાં નથી...?' જવાબ સાંભળવાને બદલે વિજયે શયનખંડમાં દાખલ થતાં પૂછ્યું : 'ડૉક્ટર, શુદ્ધિમાં આવતાં આટલી બધી વાર કેમ લાગી ?'

વિજયના પગ અચાનક થંભી ગયા. ઊંઘતી લાજવંતીના ચહેરા પર ઝળૂંબીને ઊભેલા ડૉક્ટર દીક્ષિત પોતાના આગમનથી થોડા ખસી જતા દેખાયા. બહુ ઝડપથી ડૉક્ટરના ચહેરા પર ભાવ પલટાતા પણ જોયા.

'સારું થયું તમે આવી ગયા જામબાપુ !' તેણે પોતાની બેગ હાથમાં ઊંચકતાં કહ્યું : 'એક વાર રાણીબા ભાનમાં તો આવ્યાં હતાં પણ...'

'પણ શું ?'

એટલી વારમાં કનકસિંહ પણ અંદર આવી પહોંચ્યો. ડૉક્ટર આગળ બોલતાં અટક્યા એ તેને ખટક્યું: 'તમે શું કહેતા હતા દીક્ષિતસાહેબ ?'

'આપણે નીચે જતાં જતાં વાત કરીએ.' ડૉક્ટરે દાસીની હાજરીનો સંકેત સૂચવીને પગ ઉપાડ્યા. જાડેજા અને જામ તેને પગલે પગલે આગળ વધ્યા.

રાણીવાસની સીડી ઊતરતાં માત્ર બે-ત્રણ વાક્યોમાં બંનેને આપેલી માહિતી ડૉક્ટરે વિસ્તૃત સ્વરૂપે તપાસખંડમાં બેઠેલા સૌને ગંભીર ભાવે સંભળાવવી શરૂ કરી :

'આમ જુઓ તો મહારાણીબા વધુ પડતી મૂંઝવણ અને કોઈક છાના ભયનો ભોગ બન્યાં છે.'

'છાનો ભય !' એ શબ્દ સૌને ચોંકાવનારો લાગ્યો. કનકસિંહે તો દાંત પણ ભીંસ્યા. ડૉક્ટરે નાટકીય ઢબે થોડું અટકી સાધુ તરફ દૃષ્ટિ ફેંકીને અહેવાલ

આપ્યો : 'રાણીબા સંપૂર્ણ શુદ્ધિમાં તો હજુ સુધી આવ્યાં નથી છતાં અજાગ્રત અવસ્થામાં એ ભયભીત અવાજે બબડતાં હતાં.'

ફરી ડૉક્ટરે અચ્છા અભિનેતાની અદાથી થોડું અટકીને સાધુ સામે જોઈ લીધું : 'ધ્રૂજતા અવાજે રાણીબા બોલતાં હતાં કે પેલો મને વશ કરવા માગે છે, મારા મગજ પર સેતાનની જેમ સવાર થઈને મને બિવડાવે છે. દિવસ-રાત મને સતાવે છે...'

'પેલો એટલે કોણ ?' સાધુએ અધવચ્ચે જ પૂછી લીધું ત્યારે ડૉક્ટરે કતરાતી આંખે તેને વીંધી નાખ્યો : 'સારું થયું તમે પોતે જ આ સવાલ કર્યો. રાણીબાએ તમારા તરફ જ આંગળી ચીંધી.' કહેતાં ડૉક્ટરે ઝાટકા સાથે સાધુ સામે આંગળી ચીંધી.

'એટલે બેહોશ અવસ્થામાં આપનાં મહારાણીએ છેક ત્યાંથી અહીં મારા તરફ આંગળી ચીંધી'તી ડૉક્ટર સાહેબ ?'

ઊલટતપાસ જેવા સાધુના એ સવાલે દીક્ષિતને વધુ ઉશ્કેરી મૂક્યો. કડવાશ ઘૂંટતાં એમણે સંભળાવ્યું : 'સાધુ મારાં'જ, ચમત્કાર દેખાડતાં તો તમને જ આવડે. રાણીબાએ સાફ સાફ શબ્દોમાં કહ્યું... એ સાધુડો મારા મનનો કબજો લેવા માગે છે. હું ફરી એ લંપટનું મોં જોવા નથી માગતી. મને એના સકંજામાંથી છોડાવો.' કહીને મેજ પર નાટકીય ઢબે હથેળી પછાડતાં પૂરું કર્યું. 'આ હતા એના શબ્દો. આ છે એની બેહોશીનું કારણ ! સાંભળનારાં સૌ હેતબાઈ ગયાં. કનકસિંહ મનમાં દીક્ષિત પર વારી ગયો, વિજયસિંહ વિહ્વળ બની ગયો. પણ સાધુના મુખ પર આઘાતની એક રેખાય ફરકી નહીં. જાણે કે આવા પ્રહાર માટે એણે અગાઉથી જ તૈયારી કરી રાખી હોય !

ગોરાસાહેબ અને બેરિસ્ટર વચ્ચે થોડી મસલત થઈ. પછી ડૉક્ટરને પૂછવામાં આવ્યું : 'એનો અર્થ એ કે મહારાણી હવે પછી તપાસમાં હાજર રહે તો એમના મન પર વિપરીત અસર થવા સંભવ છે.'

'સંભવ નહીં, મને તો ખાતરી છે.' દીક્ષિતે અભિપ્રાય સેરવ્યો : 'મગજની સમતુલા ગુમાવી બેસશે તો એમને પાગલ બનાવી દેવાની જવાબદારી આપણા સૌ પર આવી પડશે.'

ફરી બંને મોવડીએ મસલત કરીને નિર્ણય લીધો. બૅરિસ્ટરે ઊભા થઈ સંબોધન કર્યું : 'આજ પૂરતી તપાસ અહીં મુલતવી રાખવાનો અમે ઠરાવ કર્યો છે, પણ આવતી કાલે એ ફરી શરૂ થાય ત્યાર પહેલાં આપણે બે મહત્ત્વના નિર્ણય લેવાના છે. એક તો મહારાણીની ગેરહાજરીમાં જ હવે પછીની તપાસ આગળ વધશે. કોઈને આની સામે વાંધો છે ?'

બૅરિસ્ટરે કહ્યું તો બધાંને, પણ જોયું સાધુ સામે.

હાજરજવાબી નિત્યાનંદે બે ઘડી વિચાર કરવો પડ્યો. પહેલી જ વાર વિમાસણમાં પડેલા સાધુને જોઈ કનકસિંહ હરખાયો : 'બેટમજી હવે આપ જવાબ !'

'ખરેખર મહારાણીને અજંપો કે સંતાપ થયો હોય તો આ તપાસમાંથી એમને મુક્ત રાખવાં જોઈએ. પણ મારી એક માગણી છે.'

'માગણી ?' કનકસિંહ ખીજવાયો. નમતું જોખીને પાછો હાથ ઉપર રાખે છે !

'તપાસના આખરી દિવસે, ચુકાદો આપતાં અગાઉ મહારાણીની હાજરી હોવી જોઈએ.' માગણીની સાથોસાથ તેણે કારણ પણ જણાવી દીધું : 'છેલ્લા દિવસે એ હાજર રહે તો એમના પર વિપરીત અસર થવાનો સંભવ નથી.'

ગોરાસાહેબ સાથે મસલત કરીને બૅરિસ્ટરે માગણી મંજૂર કરી : 'મહારાણીની તબિયત વધુ ન બગડે તો એમને છેલ્લે દિવસે હાજર રાખવા સામે કોઈને વાંધો ન હોઈ શકે.'

આ નિર્ણયની નોંધ લેવાઈ ગયા પછી બૅરિસ્ટરે બીજા નિર્ણયની રજૂઆત કરી : 'આજની તપાસના એકસ-રેના જે પુરાવા પડ્યા છે તેની ચકાસણી માટે હમણાં જ ફોટા સાથે રાજગઢની સરકારી હૉસ્પિટલમાં માણસને રવાના કરવામાં આવશે. પરંતુ હવે પછી બીજે દિવસે જે મુદ્દા પર ચર્ચા થવાની હોય તેની રૂપરેખા અગાઉથી નક્કી થઈ જવી જરૂરી છે. તેમાં બંને પક્ષની સગવડતા સચવાઈ રહેશે. જે પુરાવા રજૂ થવાના હોય તેની દલીલ અથવા તો તેની સામેના બીજા પુરાવા દરેક પક્ષને તૈયાર રાખવાનું સુગમ પડે. બોલો, આની સામે કોઈને વાંધો છે ?'

સાધુ કે કનકસિંહે વાંધો દર્શાવ્યો નહીં ત્યારે બૅરિસ્ટરે પૂછ્યું : 'તો કહો, આવતી કાલે કઈ વાત પર તપાસને આગળ વધારવા માગો છો ?'

'મૃત્યુના સાચા કારણની ચર્ચા !' સાધુએ ગોળી છોડી હોય તેમ સાંભળીને કનકસિંહ ભડકી ગયો. તેણે તરત વિરોધ ઉઠાવ્યો : 'નહીં બૅરિસ્ટર સાહેબ, આવતી કાલની તપાસમાં એ નિર્મળકુમાર નથી એ પુરવાર કરવા માટે અમને એની ઊલટતપાસ લેવાની તક મળવી જોઈએ.'

બૅરિસ્ટર તેની સામે તાકી રહ્યા. ઊલટતપાસની આ ઉતાવળ તેમને અજુગતી લાગી. છતાં માની લીધું કે કનકસિંહ પાસે આવી માગણી માટે કોઈ સધ્ધર કારણ હોવું જોઈએ.

'નિત્યાનંદજી ! એમની માગણી સામે તમને કોઈ વાંધો ન હોવો જોઈએ.' કહીને બૅરિસ્ટરે સિફતથી સંમતિ મેળવી લીધી : 'આજની શરૂઆત તમારા કહેવા મુજબ થઈ હતી, કાલનો દોર કનકસિંહના હાથમાં સોંપવો જોઈએ.'

અને તપાસનો પહેલો દિવસ બપોર પહેલાં જ આટોપાઈ ગયો. બધા વીખરાવા લાગ્યા ત્યારે કનકસિંહ ઈશારત કરી બૅરિસ્ટરને એક ખૂણામાં દોરી ગયો : 'સાહેબ, કાલે સવાલો અમે પૂછશું, પણ એની તૈયારી તમારે કરી આપવાની છે.'

બૅરિસ્ટર વિચારમાં પડી ગયા એટલે કનકસિંહે કાનમાં ફૂંક મારી : 'રાજમાતાએ જ મને આ સૂચન કર્યું છે. તપાસ ચાલે ત્યારે તમે તટસ્થ અને ત્યાર પછી અમારા સલાહકાર.'

આવી બેવડી ભૂમિકા ભજવવાનું બૅરિસ્ટર વાડિયાને અજુગતું લાગ્યું, પણ ગમે તેમ તો પોતે રાજકુટુંબના જ વિશ્વાસુ વકીલ હતા. રાજમાતાની આજ્ઞા કેમ અવગણી શકાય ! ચુકાદો તો રાજમાતાની તરફેણમાં જ આપવાનો હતો ને!

ખંધું હસીને તેમણે સંમતિ આપી દીધી, એટલે કનકસિંહે આંખ મિચકારી : 'બસ તો, સાંજે મોટી વાડીમાં એકાંતમાં આપણે બે એકલા મસલત કરી લેશું.'

બંનેની આ ગુફતગો વખતે વિજયસિંહે પણ બધાનું ધ્યાન ચૂકવી સાધુ સાથે બે ઘડીનો સત્સંગ કરી લીધો હતો.

*

[૧૪]

બીજા દિવસની તપાસ અર્ધો કલાક મોડી આરંભાઈ. બધાએ નવના ટકોરે ખંડમાં પોતપોતાની બેઠક લઈ લીધી હતી, કોઈની રાહ જોવાની નહોતી. સૌનું સ્વાગત કરવાની કામગીરી આજે વિજયસિંહે ઉપાડી લીધી હતી. સાધુને ટીલિયા ઘોડા પર સવાર થઈને આવેલા જોઈ બધા વિસ્મયમાં પડી ગયેલા. વિજયસિંહે પરાણે સ્વાગત કરવાના દેખાવ સાથે હળવેકથી કહી દીધેલું : 'જાડેજા આજે બહુ જોરમાં દેખાય છે, સાબદા રહેજો.' જવાબમાં નિત્યાનંદે આત્મવિશ્વાસ નીતરતું સ્મિત જ ફરકાવ્યું હતું. કનકસિંહ અને ડૉક્ટર રાણીવાસમાં વાડિયા સાથે છેલ્લી ઘડીએ મસલતમાં ગોઠવાઈ ગયા હતા : 'લાજવંતી પાસેથી એક ચોંકાવનારી બાતમી મળી છે. તમે સલાહ આપો તો આજની તપાસમાં આપણે એનો ઉપયોગ કરીએ.' બીજી બાજુ બધાના અચરજ વચ્ચે સાધુએ ગોરાસાહેબ સાથે એકાંતમાં ચર્ચા કરવાની મંજૂરી મેળવી અંગ્રેજીમાં મસલત કરવા માંડી હતી : 'આ તપાસમાં હું જે કંઈ બોલું તેની અક્ષરશઃ નોંધ લેવાય છે છતાં એમાં શરતચૂક થવાનો સંભવ રહે છે. ગમે એટલી ઝડપથી લખનાર પણ અમુક શબ્દો ચૂકી જાય, તો મારા બોલવાનો અર્થ બદલાઈ જવાની શક્યતા છે.

'તો રોજ સાંજે તમે એ નોંધ ચકાસીને ખાતરી કરી જુઓ કે લખાણમાં કાંઈ ભૂલચૂક રહી જવા પામી છે ખરી ?'

'આવેશમાં માણસ જે કાંઈ બોલી જાય તેનો શબ્દેશબ્દ પોતાને પણ યાદ નથી રહેતો સાહેબ.'

'તો પછી એનો કાંઈ ઉપાય નથી સાધુ મહારાજ.'

'ઉપાય છે.' સાધુએ થોડું અટકીને ઉપાય ચીંધ્યો : 'અવાજ ઉતારવાના મશીનનો ઉપયોગ કરવામાં આવે તો અરીસાની જેમ તેમાં પણ હોય એવું જ આવે છે. શબ્દેશબ્દ ફરીથી સાંભળી શકાય છે, બોલ્યા પછી કોઈ ફરી જઈ

શકતું નથી.'

'એટલે કે તમે ટેપરેકોર્ડરની વાત કરો છો ?' ગોરાસાહેબ વિમાસણમાં પડી ગયા: 'પણ આવું મશીન ભાગ્યે જ કોઈની પાસે હશે.'

'શોખીન રાજામહારાજા પાસે તો હોય.' કહીને સાધુએ સિફતથી ઉમેર્યું, 'કદાચ આ મહેલમાં પણ વસાવ્યું હોય.'

ત્યારે પોલિટિકલ એજન્ટ વિલિયમ સાહેબ મલક્યા. તેણે બૅરિસ્ટર વાડિયાને ચર્ચામાં સામેલ કર્યા : 'તપાસની નોંધ ઉતારવા માટે મશીનનો ઉપયોગ થાય એમાં વાંધો લેવા જેવું તમને કાંઈ લાગે છે ?'

ત્રણેને મસલત કરતા જોઈ કનકસિંહ ગિન્નાયો : સાધુ વળી શું નવું તૂત લઈ આવ્યો હશે ! આજે તો હું એને બરાબરનો ભીંસમાં લેવાનો....

અને સાડા નવના ટકોરે ખાનગી ચર્ચા આટોપાઈ ગઈ. સાધુનો પ્રસ્તાવ સૌની સમક્ષ રજૂ કરીને ગોરાસાહેબે પોતાનો મત દર્શાવ્યો : 'આ મશીનનો ઉપયોગ કરવાથી તપાસની ચોકસાઈ વધશે એમાં કોઈ શંકા નથી, પણ આવું કોઈ ટેપરેકોર્ડર અત્યારે હાજર નથી એટલે...'

ત્યાં અધવચ્ચે જ સાધુએ દખલ કરવાની ક્ષમા સાથે સંભળાવ્યું : 'મારા ધારવા પ્રમાણે એવું મશીન યુવરાજ નિર્મળકુમાર પાસે હતું. અને હજુય એ હોવું જોઈએ.'

સાધુ તરફ ખેંચાયેલી બધાની નજર પાછી ફરીને કનકસિંહ તરફ વળી. કનકસિંહ ગૂંચવાઈ ગયો. સાધુની દરેક વાતમાં એને તરકીબની જ ગંધ આવતી હતી. એટલે આદત મુજબ આડો ફંટાયો : 'એવું કોઈ મશીન અમારી પાસે નથી.'

'જાડેજા, આ મહેલની દરેક વાતથી તમે વાકેફ ન પણ હો.' સાધુએ નમ્રપણે છતાં મક્કમ અવાજે કહ્યું : 'જરા રાજમાતાને પૂછી જુઓને, બહુ વાર નહીં લાગે.'

કનકસિંહને એ બહુ કઠ્યું : 'પણ બૅરિસ્ટર વાડિયાએ આગલી રાતે ખાસ તાકીદ કરેલી કે તમારા વર્તનમાં અતડાપણું ન લાવશો. નહીંતર આપણો જ કેસ નબળો પડી જશે... એટલે કડવો ઘૂંટડો ગળે ઉતારી પડદા પાછળ

બેઠેલાં રાજમાતાને પૂછી આવ્યો : 'એ કહે છે કે આવું મશીન યુવરાજ પાસે હતું ખરું...' કહીને બોદા અવાજમાં રણકો લાવીને ઉમેર્યું : 'પણ બગડી ગયું હોવાથી પટારામાં મૂકી દીધું છે.'

'જોયું ને જાડેજા !' સાધુ સંભળાવવા માગતા હતા. 'અહીંની ઘણી બાબતોથી તમે અજાણ છો...'

પણ ગોરાસાહેબે ચર્ચા ત્યાં જ કાપી નાખી, 'હવે આ વિશે કોઈએ વધુ બોલવાની જરૂર નથી. આવથી કાલે રાજગઢથી હું ટેપરેકોર્ડર મંગાવી લઉં છું. આજની તપાસ શરૂ કરો.'

કહીને ગોરાસાહેબે કનકસિંહ તરફ જોયું, 'ગઈ કાલે નક્કી થયા મુજબ તમે ફરિયાદી સાધુને સવાલો પૂછી શકો છો.'

ફરિયાદી નહીં નામદાર, અમારી નજરે તો એ આરોપી છે.' કનકસિંહે વકીલની ઢબે શરૂઆત કરી. સવારથી ઘૂંટી રાખેલો જુસ્સો તેના બોલમાં વહેતો થયો: 'સાધુના સ્વાંગમાં આવેલા આ માણસે ત્રણ વખત અમારા મહેલમાંથી ચોરી કરી છે.'

'મહેલમાં ચોકીદારનો જાપ્તો હોવા છતાં ચોરી કરી !' સાધુએ કટાક્ષ ફેંક્યો ! એટલે કનકસિંહે સુધારો કર્યો, 'ચોરી કરી નહીં હોય તો કરાવી છે.'

'તમારે સવાલ પૂછવાના છે જાડેજા !' ગોરાસાહેબે ટકોર કરી : 'આરોપો મૂકવાના નથી.'

'નામદાર સાહેબ, હું એ જ કરવા માગું છું. પહેલી ચોરી એણે મહેલના ટીલિયા ઘોડાની કરી હતી કે નહીં એનો હું જવાબ માગું છું.'

'ઘોડાની ચોરી નહીં નામદાર, મેં એનું રક્ષણ કર્યું.' સાધુએ સ્વસ્થપણે જવાબ સંભળાવ્યો, 'જે ટીલિયા ઘોડાને કનકસિંહે ગોળીએ દેવાનો હુકમ કર્યો તે આપમેળે મારા રક્ષણમાં આવ્યો.'

'શું ઘોડાને ખબર પડી ગઈ કે એને ગોળીએ દેવાનો છે ?' કનકસિંહે ધારદાર કટાક્ષ સંભળાવ્યો, 'એટલે એ દોડીને તમારા શરણે આવ્યો એમ ?'

'ના એમ નહીં જાડેજા, ઘોડાને એમ ખબર પડી ગઈ કે એનો અસલ માલિક કોણ છે !'

આ વાત પર ડૉક્ટરથી ખડખડાટ હસી જવાયું. કનકસિંહનો જુસ્સો વધ્યો, 'સાધુ મા'રાજ, તમે અહીં બેઠેલા બધાને શું મૂંગા જનાવર કરતાંય ઊતરતા ગણો છો ? યુવરાજની સારવાર કરનાર આ ડૉક્ટરને, યુવરાજનું પડખું સેવનાર મહારાણીને કે યુવરાજને જન્મ આપનાર રાજમાતાજીને તમે અસલી ન લાગ્યા અને ચારપગા એક જનાવરે તમને અસલી માલિક માની લીધા ?'

બધાને આ દલીલ ધારદાર લાગી. સાધુએ નમતું જોખ્યું : 'માની લો કે ટીલિયા ઘોડાએ મને અસલી માલિક માન્યો ન હોય પણ જેને તમે મારી નાખવાના હતા, જેનો પગ લંગડાતો હતો એને માવજત કરીને મેં ઉગારી લીધો તેમાં ચોરી ક્યાં આવી ?'

'અમારા પાળેલા જાનવરને અમે ગોળ ખવડાવીએ કે ગોળીએ દઈએ એની તમારે શી પંચાત ? અમે એના માલિક છીએ.'

'માલિક તમે નહીં, રાજમાતા છે, જાડેજા.' સાધુએ સામી દલીલ કરી: 'એ વાત ભૂલી ગયા કે નિર્મળકુમારે મરતાં પહેલાં આખરી ઇચ્છા વ્યક્ત કરી હતી, ટીલિયો લંગડો થાય તોપણ એને ગોળીએ નહીં દેતા.'

સૌ ચોંક્યા. કનકસિંહને એ ફટકો વસમો લાગ્યો, પણ ડગી જવાને બદલે વધુ ચગ્યો, 'નામદાર સાહેબ, આ સાધુ મારો મૂળ સવાલ ઉડાવીને વાતને આડે પાટે ચડાવી દેવાની લુચ્ચાઈ અજમાવે છે. ઘોડાને ઉગારવાનું બહાનું બનાવટી છે, કારણ કે બીજી વાર એણે નિર્મળકુમારનું બખ્તર મહેલમાંથી ચોરાવ્યું અને ત્રીજી વાર તફડાવેલી યુવરાજની તલવાર તથા પોશાકના તો આપ પોતે જ સાક્ષી છો... બોલો સાધુ, આ ચોરીનો બચાવ કરવા માટે કયું બહાનું છે તમારી પાસે ?'

'બહાનું નહીં જાડેજા, નિર્મળકુમારની દરેક ચીજ પર મારો હક્ક લાગે છે.'

એ જવાબે બધાને ભડકાવ્યા. બૅરિસ્ટર સફાળા ઊભા થયા : 'આ જવાબ બેહૂદો છે. હક્ક પુરવાર કર્યા પહેલાં આવો દાવો થઈ શકે નહીં.'

ગોરાસાહેબે પણ માથું હલાવી એમાં ટાપશી પુરાવી ત્યારે કનકસિંહ અક્કડ થઈ ગયો : 'નામદાર, હક્કનો દાવાદાર સામી છાતીએ આવીને માગણી

કરે પણ એણે તો મહેલની એક દાસીને ફોડીને પટારામાંથી બધી ચીજો ચોરાવી હતી.'

'નહીં !' 'નહીં !' સાધુએ જોરદાર ત્રાડ નાખી. એનો લાલઘૂમ ચહેરો જોઈને સૌ ચોંક્યા. અત્યાર સુધીની એની સૌમ્યતા આ એક જ વાતે કેમ અલોપ થઈ ગઈ ? રાજપૂતની જેમ એનું લોહી ઊકળી કેમ ઊઠ્યું ? બે ઘડી ખામોશી છવાઈ ગઈ, સાધુએ આંખો ભીડી દઈ આઘાત પચાવી લીધો. ચહેરા પર અગાઉ જેવી સૌમ્યતા પાછી ફરી ત્યારે કહ્યું : 'કોઈની પાસે ચોરી કરાવવાનો આરોપ સદંતર ખોટો છે.'

'તો પછી કબૂલી લો કે તમે જાતે જ એ ચીજોની ચોરી કરી ગયા હતા.'

સાધુને નિર્ણય લેતાં વાર લાગી એટલે કનકસિંહની અધીરાઈ વધી ગઈ: 'પુરાવા વગર આરોપ મૂકવામાં અમે માનતા નથી. જે દાસી પાસે બખ્તર, તલવાર અને પોશાકની એણે ચોરી કરાવી એનું નામ છે માલતી.'

નામ સાંભળીને સાધુના કપાળમાં કરચલી પડી ગઈ. વિમાસણ વધી ગઈ.

કનકસિંહે દાસીને હાજર કરવા માટે નામદારની મંજૂરી માગી ત્યારે સાધુએ જ કહેવું પડ્યું : 'આ વાતમાં દાસીને સંડોવતાં પહેલાં હું એક-બે ખુલાસા જાણવા માગું છું.'

મંજૂરી મળી એટલે સાધુએ શરૂઆત કરી : 'જાડેજા, તમારા કહેવા મુજબ જે ચીજોની દાસી મારફત મેં ચોરી કરાવી એ ગમે તેના હાથમાં આવી જાય એમ રાખવામાં આવે છે ?'

'ના, તાળું મારેલા પટારાખંડમાં બહુ સાચવીને રાખવામાં આવે છે. જેની ચાવી રાજમાતા પોતાના કબજામાં રાખે છે.'

'તો પછી એક દાસી આ ચોરી કરે કેવી રીતે ?'

કનકસિંહ એ જ સવાલની રાહ જોતો હોય તેમ મલક્યો : 'બહુ સીધી વાત છે. રાજમાતા સ્નાન કરતી વખતે ચાવીનો ઝૂડો ભૂલી ગયાં હોય, પછી કલાકો સુધી પૂજામાં બેઠાં હોય એનો લાભ લઈને દાસીએ નકલી ચાવીઓ બનાવી લીધી હોય.'

'એ તો તમારું અનુમાન છે.'

'ના, દાસીએ પોતે કબૂલ્યું છે અને બધાની વચ્ચે ગુનો કબૂલવા તૈયાર છે.'

ત્યારે સાધુએ થોડો વિચાર કરવો પડ્યો : 'જાડેજા, એની પાસે ગુનો કબૂલ કરાવવાની તમારી અધીરાઈ સમજી શકાય એવી છે, પણ મહેલની દાસી ધાકધમકીને વશ થઈ ખોટી કબૂલાત કરવાય તૈયાર થઈ જાય.'

'એમાં એને શું લાભ ?'

'તો મારા માટે મહેલમાંથી ચોરી કરવામાંય શું લાભ ?'

'લાલચ ! તમે મોટી રકમ ઇનામમાં આપીને નિમકહરામ બનાવી.'

'પણ એ દાસી તો જાડેજા, બહુ વિશ્વાસુ અને જૂની છે. બચપણથી એ તમારા પિતાને ત્યાં ઊછરી હતી, તમારી ઓરમાન બહેન પરણીને મહેલે આવ્યાં ત્યારે એની સાથે આવી હતી.'

'એટલે શું એ ચોરી ન જ કરે ?'

'ના, એટલે એ તમે કહો તેવું ગમે તે કબૂલ કરવા તૈયાર થઈ જાય એમ મારું કહેવું છે.'

'તમારા કહેવા સાથે અમારે...' જાડેજા આગળ બોલે એ પહેલાં ગોરાસાહેબે હાથ ઊંચો કરી તેને રોક્યો. વાડિયા સાથે થોડી ગુસપુસ કરી: 'આ રીતે તો તપાસ બહુ લંબાઈ જશે. સાધુએ ચોરી કરેલી ચીજો પાછી સોંપી દીધા પછી જ સૌને એ ચોરાયાની જાણ થઈ હતી. એટલે એનો ઇરાદો ચોરી કરવાનો નહોતો.' ત્યારે બૅરિસ્ટરે દલીલ કરી : 'સાધુનો ઇરાદો પોતાને નિર્મળકુમાર ઠરાવવાનો છે, મામૂલી ચોરી કરવાનો નહીં. કનકસિંહ માને છે કે આ આખું કાવતરું વ્યવસ્થિતપણે ઘડવામાં આવ્યું છે.' ત્યારે ગોરાસાહેબે સમજાવ્યું : 'તો પછી એને કહો કે કાવતરાની કોઈ મહત્ત્વની કડી રજૂ કરે.'

બૅરિસ્ટર સાહેબે કનકસિંહના કાનમાં ફૂંક મારી એટલે એણે રેશમી ઝભ્ભાની બંને બાંયો ચડાવી : 'નામદારનો હુકમ છે કે મારે ઝડપ વધારીને મુખ્ય મુદ્દાની જ ચર્ચા કરવાની છે. એમના ફરમાનને માથે ચડાવીને હું કહું છું કે આ સાધુએ હિંમતનગરની રાજગાદી પચાવી પાડવા માટે એક ભયાનક

કાવતરું ઘડ્યું છે, જેનો પાયો આજથી સાત-આઠ વરસ અગાઉ કુંભમેળામાં નખાયો હતો.'

બધાની ડોક ટટ્ટાર થઈ ગઈ, કાન સરવા થયા, સાધુ પણ સાવધ બની ગયા.

'કહો સાધુ મહારાજ, અલ્લાહાબાદમાં ભરાતા કુંભમેળામાં તમે ગયા હતા ખરા ?'

'હા. અમારો આખો સાધુસંઘ કુંભમેળાની યાત્રામાં હતો.'

'તમારા સંઘના મોવડી કોણ હતા ?'

'અમારા ગુરુ સ્વામી સત્યાનંદજી !'

'વિધવા થયેલાં મહારાણી પણ એ કુંભમેળાની જાત્રાએ ગયાં હતાં.' કનકસિંહે સૌને સંબોધીને કહેવા માંડ્યું : 'આપ સર્વે ધ્યાનથી સાંભળો... રાણીબાનો વૈધવ્યનો ઘા તાજો હતો. મનની શાંતિ માટે અને મૃત પતિની સદ્‌ગતિ માટે એ જાત્રાએ ગયાં હતાં ત્યાં એમને જાણ થઈ કે નજીકમાં જ એક ત્રિકાળજ્ઞાની સાધુનો પડાવ છે. મહારાણીબા એ ત્રિકાળજ્ઞાનીનાં દર્શને ગયાં, દર્શને આવતી સ્ત્રીઓને નરી આંખે નહીં જોનારા એ સાધુએ મહારાણીને બંધ આંખે આશીર્વાદ આપ્યા... શું આશીર્વાદ આપ્યા એ સાંભળો.'

કહીને ખંધું મલકતાં કનકસિંહ થોડું અટક્યો. બધા પોતાને સાંભળવામાં એકાગ્ર બની ગયા છે એ જોઈ લઈને જુસ્સાભેર બોલ્યો : 'એક વિધવા સ્ત્રીને એ સાધુએ અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ આપ્યા.'

ડૉક્ટર ખડખડાટ હસી પડ્યા, બીજાઓ પણ થોડુંક હસ્યા. બૅરિસ્ટરે ગોરાસાહેબને તેનો અર્થ સમજાવ્યો ત્યારે એમની આંખોમાંય ચમક ઊપસી આવી.

'એ આશીર્વાદ જ આ કાવતરાનું મૂળ છે.' કનકસિંહે સંભળાવ્યું : 'કોઈ વિધવાને સાચો સાધુ અખંડ સૌભાગ્યવતી કહેવાની હિંમત કરે ખરો ?'

'કરે !' હવે નિત્યાનંદે એટલા ઊંચા અવાજે સંભળાવ્યું : 'જો એ ત્રિકાળજ્ઞાની હોય તો અંતરની આંખોથી જોઈ શકે કે એનો પતિ હયાત છે. માત્ર એ સ્ત્રીને તેની જાણ નથી.'

કનકસિંહે અટ્ટહાસ્ય કર્યું : 'ત્રિકાળજ્ઞાની ન હોય અને પાખંડી હોય તોપણ આવું કહી શકે ને ?'

ત્યારે સાધુએ ઝાટકા સાથે એક હાથ લંબાવીને વિરોધ કર્યો : 'નામદાર, અહીં કોઈની માનમર્યાદા પર ફટકો મારવાની મનાઈ છે. કનકસિંહ જાડેજાએ અમારા ગુરુને પાખંડી કહીને મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે.'

'નહીં નામદાર, જાણીજોઈને મેં એ શબ્દો વાપર્યા છે.' કહેતાં એ લુચ્ચું હસ્યો: 'કારણ કે હું એને પૂછત કે એ ત્રિકાળજ્ઞાની તમારા ગુરુ હતા તો કદાચ ઈન્કાર કરી દેત. તેના બદલે પાખંડી શબ્દથી ઉશ્કેરાઈને આપોઆપ એણે કબૂલ કરી દીધું કે પોતે એના જ ચેલા છે.'

'એમના શિષ્ય હોવા બદલ હું ધન્યતા અનુભવું છું જાડેજા, કેટલાક બીજાનો જીવ લેવામાં આનંદ માણે છે તો કોઈ બીજાને જીવતદાન આપીને કૃતાર્થતા અનુભવે છે.'

'અધરા શબ્દો બોલવાથી અહીં તમારું કાંઈ નહીં વળે સાધુ મહારાજ. એ કુંભમેળામાં સત્યાનંદજી સંન્યાસીના સંઘમાં તમે હતા. ત્યાં તમે મહારાણીને જોયાં હતાં. એમની સાથે આવેલી એક દાસી તમને જોઈને હેબતાઈ ગઈ હતી. તમે એમ માન્યું કે એ તમારા પર મોહી ગઈ છે. સાધુ હોવા છતાં તમે એ દાસીના મોહમાં લપટાયા. એ બિચારીએ ખુલાસો કર્યો કે દોઢ વર્ષ અગાઉ મૃત્યુ પામેલા અમારા યુવરાજ અસલ તમારા જેવા દેખાતા હોવાથી હું ભરમાઈ ગઈ હતી, હેબતાઈ ગઈ હતી... અને આ વાત તમે આબાદ રીતે મગજમાં ઉતારી લીધી.

'તમારા બીજા એક સાધુભાઈ મારફત તમે દાસી પાસેથી યુવરાજ વિષે જાતજાતની પૂછપરછ કરાવી અને એવી રીતની ગોઠવણી કરી કે મહારાણી તમારા ગુરુનાં દર્શન કરવા પધારે.'

'આ બધી ઉપજાવી કાઢેલી વાત છે.'

'ઉપજાવી કાઢવામાં તો તમે કેટલા પાવરધા છો એ જ મારે કહેવાનું છે.' કનકસિંહે વડચકું ભરવાની ઢબે કહ્યું : 'તમારી સાધુ ટોળીમાં નક્કી થયું કે આજથી સાતેક વર્ષ પહેલાં મહેલમાં એક સાધુ પધાર્યા હતા. એણે ધારીધારીને

યુવરાજની છબી નિહાળી હતી. છતાંય સંતોષ ન થયો એટલે પોતે ચિત્રકાર છે એવું બહાનું દેખાડી ચાર કલાક સુધી છબી સામે બેસીને મોટા કાગળ પર યુવરાજની છબીની નકલ ઉતારી હતી. અમને તેની આ હિલચાલ વિચિત્ર લાગી ત્યારે એણે ખુલાસો કરેલો કે આ રાજવીના ચહેરા પર કોઈ અજબ તેજ દેખાય છે. એના જીવનમાં કોઈ અનોખી ઘટના હવે બનવી જોઈએ... સાંભળીને અમારે કહેવું પડ્યું કે એ તો બે વરસ અગાઉ મૃત્યુ પામ્યા છે, અનોખી ઘટના બનવાનો સવાલ ક્યાં આવ્યો ? ત્યારે સાધુની નાટકી ઢબે એણે અમને આંચકો આપ્યો : 'કુદરત ક્યારેક આપણને ભુલાવામાં નાખે છે. ભેદ ખૂલશે નહીં ત્યાં સુધી તમને મારી વાણીનો મરમ નહીં સમજાય... એ સાધુની વાણીનો મરમ અમને હવે સમજાય છે કે તમારા એ ભગવા ગઠિયાએ અમારા મગજમાં ભૂસું ભરવાની પેરવી શરૂ કરી હતી. તમને નકલી યુવરાજ બનાવવાનું એ હતું પહેલું પગલું.'

બધા જ સ્તબ્ધ થઈ ગયા હતા.


'કનકસિંહ જાડેજા, જે પોતે કાવતરાં ઘડી શકે એ જ બીજા ઉપર કાવતરાંનો આરોપ મૂકવા આવી સજ્જડ કલ્પના કરી શકે. સાધુએ દલીલ કરી: 'સાત વર્ષ પહેલાં શું બન્યું હતું એ તો કહ્યું, હવે એ પણ જણાવો કે કાવતરું ઘડનારાએ સાત સાત વરસ સુધી એનો અમલ કરવાની ધીરજ શું કામ રાખી ?'

'એ મારે નહીં તમારે કહેવાનું છે સાધુ મહારાજ ! કે નકલી નિર્મળકુમાર બનવામાં આટલાં બધાં વરસ શું કામ લાગ્યાં ? શું યુવરાજ જેવી તલવારબાજી શીખવામાં બહુ વખત ગયો ? એમના વિષે અને અમારા વિષે રજેરજ માહિતી એકઠી કરવામાં બહુ વાર લાગી ? કે પછી બીજા કોઈ ગોરખધંધામાં તમે પાંચ-છ વરસ જેલભેગા થઈ ગયા હતા એટલે મહેલના માલિક બની બેસવાનું મુલતવી રાખવું પડ્યું ?'

કનકસિંહના આ કથન પર વિહ્વળ બની ગયેલા સાધુએ ધારદાર નજરે તેની સામે જોયું. બધા જ એના બોલવાની એકાગ્રતાથી રાહ જોતા હતા. તેણે કહેવું પડ્યું : 'યુવરાજનું મૃત્યુ અને સાધુના જન્મ વચ્ચેના ગાળામાં શું શું બન્યું

એ કહેવાનો વખત હજી આવ્યો નથી. અત્યારે તો મારે એ જાણવું છે કે કુંભમેળામાં જે દાસી મને જોઈને હેબતાઈ ગઈ હતી તે પણ પેલી માલતી જ છે ?'

'નહીં, મધુમતી છે - મહારાણીની બીજી દાસી... કહેતા હો તો હમણાં હાજર કરીને કબૂલાત સંભાળવું.'



'રહેવા દો જાડેજા, શતરંજની રાજરમતમાં બળવાન ખેલાડી રાજા, વઝીર અને હાથી-ઘોડાની ચાલ પર મદાર બાંધે છે. કહ્યાગરી દાસી તમને બાજી જિતાડી નહીં શકે.'

અહીં બૅરિસ્ટર વાડિયાએ ઊભા થવું પડ્યું : 'નિત્યાનંદજી, તમારી વાક્ચાતુરી પર અમે બધા વારી ગયા છીએ. કહેતા હો તો એનું પ્રમાણપત્ર લખી આપીએ. પણ તમે અખત્યાર કરેલી રીત અમને સમજાતી નથી. કનકસિંહ જે આરોપ મૂકે છે એને તમે નકારી કાઢો છો, પણ પુરાવા રજૂ કરવાનો પ્રસ્તાવ આવે છે ત્યારે તમે ટાળી શું કામ દો છો ?'

'કારણ કે હિંમતનગરના સૂર્યવંશી કૂળમાં દાસ-દાસીઓનું સ્થાન હંમેશાં ઓરડાના ઉંબરા સુધી જ રહ્યું છે. કનકસિંહ આ મર્યાદા ઓળંગવા માગે તોપણ મને એ મંજૂર નથી. મહારાણીનું નામ આગળ ધરીને એ પુરાવામાં તો દાસીઓને જ રજૂ કરવા માગે છે.'

'આ તપાસ તમારી મરજી મુજબ નહીં થાય.' બૅરિસ્ટરે કડક શબ્દોમાં સંભળાવ્યું : 'મહેલમાંથી ચોરી કરાવવાના અને નકલી નિર્મળકુમાર બનવાના કાવતરાના તમારા પર મૂકવામાં આવેલા આરોપોનું કાં તો ખંડન કરો યા તો કબૂલી લો.... ત્યાં સુધી આ તપાસ આગળ વધારવાનો કોઈ અર્થ નથી.'

ત્યારે સાધુએ ગોરાસાહેબ તરફ દૃષ્ટિ ફેંકી. એમણે પોતાના મંત્રી પાસેથી બૅરિસ્ટરના કથનનો અંગ્રેજી તરજુમો સમજી લીધો. પછી ફેંસલો આપ્યો: 'બૅરિસ્ટર વાડિયાએ ઉઠાવેલો વાંધો વાજબી છે. કનકસિંહના આરોપમાં અમને તર્ક અને તથ્ય દેખાય છે. દાસીઓને પુરાવા રૂપે રજૂ કરવા સામેનો તમારો ખચકાટ શંકા ઉપજાવે છે અને કાવતરાની ગંધ પણ આવે છે, તમારાથી આરોપોનું ખંડન ન થઈ શકે તો...

'નહીં નામદાર, તમારા સૌના મનમાં કોઈ પૂર્વગ્રહ બંધાઈ જાય એ પહેલાં જ હું કનકસિંહે મૂકેલા આક્ષેપોનું ખંડન કરવા માગું છું.' કહીને સાધુએ ખંડમાં બેઠેલા બધા પર એક દૃષ્ટિ દોડાવી. પછી ઉમેર્યું : 'પણ એ માટે તમારે મને બે-ત્રણ કલાકની મુદત આપવી પડશે. મને અહીંથી બહાર જવાની રજા આપવી પડશે.'

તેની એ માગણી સૌને વિચિત્ર લાગી. કનકસિંહ ખંધું હસ્યો. ગોરાસાહેબે કારણ પૂછ્યું : 'તમે બહાર ક્યાં જવા માગો છો ?'

'મારા નિવાસસ્થાને' કહીને સાધુએ ખુલાસો કર્યો : 'અત્યારે મારી સમક્ષ ધર્મસંકટ ઊભું થયું છે. જ્યારે આવું કાંઈ બને છે ત્યારે સમાધિ લગાવીને મારા સ્વર્ગસ્થ ગુરુ પાસેથી હું માર્ગદર્શન મેળવું છું.'

'સરસ બહાનું ઉપજાવી કાઢ્યું !' કનકસિંહે કટાક્ષ ફેંક્યો : 'કોઈ નવો ચમત્કાર દેખાડવાનો ઈરાદો છે કે શું ?'

'એવું જ કંઈક !' સાધુએ કટાક્ષની સામે સ્મિત ફેંક્યું. 'ચમત્કાર વગર

તમે નમસ્કાર કરો એવા નથી જાડેજા.'

'મારી પાસેથી તિરસ્કાર સિવાય તમને બીજું કાંઈ જ મળવાનું નથી સાધુ મહારાજ !'

તેના બોલવા પર ધ્યાન આપ્યા વગર પોતાનું પોટલું બગલમાં દબાવી સાધુ ઊભા થયા. તમારો બધાનો સમય વેડફું છું, પણ સરવાળે એનાથી તમારો ઘણો સમય બચાવી લેવાની ખાતરી આપું છું. મારે ફરી ક્યારે હાજર થવાનું છે ?'

જવાબ આપતાં પહેલાં ગોરાસાહેબે પોતાની ખીસાઘડિયાળ બહાર કાઢી: 'અત્યારે બાર વાગવા આવ્યા છે. તમે ત્રણ કલાક માગ્યા એને બદલે અમે ચાર કલાક મંજૂર કરીએ છીએ. એથી મોડું ન થાય એટલું ધ્યાનમાં રાખજો.'

'ભલે.' કહીને સાધુએ સ્વસ્થ ચાલે ખંડ છોડ્યો. જતાં પહેલાં વિજયસિંહ પર એક સૂચક દૃષ્ટિ ફેંકી. તેમાં ધરપત રાખવાનો સંકેત હતો.

* * *

ત્રણ વાગ્યાથી કનકસિંહ સૌને કહેતો રહ્યો કે સાધુ મહારાજ છૂ થઈ ગયા. સમાધિ અને ગુરુનું માર્ગદર્શન એ બધાં તો બહાનાં હતાં. રાજ્યની હદ વટાવી જવા માટે જ તેણે મુદત માગી હતી.

સાડા ચાર વાગવા આવ્યા છતાં સાધુનાં પગલાં ન થયાં ત્યારે બધાને કનકસિંહની આગાહી સાચી લાગવા માંડી.

'મારું કહ્યું માનો, એ મેદાન છોડીને નાસી ગયો.' કનકસિંહે પોરસ કર્યો. એને ખાતરી થઈ ગઈ કે મેં કાવતરું પકડી પાડ્યું છે. હવે એ મોઢું નહીં દેખાડે. એની વાટ જોવાને બદલે તમારો ચુકાદો લખી આપો તો આ ઉપાધિનો અંત આવે.'

બરાબર એ જ વખતે મહેલના ચોગાનમાંથી ઘોડાના ડાબલા સંભળાયા. વિજયસિંહથી બોલાઈ ગયું : 'એ આવી ગયા લાગે છે.'

પણ ખંડને દરવાજે ટાંપીને બેઠેલા બધાની નજરે સાધુને બદલે લખુભા દેખાયો. કનકસિંહે ખંધું મલકીને પૂછ્યું : 'શું થયું લખુભા ! સાધુ મહારાજનો

પત્તો લાગ્યો ?'

'નહીં બાપુ, મંદિરમાં ક્યાંય એમનો ઘોડો દેખાયો નહીં. પૂજારીને પૂછ્યું તો એમણે કહ્યું : 'કોઈને કહ્યા વગર મહારાજ ચાલ્યા ગયા છે. એની અમનેય ખબર નથી.'

'હવે કોઈને જ ખબર નહીં પડે.' કનકસિંહે ચુકાદો આપી દીધો : 'એ સાધુ નહીં પણ સેતાન હતો.'

અને ઘડિયાળે સાડા ચારનો ટકોરો વગાડ્યો.

'જુઓ, આ ઘડિયાળે પણ મારા બોલમાં સાક્ષી પુરાવી.'

કહીને કનકસિંહે કોઈ જંગ જીતી ગયા હોય એવી ખુશાલીમાં ડૉક્ટર સાથે હોંશભેર હાથ મિલાવ્યો.

*

[૧૫]


સાધુની રાહ જોવામાં સૌની ધીરજ ખૂટી ગઈ ત્યારે બૅરિસ્ટર વાડિયાએ ઊભા થઈને પ્રસ્તાવ મૂકવો પડ્યો : 'આપણે ધાર્યું નહોતું કે આ તપાસ આટલી જલદી સમેટી લેવી પડશે. છતાં પરિણામ તો આપણે સૌએ ધાર્યું હતું એ જ આવ્યું. મૃત્યુ પામેલા યુવરાજનું સ્થાન લેવા નવ વર્ષ પછી એક સાધુ અણધાર્યો આવી ચડે, થોડાક ચમત્કારો દેખાડીને આપણને ભ્રમમાં નાખી દે. આ રાજ્ય અને રાજકુટુંબ માટે કટોકટી ઊભી કરે. એ બધું માનવામાં ન આવે એ રીતે બની ગયું, પણ કનકસિંહે કાવતરાનો માત્ર ઈશારો કર્યો ત્યાં જ સાધુ મહારાજ પાણીમાં બેસી ગયા. અને આપણને અહીં રાહ જોતા બેસાડી પલાયન થઈ ગયા. માત્ર એક જ વિધિ બાકી રહે છે. નામદાર વિલિયમ સાહેબ તપાસ આટોપી લેવાના ફેંસલા સાથે પાખંડી સાધુનો દાવો માંડી વાળવાનું ફરમાન લખાવે અને આપણે બધા એના પર સહી કરી આપીએ. મને લાગે છે કે આની સામે કોઈને વાંધો નહીં જ હોય.'

અટકીને બૅરિસ્ટરે ખંડમાં બેઠેલા દરેક પર ઊડતી નજર ફેરવી. વિજયસિંહનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. ફેંસલા માટે ખમી જવાનું સૂચન કરવું કે નહીં તેની ગડમથલમાં એ પડ્યો હતો. ઉઘાડી રીતે સાધુની તરફેણ કરે તો કુંવર સાથે થયેલી પોતાની પુત્રીની સગાઈ તોડી નાખતાં કનકસિંહ અચકાશે નહીં. રાજમાતાનો ટેકો હશે તોપણ જાડેજા મહેલમાં પોતાનો પગ ટકવા દેશે નહીં અને એક વાર ચુકાદો લખાઈ ગયો, તેના પર બધાની સહી પડી ગઈ તો પછી સાધુ ક્યારેય નિર્મળકુમાર બની શકશે નહીં.

'વિજયસિંહ !' બૅરિસ્ટર વાડિયા જાણે એની ગડમથલ કળી ગયા હોય તેમ બોલી ઊઠ્યા : 'તમે હજુ સુધી સંમતિ આપી નથી. સાધુની રાહ જોવા માગો છો કે શું ?'

ત્યારે તેણે સાવધ બની જવું પડ્યું. 'નહીં વાડિયાસાહેબ, મને તો

અફસોસ છે કે એ નકલી નિર્મળકુમાર આપણી આંખમાં ધૂળ નાખીને છટકી ગયો. પછી કનકસિંહ સામે જોતાં ઉમેર્યું : 'આવું કપટ કરનારને આપણાથી જીવતો કેમ જવા દેવાય જાડેજા ?'



'એ આપણે પછી જોઈ લેશું વિજય જામ !' કનકસિંહે અધીરાઈ દેખાડી: 'પહેલું કામ ગોરાસાહેબનું ફરમાન મેળવી લેવાનું છે. બૅરિસ્ટર સાહેબ, આપણે આગળ વધીએ. તપાસ આટોપી લેવા સામે કોઈને વાંધો નથી.'

'મને વાંધો છે.'

એ અવાજે સૌને ચોંકાવ્યા. ઝાટકા સાથે બધાની ગરદનો મરડાઈ. વાંધો ઉઠાવનારને જોતાં જ આંખો પહોળી થઈ : સાધુ !

આ વળી ક્યારે આવી ચડ્યો ! કનકસિંહે દાંત ભીંસ્યા. વિજયસિંહના ચહેરા પર ફરી લાલી ઊપસી આવી. પરદા પાછળ બેઠેલાં રાજમાતાના મુખ પર મલકાટ ફરી વળ્યો.

'આ શું નાટક ચાલે છે ?' બૅરિસ્ટર વાડિયા અકળાઈને બોલી ઊઠ્યા: 'અમે તમારા ચમત્કારથી ત્રાસી ગયા. આટલી બધી રાહ જોવડાવીને નાટકના

રંગમંચ પર અભિનય કરવા આવ્યા હો એવી છટાથી દાખલ થવાનો શું અર્થ છે?'

જવાબ આપવાને બદલે બંને હાથમાં ઊંચકેલું ભગવા વસ્ત્રમાં વીંટાળેલું વજનદાર પોટલું સાધુએ પોતાની બેઠક પર મૂક્યું. ઊભા રહીને થોડો શ્વાસ લીધો. પછી કનકસિંહ સામે ધારદાર નજરે તાકતાં કહ્યું : 'નામદાર, આ વખતે મોડું થવા બદલ આપની ક્ષમા નથી માગતો, કારણ કે મેં આપ સૌનો સમય બગાડ્યો નથી. કનકસિંહે મૂકેલા ચોરીના આરોપનું ખંડન કરવાનો પુરાવો લઈને આવ્યો છું.'

'પણ તમે વખતસર ન આવ્યા એટલે અમે તો તમને બનાવટી માની લીધા.' બૅરિસ્ટર વચ્ચે બોલ્યા વગર રહી ન શક્યા : 'બસ ચુકાદો લખવા જેટલી જ વાર હતી.'

'ત્યારે તો ઉપરવાળાએ તમને ખોટો ચુકાદો લખવાના અપકૃત્યમાંથી સમયસર બચાવી લીધા.'

'મિસ્ટર નિત્યાનંદ !' ગોરાસાહેબે તીખા અવાજે સંભળાવ્યું, 'તમે બિનજરૂરી દલીલો કરીને ક્યારેક ન સમજાય એવાં બહાનાં કાઢી અમારો કીમતી સમય બગાડો છો. હવે હું એ નહીં ચલાવી લઉં. ચાલો શરૂ કરો, શું પુરાવા લાવ્યા છો તમે ?'

બધાની નજર ભગવા કપડામાં પેટી આકારના પોટલા પર પડી પણ અચ્છા જાદુગરની જેમ સાધુ સૌના કુતૂહલને ટટળાવવા માગતા હતા.

'પુરાવો રજૂ કરતાં પહેલાં મારે કનકસિંહને બે-ચાર સવાલો પૂછવા છે, તેથી મારા પર મૂકવામાં આવેલ ચોરી કરાવવાના આરોપ તાજા થાય.'

'સવાલો ટૂંકા અને મુદ્દાસર હોવા જોઈએ.' બૅરિસ્ટરે તાકીદ કરી : 'નામદાર સાહેબની ટકોર યાદ રાખીને આગળ વધજો.'

'ભલે.' કહીને સાધુએ કનકસિંહ સામે વેધક દૃષ્ટિ ફેંકી. જાણે એમની આંખોની આજ્ઞાને આધીન થતો હોય તેમ એ સત્વરે ઊભો થયો.

'જાડેજા, તમે કહ્યું કે રાજમહેલની દાસી માલતી મારફત મેં બખ્તર, તલવાર અને નિર્મળકુમારના પોશાકની ચોરી કરાવી હતી.'

'હા. બાપના બોલથી મેં કહ્યું હતું.' કનકસિંહે અણગમો ઉછાળ્યો : 'અને આ બધાએ એનો શબ્દેશબ્દ બરાબર સાંભળ્યો'તો.'

'તમે એમ પણ કહ્યું કે રાજમાતા પટારાખંડની ચાવીનો ઝૂડો સ્નાન કરતી વખતે ભૂલી ગયાં તે ઉઠાવી લઈને દાસીએ નકલી ચાવી બનાવી લીધી હતી.'

'બરાબર છે. અસલી અને નકલી ચાવીના બંને ઝૂડા મારી પાસે છે.'

'તો પછી તમે પટારાખંડનું તાળું બદલ્યું નહીં હોય.'

'તમે અમને એટલા બધા કાચા ધારો છો !' કનકસિંહે કટાક્ષમાં હસીને કહ્યું : 'બીજે જ દિવસે પટારાખંડને બારણે બીજું તાળું લગાવી દીધું.'

'પણ એ નવા તાળાની ચાવી સાચવીને રખાતી હતી કે નહીં ?'

'સાચવીને એટલે ચોવીસે કલાક એ ચાવી મારા પોતાના કબજામાં રહે છે. હું ક્યારેય એને રેઢી મૂકતો નથી.'

'નહાતી વખતે પણ નહીં ?' તેના સવાલથી કેટલાકના હોઠ મલક્યા. બૅરિસ્ટર સત્વર ઊભા થયા : 'કનકસિંહે સ્પષ્ટ કહ્યું કે ચાવી ક્યારેય રેઢી મૂકતા નથી પછી નહાતી, ખાતી વખતની પંચાતમાં શું કામ પડો છો ?'

'એટલા માટે સાહેબ કે આજે જ પટારાખંડમાંથી એક ચીજની ચોરી થઈ છે.' સાધુએ સૌને ચોંકાવ્યા : 'છતાં પટારાખંડનું તાળું અકબંધ છે. ખાતરી કરવી હોય તો કોઈને જોવા મોકલો.'

'એ બને જ નહીં !' કહેતાં કનકસિંહે પગ ઉપાડ્યા, 'હું જાતે જ જઈને ખાતરી કરી આવું છું !'

ઝપાટાબંધ એ ખંડની બહાર ધસી ગયો. વિજયસિંહે સાધુની સામે સૂચક દૃષ્ટિથી જોયું. બંનેની નજર ટકરાઈને હસી પડી. સૌ દરવાજે ટાંપીને બેઠા હતા. બે મિનિટ પણ એમને બહુ લાંબી લાગી. મુઠ્ઠીઓ વાળતો કનકસિંહ હાફતાં શ્વાસે પાછો ફર્યો. 'તાળું અકબંધ છે. ચોરી થવાની કોઈ ગુંજાઈશ નથી.'

ત્યારે હસીને સાધુએ ભગવા કપડામાં વીંટાળેલી ચીજ બધા વચ્ચે મેજ પર મૂકી. જાદુગરની અદાથી કપડું હટાવીને સૌને સંભળાવ્યું : 'જોઈ લો,

અવાજ નોંધવાનું આ મશીન જે નિર્મળકુમારના પટારામાં હતું.'

'ટેપરેકોર્ડર !' ગોરાસાહેબ પોતાનો મોભો વીસરી જઈ અધીરાઈભેર જોવા માટે ઊભા થઈ ગયા : 'એ ક્યાંથી આવ્યું ?'

'પૂછો કનકસિંહને કે એ નિર્મળકુમારનું જ છે ને ?' સાધુએ તકાદો કર્યો. કનકસિંહે મેજ પાસે આવી ચકાસણી કરી જોઈ. ઇનકાર થઈ શકે તેમ નહોતો એટલે અચરજ દેખાડ્યું : 'ગઈ કાલે જ અમે પટારો ખોલીને જોયું હતું, મશીન અંદર છે કે નહીં ?' રાજમાતા ખાતરી કરવા માગતાં હતાં. 'ખરેખર એ ચાલે છે કે નહીં ?' બોલતાં બોલતાં સાધુ તરફ ફરીને વડચકું ભર્યું : 'ફરી તમે ચોરી કરી ?'

'જી નહીં જાડેજા, તમારા આરોપનું ખંડન કર્યું.' સાધુએ મલકતા હોઠે કહ્યું : 'મારે એટલું જ પુરવાર કરવું'તું કે પટારાખંડમાંથી કોઈ પણ ચીજ મેળવવા માટે કોઈની મારફત ચોરી કરાવવાની જરૂર નથી. તમે બિચારી દાસીને ખોટી રીતે સંડોવવાની ચાલ અજમાવી !'

કનકસિંહ ભોંઠો પડે એ પહેલાં બૅરિસ્ટર ઊભા થયા : 'આ ટેપરેકોર્ડર રજૂ કરીને તમે એ જ પુરવાર કર્યું કે મન ફાવે ત્યારે તમે મન પડે એ ચીજની મહેલમાંથી ચોરી કરી શકો છો. અગાઉ દાસીનો ઉપયોગ કર્યો. આ વખતે બીજો કોઈ કીમિયો અજમાવ્યો હશે, પણ આને અમે તમારો ચમત્કાર નહીં માની લઈએ સાધુ મહારાજ !'

'ચમત્કારનો દાવો મેં ક્યારેય કર્યો નથી વાડિયાસાહેબ. 'સાધુએ મક્કમ અવાજે સંભળાવ્યું : 'માત્ર એટલું જ પુરવાર કરવા માગું છું કે પટારાખંડમાં પહોંચવા માટે મારે બારણાનું તાળું ઉઘાડવાની જરૂર નથી. કોઈની મારફત ચોરી કરાવવાની પણ જરૂર નથી.'

'તો શું તમે જાદુગરની જેમ પટારાખંડમાં પહોંચી જાવ છો ?' બૅરિસ્ટરે મેણું માર્યું : 'ગળે ઊતરે એવી રીતે ખુલાસો કરો.'

'એ પહેલાં જાડેજાને પૂછી જુઓ કે પટારાખંડમાં પહોંચવા માટે બીજો કોઈ રસ્તો છે ?'

'ના નથી !' કનકસિંહે બોલી નાખવામાં ઉતાવળ કરી.

'નથી કે તમને ખબર નથી ?' સાધુએ ધારદાર સવાલ પૂછ્યો : 'બનવાજોગ છે કે મહેલના બધા જ રહસ્યથી તમે વાકેફ ન હો.'

'દસ વરસથી મહેલનો હું એકલો જ કર્તાહર્તા રહ્યો છું. અહીંની રજેરજની જાણકારી હું ધરાવું છું.'

'તમે બડાઈ હાંકો છો જાડેજા !' સાધુએ પહેલો ફટકો ઉગામ્યો : 'પટારાખંડમાં જવા માટે એક છાનું ભોંયરું છે, જેની તમને જાણ નથી.'

ભોંયરું સાંભળીને બધાના બરડા સીધા થઈ ગયા. બૅરિસ્ટરે કનકસિંહ સામે કતરાતી નજરે જોયું ત્યારે સાધુએ બીજો ફટકો માર્યો : 'સાહેબ, આ છૂપા ભોંયરાની જાણ ધરાવતી માત્ર બે જ વ્યક્તિઓ આજે હયાત છે. એક રાજમાતા અને બીજા નિર્મળકુમાર.'

'પણ નિર્મળકુમાર હયાત નથી.' બૅરિસ્ટરે સુધારો કર્યો. 'તમે ચાલાકી નહીં અજમાવો.'

'નિર્મળકુમાર હયાત નથી પણ નિત્યાનંદ તો હયાત છે ને !' સાધુએ એની એ જ વાત જુદી રીતે કહી : 'મારે કનકસિંહને એટલું જ પૂછવું છે કે દસ દસ વરસથી તમે અહીંના સર્વસત્તાધીશ બની બેઠા છો છતાં તમને જેની જાણ નથી એ રહસ્ય આ સાધુએ ક્યાંથી જાણ્યું ?'

ત્યારે ગોરાસાહેબ વચ્ચે પડ્યા : 'પહેલાં એ નક્કી કરો કે આવું કોઈ ભોંયરું છે ખરું ?'

'એનો ખરો જવાબ તો માત્ર રાજમાતા જ આપી શકે !' વિજયસિંહે પહેલી વાર ચર્ચામાં ઝુકાવ્યું. 'આપ રજા આપો તો હું એમને પૂછી લઉં.'

પોલિટિકલ એજન્ટે સંમતિ આપી અને વિજયસિંહ પરદા પછવાડે બેઠેલાં રાજમાતા તરફ સરક્યો. કનકસિંહને એ બહુ કઠ્યું. અંદરથી વિજયે ઊંચે અવાજે સંભળાવ્યું કે રાજમાતા કહે છે, લડાઈમાં શત્રુઓનું સૈન્ય રાજમહેલને ઘેરી લે ત્યારે રાજકુટુંબને સલામતપણે બહાર સરકાવી દેવા માટે આ ભોંયરું બનાવ્યું હતું.

સાધુએ વિજયનું સ્મિત ફરકાવ્યું. પહેલી વાર કનકસિંહ સિવાયના બધાને નિત્યાનંદમાં યુવરાજ નિર્મળકુમારની ઝલક દેખાઈ.

સાથોસાથ રાજમાતાને એ પણ પૂછી લો સાધુએ પાછા ફરેલા વિજયસિંહને રોકતાં કહ્યું : 'આ ભોંયરાનો બીજો છેડો મંદિર પાસે નીકળે છે કે નહીં ?'

કનકસિંહની આંખોમાં તીખારા ફૂટ્યા. બધું જ સમજાઈ ગયું. સાધુ આ ભોંયરા વાટે મહેલના પટારાખંડમાં આવી જોઈતી ચીજો ઉઠાવી જતો હતો.

ત્યાં અંદરથી રાજમાતાનો જવાબ મળ્યો : 'હા, રાજમહેલથી મંદિર સુધીનું આ ભોંયરું યુવરાજ નિર્મળકુમારના જન્મ પહેલાં બંધાયું હતું.'

'સાંભળ્યું તમે સૌએ !' સાધુનો અવાજ ઊંચો થતો ગયો : 'હવે કનકસિંહ એમ નહીં કહી શકે કે આજથી ચાળીસેક વરસ અગાઉ બંધાયેલા ભોંયરાની બાતમી મેં કોઈ કડિયા-મજૂર પાસેથી મેળવી લીધી'તી.'

'પણ એ બાતમી બીજી રીતેય મેળવી શકાય છે.' કનકસિંહે હારની બાજીને જીતમાં પલટાવવા મરણિયો દાવ અજમાવ્યો : 'આ સાધુને હજુ આપણે પૂરેપૂરો ઓળખવાનો છે. એ વશીકરણ વિદ્યા જાણે છે. મારી ગેરહાજરીમાં રાજમાતાએ તેની મહેલે પધરામણી કરાવી હતી. રાજમાતા સાથે તેણે થોડો વખત એકાંતમાં સત્સંગ કર્યો હતો. ત્યારે ત્રાટક વિદ્યા અજમાવીને તેણે રાજમાતાના મનમાં ધરબાયેલો આ ભેદ કાઢ્યો હોય. અને રાજમાતાને જાણ ન હોય કે પોતાના પર ત્રાટક કરવામાં આવ્યું છે.'

'ત્રાટક વિદ્યા !' સાધુએ મજાકની ઢબે સંભળાવ્યું : 'જેમણે એક આંખ મોતિયામાં ગુમાવી અને બીજી આંખે જોઈ શકતાં નથી એમના પર ત્રાટક કઈ રીતે થઈ શકે જાડેજા ?'

ત્યારે કનકસિંહ ગૂંચવાયો, પણ પડખે બેઠેલા ડૉક્ટર દીક્ષિતે મોકો ઝડપી લીધો : 'એક ડૉક્ટર ઉપરાંત હિપ્નોટિઝમના અભ્યાસી તરીકે હું બેધડક કહી શકું છું કે વશીકરણ વિદ્યામાં આંખો કરતાં અવાજ પણ વધુ અસર ઉપજાવે છે. રાજમાતાને આંખે સૂઝતું ન હોય તોપણ સાધુ તેમના મનમાં રહેલા વિચારો વાંચી લઈ શકે ખરા... એટલે કનકસિંહની શંકા પાયા વગરની નથી.'

બૅરિસ્ટર તપાસમાં ભાગ લેનારા ફરી પાછા ઘડિયાળના લોલકની જેમ

કનકસિંહ તરફ ધકેલાયા, પણ ગોરાસાહેબ પર એની દલીલનો ખાસ પ્રભાવ પડ્યો હોય એવું દેખાયું નહીં. ખીસામાંથી ઘડિયાળ કાઢીને જોયું. છ વાગવાને થોડી જ વાર હતી. આજના દિવસ પૂરતી તપાસ આટોપી લેવાનો વિચાર આવ્યો, પણ તુરત જ કાંઈક સૂઝી આવ્યું હોય તેમ સાધુ તરફ આંગળી ચીંધી 'તમે રાજમહેલના ભોંયરાનો ભેદ ખોલ્યો. હવે મને એ કહો કે આ રાજ્યને લગતી બીજી કોઈ એવી ગુપ્ત બાતમી છે જે માત્ર યુવરાજ નિર્મળકુમાર અને રાજમાતા કે રાજરાણી સિવાય બીજું કોઈ જાણતું ન હોય !'

ગોરાસાહેબના સવાલે સાધુને વિચારમાં નાખી દીધો, પણ કનકસિંહને તો એક આબાદ તુક્કો સુઝાડી દીધો. રાજમાતાના શબ્દો તેના મગજમાં પડઘાયા, આંખોમાં ચમક ઊપસી આવી. હવે એ બરાબરનો લાગમાં આવ્યો :

'નહીં નામદાર !' યાદ કરવા માટે બીડેલી આંખો ઉઘાડતાં સાધુએ કહેવું પડ્યું : 'આવો મહત્ત્વનો બીજો કોઈ ભેદ નથી.'

'છે' કનકસિંહે તરાપ મારવાના ઝનૂનથી શબ્દો ઉછાળ્યા : 'નામદાર સાહેબ, એને પૂછો કે હિંમતનગર રાજ્યના ગુપ્ત ખજાનાનો ભેદ એ જાણે છે?'

સાધુએ આંચકો અનુભવ્યો, પહેલી જ વાર તેણે દાંત ભીંસીને કનકસિંહ પર દાઝ કાઢી. બધાની નજર તેના પર ચંપાઈ હતી. ઘણી વાર સુધી કોઈ જવાબ નહીં મળ્યો ત્યારે ગોરાસાહેબે તકાદો કર્યો : 'ગુપ્ત ખજાનાનો ભેદ તમે જાણો છો ?'

ત્યારે સાધુએ કહેવું પડ્યું : 'માફ કરજો, આ પ્રશ્નનો હું ઉત્તર નહીં આપી શકું.'

'જાણતા હોય તો જવાબ આપે ને ?' કનકસિંહે પ્રહાર કર્યો : 'અહીંનો શિરસ્તો છે કે પાટવીકુંવરનો રાજ્યાભિષેક થાય ત્યારે ગુપ્ત ખજાનાને સ્થળે લઈ જવામાં આવે છે. દરેક રાજવી મૃત્યુ સમયે આ ખજાનાનો ભેદી નકશો પાટલીકુંવરને સોંપતા જાય છે... આવો કોઈ પુરાવો સાધુ પાસે છે ખરો ?'

ફરી જવાબ માટે સાધુ તરફ મીટ મંડાણી. પછી સાધુએ વિચાર કરવામાં થોડો સમય લીધો અને આખરે એનો એ જ જવાબ સંભળાવ્યો : 'ખજાના

બાબત હું કાંઈ જ કહેવા માગતો નથી.'

ત્યારે કનકસિંહ જોશમાં આવી ગયો : 'સાંભળી લીધો ને એમનો જવાબ! સાધુ મહારાજ ખજાના વિષે કાંઈ કહેવા માગતા નથી. એ એક જ વાત તેમને નકલી નિર્મળકુમાર સાબિત કરવા માટે પૂરતી છે.'

'નહીં કનકસિંહ જાડેજા, એમ અધીરા ન થાવ. રમત અધૂરી છે ત્યાં બાજી ઝૂંટવી લેવા માગો છો ? હજુ મારે હુકમનો એક્કો ઊતરવાનો તો બાકી છે. થોડા ધીરા ખમો.'

એ જ વખતે ગોરાસાહેબે મેજ પર હાથ પછાડી બંનેને દલીલબાજી કરતા રોક્યા : 'બસ આજની તપાસનો અહીં અંત આવે છે. પોતાના પર મૂકવામાં આવેલા ચોરી કરાવવાના આરોપનું સાધુએ ખંડન કરી બતાવ્યું. દાસીને વિના કારણ સંડોવીને કનકસિંહે એમનો કેસ નબળો બનાવી દીધો.'

'પણ હજૂર, દાસીને હાજર કરીને આપ તેને પૂછી શકો છો.' કનકસિંહથી દલીલ કર્યા વગર રહેવાયું નહીં. એને મેં ખોટી રીતે સંડોવી જ નથી. સાધુ દાસીને હાજર કરવા સામે શું કામ વાંધો ઉઠાવે છે એ સમજાતું નથી.'

'હવે તો હું પોતે જ તેની સામે વાંધો ઉઠાવું છું.' ગોરાસાહેબના અવાજમાં સખ્તાઈ રણકી. 'આ તપાસને હું નાટક બનાવવા માગતો નથી. હવે આપણે કાલે ક્યા મુદ્દા પર આગળ વધવાનું છે એ નક્કી કરીએ.'

'મને રજા આપો તો હું સૂચન કરું.' સાધુના વિજ્ઞાપન સામે ગોરા-સાહેબે વાંધો ન ઉઠાવ્યો એટલે નિત્યાનંદે ધડાકો કર્યો : 'યુવરાજ નિર્મળકુમારનું કહેવાતું મૃત્યુ ક્ષયરોગથી નહોતું થયું એ હું પુરવાર કરવા માગું છું.'

'તો શેનાથી થયું હતું ?' કનકસિંહને બદલે ડૉક્ટર દીક્ષિત ઊભા થઈને ઉશ્કેરાટમાં બોલી ઊઠ્યા : 'મૃત્યુ બાબતમાં કોઈ અજુગતો વહેમ ઊભો કરવામાં આવશે તો હું આ તપાસમાંથી ખસી જઈશ.'

'ખસી જવા માટે બહુ મોડું થઈ ગયું ડૉક્ટર સાહેબ !' સાધુએ ઠાવકાઈથી સંભળાવ્યું : 'યુવરાજનું ક્ષયને કારણે મૃત્યુ નીપજ્યું હોત તો એના ફરી જીવતા થવાની આ સમસ્યા જ ઊભી ન થાત.'

'યુવરાજ ફરી જીવતા થયા છે એવું આમાંથી કોઈ માનતું નથી.' ડૉક્ટરે

ફૂંફાડો માર્યો : 'ગમે તેવા આક્ષેપ મૂકીને તમે આમાંથી કોઈને ભરમાવી નહીં શકો.'

'આટલી બધી ખાતરી છે તો ધરપત રાખોને... ઉશ્કેરાઈ ન જાવ દીક્ષિતસાહેબ.'

ફરી ગોરાસાહેબે કંટાળીને વચ્ચે પડવું પડ્યું : 'આજે કનકસિંહે ચોરીનો આરોપ મૂક્યો હતો, કાલે સાધુ કોઈ આરોપ મૂકવા માગતા હોય તો એમને રોકી શકાય નહીં. આ ચર્ચા અહીં પૂરી થાય છે.'

ત્યાં કનકસિંહે હાથ જોડીને અરજ ગુજારી : 'નામદાર, આપને એક જ વિનંતી કરવાની કે આવતી કાલે અમારા યુવરાજ નિર્મળકુમારનો જન્મ- દિવસ છે. એ શુભ પ્રસંગનું ગૌરવ જળવાઈ રહે એટલા ખાતર આ તપાસ પરમ દિવસ પર મુલવતી રાખવાની આપને મારી નમ્ર અરજ છે.'

'મારો જન્મદિવસ' સાધુએ આવેશમાં બોલવા જતા અટકી જવું પડ્યું- 'એટલે કે યુવરાજ નિર્મળકુમારનો જન્મદિવસ તો અષાઢ વદી અગિયારશનો આવે છે, હજુ પંદર દિવસ પછી !'

બધાને અચરજ થયું : આને તો જન્મનો મહિનો અને તિથિ સુધ્ધાં યાદ છે, કનકસિંહને એ બહુ વસમું લાગ્યું. હોઠ કરડીને સંભળાવી દીધું : 'અંગ્રેજી તારીખ મુજબ યુવરાજનો જન્મદિવસ આવતી કાલે છે અને અમે એ ઊજવવા માગીએ છીએ. પુત્રના જન્મદિવસે મૃત્યુની ચર્ચા થાય એ રાજમાતા સાંખી નહીં શકે. નામદાર સાહેબ એ વાત બરાબર સમજી શકશે.'

અને ગોરાસાહેબે એની માગણી મંજૂર રાખી ત્યારે કનકસિંહે કતરાતી આંખે સાધુને જોઈ લઈ બીજો પ્રસ્તાવ મૂક્યો : 'આ પ્રસંગે આપ સૌ અહીં હાજર છો એટલે કાલે બધા જ મહેમાનોને મહેલે જમવા આમંત્રણ છે.' કહીને અધીરાઈભેર ઉમેર્યું : 'માત્ર એક વ્યક્તિ સિવાય !'

પોતાને લક્ષમાં રાખીને એ શબ્દો ઉચ્ચારાયા હોવાથી સાધુએ સામું સંભળાવ્યું : 'તમે ભૂલી જાવ છો જાડેજા, રાજમાતા કોઈ પણ ઉત્સવમાં સૌ પ્રથમ સાધુને જમાડે છે.'

ત્યારે કનકસિંહને ઝાળ લાગી : 'પણ અમે તમને સાધુ ગણતા જ નથી.'

'પહેલી વાર તમે સમજદારીભરી વાત કરી જાડેજા !' સાધુએ ગંભીર અવાજે કોઈ પણ જાતની કડવાશ વગર કહ્યું : 'અત્યાર સુધી હું મને સાધુ જ સમજતો હતો. અહીં આવ્યા પછી મારો સંસાર તાજો થયો. મારે માતા છે, પત્ની અને પુત્ર છે, ઉપરાંત એક ઓરમાન સાળા સહિત કેટલો મોટો સંસાર ધરાવું છું હું... છતાં આજે કોઈનો રહ્યો નથી અને સંસારી થયો નથી, એવી સ્થિતિમાં જીવી રહ્યો છું.'

છેલ્લા શબ્દોમાં એનો અવાજ ગળગળો થઈ ગયો. આંખની કીકીઓમાં ભીનાશ છવાઈ ગઈ અને હૃદયની વેદના આંસુ દ્વારા બહાર ઊછળી પડે એ પહેલાં સડસડાટ ખંડ છોડીને તેણે ચાલ્યા જવું પડ્યું.

તેની વ્યથા સૌને ઓછેવત્તે અંશે સ્પર્શી ગઈ, પણ કોઈએ દેખાવા ન દીધું. પરદા પાછળ બેઠેલાં રાજમાતાની આંખો આંસુથી ઊભરાઈ આવી. પણ કોઈએ એ જોયું નહીં. એકમાત્ર કનકસિંહના કાળજાને સાધુના શબ્દો અડ્યા નહોતા : 'તેં આજે છેલ્લો ખેલ ભજવી લીધો સંસારી સાધુ ! આવતી કાલે યુવરાજનો જન્મદિવસ અને તારો...'

પણ કનકસિંહે આખરી શબ્દને મનમાં આકાર ન આપ્યો, રખેને ચહેરાના ભાવ પરથી કોઈ પોતાનો ઘાતકી ઈરાદો કળી જાય તો ?

*

[૧૬]

અગિયારશના ચંદ્રને અષાઢનાં વાદળોએ ઝાંખો પાડી દીધો હતો. વરસીને થાકી ગયેલું આકાશ સુસ્ત બની ગયું હતું. ભીંજાઈ ગયેલાં વૃક્ષોનાં પાન હવાની લહેરખીથી ધ્રૂજી જઈને પાણી નીતરતાં હતાં. મેઘલી મધરાતે જાણે ઝાંઝર પહેર્યાં હોય તેમ તમરાં રમઝમતાં હતાં. ભીના અંધકારનો સુનકાર સુંવાળો લાગતો હતો.

'કેવી મસ્ત મોસમ છે કનકસિંહ' ડૉક્ટર દીક્ષિતે બારી બહાર નજર નાખતાં ચિરૂટના ધુમાડા ફંગોળ્યા. 'તમારી મહેમાનગતિમાં કોઈ મણા નથી, પણ એક વાતની ઊણપ જરૂર વરતાય છે.' કહીને વિસ્કીનો ઘૂંટ ગટગટાવતાં જાડેજા સામે તેણે આંખ મિચકારી : 'બાપુ આ ફેરા મુજબ-મુજરાનો બંદોબસ્ત કાં નહીં રાખ્યો ?'

'ડૉક્ટર !' કનકસિંહે ફરી ગ્લાસ ભર્યો : 'સાંજથી આપણે એકલા પડવા મથીએ છીએ. મધરાતે માંડ એકાંત મળ્યું ત્યારે તમને સુંવાળપ સૂઝે છે ?'

'શું થાય જાડેજાબાપુ ? આખો દિવસ તો પેલા સાધુની વાક્ચાતુરીથી મગજની નસો તંગ થઈ જાય છે.' ડૉક્ટરે ખંધાઈથી કહ્યું : 'અમારા દાક્તરીશાસ્ત્રમાં કહ્યું છે કે મગજનો ભાર વધી જાય ત્યારે સુંવાળો સહચાર રાહતરૂપ બની રહે.'

'ડૉક્ટર, આપણા હાથમાં ફક્ત કાલનો એક જ દિવસ છે. યુવરાજના જન્મદિનને બહાને મેં કાલની તપાસ મુલતવી રખાવી તોય તમે કાંઈ સમજ્યા નથી લાગતા ?' કનકસિંહે કરડાકીથી તેની સામે જોઈને ઉમેર્યું : 'પરમ દિવસ સાધુ યુવરાજના મૃત્યુનું ખરું કારણ જાહેર કરવાનો છે એ ભૂલી ગયા !'

ડૉક્ટર જે ભૂલી જવા માગતા હતા એ જ વાત કનકસિંહે છેડી એટલે ચિરૂટના ધુમાડામાં તેણે કડવાશ અનુભવી. સવાર-સાંજ લાજવંતીના ઈલાજના બહાને ડૉક્ટરે એની બેહોશ કાયા સાથે છૂટછાટ લેવાનાં ફાંફાં માર્યાં, પણ

કનકસિંહ કે મધુમતીની હાજરી તેને એવો મોકો આપતી નહોતી. તપાસ પૂરી થતાં પહેલાં તેણે એ દાવ ખેલી નાખવાનો હતો. યુવરાજ બીમાર હતા ત્યારથી લાજવંતીના જોબનની જાગેલી લાલચ દસ વરસમાં ભીતર ધરબાઈને પડી રહ્યા પછી ફરી એકાએક ઉછાળા મારવા માંડી હતી. રાજરાણી આપમેળે વશ થાય એવી કોઈ જ વકી નહોતી એટલે તો એણે આબાદ તરકીબ વિચારી લીધેલી. પોતાની દાક્તરી બૅગમાં કૅમેરાય છુપાવી રાખ્યો હતો. હિપ્નોટિઝમની અસરમાં બેહોશ થયેલી લાજવંતીના મનફાવતા ફોટા પાડી લેવાનો તેને લાગ લેવો હતો પણ...

'આટલા બધા ઊંડા વિચારમાં કાં પડી ગયા ડૉક્ટર ?'

કનકસિંહના સવાલથી સજાગ બનેલા ડૉક્ટર સહેજ ચમક્યા. બે આંગળી વચ્ચે દબાવેલી ચિરૂટના છેડા પરથી થોડી રાખ ખરી પડી. તેણે લુખ્ખું હસવું પડ્યું : 'બાપુ, તમારી પેલી દાસી ભારે ચબરાક છે.'

ત્યારે કનકસિંહે હાથમાં પકડેલો ગ્લાસ મેજના કાચ પર પછાડ્યો: 'ફરી પાછા આડે રવાડે ચડી ગયા ? આપણા પર કેવી કટોકટી તોળાઈ રહી છે એ પણ પીધા પછી ભૂલી ગયા ?'

'કનકસિંહ, બહુ અથરા ન થાવ. હું કટોકટી ટાળવાનો જ ઈલાજ વિચારતો હતો.'

'એમાં દાસી ક્યાં યાદ આવી ?'

'ચોરીના આરોપમાં દાસીનો ઉપયોગ કરવામાં તમે ભોંઠા પડ્યા એથી હતાશ થઈ ગયા લાગો છો બાપુ, પણ એનો અર્થ એ નથી કે સાધુને ચલિત કરવામાં આ દાસી ખપ નહીં લાગે.'

સાંભળી કનકસિંહ ભડક્યો : આ ખંધા ડૉક્ટરે પોતાનો મનસૂબો વાંચી તો નહીં લીધો હોય ? પૂછવાને બદલે તેણે એને જ બોલવા દીધો.

'જુઓ બાપુ ! મસ્ત મોસમનું એકાંત બે જણાને બહુ મીઠું લાગે : એક તો પ્રેમીઓને અને બીજા કપટીઓને.'

કહીને ડૉક્ટરે જુસ્સાભેર પોતાનો ગ્લાસ ભરવા માંડ્યો. કનકસિંહે ધીરજ રાખીને તેની સામે તાકી રહેવું પડ્યું : 'તમે કહેતા'તા કે કાલનો એક જ દિવસ

આપણા હાથમાં છે. એનો અર્થ શું થાય ?'

'ડૉક્ટર, તમે મારે મોઢેથી એનો અર્થ બોલાવવા માગો છો ?' કનકસિંહે હોઠ કરડતાં કહેવું પડ્યું : 'તો સાંભળો, સાધુ યુવરાજના મોતનું કારણ જુદું જ કહી સંભળાવે એની અસર રાજમાતા અને લાજવંતી પર બહુ ખરાબ પડે. હું અને તમે બન્ને એની નજરમાંથી ઊતરી પડીએ.'

'એટલે કે અર્થ સમજાવવામાં તમે મને પણ ભેગો સંડોવી લીધો બાપુ?'

'આપણે બન્ને સાથે જ છીએ અને સાથે જ રહેવાના ડૉક્ટર !'

'નહીં બાપુ, વચ્ચે ઘણાં વરસ આપણે જુદા પડી ગયા હતા.' ડૉક્ટરે લાગ જોઈને ઘા કર્યા : 'મારી પાછળ પાંચ-પંદર હજાર ખર્ચ્યા એ વાત સાચી, પણ તમે પોતે આટલા મોટા રાજના કર્તાહર્તા બની ગયા તેનું શું ?'

'અત્યારે તમને હિસાબકિતાબ સૂઝે છે ? માથું ઊંચકતા માણસો કનકસિંહને પસંદ નથી એ ભૂલી ગયા કે ?'

ત્યારે ડૉક્ટર ગરદન ટટ્ટાર રાખીને મલક્યા : 'કપટ ખેલવામાં મને સાથે લીધો છે એટલે જીતમાં ભાગ માગું છું : 'ન આપવા માગતો હો તો ના પાડી દો, સાથ આપવામાં પીછેહઠ નહીં કરું.'

છેલ્લું વાક્ય ઉચ્ચારીને ડૉક્ટરે વાત વાળી લીધી એટલે કનકસિંહનો પિત્તો કાબૂમાં આવી ગયો : 'ભાગમાં શું જોઈએ તમારે ?'

ઘડીભર તો શરાબથી ભીંજાયેલા હોઠ પર લાજવંતીનું નામ આળોટી ગયું, પણ એ કાંઈ માગવાથી મળવાનું નહોતું. કનકસિંહને ભીંસમાં લેવા માટે જુદો જ કીમિયો કામે લગાડવાનો હતો.

'બાપુ, આજે તમે પેલા સાધુને એક સવાલ પૂછીને બરાબરનો બોલતો બંધ કરી દીધો.'

'ક્યો સવાલ ?'

'ખજાનાનો સવાલ !' બોલીને ડૉક્ટર મરકમરક કનકસિંહને તાકી રહ્યા. પેલાની કીકીઓમાં આગના તીખારા ફૂટતા દેખાયા તેમાંય દીક્ષિત સાહેબને તો ગમ્મત જ પડી : 'બાપુ, એ ખજાનામાં કેટલા કરોડની સંપત્તિ હશે ?

તમારો શું અંદાજ છે ?'

જાડેજાનાં જડબાં ભીંસાયાં. કાચનો ગ્લાસ ડૉક્ટરના કપાળ પર ફટકારવા જેટલી દાઝ ચડી, પણ ગરજે ગધેડાને બાપ કહેવો પડે તેમ હતું : 'ડૉક્ટર, તમે પોતે જ એ સવાલમાં ભરમાઈ ગયા લાગો છો... એ તો એક તુક્કો હતો. આ રાજ પાસે ખજાનો-બજાનો કેવો, એમાં તો સાધુ ગોથું ખાઈ ગયો !'

'પણ હું ગોથું નહીં ખાઉં બાપુ, ખજાનો તો છે જ અને આપણે એ હાથ કરવાનો છે !' ટેબલના કાચ પર મુઠ્ઠી પછાડીને ડૉક્ટરે જુસ્સાભેર સંભળાવ્યું ત્યારે એનો તોર જોઈને કનકસિંહને દીક્ષિતની ગળચી ભીંસી નાખવાનું ખુન્નસ ચડી આવ્યું. બળજબરીથી એ ઘાતકી ઇચ્છા દાંત વચ્ચે કચડી નાખવી પડી : 'મેં તમને આટલા બેવકૂફ નહોતા ધાર્યા ડૉક્ટર, ખજાનાની લાલચે તમે આપણી આખી બાજી ઊંધી વાળી નાખશો.'

'નહીં બાપુ, ત્રીજા સાથે કપટ ખેલવું હોય તો બે જણાએ આપસમાં કપટ નહીં રાખવું જોઈએ.' ડૉક્ટરે જોખીજોખીને બોલવું પડ્યું.

'સાધુએ કહ્યું કે ખજાના વિશે હું કાંઈ જ કહેવા નથી માગતો ત્યારે પહેલવહેલી વાર મને વહેમ પડ્યો.'

'શેનો વહેમ ?'

'એ જ કે સાધુ ખરેખર યુવરાજ નિર્મળકુમાર હોઈ શકે.'

'તમે શું બકો છો ?' કનકસિંહે બન્ને હાથની મુઠ્ઠીઓ ઉગામતાં દાંત ભીંસ્યા: 'યુવરાજના મૃત્યુ અંગે દુનિયા આખી શંકા કરે તોપણ આપણે બે જણા એવા છીએ જેને યુવરાજના મોત અંગે રતીભારનીય શંકા ન હોય... તેને બદલે તમે જ ભ્રમમાં પડી ગયા...'

'એનું કારણ છે બાપુ, બનાવટી માણસ ખજાનાના સવાલનો જવાબ કાં તો હામાં આપે યા તો નામાં આપે... તેને બદલે એણે તો કાંઈ જ કહેવાની ઘસીને ના પાડી દીધી.'

'એ કાંઈ જાણતો હોય તો કહે ને ?'

'ધારો કે ખજાનો નથી એવું સાધુએ કહ્યું હોત તો ? શું તમે પુરવાર કરી બતાવત કે ખજાનો છે ?'

હવે કનકસિંહે ભીંસ અનુભવી. સાધુ કરતાં અત્યારે તો આ ડૉક્ટર વધુ વસમો લાગવા માંડ્યો : 'આ રીતે મારી ઊલટતપાસ લઈને શું સાબિત કરવા માગો છો ડૉક્ટર ?'

'એ જ કે ખજાનો છે, પણ એટલાથી આપણું કામ પાર નહીં પડે. ડૉક્ટરે પાસો નાખ્યો : 'એ ખજાનો ક્યાં દાટેલો છે એ તમે જાણો છો કે નહીં તે મારે જાણવું છે બાપુ.'

'એનાથી શું ફેર પડે છે ?'

'એના પર જ આપણી હવે પછીની ચાલનો આધાર છે.' ડૉક્ટરે દોર પોતાના કબજામાં લઈ લીધો હોય એવી ઢબે સમજાવ્યું : 'જો ખજાનાનો નકશો તમારા હાથમાં હોય તો આપણે સાધુનો નિકાલ કરી નાખીએ.'

હવે કનકસિંહ ચોંક્યો. રાજમાતાએ ખજાનાની વાત ઉચ્ચારી ત્યારથી પોતે સાધુનો નિકાલ કરવાનો વિચાર માંડી વાળ્યો હતો. હવે તેને લાગવા માંડ્યું કે એમાં રાજમાતાનીય કોઈ ચાલબાજી હોવી જોઈએ. ખજાનાની લાલચ પોતાને ભારે પડી જાય એવા સંજોગો સર્જાઈ રહ્યા હતા. સાધુના પુરાવા પોતાને ઉઘાડો પાડતા જતા હતા. મરણનું જુદું જ કારણ ઉપજાવીને સાધુ પોતાને પૂરેપૂરો ભીંસમાં લઈ લેવા માગે છે. ગોરાસાહેબના મગજમાં જરાસરખી શંકા જાગે તો પોતાનું સ્થાન, માન અને મોભો બધું જ ગુમાવી બેસવાનો વખત આવે. હવે પોતે ખજાનાની લાલચ ફંગોળી દઈને આ ડૉક્ટરને તેમાં ફસાવવો પડશે.

'જુઓ દીક્ષિતસાહેબ ! ખજાનાનો અર્ધો જ ભેદ મારા હાથમાં છે.' તેણે ભાગીદારને સમજાવવાની રીતે કહેવા માંડ્યું : 'યુવરાજે આખરી ઘડીએ ખજાનાનો અર્ધો નકશો લાજવંતીને સોંપ્યો હતો. નકશાનો એ અર્ધો ભાગ મારા કબજામાં છે.'

'અને બાકીનો અર્ધો નકશો રાજમાતાના કબજામાં છે એમ ને ?'

'તમે ભારે કાબેલ છો ડૉક્ટર !' કનકસિંહે જાળ સંકેલવા માંડી : 'હું આટલાં વરસથી ધીરજ ધરીને બેઠો હતો કે મરણપથારીએ રાજમાતા અર્ધો નકશો ગાદીવારસ કરણને સોંપતાં જશે, પણ ડોશીની આવરદા ધાર્યા કરતાં

લાંબી નીકળી, એને ટૂંકી કેમ કરવી ?'

'એટલે એક વાત નક્કી કે સાધુ અસલી યુવરાજ હોય તોપણ હવે એના જીવવા-મરવાથી ખજાનો હાથ કરવામાં આપણા માટે કોઈ ફરક નથી પડતો.'

'નહીં, પણ સાધુ નકલી જ છે, પછી અસલી હોવાનો વિચાર શું કામ કરવો રહ્યો ?' કનકસિંહને ખટકતી વાત વારંવાર સાંભળવી ગમી નહીં. એ બનાવટી છે એમ માનીને જ આપણે આગળ વધવાનું છે.'

ડૉક્ટરને દલીલ કરવાનું મન થયું કે એ નકલી જ હોય તો એનો નિકાલ કરવાની શી જરૂર ? પણ જીભાજોડીમાં પડવાને બદલે પેંતરો રચવાનું વધુ જરૂરી હતું. કોણ જાણે કેમ, રહી રહીને ક્યારેક પોતાને શંકા જાગી જતી કે આ સાધુ સાચેસાચ તો યુવરાજ નહીં પુરવાર થાય ને ? જો એવો કોઈ ચમત્કાર સર્જાય તો પોતાની હાલત શી થાય ? એટલા ખાતર પણ પોતાનું છેવટનું કપટ ખેલી લેવું પડે તેમ હતું. એને જબાન પર લાવ્યા વગર ચાલે તેમ નહોતું.

'તો પછી બાપુ, આવતી કાલે સાધુનો નિકાલ કરી નાખવામાં જ ડહાપણ છે.'

પોતાના જ મનનો પડઘો સાંભળીને કનકસિંહ ચોંક્યો. છતાં કળાવા દીધા વગર કહ્યું : 'ડહાપણ છે તેમ જોખમ પણ છે.'

'વધુ મોટું જોખમ આવી પડે એ પહેલાં આ જોખમ ખેડી નાખવું જોઈએ.' ડૉક્ટરના ચહેરા પર ઘાતકી રેખા ઊપસવા લાગી : 'એટલે જ તો મને તમારી માનીતી દાસી યાદ આવી'તી. એ તમારી જાસૂસ તો છે. હવે એને હથિયાર બનાવો.'

ફરી પોતાના જ ઇરાદાનો પડઘો સંભળાયો. કનકસિંહને થયું ભલે આમાં પણ ડૉક્ટર સંડોવાય : 'મધુમતીને હથિયાર બનાવવી કઈ રીતે ?'

'સાધુના પેટમાં જીવલેણ ઝેર જાય એટલું કામ તેણે કરવાનું.'

આ તો પોતે જ વિચારેલી તરકીબ ! કનકસિંહ મલક્યો : બે કપટી ક્યારેક એકસરખું જ વિચારતા હોય છે... સંમત થવામાં વાર લગાડવા ખાતર

જ તેણે ખામોશી ધારણ કરી લીધી. ડૉક્ટરે આનાકાની કરી છતાં એનો ગ્લાસ ફરી ભર્યો.

'આ જામ પીતાં પીતાં આપણે પેંતરો ઘડી કાઢશું.'

બે-ત્રણ-ચાર ઘૂંટ પિવાયા, બહાર ચંદ્રમા વાદળાના આવરણ હઠાવીને પૂરબહારમાં ખીલી ઊઠ્યો હતો. મહેલના ટાવરે બેના ડંકા વગાડ્યા. બંને વચ્ચેની ખામોશી ખળભળી ઊઠી. કનકસિંહ હૂંફાળું હસ્યો : 'ટાવરે સાક્ષી પુરાવી. બન્ને કામમાં આપણી ફતેહ છે. સાધુનો નિકાલ અને ખજાનાનો માલ!'

બન્નેએ અધૂરા ગ્લાસ ટકરાવ્યા અને એકીશ્વાસે ખાલી કરી નાખ્યા: 'તો કાલે સવારે જીવલેણ ઝેરની પડીકી મારા હાથમાં સોંપી દેજો.' કનકસિંહે ટેબલ પર ખાલી ગ્લાસ ટકરાવીને ફેંસલો સંભળાવ્યો : 'કાલ રાત સુધીમાં એ સાધુના પેટમાં પહોંચી જશે. પરમ દિવસે એના મોતના ખબર પણ આપણને પહોંચી જશે.'

'અને આપણા માટે પરમ દિવસનો સૂરજ સોનાનો ઊગશે.'

ડૉક્ટરે તેની સાથે હાથ મિલાવીને કહ્યું : 'વરસોથી ધરતીમાં ધરબાયેલા ખજાનાને છુટકારો મળશે.'

લોભ અને શરાબનો બેવડો નશો બન્નેના મગજ પર ચડી ચૂક્યો હતો છતાં અંદરખાનેથી બન્ને એકબીજાને બનાવ્યાનો આનંદ વાગોળવા જેટલા સભાન પણ હતા !

* * *

'હવે મારાથી આ પીડા સહેવાતી નથી વિજયસિંહ ! મારા જ મહેલમાં જાણે હું નજરકેદ હોઉં એમ ક્યાં સુધી ચૂપચાપ આ બધું જોયા કરવું ?'

'બસ હવે અંત નજદીક આવી રહ્યો છે રાજમાતા ! એક પછી એક ભેદ ખુલ્લા પડતા જાય છે. બધું સારું જેનું છેવટ સારું !'

'મને છેવટની જ ચિંતા થાય છે. માણસ હારવાની અણી પર હોય છે ત્યારે જીવ ઉપર આવી જઈને કોઈનું કાટલું કાઢી નાખતાં અચકાતો નથી.' રાજમાતાએ ઊંડો નિસાસો નાખ્યો. 'મારો જીવ અંદરથી બળ્યા કરે છે. વારે

વારે એ જ વિચાર આવે છે કે આપણામાંથી કોઈકનું અણધાર્યું મોત નિપજ્યા વગર આનો અંત નહીં આવે.'

'તમારા ઠાકોરજી પર ભરોસો રાખો વેવાણ !' નાસ્તિક વિજયસિંહે ઠાકોરજીનો હવાલો આપ્યો એથી રાજમાતા અચંબામાં પડ્યાં. વિજયસિંહે ખુલાસો કરવો પડ્યો : 'ભગવાનને હું ક્યારેય માનતો નહોતો, પણ જે કાંઈ બની રહ્યું છે એનો જેમ જેમ વિચાર કરું છું તેમ શ્રદ્ધા ઘૂંટાતી જાય છે. આવો ચમત્કાર ઉપરવાળા સિવાય બીજું કોણ કરી શકે ?'

'છતાંય વિજયસિંહ, દયાળુ ભગવાન મારી જેવી સ્ત્રીની આટલી વસમી કસોટી શું કામ કરતો હશે એ મને જ સમજાતું નથી.'

'સાધુના શબ્દોમાં કહું તો આ કસોટી નહીં, તપ છે. એ કહે છે કે તપ કર્યા વિના જે કાંઈ મળે છે તેનું સુખ લાંબું ટકતું નથી.'

'એની વાત સાચી હશે, પણ મારી તો ધીરજ ખૂટી જવા આવી છે.'

'તમારી જેમ મેંય નિત્યાનંદને આ જ શબ્દો કહ્યા હતા. ત્યારે એણે કેટલી બધી સ્વસ્થતા સાથે સંભળાવ્યું હતું કે ધીરજ ખૂટવાની અણી પર હોય છે ત્યારે માનવું કે ફળ હાથવેંતમાં જ છે !'

'તમને શું લાગે છે વિજયસિંહ, યુવરાજના જન્મદિનને બહાને કનકસિંહે તપાસ મુલતવી શું કામ રાખી હશે ?' રાજમાતાના મનમાં ખટકતો શંકાનો કાંટો જીભે આવ્યો : 'મને તો એમાં કોઈ કપટ વરતાય છે.'

'સાચું કહ્યું રાજમાતા, તપાસમાં કનકસિંહ હુંકારો કરે છે, પડકાર ફેંકે છે ત્યારે મારું લોહી ધગધગી જાય છે. વાતવાતમાં ફૂંકી મારવાનો મારો મિજાજ ક્યાં ગાયબ થઈ ગયો એ જ મને સમજાતું નથી. સાધુએ મારી પાસેથી વચન લીધું કે ગમે એવા આક્ષેપો થાય, જૂઠાણાં ફેંકાય તોય મારે મિજાજ ગુમાવવાનો નથી. ક્યારેક થાય છે કે એક ઘા ને બે કટકા કરનાર મને સાધુએ બાયલો બનાવી દીધો.'

'વિજયસિંહ, આજકાલ લાજવંતી પણ મારી સાથે ઓછું બોલે છે. એ એના ઓરમાનભાઈની શેહમાં આવીને આપણી વિરુદ્ધમાં તો નહીં જાય ને? સમજાતું નથી, પેલો ડૉક્ટર સવારસાંજ એની શી સારવાર કરે છે ? ચોવીસે

કલાક એનો પહેરો ભરતી પેલી દાસી અમને સાસુ-વહુને એકલાં પડવા દેતી જ નથી. રહી રહીને એક જ વિચાર સતાવે છે કે સાધુને યુવરાજ તરીકે સ્વીકારવા લાજુ તૈયાર નહીં થાય તો ?'

'સાધુને પૂરો આત્મવિશ્વાસ છે, એટલે જ તો એણે આગ્રહ રાખ્યો કે તપાસના આખરી દિવસે રાજરાણીએ હાજર રહેવું પડશે. કોણ જાણે નિત્યાનંદ ક્યારે, ક્યાંથી, કેવા પુરાવા રજૂ કરીને સૌને છક્કડ ખવડાવવા માગે છે !'

બરાબર એ જ વખતે પૂજાખંડના દરવાજે ટકોરા સંભળાયા. બન્નેએ સિફતથી વાતચીતનો દોર પલટાવીને કુંવરના લગ્ન ક્યારે લેવાં એની ચર્ચા ચાલુ કરી દીધી, ત્યાં ફરી ટકોરા સંભળાયા : 'માતાજી, હું લાજુ છું, અંદર આવું?'

વિજયસિંહે ઝડપથી ઊભા થતાં બારણાં ઉઘાડયાં : 'આવો ભાભી, અમે તમને યાદ કરતાં હતાં, દિવાળી પછી કરણકુંવરના લગ્નનું મુહૂર્ત કઢાવવાનું રાજમાતા કહે છે.'

પણ લાજવંતીએ ન તો અચરજ વ્યક્ત કર્યું કે ન વાતમાં સામેલ થવાની ઈચ્છા દર્શાવી : 'હું તો સાસુમાની રજા લેવા આવી'તી.'

'શેની રજા લાજુવહુ ?'

'આજે એમનો જન્મદિન છે. ઘણા વખતથી મંદિરે ગઈ નથી.'

'અરે વહુ, ભગવાનનાં દર્શને જવામાં રજા લેવાની હોય ! તમે કહો તો હુંય સાથે આવું.'

'નહીં નહીં !' અધીરાઈભેર બોલી ગયા પછી લાજવંતીએ વાળી લેવું પડ્યું :

'આપે તકલીફ લેવાની જરૂર નથી. માલતીને સાથે લઈ જઈશ પણ...'

'પણ શું વહુ ?' રાજમાતા તેનો ખંચકાટ જોઈ ઉચાટમાં પડી ગયાં: 'અટકી કેમ ગયાં ?'

'કદાચ મારી હાજરીને લીધે ભાભી બોલી શકતાં નથી.' કહેતો વિજયસિંહ ઉંબરો ઓળંગવા ગયો : 'હું જાઉં.'

'નહીં વિજયભાઈ, તમારાથી કાંઈ જ છાનું નથી.' કહેતાં એણે આજુબાજુ જોઈ લઈને ઉમેર્યું : 'હું મંદિરે ગઈ છું એની તમારા બે સિવાય કોઈને જાણ ન થવા દેતાં.' કહીને લાજવંતી ઝડપભેર પોતાના ખંડ તરફ સરકી ગઈ. રાજમાતા અને વિજયસિંહ અચંબાભરી દૃષ્ટિથી એકબીજાને જોઈ રહ્યાં. બન્નેના મનમાં એકસરખો ધ્રાસ્કો પડ્યો : 'આમાં પણ કનકસિંહની કોઈ ચાલ તો નહીં હોય ને ?'

* * *

'પૂજારીજી, યુવરાજના જન્મદિનની ઉજવણીમાં રાજમાતાએ ભોજનનો થાળ મોકલ્યો છે.' મધુમતિ મધ્યાહ્ન પહેલા મંદિરે પહોંચી ગઈ હતી. 'તમારા માટે અલગ કાઢીને બ્રાહ્મણના હાથે જ પહોંચતી કરવાની તાકીદ સાથે જ રાજમાતાએ ખાસ ફરમાવ્યું છે કે તમે બધા ભોજન કરી લો પછી જ મારે ખાલી થાળ લઈને મહેલે પાછા ફરવું.'

સાંભળીને પૂજારી ગળગળા થઈ ગયા : 'રાજમાતાનો અમારા માટે સદાય સદ્ભાવ રહ્યો છે. કોઈ પણ સારા પ્રસંગે અમને યાદ રાખવાનું ભૂલતાં નથી.'

થાળ મૂકવા આવેલો બ્રાહ્મણ રવાના થયા પછી દાસીએ હળવેકથી ઉમેર્યું હતું કે, 'રાજમાતાની ઉદારતા તો દુશ્મનનેય પિગળાવી દે એવી છે. જુઓને પેલા સાધુને કારણે કેટલી બધી ઉપાધિ આવી પડી, છતાં આજના દિવસ પૂરતી મનમાંથી કડવાશ કાઢી નાખીને કહેવડાવ્યું છે કે સાધુનેય આગ્રહ કરીને ભોજન જમાડજો.'

'પણ સાધુ તો ગઈ કાલે સાંજના અહીંથી નીકળી ગયા.'

પૂજારીના શબ્દોએ દાસીને આંચકો આપ્યો હતો : 'નીકળી ગયા ? ક્યાં ગયા ?'

મધુમતિએ હતાશા છુપાવીને કહેવું પડ્યું હતું કે, 'ત્યારે તો ભારે ધર્મસંકટ આવી પડ્યું. રાજમાતા પૂછશે કે સાધુને જમાડી આવી ? તો હું જવાબ શો આપીશ ?'

પૂજારી કાંઈ કહેવા જતાં'તા એ પહેલાં તેને સૂઝી આવેલું : 'ઠીક છે, હું શંભુને ભલામણ કરતી જાઉં છું... મારું કામ એ સંભાળી લેશે.' કહેતી એ શંભુ પાસે દોડતી પહોંચી ગયેલી. થોડાં લટકાં અને આંખના ઉલાળાથી શંભુને અડપલાં કરીને તેણે પ્રસ્તાવ મૂકેલો : 'તમે બાપ-દીકરો ભોજન કરી લો. સાધુ મહારાજ માટે અલગ કાઢી રાખો. પછી હું થાળ લઈ જાઉં.' પણ એમાંય ફાવટ આવી નહીં. શંભુએ જુદી જ વાત સંભળાવી : 'અમારા સાધુ મહારાજ પકવાન કે ફરસાણને હાથ ક્યાં લગાડે છે. સાંજે ખીચડી સિવાય બધું જ એમના માટે વર્જ્ય છે.'

ત્યારે મધુમતિ મૂંઝાઈ ગયેલી. કનકસિંહે સોંપેલું કામ પાર પાડ્યા વિના ચાલવાનું નહોતું. પોતે પડકાર ફેંકીને આવી હતી. સાધુના ભોજનમાં ઝેર ભેળવી આવું તો તમારો માનમોભો છોડીને બધાની ઉપરવટ જઈને મને પરણવા તૈયાર થવું પડશે. અને કનકસિંહે એની શરત મંજૂર રાખવી પડી હતી. ઘાતકી કામ હાથમાં લેતાં પહેલાં તેણે ધમકીય સંભળાવી હતી : 'બાપુ, કામ પતી ગયા પછી ફરી જવાનો વિચાર નહીં કરતા, નહિતર હું છેલ્લા પાટલે બેસતાં અચકાઉં એવી નથી. બધાની વચ્ચે તમારી બાજી ઉઘાડી પાડી દઈશ.' કનકસિંહે ધમકીનો કડવો ઘૂંટડો ગળે ઉતારીને તેના ગાલે હેતાળથી ટપલી મારી હતી. 'સાધુની ચિંતા ઠરે એ પહેલાં આપણે ખાનગીમાં પરણી જાશું અને સમય આવે સૌને જાણ કરી દેશું. આ અમારો વાયદો છે, જા તું કામ પતાવીને આવી પહોંચ.'

શંભુની ચોટલીને રમાડતી મધુમતિએ મગજ કસી લીધું હતું : 'મારા બાળબ્રહ્મચારી, તારી આ ચોટલી કાપી નાખીને તને વટલાવવાનો મેં ફેંસલો કરી દીધો છે. બોલ, તારા બાપને છોડીને મારી સાથે ભાગી છૂટવા તૈયાર છે?'

'બાપને છોડીને ભાગી જવામાં મારું રૂંવાડુંયે ફરકે નહીં.' શંભુએ ભોળા ભાવે કહેલું : 'પણ આ સાધુ મહારાજને મારાથી છોડી શકાય તેમ નથી.'

'અમારા કરતાં એ સાધુ તને વધુ વહાલો છે ?'

'નહીં, મારી મતિ ! પણ સાધુ સાથે રહેવામાં આપણને બેયને લાભ થાય એમ છે. એ યુવરાજ સાબિત થાય એટલે હું એની સાથે મહેલમાં રહેવા

આવીશ. પછી આપણે મન ફાવે તેમ મોજ માણી શકીશું.'

'વાહરે મારા ચોટલીદાસ, તું દેખાય છે એટલો ભોળો નથી. તારું કામકાજ બધું પાકેપાયે છે, પણ ત્યાં સુધીમાં આપણો પ્રેમ પાકો કરી નાખવામાં શું વાંધો ? બોલ સાંજે એકાંતમાં મળવા ફરી પાછી આવું ?'

'પણ સાંજે તો મારે સાધુ મા'રાજ માટે ખીચડી રાંધવાની છે, એને જમાડવાના છે.'

શંભુને બોલતો અધવચ્ચે રાખીને મધુમતિએ અધીરાઈભેર કહી દીધેલું: 'ખીચડી રાંધવામાં હું તને સાથ આપીશ. આપણો પ્રેમ ખીચડીની જેમ ધીમા તાપે પકાવશું, સાધુને જમાડીને તું પરવારી જા એટલે આપણે બેય...'

કહીને મધુમતિએ અંગ મરોડતાં આંખો ઉછાળી હતી, તેના ગાલ પર એક ચીંટિયો ભરી વાયદો કરતી ગઈ હતી : 'ખાલી થાળ પાછો લેવાને બહાને હું સાંજે આવી પહોંચું છું... પછવાડેના વાડામાંથી રાંધણિયામાં ઘૂસી જઈશ. એક વાર મારા હાથની ખીચડી ખાઈશ પછી દાઢે લાગી જવાની.'

પણ સાંજે સૂરજ આથમ્યા છતાંય સાધુ પાછા ફર્યા નહીં ત્યારે મધુમતિની ધગશ ટાઢી પડી ગઈ. પૂજારી અને શંભુએ જમી લીધા પછી શંભુને લાડ લડાવવાને બહાને રાહ જોવામાં તેણે વખત વિતાવવો પડ્યો. 'સાધુ હવે કદાચ પરોઢિયે જ આવશે' એવી શંભુની ટકોર સાંભળીને તેના પેટમાં તેલ રેડાયું, પણ એ ફેંસલો કરીને આવી હતી કે કામ પતાવ્યા વગર પાછી નહીં ફરું. જરૂર પડે તો મંદિરમાં રાત વિતાવીને સવારે સાધુને દૂધ પિવડાવીને જ મહેલે પાછા ફરવાની ચાલ તેણે વિચારી લીધી.

ત્યાં તો અચાનક સાધુની હાક સંભળાઈ : 'શંભુ, મારી સાથે એક મહેમાન પણ આવ્યાં છે. એમને મેડીએ ઉતારો આપજે.

સાંભળીને શંભુ બહાર દોડી ગયો. મધુમતિએ રાંધણિયાના ગોખલામાંથી બહાર નજર નાખી તો સાધુની પાછળ એક બાઈ હાથમાં ગોળી ઊંચકી બીજા હાથે લાજનો ઘૂમટો તાણીને ધીમા પગલે આવતી દેખાઈ.

'સાધુ મહારાજ સાથે એક સ્ત્રીને જોઈ ત્યારે મધુમતિની આંખો ચકળવકળ થવા લાગી. શંભુની ગેરહાજરીનો લાગ સાધીને પાલવના છેડે

બાંધેલી ગાંઠ તેણે ઝટપટ છોડી, ધ્રૂજતા હાથે પડીકી ખોલી અને કોઈ જોતું નથી તેની ખાતરી કરી લઈ ઝેરની ભૂકી ખીચડીમાં ભભરાવી દીધી. કપાળે પસીનો ફૂટી નીકળ્યો. છેડેથી મોં લૂછતાં ફરી એણે બહાર ડોકિયું કરી લીધું. શંભુ મેડીનાં પગથિયાં ઊતરતો દેખાયો. તે પાછો આવી પહોંચે એ પહેલા મધુમતિએ ચમચાથી ખીચડી હલાવીને ઝેર ભેળવી દીધું. એટલી વારમાં તો એ પસીનાથી રેબઝેબ થઈ ગઈ.

'મતિ !' શંભુ રઘવાયાની જેમ રાંધણિયામાં દાખલ થયો : 'તું હવે અહીંથી સરકી જા. સાધુ મહારાજને તારી હાજરીની ખબર ન પડવી જોઈએ.'

'પણ એમની સાથે બાઈ કોણ છે ?'

'કોઈ મહેમાન છે. લાજના ઘૂમટામાં મોં જોવા ન મળ્યું.' શંભુ ગભરાટમાં બોલી ગયો : 'તું જલદી સરકી જા, એ બાઈ મહેમાન કહેતી'તી કે હું અણધારી આવું છું એટલે રાંધણિયામાં મદદ કરવા આવું.'

'પણ રસોઈ તો તૈયાર છે.' મધુમતિએ પછવાડાનાં બારણાંનો ઉંબરો ઓળંગતાં પાકું કર્યું : 'બે જણાને થઈ રહે એટલી ખીચડી છે.'

ત્યાં કોઈના ઝાંઝરનો અવાજ નજીક આવતો સંભળાયો એટલે મધુમતિને ઉંબરા બહાર હડસેલી શંભુએ બારણાં વાસી દીધાં : 'તું કાલે બપોરે આવજે. નિરાંતે મળીશું.'

નાછૂટકે મધુમતિએ સાધુને જમતો જોતાં પહેલાં જ મંદિરેથી રવાના થઈ જવું પડ્યું. મહેલે પહોંચતાં સુધીમાં એ પસીનાથી રેબઝેબ થઈ ગઈ હતી. બેચેનપણે તેની રાહ જોતા કનકસિંહના ખોળામાં પડતું મૂકતાં એ માંડ બોલી શકી : 'આખરે કામ પત્યું.'

સાંભળીને કનકસિંહે પગથી માથા સુધી ધ્રુજારી અનુભવી. બે ઘડી તો એ બોલી પણ ન શક્યા. મધુમતિને શાબાશી આપવાનુંય ન સૂઝ્યું.

'કાતિલ ઝેર એના પેટમાં ગયું ?'

'કદાચ અત્યાર સુધીમાં પહોંચી ગયું હશે.'

હાંફતી દાસી ધ્રૂજતા અવાજે માંડ એટલું જ બોલી શકી.

'ત્યારે તો સાધુ રાત સુધીમાં ખતમ !'

'એકલો સાધુ નહીં, બહારગામથી આવેલી તેની બાઈ મહેમાન પણ એની ભેળી ચિતાએ ચડશે.'

'બાઈ મહેમાન ?' કનકસિંહ ભડકી ગયો. 'બાઈ મહેમાન કોણ ?'

'એ તો રામ જાણે, બહારગામથી સાધુની સાથે હમણાં જ આવી. લાજનો ઘૂમટો તાણ્યો હતો એટલે ઓળખાણ ન પડી. કદાચ એની આવરદા પણ ખૂટી ગઈ હશે.'

કનકસિંહ સૂનમૂન થઈ ગયો. કોણ હશે એ બાઈ ? સાધુ એને ક્યાંથી લઈ આવ્યો હશે ? એકને બદલે બેનાં મોત થવાથી પોતે ફાયદામાં રહેશે કે?...

એનું મગજ ભમવા લાગ્યું.

*

[૧૭]

સવારના આઠ વાગતાં જ કનકસિંહ અને ડૉક્ટર દીક્ષિત ખુશમિજાજમાં મહેલે પહોંચી ગયા. આખી રાતનો ઉજાગરો હોવા છતાં એમના ચહેરા પર થાકને બદલે સ્ફૂર્તિ વરતાતી હતી. મધરાત સુધી શરાબ પીતાં પીતાં બંનેએ સાધુના કમોત આસપાસ તર્કવિતર્ક વાગોળ્યા હતા. સાધુ પરગામ ક્યાં ગયો હશે ? સાથે આવેલી બાઈ કોણ હશે ? અણધારી આવી ચડેલી બાઈ સાધુના મોતમાં આપોઆપ સંડોવાઈ જવાની. મધુમતિ કહેતી'તી કે તેને પીરસવાનું કામ મહેમાન બાઈ જ સંભાળી લેવાની હતી. તો તો સાધુની ખીચડીમાં ઝેર ભેરવનાર આ બાઈ જ પુરવાર થશે. કદાચ બંને ઝેરના ભોગ બનીને મોતની નીંદરમાં પોઢી જાય તો બાઈ સાથે આડો સંબંધ ધરાવતા સાધુના ચારિત્ર્ય માટે શંકા જગાડી શકાશે... એટલે એ અજાણ્યા પાત્રનું આગમન બંને દૃષ્ટિએ ફાયદામાં જ રહેવાનું. મધરાત સુધી સાધુના કાંઈ ખબર ન આવ્યા ત્યારે થોડો ઉચાટ જાગ્યો એટલે મન મનાવ્યું. જમીને ઊંઘી ગયા પછી સવાર પહેલાં મંદિરના પૂજારીને કદાચ એની જાણ ન પણ થાય... ઉચાટ ફંગોળીને બંનેયે ઘણી વાર સુધી મૂંગા મૂંગા ઊજળા ભાવિનાં સુખદ સપનાં પંપાળવા માંડ્યાં હતાં, પણ ડૉક્ટરને વારેવારે એક વિચાર કાંટાની જેમ ભોંકાઈ જતો. રાતની ખામોશીમાં એ કાંટો ખેંચી કાઢ્યા વગર ચેન પડ્યું નહીં ત્યારે હળવેકથી પૂછી બેઠેલા : 'બાપુ, સાધુનો નિકાલ આવ્યા પછી દાસીનું કાંઈ વિચારી રાખ્યું છે કે નહીં ?'

સાંભળીને કનકસિંહ ખળભળી ઊઠેલો : મારા કરતાંય આ ડૉક્ટર કાળજાનો સાવ કોરોધાકોર નીકળ્યો ! મધુમતિનું નડતર કેમ નિવારવું એ વિચારવાનું મેં મુલતવી રાખ્યું હતું પણ ડૉક્ટર તો એટલીય ધીરજ રાખવા માગતો નથી.

'બાપુ, તમારા મનમાં એ દાસી વસી ગઈ હોય તોપણ સોનાની કટારીને

પેટમાં ન ખોસાય. બાહોશ માણસોને પુરાવા નાબૂદ કરવામાં ઢીલ રાખવી પાલવે નહીં. દાસીના મોતથી કોઈનુંય રૂંવાડું ફરકવાનું નથી.'

'તો પછી એનો ઈલાજ પણ તમે જ દેખાડોને ડૉક્ટર !'

'એક દાસી પાછળ કીમતી ઝેર બગાડવાનો કોઈ અર્થ નથી.' ડૉક્ટરે ડાહ્યાબોળ અવાજે ઈલાજ સૂચવ્યો હતો : 'મહેલની અગાસી પરથી ધક્કો મારી દો. નીચે પડ્યા પછી પાવલું પાણીય નહીં માગે બિચારી, સીધી ઉપર પહોંચી જશે.'

'તમારો એ ઈલાજ સોએ સો ટકા અકસીર ના ગણાય ડૉક્ટર. કદાચ થોડા કલાક પૂરતી જીવતી રહી જાય તો આપણો જ ભાંડો ફૂટી જાય.'

'તો પછી બીજો ઈલાજ અજમાવો.' ડૉક્ટર કોઈ દર્દીની સારવાર વિચારતા હોય એટલી સ્વસ્થતાથી બોલી ગયા હતા : 'એકાદ ઝેરી નાગ મંગાવીને રાત્રે એ સૂતી હોય ત્યારે એના પડખામાં મૂકી દો. મરતાં મરતાં એને દગાનો વહેમ સુધ્ધાં નહીં આવે.'

સાંભળીને કનકસિંહે થરથરાટી અનુભવી હતી. દાંત દેખાડીને હસતો દીક્ષિત જ તેને ઝેરી નાગ જેવો ડરામણો લાગ્યો હતો : 'નહીં ડૉક્ટર, નાગ મને દીઠા ગમતા નથી.'

'એમ હોય તો લો આ ત્રીજી દવા ચીંધું. સાધુના મોતની ખુશાલીમાં તમે શિકારે જરૂર જવાના. સાથે તમારી વહાલી દાસીને લઈ જવી જ જોઈએ. બસ, એકાદી ગોળી આડીઅવળી છૂટી જાય અને દાસીનો શિકાર થઈ જાય તો કોઈને અજુગતું નહીં દેખાય.'

'હં... આ ઉપચાર અકસીર છે ડૉક્ટર !' કહીને કનકસિંહ ખંધું હસ્યો હતો. 'નિકાલ કરવાના ઈલાજમાં તમે આટલા અકસીર છો એની તો આજે જાણ થઈ. બધું પહેલેથી જ વિચારી રાખ્યું લાગે છે.'

'કનકસિંહબાપુ, આ સિવાયનુંય મેં ઘણું વિચારી રાખ્યું છે.' કહીને ડૉક્ટરે તેને ભડકાવ્યો હતો : 'દાસીના નિકાલ પછી ત્રણમાંથી આપણે બે રહીએ. અને ત્યાર પછી બેમાંથી એક માટેય...'

'ડૉક્ટર !' કનકસિંહથી દાંત ભીંસીને ત્રાડ પડાઈ ગયેલી : 'મને દૂર

કરવાના ઈલાજમાં તમે ફાવશો નહીં. ખુદ ખતમ થઈ જશો.'

'હું ખુદ ખતમ ન થઈ જાઉં એની જ વાત કરતો'તો બાપુ. ત્યાં તમે વચ્ચે બોલી ઊઠ્યા.' ડૉક્ટરની ઠાવકાઈએ કનકસિંહને વીંધી નાખ્યો. તમને દૂર કરવામાં મને શું લાભ ? તમારા વગર ખજાનામાં મને કોણ ભાગ આપવાનું? આટલી બધી મગજમારીનું મહેનતાણુંય ગુમાવી બેસું... તેને બદલે તમે મને ખતમ કરી નાખો તો તમારે ગુમાવવાનું કાંઈ જ નહીં અને કાયમની નિરાંત જેવું થઈ જાય.'

'એટલે તમને મારા પર શંકા આવવી શરૂ થઈ ગઈ કે ?'

'નહીં રે, આ તો સાવચેતી ખાતર તમને ચેતવી દેવા માગું છું.' કહીને ડૉક્ટરે ધડાકો કર્યો : 'ક્યારેય તમારા મનમાં મારો નિકાલ કરવાનો વિચાર ન જાગે એટલે કહી દઉં છું કે આજ સવારે જ મેં અમદાવાદ મારી બૈરી પર એક લાંબો પત્ર લખીને પોસ્ટ કરી દીધો છે, તેમાં આપણા કાવતરાની રજેરજ વિગત લખી જણાવી છે.'

'ડૉક્ટર !' કનકસિંહે વીફરેલા વાઘની જેમ હાથની તરાપ મારી તેની ગળચી પકડી લીધી હતી. 'તમે આવી બેવકૂફી કરી... પુરાવા નાબૂદ કરવાનું ડહાપણ ડહોળતા હતા અને બૈરીને લેખિત પુરાવો મોકલી આપ્યો !'

ડૉક્ટરે સામું જોર ન અજમાવ્યું હોત તો કનકસિંહના પંજાની ભીંસમાં એનો શ્વાસ રૂંધાઈ જાત. ગળચી છોડાવ્યા પછી ઘણી વાર સુધી એણે હાંફ્યા કર્યું. તેનું મોં લાલઘૂમ થઈ ગયું હતું. આંખોમાં લોહીના દોરા ઊપસી આવ્યા હતા. ગળું છોડાવવામાં થોડો મોડો પડ્યો હોત તો કનકસિંહના ખુન્નસે તેને ખતમ કરી નાખ્યો હોત.

'જાડેજાબાપુ !' હાંફતાં હાંફતાં તેણે કહ્યું હતું : 'પૂરી વાત સાંભળ્યા પહેલાં જ તમે ઉશ્કેરાઈ ગયા. હવે તો મને ખાતરી થઈ ગઈ કે જે મેં કર્યું તે ડહાપણનું કામ હતું.'

આટલું કહીને તેણે આખલાની જેમ નાખોરાં ફુલાવતાં કનકસિંહ સામે જોયું હતું, હાથ ફેરવીને પોતાનું ગળું પંપાળ્યું હતું. હવે પોતે તેનાથી ડરતો નથી એવા દેખાવ ખાતર થોડું હસી લીધું હતું.

'બાપુ, મારી બૈરી ચાર ગુજરાતી ભણેલી છે, અંગ્રેજીનો કક્કોય જાણતી નથી અને મેં આપણા કાવતરાની વિગત અંગ્રેજીમાં લખી મોકલી છે.'

'પણ તમારી બાયડી કોઈની પાસે કાગળ વંચાવશે તો ?' કનકસિંહનો રોષ હજુ ઓસર્યો નહોતો : 'આપણું કાવતરું બહારના માણસોય જાણી જશે.'

'નહીં બાપુ, પત્રની સાથે ગુજરાતીમાં મેં એક ચિઠ્ઠી લખી છે. તેમાં ખાસ તાકીદ કરી છે કે આ અંગ્રેજી લખાણ જીવનની જેમ સાચવજે, કોઈને વંચાવતી નહીં પણ...'

'પણ શું ડૉક્ટર ?'

'ધારો કે ઘેર પહોંચતાં પહેલાં મને રસ્તામાં કાંઈ થઈ જાય તો આપણા ફૅમિલી વકીલને મારો અંગ્રેજી પત્ર સોંપી દેજે... બોલો બાપુ, આમાં મેં ખોટું શું કર્યું ?'

'ખોટું કે સાચું, આવું કરવાની જરૂર જ શું હતી ?'

'તમે મારો નિકાલ કરી નાખવાની વેતરણ ન કરો એવી સાવચેતી ખાતર આમ કરવું જરૂરી હતું બાપુ !' ડૉક્ટરે ખંધુ હસીને ઉમેર્યું હતું : 'સાધુના ભોજનમાં ઝેર ભેળવનાર દાસીને આપણે દૂર કરી દેવા માગીએ છીએ તેમ મારો કાંટો કાઢી નાખવાનોય તમને વિચાર કેમ ન આવે ? આવે કે નહીં, સાચું કહેજો બાપુ !'

ત્યારે કનકસિંહે ગુસ્સો ખંખેરીને મલકી જવું પડ્યું હતું. કાવતરાખોરો એકબીજાનો ભરોસો કરી શકતા નથી એ હું માનું છું ડૉક્ટર, પણ હવે ધરપત રાખજો. તમારો નિકાલ કરવાનો વિચાર મેં કાયમને માટે માંડી વાળ્યો.'

'બસ તો, આ સમજૂતી પર ચાલો ફરી ગ્લાસ ભરીએ.' કહીને ડૉક્ટરે બંનેના જામ છલકાવી દીધા હતા. પીતાં પીતાં જ બંનેએ સોફાના હાથા પર ડોક અઢેલીને -ત્રણ કલાકની ઊંઘ ખેંચી લીધેલી. પક્ષીઓના કલરવે સવારે છ વાગ્યે ડૉક્ટરને આંખોના પોપચાં પર ગલીપચી થઈ હોય તેમ એ ઝબકી ગયા હતા.

'બાપુ ઊઠો !' કનકસિંહને ઢંઢોળીને ઉઠાડવા પડેલા. 'સવાર પડી ગઈ. હજુ સુધી સાધુના અશુભ સમાચાર કેમ આવ્યા નહીં ?'

કરોડોના ખજાનામાં આળોટવાનાં સપનાં પંપાળતા કનકસિંહે પાંપણ ઊંચકવાને બદલે એક ગાળ ચોપડાવી દીધેલી : 'કોણ બેવકૂફનો બચ્ચો, આ મહારાજાધિરાજને કાચી નીંદરમાંથી જગાડે છે ?'

'બાપુ, કાચી નીંદરનાં સપનાંને હજુ પાકવા દ્યો. જાગો નહીંતર આપણું નસીબ ઊંઘતું રહેશે.'

સાધુના કાંઈ જ ખબર ન આવ્યા એટલે બંને ઉચાટમાં પડી ગયેલા. થોડી મસલત કરીને વિશ્વાસુ માણસને મંદિરે દોડાવ્યો હતો. કોઈને વહેમ ન જાય એ રીતે માણસ ખબર લઈ આવેલો : 'સાધુ મહારાજ હજુ સમાધિમાંથી ઊઠ્યા નથી.'

'સમાધિમાંથી કે પથારીમાંથી ?' કનકસિંહે અધીરાઈભેર પૂછેલું : 'સરખી વાત કર.'

'બાપુ, મેં પૂજારીને કીધું કે મારે મહારાજનાં દર્શન કરવાં છે. તો એમણે કહ્યું કે રાત્રે જ મહાત્માજી સમાધિમાં બેસી ગયા છે, પોતે આપમેળે બારણાં ન ઉઘાડે ત્યાં સુધી કોઈએ ખલેલ પહોંચાડવાની મના કરી છે.'

'તેં પૂજારીને પૂછ્યું નહીં કે સમાધિ પૂરી થતાં કેટલી વાર લાગશે?'

'બાપુ, પૂજારી ચિંતાતુર દેખાતા'તા. એ બોલી ગયા કે રોજ સવારે તો પાંચ વાગ્યમાં ઊઠી, સ્નાનમાંથી પરવારીને પૂજાપાઠ કરવા બેસી જાય ને તેને બદલે આજે સૂરજ ચડ્યો તોય કેમ બારણાં ઉઘાડ્યાં નહીં ?'

સાંભળીને કનકસિંહ અને ડૉક્ટર એકબીજા સામે સંકેતમાં મલક્યા હતા : હવે નક્કી આપણા નસીબનાં બારણાં ઊઘડી જવાનાં !

'પણ અરજણિયા, તેં મંદિરમાં કોઈ બાઈને દીઠેલી ખરી ?'

'હા બાપુ, એક બાઈ શંકરની પૂજામાં બેઠેલી ખરી... પણ મને એનું મોઢું કળાયું નહીં. પૂજારીને પૂછ્યું તો કહ્યું કે એ મહાત્માનાં મહેમાન છે.'

ખબર આપનારો ખસી ગયા પછી બંનેએ હાથ મિલાવીને ખુશાલી ઉછાળી હતી : 'હવે સાધુડાએ કાયમની સમાધિ લઈ લીધી ડૉક્ટર, આપણે ઝટપટ તૈયાર થઈને મહેલે ભાગીએ. નવ વાગ્યે તપાસ શરૂ થશે.'

'તપાસ શરૂ નહીં થાય બાપુ !' ડૉક્ટરે સુધારો કરેલો. 'બધા સાધુની રાહ જોતા બેસી રહેશે. પછી તમે માણસને તેડવા મોકલશો અને એ સારા ખબર લઈને પાછો આવશે.'

મહેલે જવા નીકળતી વખતે ડૉક્ટર દીક્ષિતના હાથમાં તેમની બેગ જોતાં કનકસિંહ બોલી ઊઠેલો : 'તમે પણ આદતના જોરે બેગ સાથે લીધી કે? આજે હવે એનું કોઈ કામ પડવાનું નથી. લાજવંતીની સારવાર પણ પૂરી થઈ ગઈ.'

'નહીં બાપુ, સારવાર આજે પૂરી થશે.' ડૉક્ટરે મનનું કપટ સંતાડી રાખવાની સિફતથી કહેલું : 'અત્યારે તેના પર હિપ્નોટિઝમનો પ્રયોગ કરીને હું તેના મનમાં એક વાત પાકે પાયે ઠસાવી દેવા માગું છું.'

'કઈ વાત ડૉક્ટર ?'

'એ જ કે આ દુનિયામાં તમારું સાચું હિત ધરાવનાર માત્ર એક જ વ્યક્તિ છે, જે ઓરમાન ભાઈ હોવા છતાં સગા ભાઈ કરતાંય તમારા માટે વધારે લાગણી ધરાવે છે.'

કનકસિંહને ગળે પોતાની વાત ઊતરતી દેખાઈ નહીં એટલે ડૉક્ટરે વધારે ભારપૂર્વક ઉમેરવું પડેલું : 'બાપુ, આમ કરવા પાછળ તમારી સાથે મારોય સ્વાર્થ સમાયેલો છે. ખજાનાના મામલામાં આપણે રાણીબાને વસ કર્યા વગર નહીં ચાલે.'

ત્યારે કનકસિંહ તેની અગમચેતી પર વારી ગયેલો, 'વાહરે ડૉક્ટર, તમારા હાથમાં ખજાનાની ખૂજલી ઊપડી લાગે છે.'

અને ખડખડાટ હસતા બંને મોટરમાં ગોઠવાઈને મહેલે આવી પહોંચ્યા. વિજયસિંહ તેમની રાહ જોતો હોય તેમ પગથિયે જ ઊભો હતો. તેને પોતાની પહેલાં આવી પહોંચેલો જોઈને કનકસિંહે પૂછ્યું : 'કાં જામ, તમે કાંઈ જલદી આવી પહોંચ્યા ?'

'રાજમાતાએ બોલાવ્યો હતો.' કહીને તેણે સત્વરે ખુલાસો કરી દીધો. 'ગઈ કાલથી એમણે લગનનું મૂરત જોવડાવવાની અધીરાઈ પકડી છે. કહેતાં'તાં કે દિવાળી પછી લગ્ન ઉકેલી નાખવાં છે. વહુનાં કપડાં-દાગીના માટે બે-ત્રણ

મહિના તૈયારીમાં નીકળી જશે. અત્યારથી જ કામ હાથમાં ઉપાડી લેવું છે.'

'તો પછી અહીંયાં કેમ ઊભા છો ?'

'હું જરા મોડો પડ્યો. રાજમાતાજી પૂજામાં બેસી ગયાં.'

વિજયસિંહે ખુલાસો પૂરો કર્યો એટલે જાડેજાએ તેને જવાબદારી વળગાડી દીધી : 'ઠીક છે, તમે બધા મહેમાનોને આવકારવા અહીં જ રહેજો. હું ડૉક્ટર સાથે લાજવંતી પાસે જઈ આવું છું.'

કહીને બંને સડસડાટ રાણીવાસની સુંવાળી સીડી ચડી ગયા. એમની અધીરી ચાલમાં ઊછળતી ધગશ પર વિજયસિંહને હસવું આવી ગયું : 'હા જાડેજા, તમે, બંને બધા જ ઈલાજ અજમાવી જુઓ અને પછી જોજો કે પરિણામ શું આવે છે !'

દાદરના ઉપલા છેડે મધુમતિ સામી મળી. કનકસિંહ સામે તેણે સંકેતમાં નજર ટકરાવી. જવાબમાં જાડેજાએ તેને આંખોથી શાબાશી આપવાનું વિચાર્યું, પણ પાકા ખબર ન આવે ત્યાં સુધી મુલતવી રાખીને પૂછ્યું : 'રાણીબા એમના ખંડમાં છે ને ?'

'હા જી. આજ સવારથી ભારે ખુશમિજાજમાં દેખાય છે. મેં કારણ પૂછ્યું તો કહે કે બસ એવું લાગે છે કે આફતનાં બધાં જ વાદળાં હઠી ગયાં. હવે સુખનો સૂરજ ઊગવાનો.'

કનકસિંહને એ વિચિત્ર લાગ્યું : સુખનો સૂરજ તો મારા માટે ઊગવાનો છે અને ખુશ બીજાં શાનાં થાય છે !


'ચાલો ડૉક્ટર, રાણીબાની ખુશાલીનો ભેદ જાણી લો તો તમારી વશીકરણ વિદ્યાને સાચી ગણું.'

મધુમતિને બહાર જાપ્તો રાખવાનું કહી બંને ખંડમાં ઘૂસ્યા ત્યારે લાજવંતી યુવરાજ નિર્મળકુમારની મોટી છબી સમક્ષ હાથ જોડીને - આંખો મીંચીને ઊભી હતી. આગલા દિવસે જન્મદિનની યાદગીરીમાં છબીને ચડાવેલો હાર ચીમળાઈ ગયો હતો, પણ લાજવંતીનો ચહેરો તાજગીથી ચમકતો દેખાયો.

'શું વાત છે રાણીબા, આજ બહુ ખુશખુશાલ દેખાવ છો ?'

જવાબ આપતાં પહેલાં લાજવંતી લુખ્ખું હસી. પછી ડૉક્ટરની હાજરી પર ધ્યાન જતાં ગંભીર બની ગઈ : 'મોટાભાઈ, ખુશાલીનું કારણ ક્યારેક તમને એકાંતમાં કહીશ.'

દીક્ષિતસાહેબને એ ખટક્યું પણ કળાવા દીધું નહીં : એક વાર તું મારી સાથે એકાંત માણી લે પછી હું તને પરાયો નહીં લાગું. આજે જ એ લાગ ઝડપી લેવાનો !



'બેનબા, ખુશાલીનું કારણ તું ભલે ગમે તે માનતી હો,' કનકસિંહે ડૉક્ટરને સારું લગાડવા કહેવું પડ્યું : 'પણ એનો ખરો જશ તો હું આપણા દીક્ષિતસાહેબને આપવાનો. એની સારવારે તારા મનનો બધો ભાર ઉતારી નાખ્યો. આજે છેલ્લી વાર સારવાર લઈ લે.'

લાજવંતીનો ચહેરો ઊતરી ગયો. આનાકાની કરવા માટે શબ્દો શોધવા લાગી. પણ મોટાભાઈનું મન દુભાવવું નહોતું એટલે સંમત થઈ ગઈ : 'છેલ્લી વાર એટલે છેલ્લી જ વાર હં કે !' કહીને પલંગ પર આડી પડી. ડૉક્ટરે

દેખાવ પૂરતું સ્ટેથોસ્કોપ કાઢીને એમની તબિયત તપાસી, નાડીના ધબકારા જોયા. બ્લડપ્રેશર માપ્યું અને રોજની માફક હિપ્નોટિઝમની અસર નીચે તેને ઊંઘાડી દીધી : 'જોયું, હવે કેટલી જલદી મારી વિદ્યાને વશ થઈ જાય છે !' કહીને ઘડિયાળમાં જોયું : 'બાપુ, આજે હું થોડો વધુ સમય લેવા માગું છું. તમને કંટાળો આવશે. બે ઘડી બહાર પેલી દાસી સાથે દિલ બહેલાવવું હોય તો...'

'ડૉક્ટર !' કનકસિંહે ડોળા દેખાડી નાક પર આંગળી મૂકી : 'બોલવામાં જરા સાવધ રહો. બેન કદાચ સાંભળી લેશે.'

'એ બાબત બેફિકર રહેજો. આ અવસ્થામાં એને કહીશ તેટલું જ સાંભળી શકશે.' કહીને ડૉક્ટરે સારવારની શરૂઆત કરી દીધી. 'રાજરાણી, હવે તો તમને ખાતરી થઈ ગઈ ને કે પેલો સાધુ બનાવટી છે ?'

'હા... સાવ બનાવટી છે !' ઊંઘતી લાજવંતીએ માત્ર હોઠ હલાવીને જવાબ આપવા માંડ્યા.

'તમને એ પણ ખબર પડી કે રાજમાતા દેખાય છે એટલાં ભોળાં નથી.'

'હા. એ ભારે પાકાં છે.'

'વિજયસિંહ જામે પોતાની દીકરીને મહેલની પુત્રવધૂ બનાવી તેની પાછળ તેની ચાલ છે.... એ પોતાની વગ વધારીને આ રાજ્યની સત્તા પોતાના કબજામાં લેવા માગે છે. બરાબર ને ?'

'હા, હવે એની ચાલ મને બરાબર સમજાવા લાગી છે.'

લાજવંતીના દરેક જવાબ પર કનકસિંહ હરખાતો જતો હતો, પણ ડૉક્ટરને તેની હાજરી વધુ ને વધુ ખટકતી હતી. ઘડિયાળમાં જોયું તો હજુ પોણા નવ જ વાગ્યા હતા. તેને ખસેડવા માટે કોઈ બહાનું મળતું નહોતું. ત્યાં બહાર ચોગાનમાંથી મોટરનું હૉર્ન વાગતું સંભળાયું. બંનેએ એકબીજા સામે જોયું : 'બાપુ, આજે ગોરાસાહેબ વહેલા આવી ગયા !'

'હા !' કહીને કનકસિંહે બારીનો પડદો હઠાવીને બહાર નજર નાખી: 'એ જ છે. વહેલા કેમ આવ્યા હશે ? કદાચ પૂજારીએ સાધુના મોતના ખબર

એમને પહેલા પહોંચાડ્યા હોય.'

'બનવાજોગ છે !' ડૉક્ટરે તક ઝડપી લેતાં કહ્યું : 'તમે જલદી નીચે પહોંચો. હું પંદર મિનિટમાં આવી પહોંચું છું.'

ખુશાલીના આવેગમાં કનકસિંહ સડસડાટ બહાર સરકી ગયો અને બહાર ઊભેલી દાસી અંદર આવવાની ચેષ્ટા કરે એ પહેલાં ડૉક્ટરે દરવાજાની આંકડી ચડાવી દીધી : 'હાશ !'

ઝડપભેર બેગમાં સંતાડેલો કૅમેરા બહાર કાઢ્યો, પૂર્વ દિશાની બે બારીના પડદા હઠાવી સૂર્યના પ્રકાશથી ખંડમાં અજવાળું વધાર્યું. ઊંઘતી લાજવંતીની હાંફતી છાતી પરથી માંડમાંડ નજર હઠાવી તેણે કૅમેરા બરાબર ગોઠવીને મૂક્યો.

બધું ઝડપભેર આટોપી લેવાનું હતું. લાજવંતી સાથે પ્રેમની મસ્તી માણવાના બે-ચાર પોઝ કૅમેરામાં ઝડપી લેવાના હતા. દરેક વખતે કૅમેરા ચાલુ કરી પોતે દોડી જઈને લાજવંતીના પડખે ગોઠવાઈ જવાનું હતું, પણ એ પહેલાં લાજવંતીએ પહેરેલી સાડી જરા હઠાવવાની હતી. તેને બેભાન અવસ્થામાં પલંગને ટેકે બેસાડવાની હતી.

લાળ ટપકતાં હોઠે ડૉક્ટર દીક્ષિતે લાજવંતીના ખભા નીચે દબાયેલો સાડીનો છેડો ખેંચ્યો ત્યાં ચમત્કાર થયો -

સફાળી બેઠી થઈને લાજવંતીએ ડૉક્ટરના ગાલ પર જોરદાર તમાચો ઝીંકી દીધો. દીક્ષિતસાહેબની લાળ સુકાઈ ગઈ, ગાલ સમસમી ઊઠ્યો અને લાજવંતીનું રૌદ્ર સ્વરૂપ જોઈને ધક્કો લાગ્યો હોય તેમ ચાર પગલાં પાછા હઠી ગયા:

'તમે મારી આવી સારવાર કરો છો ?'

પણ ડૉક્ટર હજુ ગાલ પંપાળતા જ રહ્યા. લાજવંતીની આંખોમાં ઊછળતો ક્રોધ તેને દઝાડી રહ્યો હતો. એ આમ એકાએક ભાનમાં આવી ગઈ? કે પછી ઢોંગ કરતી પડી હતી ?

અચાનક ક્રોધની જગ્યાએ રાજરાણીની આંખોમાં આંસુ ઊભરાતાં દેખાયાં. એ ધ્રુસકે ધ્રુસકે રડવા માંડી એટલે ડૉક્ટરનો ગભરાટ વધી ગયો : 'રાણીબા, મને ક્ષમા કરી દો. આ વાત અહીં જ સમેટી લો. તમારું આક્રંદ કોઈ સાંભળી

જશે તો મારી સાથે તમારી પણ ફજેતી થશે.'

ત્યારે ડૂસકાં રોકીને લાજવંતીએ ડૉક્ટર સામે જોયું : 'સાચું કહેજો ડૉક્ટર, આટલા દિવસથી સારવાર કરતા હતા તેમાં આવું....'

'નહીં નહીં રાણીબા, આવું પહેલી જ વાર થઈ ગયું.' ડૉક્ટરે તેને ધરપત આપતાં પોતે પણ ધીરજ અનુભવી : 'રોજ તો કનકસિંહબાપુ હાજર રહેતા. આજે એકાંતમાં તમારું રૂપ મારી દાનત બગાડી ગયું.'

કહીને ડૉક્ટરે ઝટપટ પોતાનાં સાધનો સાથે કૅમેરા પણ બૅગમાં સરકાવી દીધો : 'મને એ જ નવાઈ લાગી કે આજે મારી વિદ્યાની અસર ઊણી કેમ ઊતરી ? તમે જલદી ભાનમાં કેમ આવી ગયાં ?'

'કદાચ એટલા માટે ડૉક્ટર કે તમે આજે વિદ્યાનો ગેરલાભ ઉઠાવવા માગતા હતા.' લાજવંતીએ આંખો લૂછીને અવાજનો રણકો બદલી નાખ્યો : 'પણ પહેલી ભૂલ તો ભગવાનેય માફ કરી દે છે. આજ પછી મારી સારવાર કરવાનુંય માંડી વાળજો.'

'તમે દેવી છો રાણીબા !' ડૉક્ટરે આભારના ભારથી માથું ઝુકાવી દીધું: 'મને માફ કરી દેવાનો ઉપકાર હું ક્યારેય નહીં ભૂલું.'

'સાથોસાથ અહીંથી બહાર નીકળતા પહેલાં આ ઘટના પણ કાયમને માટે ભૂલી જજો.'

એના અવાજમાં આજીજી હતી કે ધમકી એ ડૉક્ટર પૂરું પારખી શક્યો નહીં, પણ બહારથી કોઈનો પગરવ સંભળાયો એટલે ઝડપભેર ઓરડાનો દરવાજો ખોલી નાખ્યો. પોતે સમયસર ચેતી ગયા એ માટે ભગવાનનો પાડ માન્યો કારણ કે ઉંબરા પર જ કનકસિંહ ભટકાઈ ગયો : 'કેટલી વાર લગાડી ડૉક્ટર !' કહીને તેનું બાવડું પકડી લીધું : 'નીચે ચાલો, ગોરાસાહેબ કહે છે કે નવ વાગ્યે તપાસ ચાલુ થવી જોઈએ. હવે બે મિનિટ જ બાકી છે.'

'પણ પેલાના શું સમાચાર આવ્યા ?' ઊંબરે ઊભા ઊભા જ ડૉક્ટરે અધીરાઈ દર્શાવી : 'એ આવ્યા વગર...'

પણ તેને આગળ બોલતાં રોકીને કનકસિંહ ખેંચી ગયો : 'તમને અહીં એકલા મૂકીને ગયો એટલે રાજમાતાએ બે વાર પૂછ્યું કે ડૉક્ટર રાણીવાસમાં

એકલા જ છે ? મને થયું કે તમે વાર લગાડશો તો એ જાતે જ ઉપર આવી પહોંચશે અને તમારી સારવારનો ભેદ ઉઘાડો પડી જશે.'

ભેદ તો ઉઘાડો પડી ગયો ! ડૉક્ટર મનમાં જ બબડ્યા : મહેનત પર પાણી ફરી વળ્યું. અને લાલ ગાલ થયો એ વધારામાં !

'ડૉક્ટર, મને એમ લાગે છે કે પેલાના મોતના સમાચાર આવે એટલે તમારે જ મંદિર જવાનું થશે.' દાદરનાં પગથિયાં ઊતરતાં કનકસિંહે પોરસ કર્યો: 'યુવરાજની જેમ આના મોતનું સર્ટિફિકેટ પણ તમારે જ લખવાનું થશે.'

પણ ડૉક્ટરનું ધ્યાન સાંભળવામાં નહોતું.

બન્ને જણા જેવા નીચે પહોંચ્યા કે છેલ્લા પગથિયે બેય જણાના ચારે પગ આરસપહાણ સાથે જડાઈ ગયા.

બરાબર એ જ વખતે સાધુ મહેલનાં પગથિયાં ચડીને અંદર આવતો દેખાયો !

કનકસિંહના મુખ પરથી લોહી ઊડી ગયું. કોઈકે જોરદાર તમાચા માર્યા હોય તેમ બન્ને ગાલ એકસમાટા સમસમી ગયા.

*

[૧૮]

બીજાને દેખાય નહીં અને પોતાથી ખમાય નહીં એવા મૂઢ મારની કળ કનકસિંહ અને ડૉક્ટરને ચડી ગઈ'તી. સાધુને જીવતો જોઈને અનુભવેલા આઘાતથી મૂર્ચ્છા ખાઈ ગયેલા મગજને પંદરવીસ મિનિટ સુધી તો આસપાસની હિલચાલ કે વાતચીત સ્પર્શી શકી નહીં. પોલિટિકલ એજન્ટ વિલિયમે તપાસની શરૂઆત કરતાં પહેલાં રાજગઢથી આવેલા એક્સ-રેનો રિપોર્ટ વાંચી સંભળાવ્યો. તેમાંય ડૉક્ટર કે કનકસિંહને રસ ન પડ્યો. એ અંગે ગોરાસાહેબે ચુકાદો આપ્યો કે સરકારી ઇસ્પિતાલના મોટા ડૉક્ટરે લખ્યા પ્રમાણે યુવરાજ નિર્મળકુમાર જૂના એક્સ-રે ફોટા તથા સાધુના હાલના એક્સ-રે ફોટા બધી જ રીતે એકબીજાથી મળતા આવે છે... ત્યારે બીજા બધા ચોંકી ગયા હતા. સાધુએ વિજયી સ્મિત ફરકાવ્યું હતું. પણ પેલા બંને તો જડની જેમ ગુમસુમ બેસી રહેલા ! સાધુ જીવતો હોવાની વસમી વાસ્તવિકતા સ્વીકારવા એમના મન તૈયાર નહોતાં.

આઘાત ઓસરવાની શરૂઆત થઈ ત્યારે ડૉક્ટરને કનકસિંહ પર દાઝ ચડી અને કનકસિંહે મધુમતિને યાદ કરીને દાંત ભીંસ્યા : એ હરામજાદી કામ અધૂરું છોડીને આવી અને અમે એના ભરોસે સાધુના મોતની ઉજાણી પણ માણી લીધી.

'જાડેજા, આમ કેમ બેઠા છો ?' બૅરિસ્ટર વાડિયાએ ખભો દબાવ્યો: 'બારી તરફ તાકીને પૂતળાની જેમ શું જોયા કરો છો ?'

ડૉક્ટરને પણ તેણે જ સજાગ કરવા પડ્યા : એક્સ-રે-ફોટા બાબત મોટા ડૉક્ટરના અભિપ્રાય સામે તમારે કાંઈક દલીલ તો કરવી'તી.

છતાં બેમાંથી કોઈએ પડઘો પાડ્યો નહીં ત્યારે બૅરિસ્ટરસાહેબનાં નાખોરાં ફૂલી ગયાં : 'તમે બંને આમ પાણીમાં બેસી ગયા પણ હું એ સાધુને હંફાવ્યા વગર જંપીશ નહીં. મારે છેવટ સુધી રાજમાતાની પડખે ઊભા રહેવાનું છે.'

બૅરિસ્ટરના જુસ્સાએ કનકસિંહની જડતામાં થોડો સળવળાટ જગાડ્યો. કતરાતી આંખે તેણે સાધુ સામે જોયું. બંનેની નજર ટકરાઈ. સાધુના હાસ્યમાં તેને મહેણું સંભળાયું : ઓરમાન સાળા જાડેજા, બીજી વાર પણ નિશાન ચૂકી ગયા ને ? કોઈની આવરદાની દોરી એમ કોઈનાથી કાપી શકાતી નથી. તમારે હાથે મારું મોત લખાયું લાગતું નથી....

મહેણું સહેવાતું ન હોય તેમ કનકસિંહે ડોક મરડી લેવી પડી. એ જ વખતે ગોરાસાહેબે આગલી તપાસના લખાણ પર નજર ફેરવી લઈને નવી શરૂઆત કરવા માટે સાધુ સામે જોયું : 'હા નિત્યાનંદ મહારાજ, પરમ દિવસે છૂટા પડતા પહેલાં તમે કહેલું કે યુવરાજ નિર્મળકુમારના મૃત્યુનું સાચું કારણ તમે આજની તપાસમાં રજૂ કરવાના છો.'

'હાજી ! હું તૈયાર છું. આપના ફરમાનની જ પ્રતિક્ષા કરતો હતો.'

'એના પર વિચાર કરતાં મને લાગે છે કે, આ મુદ્દો બહુ નાજૂક છે.' ગોરાસાહેબે બધાને ઉદ્દેશીને કહેવા માંડ્યું : 'મૃત્યુના કારણ વિશે માત્ર અનુમાન કરવાથી આ તપાસ પડી ભાંગવાનો ભય રહે છે. તેને બદલે આપણને સૌને એ જાણવામાં રસ છે કે મૃત્યુ નીપજ્યા પછી ફરી જીવતા થવાની અસંભવિત ઘટના કઈ રીતે ઘટી.'

'પણ નામદાર, એ ઘટના હું આ તપાસના અંતમાં કહેવા માગતો હતો, બધાની હાજરીમાં.'

સાધુની એ દલીલ પર ગોરાસાહેબની જેમ બીજાય હસ્યા : 'અત્યારે પણ અહીં બધા જ હાજર છે.'

'નહીં નામદાર !' સાધુ આનાકાની સાથે આગળ બોલવા જતા હતા ત્યાં જ જનાના પડદા પછવાડે એક આકૃતિના આગમનનો અણસાર આવતાં એ અટકી ગયા. તેમની નજર ત્યાં જ જડાઈ ગઈ. વારાફરતી દરેકે એ દિશા તરફ આંખો ફેરવી અને સાધુની જેમ બીજા બધાય સ્તબ્ધ બની ગયા. વિજયસિંહના હોઠથી ઉદ્‌ગાર સરી પડ્યા : 'રાજરાણી ! આમ અચાનક...'

કનકસિંહની ગરદનને ઝાટકો લાગ્યો : 'રાણીબા શું કામ આવ્યાં !' ઊભા થઈને તેણે અરજ ગુજારી : 'નામદાર, થોડી વાર પૂરતી તપાસની શરૂઆત

મુલતવી રાખો... મહારાણીને હું સમજાવીને પાછાં મોકલું છું. નહીંતર સાધુની વાહિયાત વાતો સાંભળીને એ ફરી બેભાન બની જશે. માંડ સુધરેલી તબિયત પાછી લથડશે.'

ગોરાસાહેબે વાંધો ન લીધો એટલે કનકસિંહ ઉતાવળાં પગલે પડદા તરફ ધસી ગયો, પણ તેના પહેલા વિજયસિંહ લાજવંતી પાસે પહોંચી ગયો હતો. 'ભાભી, કેમ છે તબિયત ?'

'સવારથી હું સાવ સાજી-નરવી થઈ ગઈ છું. 'કહેતી લાજવંતી રાજમાતાની પડખે બેસવા જતી હતી ત્યાં કનકસિંહે ચિંતાતુર અવાજે સંભળાવ્યું: 'બેનબા, આટલા દિવસની સારવાર પછી જરાક સારું થયું ત્યાં અહીં આવવાનું જોખમ કાં ખેડ્યું ? ચાલો હું તમને ઉપર મૂકી જાઉં.'

પણ કનકસિંહે ધાર્યા કરતાં અવળો જ પડઘો પડ્યો : 'નહીં મોટાભાઈ, હવે અહીં બેસવામાં કોઈ જોખમ રહ્યું નથી. મેં મન મક્કમ કરી લીધું છે. મને આસ્થા બેસી ગઈ છે કે કોઈ મારું કાંઈ જ બગાડી શકવાનું નથી !'

'પણ તમને કાંઈ થઈ જાય અને તપાસ મુલતવી રાખવી પડે તો ગોરાસાહેબ નારાજ થઈ જશે.' કનકસિંહે અવાજમાં સખ્તાઈ લાવીને કહ્યું : 'રાજમાતા, આપ જ એને સમજાવો ને.'

'મને કોઈએ કાંઈ જ સમજાવવાની જરૂર નથી મોટાભાઈ !' લાજવંતીના બોલમાં ઉગ્રતા આવી ગઈ. પણ બીજા જ વાક્યમાં તેણે સૂર બદલી નાખ્યો: 'એ સાધુનું કોઈ જૂઠાણું મારા મનને અડકી સુધ્ધાં નહીં શકે... તમતમારે બેફિકર રહો.'

'લાજુવહુ ઠીક કહે છે.' રાજમાતાએ લાગ જોઈને ટાપશી પુરાવી : 'એ ભલે મારી પડખે બેસે. હું એનું ધ્યાન રાખીશ.'

ત્યારે કનકસિંહે હતાશામાં હાથ ઉછાળી પાછા ફરી જવું પડ્યું : 'આજે બધું અણધાર્યું અને અણગમતું જ થવા બેઠું છે.'

તેણે પાછા આવી બેઠક લીધી ત્યારે ડૉક્ટરે બોદા અવાજે પૂછ્યું : 'રાજરાણી માન્યાં નહીં ને ? મને તો બીક લાગે છે, મારા કે તમારા વિરુદ્ધ એ કાંઈ બાફી ન મારે તો સારું.'

બોલતાં બોલતાં થોડી વાર અગાઉ પડેલા તમાચાવાળો ગાલ પંપાળ્યો. એમને એક જ વાતનો ધ્રાસ્કો હતો : બધાની વચ્ચે હું ઉઘાડો ન પડી જાઉં તો ભગવાનનો પાડ.

'નામદાર !' સાધુએ સૌનું ધ્યાન ખેંચતાં સંભળાવ્યું : 'આપની સલાહ સાથે હું સંમત થાઉં છું. મૃત્યુના કારણની રજૂઆત મુલતવી રાખીને યુવરાજના સજીવન થવાની ઘટના તાજી કરવા હું તૈયાર છું કારણ કે...' કહીને એ થોડું અટક્યા, પડદા તરફ દૃષ્ટિ ફેંકી લઈને ઉમેર્યું : 'કારણ કે હવે અહીં કોઈ ગેરહાજર નથી.'

એ વાક્ય કનકસિંહને બહુ કઠ્યું, લાજવંતીએ અચાનક આવી ચડીને આ સાધુને ચાનક ચડાવી. મારી જાણ બહાર જરૂર કોઈ ચાલબાજી ખેલાઈ રહી છે.

'સાંભળો કનકસિંહ જાડેજા !' સાધુનો અવાજ તેના કાનમાં ભોંકાયો : 'ઘડીભર મહેલનો આ ખંડ વીસરી જઈને આબુ પહોંચવાનું છે. થોડી વાર માટે રાગદ્વેષ કે દુઃખડંખ મનમાંથી ખંખેરી નાખીને નવ વરસ અને બે મહિના પહેલાંના ભૂતકાળમાં ડૂબકી મારવાની છે. યાદ કરો એ સાંજ....'

આંખો મીંચીને બોલતા સાધુનો અવાજ ગેબી સ્વરૂપ ધારણ કરવા લાગ્યો:

'વૈશાખી વાવાઝોડાની એ રૌદ્ર સાંજ. શેષનાગ સાતે ફેણ માંડીને ફૂંફાડા મારતા હોય એમ ફૂંકાતો પવન, મદે ચડેલા હાથીની હડફેટમાં આવ્યા હોય તેમ જમીનદોસ્ત થતાં વૃક્ષો, વનરાજ સાવજે ડણક દીધી હોય તેમ ગરજતાં વાદળો, કાળઝાળ આભલાની જેમ નિર્લેપ બની ગયેલું આબુનું સ્મશાન !

સાધુના શબ્દે શબ્દે બધાની આંખોમાં નવ વરસ અગાઉનું એ દૃશ્ય આકાર પામવા લાગ્યું :

'એ સૂમસામ સ્મશાનનો રખેવાળ ચંડાળ રૂઠેલું આકાશ તૂટી પડે એ પહેલાં છટકી જવાનું વિચારતો હતો ત્યાં ત્રણ માણસો ફૂંકાતા પવનમાં ફરફરતાં પોતાનાં કપડાં સાચવતા તેની સામે આવી ચડ્યા : અમારે તાબડતોબ ચિતા ખડકવી છે. ગાડી ભરીને લાકડાં આવી રહ્યાં છે. ચંડાળે આનાકાની કરી :

'આ ગાંડાતૂર પવનમાં ચિતા ન ખડકાય, તોતિંગ ઝાડવાં જેની ઝીંક ઝીલી શકતાં નથી ત્યાં લાકડાનું શું ગજું ? વેળાસર ઘરભેગા થઈ જાઓ નહીંતર આપણા બધાની ચિતા ખડકાવવી પડશે.'

'પણ ચંડાળની આંખ સામે ચાંદીના રૂપિયાની કોથળી ખણખણી ઊઠી: ઘેલસાગરો થા મા ! આબુના આ સ્મશાનનું નસીબ કે હિંમતનગરની ગાદીના ધણીની ચિતા અહીં ખડકાય છે. સ્મશાનની ભેગું તારુંય નસીબ ઊઘડી ગયું. આ રોકડા રૂપિયા તો ચિતા ગોઠવવાના અને યુવરાજના દેહ પર ઓઢાડેલાં કપડાં કે આંગળીએ ચડાવેલી સોનાની વીંટી પણ ચિતા સળગાવ્યા પહેલાં જ તારા કબજામાં આવી જશે...'

'બરાબર એ જ વખતે લાકડાં ભરેલી ઊંટગાડી આવી પહોંચી. ચંડાળે રૂપિયાની થેલી પર ઝાપટ મારી : 'હાલો, મને હાથ આપો, લાકડાં ગોઠવવામાં સપાટો બોલાવવો પડશે...' અને વાવાઝોડાના સુસવાટા સામે ટક્કર લેતા ચારે જણાએ આડેધડ ચિતા ખડકાવી ત્યાં સાત માણસો યુવરાજની નનામી સાથે સ્મશાનમાં દાખલ થયા. વંટોળિયો જાણે વીફર્યો હોય તેમ ચિતા સુધી નનામી પહોંચાડવા જતાં એક જણે ગડથોલિયું ખાધું, યુવરાજનો મૃતદેહ જમીન પર ઊથલી પડતો હતો ત્યાં કનકસિંહે દોડીને બંને હાથે બનેવીના જડ શરીરને સંભાળી લીધું.

સાધુનો અવાજ બંધ થયો છતાં વાવાઝોડું ફૂંકાઈ રહ્યું હોય તેમ બધા જ સ્તબ્ધ બનીને બેસી રહ્યા. આંખો ઉઘાડીને સાધુએ કનકસિંહ સામે જોયું તો એના ચહેરા પર પરસેવો દડ્યે જતો હતો. પાંપણો ભીડીને સાધુએ ફરી હોઠ ઉઘાડ્યા :

'યુવરાજના જડ શરીરને ઊંચકવામાં ડૉક્ટર દીક્ષિતે સાથે આપ્યો અને પાંચ જણાએ ભેગા મળી એને ચિતા પર ગોઠવ્યું. કનકસિંહ જાડેજાએ હાંક મારી : જલદી કરો, ચિતા પેટાવો... પણ આ બધી ભાંજગડ દરમિયાન પવનના પાટુથી આગની દોણી ઊંધી વળી ગઈ હતી. ડગલે ને પગલે આવી પડતાં વિઘ્ન સામે ધૂંઆપૂંઆ થતા જાડેજાએ ત્રાડ પાડી : અરે હરામખોરો, ગમે તે કરો પણ તમારો બાપ મેઘરાજ તૂટી પડે એ પહેલાં ચિતાને આગ ચાંપી દો...

ત્યારે ચંડાળે રસ્તો સુઝાડ્યો : બે કલાક અગાઉ એક કુંભારની ચિતા સામે પેટાવી હતી. એનાં લાકડાં હજુ સળગતાં હશે. ઊભા રહો, હું લઈ આવું..... અને જે રાજવંશમાં ચંદનનાં લાકડાંની ચિતાનો રિવાજ હતો તેના એક વારસને કુંભારની એઠી ચિતાનાં લાકડાંનો અગ્નિદાહ દેવાયો ! સામે પડેલા પવનને સાથ આપવાનું મન થયું હોય તેમ ચિતાની નીચેનાં લાકડાંમાં આગ ફૂંકાવા લાગી. કનકસિંહના કાળજે માંડ ટાઢક વળી, હવે બનેવીના જીવની સદ્ગતિ થશે ખરી...

'પણ પાંચ જ મિનિટમાં પવને પલટો લીધો. યુવરાજની છાતી પર ગોઠવેલું વજનદાર લાકડું પવનની ઘૂમરીમાં ચિતા પરથી દડી પડ્યું. ચંડાળે રાડ પાડી : એ લાકડું ફરી ગોઠવી દો, નહીંતર મડું બેઠું થાશે ! ડૉક્ટર દીક્ષિત થથરી ઊઠ્યા, મારાથી એ નહીં જોવાય ! કહીને એ છટકવા જતા હતા ત્યાં કનકસિંહે તેનું કાંડું ઝડપી લીધું : મડદાં ચીરવાની બીક નથી તો મડદું બેઠું થવાની વાત પર ભડકી ગયા ! હમણાં જ બળીને એ ખાખ થઈ જશે...

'લાકડું ઊંચકીને ચિતા પર ફરી ગોઠવવામાં આવ્યું. કનકસિંહે સાથ આપ્યો ત્યાં પવનનો ધક્કો લાગ્યો અને લાકડાનો ખૂણો એના કપાળના જમણા લમણે ભોંકાયો. લોહીની ધાર થઈ જતાં કનકસિંહે પીછેહઠ ન કરી. બનેવીના અગ્નિસંસ્કારની એ નિશાની કાયમને માટે એમના કપાળે અંકાઈ ગઈ.'

સાધુએ બોલવાનું રોકીને આંખો ઉઘાડી ત્યારે બધાની નજર એકસામટી કનકસિંહ સામે મંડાણી. જાડેજા ડાબા હાથની આંગળીથી જમણા લમણાનો જૂનો ઘા પંપાળતો હતો ! ત્યાં સાધુએ ફરી ઝડપભેર વાતનો દોર સાંધી લીધો:

'આગ હજુ ચિતાની નીચે ધૂંધવાતી હતી ત્યાં તો છાતી બેસી જાય તેવો ધમાકો સંભળાયો. ચંડાળના પતરાના ઝૂંપડા પર કડડભૂસ કરતું ઝાડ ઢળી પડ્યું. એ થથરી ઊઠ્યો : આ તો કુદરતનો કોપ ઊતર્યો છે... કહેતો મુઠ્ઠીઓ વાળીને એ ભાગી છૂટ્યો. વંટોળિયાનું તાંડવ પરાકાષ્ઠાએ પહોંચ્યું ત્યારે ડૉક્ટર દીક્ષિતનું કાળજુંય કાંપવા માંડ્યું : બાપુ, આ પવન તો માણસને આખો ને આખો અધ્ધર ઊંચકીને ફંગોળી દે એવો વકર્યો છે, મને બીક લાગે છે. ચાલો ભાગી છૂટીએ... કનકસિંહે થોડી વાર તો બળજબરીથી બધાને રોક્યા : મડદું

બળવાનું શરૂ થાય પછી આપણે નીકળી જાશું... પણ આકાશે વીજળી ઝબકાવીને ભયાનક ગર્જનાથી વાતાવરણ ખળભળાવી દીધું ત્યારે કનકસિંહે જીદ છોડીને સ્મશાન બહાર ઊભેલી મોટરમાં ભરાઈ જવું પડ્યું. મોટર રવાના થઈ કે તરત જ વરસાદ તૂટી પડ્યો અને ચિતા ઓલવાઈ ગઈ.'

'ખોટી વાત !' કનકસિંહે આવેશમાં ઊભા થઈ ઊંચા અવાજે વિક્ષેપ પાડ્યો : 'બધી જ બનાવટી વાત ઉપજાવી કાઢીને સાધુએ આપણને સંભળાવી! એણે એવી રીતે વર્ણન કર્યું કે જાણે પોતે બધું નજરોનજર નિહાળ્યું હોય. યુવરાજની ચિતા ઓલવાઈ જવાનું તો હાડોહાડ જૂઠાણું છે. પોણા બે કલાક પછી ફરી અમે મોટરમાં સ્મશાને પાછા આવ્યા ત્યારે ચિતા ભડભડ બળતી હતી. મૃતદેહ સળગીને ખાખ થઈ ગયો હતો. મેં મારા હાથે ચિતા ટાઢી કરીને યુવરાજનાં અસ્થિફૂલ વીણ્યાં હતાં... અને આ કહે છે કે ચિતા ઓલવાઈ ગઈ... એ બને જ કેમ ?'

'સારું થયું જાડેજા, તમે વચ્ચે બોલી ઊઠ્યા.' સાધુએ ઉશ્કેરાઈ જવાને બદલે હરખાઈને કહ્યું : 'તમે એટલું કબૂલ કરી નાખ્યું કે ચિતા સળગાવીને પોણા બે કલાક માટે તમે સ્મશાનમાં ગેરહાજર હતા. તમારી ગેરહાજરીમાં શું બની ગયું તે હવે મારે કહેવાનું છે. નામદાર, કુદરતનો એ કોપ યુવરાજને માટે આશીર્વાદરૂપ નીવડ્યો હતો. ફૂંકાતા પવને વરસાદને વધુ ટકવા દીધો નહીં. જાણે ચિતા ઓલવી નાખવાના જ હેતુથી મેઘરાજા વરસ્યા હોય તેમ થોડી વારમાં તેણે માયા સંકેલી લીધી અને વાવાઝોડાએ વર્ચસ્વ જમાવી દીધું. તોતિંગ ઝાડને જમીનદોસ્ત કરનાર, મકાનના પતરાને પાંદડાંની જેમ અધ્ધર ઉડાવી દેનાર વંટોળિયાના વકરેલા પવનથી યુવરાજની છાતી પર ગોઠવેલાં લાકડાં દડીને નીચે પડી જાય એ વાત તમને ઉપજાવી કાઢવા જેવી તો નહીં જ લાગે. પણ ન માનવામાં આવે એવી ઘટના તો હવે બનવાની છે. ધ્યાનથી સાંભળજો.'

અહીં થોડી વાર અટકી સાધુએ ઊંડો શ્વાસ લીધો. જાણે ભૂતકાળમાં ઊતરી ગયા હોય તેમ ધ્યાનસ્થ બની ગયા. પછી ધીરગંભીર અવાજે આગળ સંભળાવ્યું :

'જોગાનુજોગ એ જ વખતે સાધુનો એક સંઘ સ્મશાન-રસ્તેથી પસાર થતો હતો. યુવરાજની ચિતા તરફ એક સાધુનું ધ્યાન ખેંચાયું : ગુરુજી, તોફાનને કારણે ડાઘુઓ ચિતા સળગાવવાનું છોડીને ચાલી ગયા લાગે છે... અને એ વૈરાગીઓએ એક સંસારીની ચિતા પ્રગટાવવાનું કાર્ય ઉપાડી લીધું. નીચે પડેલું વજનદાર લાકડું ઊંચકી બે સાધુ યુવરાજની છાતી પર ગોઠવવા ગયા ત્યાં વીજળી પડી હોય તેમ ઝબકી ગયા. લાકડું ફગાવીને દૂર હઠી ગયા : 'ગુરુજી, આ માનવી મૃત્યુ પામ્યો નથી લાગતો. અમને એનો કણસવાનો અવાજ સંભળાયો... ચિતા પાસે જઈને ગુરુએ મૃતદેહના હાથની નાડી તપાસી તો તેમની આંખો ચમકી ઊઠી. જીભેથી આજ્ઞા ઊછળી : જલદી એને ચિતા પરથી નીચે ઉતારો, એનામાં હજુ જીવ રહી ગયો છે...

'સ્મશાનના એક ખૂણે યુવરાજને ઊંચકીને લઈ ગયા. સંઘના ગુરુ શરીરશાસ્ત્રના અભ્યાસી હતા, જડીબુટ્ટીના જાણકાર હતા. પહેલાં એમણે ભીંજાયેલા જડ શરીરને માલિશથી હૂંફ આપી. યુવરાજના શ્વાસોશ્વાસ ચાલુ થયા, પીડાના ઊંહકારા સંભળાયા ત્યાં ગુરુજીની નજર એના કરમાયેલા મુખ પર પડી. આંખો નીચે કાળા ડાઘ દેખાયા, પગનાં તળિયાંની કાળાશ કળાઈ ત્યારે એ ગંભીર બની બોલી ઊઠ્યા : ચિતા છોડીને ચાલી ગયેલા ડાઘુઓ પાછા ફરે એ પહેલાં આપણે એને અહીંથી ઊંચકીને દૂર લઈ જવો પડશે... બીજા સાધુઓને આ પ્રસ્તાવે ચોંકાવ્યા. એકે કહ્યું : ડાઘુઓ પાછા ફરે ત્યારે એમને આપણે આનો કબજો સોંપી દેશું તો જુવાનજોધ માણસને જીવતો જોઈને એ બધા ખુશખુશાલ થઈ જશે... ત્યારે ગુરુજીએ સંકેતમાં એટલું જ કહ્યું : 'નહીં, એ શુદ્ધિમાં આવ્યા પછી બધી પૂછપરછ કરીને આપણે એનાં સગાંવહાલાંને સોંપી આવશું. અત્યારે તો બને એટલી ઝડપે એને અહીંથી ઊંચકી લો...'

કનકસિંહ અને ડૉક્ટર સહિત સૌ કોઈ સાધુનો શબ્દેશબ્દ સાંભળવામાં અધ્ધર શ્વાસે એકાગ્ર બની ગયા હતા...

'યુવરાજના વરસાદથી ભીંજાયેલાં કપડાં ઉતારી ભગવાં વસ્ત્રો પહેરાવીને ચાર સાધુઓ તેને ઊંચકતા હતા ત્યાં જ સ્મશાનમાં દાખલ થતા ડાઘુઓ દેખાયા. સાધુઓ થંભી ગયા પણ બીજી જ ઘડીએ સૌને સમજાઈ ગયું કે,

એ ડાઘુઓ તો ચાર-પાંચ વરસના છોકરાને અગ્નિસંસ્કાર આપવા આવ્યા હતા ! પહેલાં એમણે માન્યું કે સાધુઓએ એમના કોઈ મરણ માટે ચિતા તૈયાર કરી છે પણ યુવરાજને લઈ સાધુનો સંઘ સ્મશાન છોડીને જવા લાગ્યો ત્યારે ડાઘુઓ આસપાસ ઘુસપુસ કરતાં સંભળાયા : કોને ખબર આ ચિતા કોને માટે રચવામાં આવી હશે. વાવાઝોડાને કારણે કદાચ આજે અગ્નિસંસ્કાર આપવાનું કોઈકે મુલવતી રાખ્યું હશે. ચાલો આપણે એનો ઉપયોગ કરી નાખીએ... દૂર નીકળી ગયેલા સાધુના સંઘમાંથી કોઈકે પાછળ ફરીને જોયું તો યુવરાજની ખાલી પડેલી ચિતા પર ડાઘુઓ ચાર વરસના છોકરાનું શબ ગોઠવતા દેખાયા હતા.

'હવે સમજાયું કનકસિંહ જાડેજા ! પોણા બે કલાક પછી તમે આબુના સ્મશાને પાછા ફર્યા ત્યારે સળગી ચૂકેલી ચિતા જોઈને તમે બધાએ માની લીધું કે યુવરાજનો અગ્નિદાહ દેવાઈ ગયો, પણ જે ચિતામાંથી તમે અસ્થિફૂલ વીણ્યાં હતાં એ યુવરાજ નિર્મળકુમારનાં નહીં, ચાર વરસના એક બ્રાહ્મણપુત્રનાં હતાં!'

'આ...હા....હા...!' કનકસિંહનું જોરદાર અટ્ટહાસ્ય ખંડમાં ઘૂમરાવાં માંડ્યું. બધા તેની તરફ ડઘાઈને જોવા લાગ્યા, તેનો ચહેરો વિકરાળ દેખાતો હતો : 'સાધુ મહારાજ ! કથા કહેવામાં આપ ભારે પાવરધા છો એ અમે માની લીધું. સ્મશાનમાં અમારી પોણા બે કલાકની ગેરહાજરીનો બહુ સારો લાભ ઉઠાવ્યો તમે ! સરસ અંકોડા ગોઠવી દીધા. પહેલાં સાધુનો સંઘ લઈ આવ્યા. પછી યુવરાજના ઊંહકારા સંભળાવ્યા. મૃત્યુ પામેલાના શ્વાસ ફરી ચાલુ કરાવ્યા. જે તોફાનને કારણે અમારે સળગતી ચિતા છોડીને ચાલ્યા જવું પડ્યું એવા તોફાનમાં ભામણના ચાર વરસના છોકરાને અગ્નિદાહ આપવા માટે તમે ડાઘુઓને લઈ આવ્યા. બીજા માટે રચાયેલી ચિતા પર તમે છોકરાને ગોઠવી દીધો જેથી મેં વીણેલાં અસ્થિ યુવરાજનાં નથી એવું કહી શકો... વાહરે તમારી કલ્પનાશક્તિ! સામે બેઠેલા આટલા બધા શાણા માણસોની સમજશક્તિનો તો જરા વિચાર કરવો હતો. તમે જે કંઈ કહેશો તે બધાં માની લેશે એવું તમે કેમ માની લીધું?'

સૌએ જવાબ સાંભળવા માટે સાધુ તરફ ડોક ફેરવી. કનકસિંહના મહેણાની એના પર કોઈ અસર થતી દેખાઈ નહીં. ચહેરા પર એ જ સૌમ્યતા

જાળવીને સાધુએ મુલાયમ હાસ્ય ફરકાવ્યું :

'અહીં જે કાંઈ હું બોલું છું તે બધું જ પુરવાર કરી આપવાની મેં પૂર્વતૈયારી કરી રાખી છે જાડેજા. આબુ જઈને હું એ બ્રાહ્મણ કુટુંબને મળી આવ્યો છું. ત્યાંના વહીવટદારની હાજરીમાં મેં કહેલા શબ્દેશબ્દ મૃત્યુ પામેલા છોકરાના બાપના મુખેથી મેં સાંભળ્યા અને તેનો અક્ષરેઅક્ષર કાગળ પર લખી પણ લીધો છે. લખાણની નીચે તેની સહી છે અને સાક્ષી તરીકે વહીવટદારના પણ દસ્તક લીધા છે. નામદાર કહેતા હોય તો હું પુરાવો રજૂ કરું.'

'નામદાર સાહેબ કહે, તે પહેલાં હું પૂછું એનો જવાબ આપો સાધુ મહારાજ !' કનકસિંહ વીફરેલા અવાજે બોલી ઊઠ્યો : 'જે પરોપકારી સાધુઓ કોઈની વણસળગેલી ચિતા પ્રગટાવવા તૈયાર થયા તેમને ખબર પડી કે મરેલો માની લીધેલો માણસ જીવતો છે તો પછી એને ભાનમાં લાવી ત્યાં ને ત્યાં પૂરપરછ કરી સગાંવહાલાંને સોંપી દેવાને બદલે ચોર કે ઠગ લોકોની માફક તેને ત્યાંથી ઉઠાવીને ચાલ્યા જાય ખરા ? આનો ખુલાસો કરવા માટે તમારે કોઈ સચોટ તુક્કો તો ઉપજાવી જ કાઢવો પડશે સાધુ મહારાજ !'

ત્યારે સાધુના ચહેરા પર વ્યગ્રતા વ્યાપી ગઈ. બેરિસ્ટરે કનકસિંહનો ખભો દાબીને સંકેતમાં શાબાશી આપી. ડૉક્ટરની આંખો તેની દલીલથી ચમકારા મારવા લાગી. ઘણી વાર સુધી સાધુ ખામોશ રહ્યા ત્યારે સૌએ માની લીધું કે એ ફસકી પડશે. જવાબ આપવાનું ટાળશે તો આગલી બધી દલીલો તૂટી પડશે.

અને બન્યું પણ એવું જ.

'નામદાર, મારી કથની પૂરી થયા પહેલાં હું કાંઈ પણ ખુલાસા કરવાનું ઉચિત માનતો નથી.' કહીને બધાના પ્રત્યાઘાતની પરવા કર્યા વિના તેણે વાત આગળ વધારી :

'બેશુધ્ધ યુવરાજને ઊંચકી સાધુના સંઘે તળાવની પાળે પડાવ નાખ્યો. તાપણું સળગાવી યુવરાજના શરીરે શેક કર્યો, પગના તળિયે ઝાડનાં મૂળિયાં ઘસ્યાં, જડીબુટ્ટીનો રસ કાઢી કલાકે કલાકે તેના મોંમાં ટપકાવતા ગયા, મધરાત પછી તોફાન ઓસરતું ગયું, યુવરાજના દેહમાં થોડું થોડું ચેતન પ્રસરવા લાગ્યું,

કણસાટ વધતો ગયો, હાથપગ અને ડોકનું હલનચલન થવા માંડ્યું, પણ પરોઢિયા સુધી તેણે આંખો ઉઘાડી નહીં. વારાફરતી બબ્બે સાધુઓ તેની સારવારમાં જાગતા રહ્યા. એમનું કુતૂહલ તીવ્ર બનતું જતું : ચિતા પર પોઢીને ફરી જીવતો થનાર આ માનવી હશે કોણ ?

'હું કોણ છું ?' આંખો ઉઘાડીને યુવરાજના મુખમાંથી પહેલવહેલા આ જ ઉદ્‌ગાર નીકળી પડયા : 'તમે બધા કોણ છો ? હું ક્યાં છું ?' તેણે ચકળવકળ આંખે ચારે તરફ જોયું, બધું અજાણ્યું અજાણ્યું લાગ્યા પછી ફરી આંખો મીંચી દીધી : 'મને કાંઈ જ યાદ આવતું નથી, હું ક્યારે ઊંઘી ગયો હતો ? આ નીંદરનો મને એટલો બધો થાક કેમ વરતાય છે ? તમે મને કાંઈક કહો તો ખરા ?'

ત્યારે પૂજામાં બેઠેલા ગુરુને ખબર આપવા એક સાધુ દોડી ગયો. ગુરુજી પૂજાના પ્રસાદ સાથે તેની પાસે આવી પહોંચ્યા : 'તને હવે કેમ છે ભાઈ ?' પૂછીને પંચામૃત અને પ્રસાદ તેના મોંમાં મૂક્યાં. યુવરાજની થાકેલી આંખોમાં ગુરુની તેજસ્વી દૃષ્ટિએ ચેતના પ્રકટાવી, પિછાણ ન હોવા છતાં માયાના ફણગા ફૂટ્યા. હાથ જોડીને યુવરાજે પૂછ્યું : 'આપ કોણ છો મહાત્મા ?'

'ત્યારે ગુરુજીએ વાત્સલ્યભાવે તેના માથા પર હાથ પસવાર્યો, 'મારું નામ સત્યાનંદ, આ સંઘ સાથે આ માર્ગે પસાર થતા હતા ત્યાં....' એટલું કહીને એ અટકી ગયા. કાંઈક વિચાર કરીને પૂછ્યું : 'પણ તમારી ઓળખાણ શું ?'

'હું... હું....' યુવરાજની આંખો ચકળવકળ થવા લાગી. પડ્યા પડ્યા તેણે ડોક હલાવી : 'મને ખબર નથી હું કોણ છું, ક્યાંનો છું કાંઈ જ યાદ આવતું નથી, મગજમાં અંધકાર છવાઈ ગયો છે, આપ મને માર્ગ દેખાડો...' ત્યારે ગુરુજીએ આશ્વાસન આપ્યું : 'દેહમાં શક્તિ આવશે એટલે મગજનો અંધકાર દૂર થઈ જશે.'

યુવરાજને સાજા થતાં ચાર દિવસ લાગ્યા. સાધુઓએ સદ્‌ભાવપૂર્વક એની સારવાર કરી, એ વારંવાર પૂછ્યા કરતા કે હું અહીં ક્યાંથી આવ્યો - તમને હું ક્યાં મળ્યો, પણ ગુરુજીએ શિષ્યોને આજ્ઞા કરી હતી : જ્યાં સુધી એની સ્મૃતિ તાજી ન થાય ત્યાં સુધી સ્મશાનનું નામ નહીં પાડતા... છઠ્ઠા

દિવસે પણ યુવરાજને પોતાનું નામ સુધ્ધાં યાદ આવ્યું નહીં ત્યારે ગુરુજીએ છેલ્લો ઉપાય અજમાવ્યો. યુવરાજને ભગવાં વસ્ત્રોમાં સાથે લઈ સાધુનો સંઘ આબુની શેરીએ શેરીએ ફરી વળ્યો. કોઈ મકાન, કોઈ ઘર, કે કોઈ વ્યક્તિને જોઈ એની સ્મૃતિ પાછી ફરી જશે એવી ગણતરી રાખેલી, પણ યુવરાજને એ ગામના નામની સુધ્ધાં ખબર નહોતી ! ગામની પ્રદક્ષિણા પૂરી કરીને ગુરુજી તેને સ્મશાને લઈ ગયા. કોઈની સળગતી ચિતા સામે ઊભા રાખી યુવરાજને પૂછ્યું : કાંઈ યાદ આવે છે, તો તેણે માથું ધુણાવીને વ્યથાપૂર્વક કહ્યું : આ જગ્યાએ હું ક્યારેય આવ્યો નથી !

તેના ખભા પર હાથ મૂકીને ગુરુજીએ સમજાવ્યું : 'તમે આ જગ્યાએ આવ્યા હતા, પણ મૃત્યુ પામીને !' એટલું સાંભળતાં જ યુવરાજ થથરી ઊઠ્યો: હું મૃત્ય પામેલો છું ? એટલે કે તમે મને ફરી સજીવન કર્યો ? જવાબમાં ગુરુજીએ માથું હલાવ્યું. નહીં નહીં, તમને મૃત્યુ પામેલા માની લેવામાં આવ્યા હતા. આ જ ચિતા પર તમને સુવાડ્યા હતા, અગ્નિદાહ દેવાઈ ચૂક્યો હતો, પણ ભગવાનની અકળ લીલા કોણ સમજી શક્યું છે ? વરસાદે તમારી ચિતા બુઝાવી દીધી. પવનના સુસવાટાએ તમારા શરીર પરથી લાકડાં ખસેડી નાખ્યાં, અને કુદરતના કોઈ સંકેતે અમને અહીંથી પસાર કર્યા... બસ શુદ્ધિમાં આવ્યા પહેલાંનો તમારો આટલો ભૂતકાળ અમે જાણીએ છીએ. એ સિવાયનું પૂર્વજીવન તમારે યાદ કરવાનું છે... સાંભળીને યુવરાજ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા. કાંઈક નિર્ણય લેવાની ગડમથલમાં પડી ગયા : 'મહાત્માજી, આપે મને જીવતદાન આપ્યું, આપ જ મને આ નવા જીવનનો માર્ગ ચીંધાડો. વાંધો ન હોય તો આપ મને સંઘમાં જ સાથે રાખો.'

'ત્યારે ગુરુજીએ ધર્મસંકટ અનુભવ્યું. માત્ર સ્મૃતિ ભૂંસાઈ જવાથી સંન્યાસ ધારણ કરનારો ક્યાં સુધી સાધુજીવન જીરવી શકશે ? વહેલોમોડો એ નવી માયામાં લપેટાશે... છેવટે તેમણે સમાધાન શોધ્યું. થોડો વખત અમારી સાથે રહેજો. આ ભગવાં વસ્ત્રોનો રંગ આપોઆપ તમારા આત્માને લાગે તો ઠીક છે, નહીંતર સુખેથી નવો સંસાર વસાવી લેજો. સ્મૃતિ ભૂંસાઈ જવાથી સંસારના મોહમાયામાંથી છૂટકારો નથી મળતો.

'ત્યારે યુવરાજે ગુરુજીને સાષ્ટાંગ પ્રમાણ કરીને પ્રતિજ્ઞા લીધી : મને મારું પૂર્વજીવન યાદ નહીં આવે ત્યાં સુધી હું સંસારની કોઈ નવી જંજાળમાં અટવાઈશ નહીં. આપ મને શરણમાં સ્વીકારો... બસ, એ જ ઘડીએ યુવરાજ નિર્મળકુમારના નવજીવનની શરૂઆત થઈ. એને નામ આપવામાં આવ્યું : નિત્યાનંદજી ! જે અત્યારે આપ સૌની સમક્ષ ઊભો છે.'

સાધુએ પોતાની કથની પૂરી કર્યા પછી પણ થોડી વાર સુધી તો સૌ મંત્રમુગ્ધ બનીને તેની સામે જોતાં બેસી રહ્યાં. એક દાયકા પહેલાંની એ ચમત્કારિક ઘટનાએ બધાંને સ્તબ્ધ કરી દીધાં હતાં. રાજમાતાની આંખોમાં વાત્સલ્યનાં ઝળઝળિયાં આવી ગયાં. લાજવંતી એકીટશે સાધુને નીરખી રહી. વિજયસિંહને નિત્યાનંદ માટે અહોભાવ જાગ્યો, ઘડીભર તો કનકસિંહેય ગડમથલમાં પડી ગયો, પણ બહુ મોડું થાય એ પહેલાં તેણે સાધુના શબ્દોની અસર મગજમાંથી ખંખેરી નાખી. પોતાની જેમ બીજા બધાનેય આ અસરમાંથી મુક્ત કરવા માટે તેણે મેજ પર હાથ પછાડ્યો :

'શાબાશ સાધુ મહારાજ ! યાદશક્તિ ભૂંસાઈ જવાનો કિસ્સો તમે સરસ ઘડી કાઢ્યો, પણ તેમાં એક બહુ મોટું ગાબડું રહી ગયું. સાધુના સંઘે યુવરાજને ગામ આખામાં ફેરવ્યા તેને બદલે કોઈનેય પૂછપરછ કરી હોત કે વાવાઝોડાના દિવસે અહીં કોણ મૃત્યુ પામ્યું હતું તો હિંમતનગરના યુવરાજના મૃત્યુનો ઉલ્લેખ ગામનો નાનો છોકરોય કરી દેત. યાદશક્તિ પાછી આવ્યા વગર પણ યુવરાજનું પૂર્વજીવન જાણી શકાયું હોત. બોલો, આનો કોઈ ખુલાસો તમે ઉપજાવી શકો તેમ છો ?'

કનકસિંહની એ દલીલે સૌને ચોંકાવ્યા. બૅરિસ્ટરની આંખો ચમકી ઊઠી. તેમણે ઊભા થઈ ટાપશી પુરાવી : 'નામદાર, આ મુદ્દો વિચારવા જેવો છે. સાધુના સંઘે આવો સીધોસાદો ઉપાય કેમ નહીં વિચાર્યો એનું કારણ જાણવા આપણે સૌ આતુર છીએ.'

ત્યારે ગોરાસાહેબે નિત્યાનંદ તરફ મીટ માંડી : 'તમે આનું કારણ જણાવી શકો તેમ છો ?'

'જી હા.' સાધુના એ હાજરજવાબે સૌને ફરી ટટ્ટાર કરી દીધા : 'પણ

એ કારણમાં યુવરાજના કહેવાતા મૃત્યુનું કારણ સમાયેલું છે. શરૂઆતમાં જ આપે એ રજૂ કરવાની મનાઈ ફરમાવી હતી.'

'એવું બહાનું નહીં ચાલે.' કનકસિંહે ઝનૂનમાં સંભળાવ્યું :

'કારણ શોધી કાઢવા માટે તમારે થોડો સમય જોઈએ છે એમ કહી દો ને.'

'નહીં જાડેજા, એ સમય હવે પાકી ગયો છે. કારણ સાંભળીને તમારું કાળજું સાબૂત નહીં રહે એટલું જાણી લો.'

'હવે એવી ધમકીની મને કોઈ અસર નહીં થાય. હજુ સુધી મારા કાળજાની એક કરચ પણ ખરી નથી. બેધડક બોલી નાખો મહારાજ, એટલે આ પંચાતનો અંત આવે.'

'તો સાંભળો !' સાધુએ ચારે તરફ નજર નાખી લઈને કહ્યું : 'યુવરાજના મૃત્યુનું કારણ હતું ઝેર ! એમને ઝેર આપીને મારી નાખવામાં આવ્યા હતા. ગુરુજીએ ઝેરનાં ચિહ્નો જોઈ લીધાં હતાં એટલે તેમણે જ મને સંસારમાં ધકેલવાને બદલે સાધુ બનાવી દીધો હતો.'

સૌ હેબતાઈ ગયાં, પણ કનકસિંહનું ખુન્નસ હાથમાં રહ્યું નહીં : 'લબાડ, યુવરાજને ઝેર આપી મારી નાખવામાં કોને શું લાભ મળવાનો હતો ? પુરાવા વગર આક્ષેપ કરીશ તો ઠાર કરી દઈશ.'

'અથરા ન થાવ જાડેજા, પુરાવો હમણાં જ રજૂ કરું છું. મહેલના દરવાજે એક સ્ત્રી બેઠી છે. નામદાર, આપના જ કોઈ માણસને મોકલી એ સ્ત્રીને માનભેર અહીં હાજર કરવાની અરજ ગુજારું છું.'

સ્ત્રી ! દરેકની આંખો પહોળી થઈ : આ મામલામાં સ્ત્રી ક્યાંથી આવી? કોણ હશે એ સ્ત્રી ?

પાંચ મિનિટના એ અરસામાં સૌના ધબકારા વધી ગયા.

*

[૧૯]

રૂમ... ઝૂમ રૂમ... ઝૂમ... મહેલનાં પગથિયાં ચડતી એ સ્ત્રીનાં રણઝણતાં ઝાંઝરે ખંડમાં બેઠેલા બધાના ચિત્તમાં ઝણઝણાટી જગાવી દીધી. એ સ્ત્રીને જોવાની તાલાવેલીનો તલસાટ દરેક આંખોમાં આળોટવા લાગ્યો. પગથિયાંથી ખંડ સુધીનું અંતર તો હતું બારપંદર ડગલાંનું, પણ તેના પ્રત્યેક ડગલે નજીક આવતો ઝાંઝરનો અવાજ એમની ઉત્તેજનાની તીવ્રતા વધારતો રહ્યો. કોઈની નજર દરવાજા પરથી હઠતી નહોતી. આંખોની પાંપણ ફરકતી નહોતી.

અને એ ઉંબરે આવીને ઊભી રહી ગઈ. પહોળી થયેલી અનેક આંખોની પાંપણો ફરફરી ગઈ. લાજના લાંબા ઘૂમટામાં ઊભેલી સ્ત્રીએ એમને હતાશાનો હળવો ધક્કો આપ્યો. સાધારણ ઊંચાઈ, કાયા પાતળી, કોણીથી કાંડા સુધીના ઉઘાડા હાથની ચામડીનો રંગ ઘઉંવર્ણો અને પોશાક સાવ સાદો ! મુખ જોયા વિના ઓળખાણનો અણસાર આવે તેમ નહોતો.'

'આવો, અંદર આવો બહેન.'

સાધુના એ આવકાર પર તેણે ઉંબરો ઓળંગ્યો.

'સંકોચ ન રાખશો' સાધુએ પોતાની બેઠક ઉપરથી ઊભા થઈ એને બેસવાની જગ્યા કરી આપી. 'હિંમતનગરના આ રાજમહેલથી તમે અજાણ્યાં નથી. અહીં બેઠેલાં ઘણાંઘરાં તમારાં જાણીતાં જ છે.'

સાધુના શબ્દો અને લાજનો ઘૂમટો સૌનું કુતૂહલ રગડતા હતા. કનકસિંહ ડોળા બહાર નીકળી જાય એટલી હદે આંખો ફાડીને લાજમાં સંતાયેલું એ સ્ત્રીનું મુખ ઓળખી લેવાનાં ફાંફાં મારતો હતો. ડૉક્ટર તો કલ્પનામાં સ્ત્રીની આકૃતિ સાથે પોતાની પત્નીને સરખાવી થરથર કાંપતા હતા. મનમાં તાળો મેળવતા હતા. આગલા દિવસે સાધુ અમદાવાદ પહોંચી ગયો હોય, મારી પત્નીને મળ્યો હોય, મારી સલામતી માટે મેં લખેલા કાવતરાનો કાગળ સાધુએ વાંચી લીધો હોય. મારો જાન જોખમમાં છે, એમ કહીને સાધુ તેને અમદાવાદથી

હિંમતનગર લઈ આવ્યો હોય અને હવે બધાંની સામે કાગળના પુરાવા સાથે એને પેશ કરીને....

'તમે સૌ એમનું મોં જોવા આતુર છો.' સાધુએ કનકસિંહ, ડૉક્ટર અને બીજા બધાના ટીંગાતા જીવોને ઝુલાવ્યા. 'યુવરાજ નિર્મળકુમારનું મૃત્યુ ઝેર આપવાથી થયું હતું એની જાણ માત્ર ત્રણ જ વ્યક્તિને છે.' કહીને સાધુ અટક્યા. કનકસિંહ અને ડૉક્ટર તરફ સૂચક દૃષ્ટિથી જોઈ લઈને ઉમેર્યું : 'એ ત્રણ વ્યક્તિમાં આ સ્ત્રી ત્રીજી વ્યક્તિ છે.'

'તમે વાતમાં વધુ પડતું મોણ નાખો છો મહારાજ !' બૅરિસ્ટરની બેચેની ઊછળી પડી : 'બધાનો કીમતી સમય વેડફાઈ રહ્યો છે. સ્ત્રીને લાજના ઘૂમટામાં હાજર કરવાની કોઈ જરૂર નહોતી.'

'માફ કરજો બૅરિસ્ટર સાહેબ, અમારામાં મોટા ઘરનાં વહુદીકરી તમારાં પારસી બાનુની જેમ જાહેરમાં ઉઘાડા માથે ફરતી નથી.'

'મોટા ઘરની'ના ઉલ્લેખે સૌને ચોંકાવ્યા. દરેકની અધીરાઈ પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. કનકસિંહના મગજમાં ઝબકારો થતાં જ બે દાંત વચ્ચે હોઠ દબાઈ ગયો.

'નામદાર, આપને મારી એક અરજ છે.' સાધુએ સ્ત્રી તરફ દૃષ્ટિ ફેંકીને કહ્યું : 'આપના સિવાય બીજા કોઈ તરફથી એને પૂછપરછ કરવામાં ન આવે. એનાં માન-મર્યાદાને આંચ ન આવે. અણછાજતી પૂછપરછથી તેની પજવણી ન થાય.' ગોરાસાહેબે હકારમાં માથું હલાવી સંમતિ દર્શાવી એટલે સાધુએ કનકસિંહ તરફ મીટ માંડી : 'જાડેજા, તમને વાંધો ન હોય તો આ સ્ત્રીનો ઘૂંઘટ તમારા હાથે જ હઠાવો.'

સાંભળીને કનકસિંહ ધ્રૂજી ઊઠ્યો. પોતાનું અનુમાન સાચું પડતું લાગ્યું. ધ્રુજારી ખંખેરી નાખી એણે ઊભા થવું પડ્યું. ગમે તેવા આંચકા માટે મન મક્કમ કરી ટટ્ટાર છાતીએ તેણે પગ ઉપાડ્યા. સાધુ પાસેથી પસાર થતી વખતે દાંત ભીંસીને ખીજ ઉતારી. પણ સ્ત્રીની સામે ઊભા રહેવામાં તેના પગ થરથર્યા. ઊંડો શ્વાસ લઈ તેણે બંને હાથ ઊંચા કર્યા અને આવેશના ઝાટકા સાથે સ્ત્રીના ચહેરા પરથી ઘૂંઘટ હઠાવી દીધો.

મુખની ઝલક જોતાં જ વીંછીનો ડંખ લાગ્યો હોય તેમ કનકસિંહ ચાર ડગલાં દૂર ઊછળ્યો. હાથ દાઝ્યા હોય તેમ બંને હાથની મુઠ્ઠીઓ વાળી દીધી.



'રૂપમતિ તું ?'

રોકી રાખેલા શ્વાસ એકસામટા છૂટતા હોય તેમ ખંડમાં પ્રત્યાઘાત પ્રસરી ગયો. લાજવંતીનું હૈયું ઘડીભર ધબકવાનું વીસરી ગયું. રાજમાતાએ ડાબી છાતી પર હાથ દાબી દીધો. ઘડીભરનો એ સન્નાટો સૌના કાળજે ધીંગા અજગરની જેમ ભરડાઈ ગયો.

'કોણ છે એ બાઈ ?' ગોરાસાહેબે ખામોશી ખળભળાવતા સાધુને પૂછ્યું ત્યારે સીધો જવાબ આપવાને બદલે એણે કનકસિંહ સામે જોયું : 'બોલો જાડેજા, ગોરાસાહેબ આ સ્ત્રીની ઓળખાણ માગે છે.'

આંચકો પચાવીને અણધારી કટોકટીની ઝીંક ઝીલવા કનકસિંહ સાબદો થઈ ગયો : 'નામદાર સાહેબ, એ છે મારી ગાંડી પત્ની રૂપમતિ !' તેના અવાજમાં આક્રમણ ઘૂંટાવા લાગ્યું, 'આઠ વરસથી એ વિલાસપુરના પાગલ-

ખાનામાં છે. મારી ગાંડી પત્નીને બધા વચ્ચે લાવીને મને ઉઘાડો પાડવાની આ સાધુએ હલકટાઈ અજમાવી છે નામદાર !'

સૌના કાન કનકસિંહના શબ્દો પર હતા, પણ ધ્યાન તો સ્ત્રીના ચહેરા પર ચોંટ્યું રહ્યું. સંકોચના ભારથી એણે આંખની પાંપણો ઢાળેલી જ રાખી હતી. હોઠ ભીડેલા હતા અને છાતી થરથરતી હતી.

'નામદાર !' સાધુએ બધાંનું ધ્યાન વાળ્યું : 'આપ પરવાનગી આપો તો હું પુરાવારૂપે તેની પાસેથી જવાબ માગું.'

કનકસિંહ વાંધો લેવા જતો હતો પણ એ પહેલાં સાધુને સાહેબની સંમતિ સાંપડી ગઈ અને તેણે તક ઝડપી લીધી.

'બેન, બધાં માને છે કે યુવરાજ નિર્મળકુમારનું મૃત્યુ ક્ષયરોગથી થયું હતું. તમે એવું માનો છો ખરાં ?'

બધાંએ મીટ માંડીને જોયું તો સ્ત્રીએ વિના વિલંબે ડોક ધુણાવીને ના ભણી.

'હું એમ કહું છું કે નિર્મળકુમારને ઝેર આપવામાં આવ્યું છે.' સાધુએ બીજો સવાલ પૂછ્યો : 'તમે કુળદેવીનું સ્મરણ કરીને કહેજો કે ઝેર આપવાની વાત તમે જાણો છો ?'

જવાબમાં મીંચેલી આંખે તેણે બે વખત જોરપૂર્વક માથું નમાવીને હા ભણી દીધી.

'નહીં નામદાર !' બૅરિસ્ટર વાડિયા સફાળા ઊભા થયા : 'આ પદ્ધતિ બરાબર નથી. માત્ર માથું હલાવીને હા કે ના કહેવાથી સાચી વાત સમજમાં ન આવે, એ સ્ત્રીએ જીભ ચલાવીને પૂરેપૂરો જવાબ આપવો જોઈએ.' કહીને પોતે જ સવાલ પૂછી નાખ્યો :

'બોલો બેન, અહીં તમે બળજબરીથી કોઈની દમદાટીથી ગભરાઈને કાંઈ જ ખોટું ન બોલતાં. નિર્મળકુમારને ઝેર આપવાની વાત પઢાવીને તમને અહીં લાવવામાં આવ્યાં છે ?'

પેલીએ જોરદાર ઝાટકાથી માથું ધુણાવ્યું ત્યારે બૅરિસ્ટરે મેજ પર હથેળી પછાડી :

'માથું નહીં, જીભ ચલાવો !'

તેની ત્રાડ સાંભળીને રૂપમતિની આંખો ફફડી. બોલવા માટે ગળા હેઠળ થૂંક ઉતાર્યું. હોઠ ફફડાવ્યા, પણ અવાજ બહાર ન પડ્યો. કનકસિંહ તેના હાવભાવ જોઈને ભૂરાયો થયો. મેજ પર પડેલો પાણી ભરેલો કાચનો પ્યાલો ઊંચક્યો : 'બિચારીના ગળામાં શોષ પડ્યો છે, બોલી ક્યાંથી શકે !' કહીને ખંધું હસતાં ગ્લાસ પકડેલો જમણો હાથ તેણે રૂમપતિ તરફ લંબાવ્યો. બંનેની આંખો મળી, કનકસિંહના ચહેરાએ કરડાકી ધારણ કરી. 'લે પી જા' કહેતો એ એક ડગલું આગળ વધ્યો. પેલીના ખભા ધ્રૂજ્યા : 'લે કહું છું !' બીજું ડગલું આગળ વધતાં કનકસિંહે દાઢમાં દાંત ભીસ્યા. 'પી જા !'

અને ત્રીજા ડગલે કનકસિંહે પાણીનો ગ્લાસ છેક તેના હોઠ સુધી લંબાવ્યો. ત્યારે પેલી ચીસ પાડી ઊઠી : 'નહીં ! નહીં ! એમાં ઝેર છે !'

હાથના ઝાટકાથી તેણે પાણીનો ગ્લાસ કનકસિંહના હાથમાંથી ઉછાળી મૂક્યો. પાણી કનકસિંહ પર ઢોળાયું અને પ્યાલો આરસ પર પડતાં જ ખણખણાટ અવાજ સાથે ફૂટી ગયો.

રૂપમતિના ચહેરા પર ભયની છાયા ઘેરાતી દેખાઈ, હજુય શરીરની ધ્રુજારી ઓસરી નહોતી. હાંફતી છાતીએ ચકળવકળ આંખે ચારે તરફ જોઈને તેણે બંને હાથે મોં ઢાંકી દીધું : 'મને ઝેર પાઈને મારી નાખવા માગે છે.' એવા કલ્પાંત પછી બે-ચાર ડૂસકાં સંભળાયાં. ધીમે ધીમે એ બેસી પડી. 'એણે ડૉક્ટર સાથે મળી જઈને યુવરાજને ઝેર આપ્યું હતું. મને ઝેર આપીને મારા નાખવી'તી....'

અને તેના શબ્દો રુદનમાં દબાઈ ગયા.

'આહા.... હા... હા....!' કનકસિંહના વિકરાળ અટ્ટહાસ્યે રૂપમતિના રુદનને કચડી નાખ્યું : 'નામદાર, આપને ખાતરી થઈ ગઈને કે મારી પત્ની હજુય પાગલ છે. પાણીના પ્યાલામાંય તેને ઝેર દેખાયું. તમારા બધાની સામે હું એને ઝેર પાઈને મારી નાખવા માગું છું... એમ કહેનાર એક ગાંડી સ્ત્રીનો લવારો ધ્યાનમાં લેવાની જરૂર છે ખરી ?' '

કહીને એ ગોરાસાહેબ તરફ ડોક ફેરવે છે ત્યાં જ ઓઝલના પડદા

પાછળથી લાજવંતી ધસી આવતી દેખાઈ. તેની આંખોમાં રોષ ફૂંફાડા મારતો હતો. મરજાદ છોડીને રાજરાણીને બધાની વચ્ચે ખુલ્લેઆમ હાજર થતી જોઈ સો ડઘાઈ ગયા, પણ લાજવંતીના ચહેરા પર સંકોચને બદલે ખુમારી તરવરતી હતી. ઓરમાન ભાઈ પર ધારદાર નજર નાખી એ રૂપમતિ પાસે પહોંચી ગઈ: 'ભાભી !'

ખભા પર હેતાળ હાથ અને હૂંફાળા સંબોધનથી ચોંકેલી રૂપમતિએ ગરદન ઊંચકી : 'નણંદબા !' આગળ બોલવા જતાં તેનો કંઠ રૂંધાયો એટલે પાંખો ફફડાવતા પારેવાની જેમ એ તેને બાઝી પડી : 'નણંદબા ! હું ગાંડી થઈ નથી, તમારા ભાઈએ...'

'તને ગાંડી કરી દીધી છે એમ જ ને ?' કનકસિંહે ભાન ભૂલીને ક્રોધ ઉછાળ્યો. 'નામદાર, આ સાધુને હું એ પૂછવા માગું છું કે બનાવટી પુરાવા ઊભા કરવા માટે તેણે એક પાગલ સ્ત્રીનો સહારો લેવાની શું જરૂર પડી ?'

સાધુએ સાંભળ્યું હોવા છતાં ભાભીને દોરી જતી લાજવંતી પરદા પછવાડે પહોંચે ત્યાં સુધી જવાબ આપવાનું મોકૂફ રાખ્યું એટલે કનકસિંહ અધીરાઈભેર બરાડ્યો : 'પાણીમાં જેને ઝેર કળાય છે એ બાઈને મોઢે તમે એવું બોલાવ્યું કે મેં અને ડૉક્ટરે ભેગા મળી યુવરાજને ઝેર આપ્યું હતું ?'

'હા, કનકસિંહ જાડેજા.' સાધુએ સ્વસ્થતા છોડ્યા વગર સંભળાવ્યું : 'તમારી પત્નીના ગાંડપણનું કારણ પણ ઝેર જ છે. યુવરાજ ક્ષયના રોગથી ધીમે ધીમે મૃત્યુ તરફ ઘસડાતા હતા.' પણ તમારી ધીરજ ખૂટી ગઈ. લાજવંતી તમારી ઓરમાન બેન હતી, એના સૌભાગ્યની તમને હંમેશાં ઈર્ષા રહેતી. મરવા પડેલા બનેવી જીવે ત્યાં લગી તમારું દુર્ભાગ્ય દૂર થવાનું નહોતું.'

'સાધુના બચ્ચા !' કહેતો કનકસિંહ તેની તરફ ધસી ગયો. તરાપ મારીને એ સાધુની ગળચી ભીંસી નાખવા માગતો હતો, પણ તેના હાથ હવામાં અધ્ધર રહી ગયા, પગ જમીન પર જડાઈ ગયા. સચેત સાધુએ આંખના પલકારામાં કપડામાં વીંટાયેલી પીસ્તોલ કાઢીને તેની સામે તાકી હતી.

સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા.

'આગળ ન વધતા જાડેજા !' સાધુએ પિસ્તોલ પંપાળતાં કહ્યું : 'મને

પૂરું બોલી લેવા દો.'

કનકસિંહ ઢીલો પડી ગયો એટલે સાધુએ પિસ્તોલ નીચે મૂકી દીધી. 'યુવરાજના મૃત્યુનું કાવતરું ઘડવામાં તમને વાર ન લાગી પણ આ રાજમહેલમાં ઝેર આપવાની મૂર્ખાઈ તમે ન કરી. અહીં યુવરાજ મૃત્યુ પામે તો તમારો ભેદ ઉઘાડો પડી જવાનો પૂરો સંભવ હતો. એટલે તમે હવાફેરને બહાને યુવરાજને આબુ લઈ ગયા. આબુ જઈને પહેલું કાર્ય તો એ કર્યું કે ક્ષયના ઈલાજ માટે અપાતાં ઈન્જેક્ષન બંધ કર્યા. દવાને બદલે માત્ર પાણીનાં ઈન્જેક્ષન અપાતાં રહ્યાં જેથી યુવરાજની તબિયત લથડતી જાય. લાજવંતીના મનમાં ઠસાવી દેવા ખાતર આબુના એક ડૉક્ટરને બોલાવી તેની પાસે કહેવડાવ્યું કે રોગ વધુ જોર પકડતો જાય છે. રાજમાતા હિંમતનગરથી આબુ દોડ્યાં ન આવે એ માટે જુદી ચાલબાજી અજમાવી. મુંબઈથી એક મોટા ડૉક્ટર યુવરાજ માટે તેડાવ્યા છે, એ હિંમતનગર આવે એટલે તમે એમને આબુ લઈને આવજો.'

'પણ મુંબઈના કોઈ મોટા ડૉક્ટર આવવાના નહોતા. કનકસિંહ જાડેજા, યુવરાજના મૃત્યુની આગલી સાંજે શું બન્યું હતું એ યાદ કરો ! ડૉક્ટર દીક્ષિત, તમે પણ એ સાંજ ભૂલ્યા નહીં હો. વૈશાખની એ સાંજ રોજ કરતાં ઉકળાટ ઓછો હતો. તમે બંને બંધ બારણે શરાબ પીતા ખૂણાના ઓરડામાં બેઠા હતા. પત્ની રૂપમતિને કનકસિંહે તાકીદ કરી હતી કે તું લાજવંતી સાથે યુવરાજ પાસે બેસજે, ત્યાંથી જરાય ખસતી નહીં. રૂપમતિને વહેમ ન પડે એટલે ખુલાસો પણ કર્યો કે યુવરાજે ઘણા વખતથી બહેનનું પડખું સેવ્યું નથી. બહેન-બનેવી એકલાં પડશે તો એ કાબૂમાં નહીં રહી શકે અને ક્ષયના રોગી માટે આ ભોગવટો બહુ જોખમી ગણાય... પણ કનકસિંહ, તમારા આ ખુલાસાએ જ રૂપમતિના મનમાં શંકાનું બીજ રોપી દીધું હતું.

'તમે બંને શરાબ પીતા પીતા અર્ધા કલાક લગી કાવતરાનો હરફ ઉચ્ચારી શક્યા નહોતા. બંધ બારણા પાછળ કાન રાખીને ઊભેલી રૂપમતિને તમારી આ ખામોશીએ વધુ સાવધ કરી દીધી. કાંઈ સંભળાતું નહોતું એટલે કાંઈક જોવા માટેની તેની તાલાવેલી તીવ્ર બની ગઈ. બારણાની ઉપર ભીંતમાં જડેલી અધખુલ્લી હવાબારી પર તેની નજર પડી. અંદર ડોકિયું કરવાની અધીરાઈથી

રૂપમતિ રસોડામાં જઈ તેલનો ખાલી ડબો લઈ આવી. તેના પર ચડ્યા પછી માંડમાંડ તેની આંખો બારી સુધી પહોંચી શકી.

'બંને પગના અંગૂઠાથી ઊંચા થઈને તેણે અંદર નજર નાખી ત્યારે જ ડૉક્ટર દીક્ષિતે પોતાના ખિસ્સામાંથી દવાની એક પડીકી કાઢીને કનકસિંહ સામે ઉઘાડી. કનકસિંહે તરત જ પૂછ્યું : 'આ આપ્યા પછી કેટલા કલાકે મૃત્યુ થઈ શકે ?'

જવાબમાં ડૉક્ટરે કહ્યું : અસર તો જલદી થાય પણ મૃત્યુ ધીમે ધીમે થાય. લોહીમાં ઝેર ભળી ગયા પછી આખા શરીરમાં ફેલાય. ત્યાર પછી હૃદય બંધ પડી જાય. ત્યારે કનકસિંહે ફેંસલો સંભળાવ્યો કે તો પછી કાલે સાંજે જ યુવરાજનું હૃદય બંધ પડી જવાનું !

'હવાબારીમાં ડોકાઈને સાંભળી રહેલી રૂપમતિને ધણીના ઘાતકીપણાનો એવો ધક્કો લાગ્યો કે તેના પગ ડગમગી ગયા. પોતે પતરાના ડબા પર ઊભી હતી એ ભુલાઈ ગયું અને સમતોલપણું ગુમાવી બેઠી. ધબાકો થયો. પછડાટ લાગવાથી રૂપમતિના મોંમાંથી ધીમો ચિત્કાર નીકળી ગયો અને પતરાનો ડબો ઓરડાના દરવાજા પર અફળાઈને ખણખણી ઊઠ્યો. અંદર બેઠેલા બંને ચોંક્યા. કનકસિંહે ધસી આવી બારણાં ઉઘાડ્યાં તો કોણી પંપાળતી રૂપમતિ છટકી જવાની પેરવીમાં પકડાઈ ગઈ. હરણી પર સિંહ તરાપ મારે તેમ કનકસિંહે ભીંસમાં લઈ તેના મોં પર હાથ દાબી દીધો અને ઓરડામાં ઢસડી જઈ બારણાં બંધ કરી દીધાં.

ડૉક્ટરને પરસેવો છૂટી ગયો. રૂપમતિ ઝેરનું કાવતરું જાણી ગયા પછી તેને પણ ભાગી જવાનું મન થયું. પણ કનકસિંહ પોતાનો ફેંસલો બદલવા માગતો નહોતો. થરથર કાંપતી અને ભયભીતપણે હાંફતી પત્ની સામે કનકસિંહે દાંત ભીંસ્યા. તું સંતાઈને શું સાંભળતી હતી ? પેલી કાંઈ બોલી શકી નહીં. પતિ તેને સાક્ષાત્ યમરાજ જેવો દેખાતો હતો. કનકસિંહે તેની સામે પાણીનો ગ્લાસ ધર્યો : પાણી પીને શાંત થા ! પણ રૂપમતિએ ભયનીતરતી આંખે પાણી પીવાનો ઈન્કાર કરી દીધો : નહીં મારે નથી પીવું ! એમાં ઝેર છે.

'કનકસિંહ અને ડૉક્ટર બંને ભડકી ગયા : એમ, ત્યારે સંતાઈને તેં

બધું સાંભળી લીધું. કનકસિંહે ચહેરા પરના ભાવ બદલાવી તેની પીઠ પસવારી: જો રૂપા, આ બધું આપણા ભલા માટે કરું છું. આમાં તારે મને સાથ આપવાનો છે. બસ, ચૂપચાપ જે થાય તે જોયા કર. બધું હેમખેમ પતી જાય પછી તારાં માનપાન લાજવંતી કરતાંય વધી જશે. બોલ છો ને રાજી ? રૂપમતિનો ભય ઓછો થયો નહીં. તેણે ભાગી છૂટવા દોટ મૂકી ત્યાં કનકસિંહે ડોક પકડી લીધી. નાસીને જાય છે ક્યાં ? જઈને ત્યાં બધું ઓકી નાખવા માગે છે ?' કહીને કનકસિંહે રૂપમતિનું મોં દાબી રાખી તેના પડખામાં એક-બે ગડદા ઝીંકી દીધા.

'ડૉક્ટર, જલદી કરો, આને ઘેનનું ઈંજેક્શન આપી દો. રૂપમતિએ ઘણું જોર અજમાવ્યું પણ બળુકા ધણીના સકંજામાંથી એ છૂટી શકી નહીં. આ રીતે કનકસિંહ તમે તમારા હાથે જ રૂપમતિના મગજમાં ગાંડપણનાં બીજ વાવી દીધાં અને બીજી સવારે યુવરાજ નિર્મળકુમારને ઝેર પાઈ દીધું.'

સાંભળનારા સૌ સ્તબ્ધ હતા. સાધુ શ્વાસ ખાવા રોકાયા ત્યારે કનકસિંહ 'આ બધી બનાવટ છે.' કહીને પડકાર ફેંકવા ગયો પણ સાધુએ પિસ્તોલ તાકીને તેનું ખુન્નસ ખંખેરી નાખ્યું : 'જાડેજા, હવે કથા પૂરી થવા પર છે. થોડી ધીરજ રાખો પછી તમારે કરવા હોય એટલા ધમપછાડા કરી છૂટજો.'

'માણસ ધારે છે કાંઈ અને થઈ જાય છે કાંઈ જુદું ! કનકસિંહ, તમે બધી જ તૈયારી બરાબર કરી હતી. રાજમાતા સાંજ સુધીમાં આબુ પહોંચી જવા હિંમતનગરથી રવાના થઈ ચૂક્યાં હતાં પણ ઈડર પાસે એમની મોટર ખોટકાઈ ગઈ. યુવરાજ ચિતા પર ચડી જાય એ પહેલાં રાજમાતા આબુ ન પહોંચે એ માટે આ મોટર ખોટકાઈ હતી. આબુમાં બપોરથી વૈશાખી તોફાનના અણસારા વર્તાવા લાગ્યા. તમે એને શુકન માન્યા. એવા વાવાઝોડા વચ્ચેય તમે યુવરાજના અગ્નિસંસ્કાર પતાવી નાખવાની ધગશ દેખાડી કારણ કે કદાચ બીજા કોઈ ડૉક્ટર યુવરાજના મૃત્યુની ખાતરી કરવા માગે તો ઝેરથી મૃત્યુ થવાનું કાવતરું પકડાઈ જવાની તમને બીક હતી. પણ વાવાઝોડાની આફત યુવરાજને માટે આશીર્વાદરૂપ પુરવાર થઈ. ચિતા સળગાવીને તમારે ત્યાંથી ભાગી છૂટવું પડ્યું અને વરસાદના છંટકાવે યુવરાજના મૃતદેહમાં ફરી ચેતન જગાડ્યું.

'કનકસિંહ જાડેજા, કુદરત તમારા કાવતરા સામે કેટલી હદે હઠે ચડી હતી એનો વિચાર તો કરો. નવ નવ વરસ સુધી હું સ્મૃતિભ્રંશ અવસ્થામાં સાધુના વેશે ભટકતો રહ્યો. તમારાં નસીબ જોર કરતાં હોત તો મારી નવી જિંદગી આમ ને આમ જ ભટકવામાં પૂરી થઈ જાત. પણ ના, કુદરત ક્યારેક હિસાબ ચૂકતે કરવામાં મોડી પડે છે ત્યારે ચક્રવર્તી વ્યાજ સહિત વસૂલાત કરે છે.

'હિંમતનગર આવ્યા પછી હું બે વખત આબુ જઈ આવ્યો. ત્રણ વખત વિલાસપુરના પાગલખાનામાં જઈને રૂપમતિને મળી આવ્યો. યુવરાજ નિર્મળ-કુમાર જીવતા છે એ જાણીને તે ધ્રુસકે ધ્રુસકે રડી હતી. તેના મન પરનો બધો જ ભાર આંસુ વાટે બહાર વહી ગયો હતો. તેને અહીં લઈ આવતી વખતે ત્યાંના ડૉક્ટરે ખાસ તાકીદ કરેલી કે એના મનને ધક્કો લાગે એવું વર્તન કોઈ ન કરતા. પણ કનકસિંહ, તમારે તો પત્નીને ગાંડી જ રાખવી છે. એ સાજી થઈ જાય તો તમારા પાપનો ઘડો ફૂટી જાય. તમે આ બધા વચ્ચે પણ રૂપમતિ સામે પાણીનો પ્યાલો ધરીને ધાકધમકીની જૂની રીત અજમાવી. બસ કનકસિંહ હવે બહુ થયું. પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો હજુય સમય છે. તમે ઝેર આપ્યું હોવા છતાં નિર્મળકુમાર જીવી રહ્યા છે અને પાગલ પત્ની સાજી થઈને પાછી ફરી છે. ભગવાનની આ કૃપા સામે મસ્તક નમાવી દો જાડેજા, બધું જ સારું જેનું છેવટ સારું !'

સાધુએ બોલવાનું પૂરું કર્યા પછી ઘણી વાર સુધી સૌ તેને એકીટશે જોઈ જ રહ્યાં. એની વાણીના પ્રવાહમાં નવ નવ વરસનો પ્રવાસ ખેડી નાખ્યો હોય તેમ બધા સ્તબ્ધ બેસી રહ્યાં. ધીમે ધીમે સજાગ બનીને દરેકે કનકસિંહ તરફ લક્ષ દોર્યું: એના ચહેરા પર ઝડપભેર ભાવ પલટાતા દેખાયા. ઘડીભર થયું કે હમણાં એ શરણાગતિ સ્વીકારી લેશે. બાજુમાં બેઠેલા ડૉક્ટર તો માથું ઝુકાવીને અપરાધીનો અણસાર આપી રહ્યા હતા. બસ હવે કનકસિંહે હાથ ઊંચા કરી લેવાના હતા.

'નામદાર સાહેબ, તમે સાધુની કથા સાંભળી.' કહેતાં કહેતાં તેણે ગુસ્સો ઘૂંટવા માંડ્યો. 'બે ઘડી માટે તો હુંય એ સાચું માની લેવા તૈયાર થઈ જાત,

પણ કોઈને ઝેર આપવાનો જે સ્વપ્નેય વિચાર કરી ન શકે એને તમે આ કથા સાચી માની લેવાનું કેમ કહી શકો ? જો કનકસિંહ જાડેજા પોતાના બનેવી નિર્મળકુમારને ઝેર આપવા જેટલા ઘાતકી થઈ શકે તો ખોટા આક્ષેપો કરનાર આ સાધુને આટલા દિવસ સુધી જીવતો રહેવા કેમ દે ?'

'કોણે કહ્યું કે તમે સાધુને જીવતા રહેવા દેવા માગતા હતા ?' ઓઝલ પરદા પછવાડેથી આવેલા એ પડકારે સૌને ભડકાવ્યા. કોઈના માનવામાં આવ્યું નહીં કે રાજરાણી પોતે રણચંડીની જેમ આટલા બધા પુરુષો વચ્ચે આવીને અવાજ ઉઠાવશે. પોતાના જ ભાઈ સામે માથું ઊંચકશે !

કનકસિંહની આંખોમાં લોહીના રાતા દોરા ફૂટી નીકળ્યા. ડૉક્ટર દીક્ષિતની ડોક ઝાટકા સાથે અધ્ધર થઈ ગઈ. લાજવંતી જુસ્સાભેર બધા વચ્ચેથી રસ્તો કરતી સાધુની પાસે આવીને ઊભી રહી ગઈ ત્યારે કનકસિંહ હેબત ખાઈ ગયો.

'રાણીબા, તમારી તબિયત સારી નથી, તમે શું કામ ?...'

'રહેવા દો મોટાભાઈ, જેટલી તમે તમારા બનેવીની તબિયતની ફિકર રાખતા હતા એટલી આ ઓરમાન બહેનની તબિયત સુધારવાની પેરવી કરી ચૂક્યા અને તમારા આ ડૉક્ટર રોજ સવારે મારી સારવાર શું કરતા હતા એની જાણ પણ સૌને કરી દેવા દ્યો. આટલાઆટલા દિવસથી હું સંતાપમાં હિજરાતી હતી. મૃત્યુ પામેલા પતિ નવ વરસે પાછા આવે એ વાત કોઈ પણ વિધવા આંખો મીંચીને કેમ માની લે ? હું એમની સામે જોતી અને મને યુવરાજ જીવતાજાગતા સામે બેઠા હોય એવો ભાસ થતો. હું મારી જાતને સંભાળી લેતી. મનને ઠમઠોરતી. નહીં, આવો વિચાર કરવો એય પાપ છે... મને ચલિત થઈ જવાની બીક લાગતી'તી એટલે જ હું સાધુની સામે આવવાની હિંમત નહોતી કરી શકતી. ભીતરમાં ચાલતી આ ઘમસાણ લડાઈએ મને ભાંગી નાખી ત્યારે ડૉક્ટરે મારી શું સારવાર કરી ?

'વશીકરણથી મને બેહોશ કરીને મારા મનમાં એવું ઠસાવવા માંડ્યું કે આ સાધુ પાખંડી છે. પોતાની જાતને યુવરાજ તરીકે ઠસાવીને એ મને અભડાવશે. રાજપાટ પચાવી પાડશે. મારા પુત્રને રખડતો કરી મૂકશે... રોજરોજ

મારા મન પર આ જ વાતના હથોડા ટિપાતા ગયા. મારા મગજમાં સાધુ પ્રત્યે નફરત ઘૂંટાતી ગઈ. રાજમાતા પ્રત્યે અણગમો ઊપસવા લાગ્યો.'

હાંફી ગયેલી લાજવંતી શ્વાસ ખાવા રોકાઈ. તેનું રૌદ્ર સ્વરૂપ જોઈને સૌ વિમાસણમાં પડી ગયા. લાલઘૂમ ચહેરે તેણે સંભળાવ્યું :

'મોટાભાઈ, અહીં પણ કુદરત તમારી સામે પડી. ગઈ કાલે યુવરાજના જન્મદિવસે મેં મન મક્કમ કરી લીધું કે હું વશીકરણને વસ નહીં થાઉં છતાં બેભાન થવાનો ઢોંગ કરીશ. અને ડૉક્ટરે સારવાર શરૂ કરી. હું બેભાન છું એમ માનીને વચ્ચે વચ્ચે તમે બંને વાત કરી લેતા હતા. અચાનક મારા કાને ઝેરનો ઉલ્લેખ અફળાયો. હું ચોંકીને આંખો ઉઘાડી નાખત પણ યુવરાજનું સ્મરણ કરીને મેં મન મક્કમ રાખ્યું, જડની જેમ પડી રહીને હું બંનેની વાતચીત સાંભળતી રહી. ડૉક્ટર પૂછતા હતા : 'બાપુ, તમે મધુમતિને મંદિરે મોકલી કે નહિ ? એને કહેજો કે બહુ સાવચેતી રાખે. ઝેર બીજા કોઈના ભોજનમાં ભળવું ન જોઈએ. આ વખતનું ઝેર તો એવું છે કે પેટમાં પહોંચતાં જ ખાનાર ઢળી પડશે.'

લાજવંતીના એ શબ્દોએ સૌના શ્વાસ અધ્ધર કરી મૂક્યા. 'ત્યારે મોટાભાઈ, તમને એક નવો તુક્કો સૂઝ્યો. તમે ડૉક્ટરને કહ્યું કે, આપણે લાજવંતીના મનમાં સાધુ માટે નફરત તો ઘૂંટી દીધી છે. હવે વશીકરણથી તમે એના મનમાં એવુંય ઠસાવી દો કે એ સાધુને ઝેર આપીને મારી નાખવા તૈયાર થઈ ગઈ હોય. કાલે યુવરાજનો જન્મદિવસ છે, એ નિમિત્તે લાજવંતી દર્શન કરવા જાય તો સાધુના ભોજનમાં ઝેર આપવાનો આરોપ આપણે લાજવંતી પર પધરાવી શકીએ. આમ એક કાંકરે બે પક્ષી ઠેકાણે પડી જશે.'

અને લાજવંતીનો ચહેરો ફિક્કો પડવા લાગ્યો. રૂંધાતા શ્વાસે તેણે બોલવું પડ્યું : 'મોટાભાઈ, મેં તમારું શું બગાડ્યું હતું કે તમે મને વિધવા બનાવવાની હદે ગયા ? હું તમારી ઓરમાન બહેન હતી એ જ મારો વાંક ? આટલાં વરસથી મેં તમને સગા ભાઈ જેવા માનીને તમારો પડ્યો બોલ ઝીલ્યો. એના બદલામાં સાધુને ઝેર આપવાનો આરોપ મારા પર ઢોળવા તૈયાર થયા ?

'પણ મોટાભાઈ, હું ભગવાનનો ઉપકાર માનું છું કે મને આમાં સંડોવવાનું

તમને એણે સુઝાડ્યું. નહીંતર હું મંદિરે જાત નહીં અને પૂજારીને તાકીદ કરત નહીં કે સાધુ મહારાજને આજે ભોજનમાં ફળાહાર સિવાય બીજું કાંઈ જ આપશો નહીં. મોટાભાઈ, તમારી દાસીએ ખીચડીમાં ઝેર તો ભેળવી દીધું પણ હજુય મંદિરમાં એ ખીચડી સાચવીને રાખી છે - તમારા પાપના પુરાવારૂપે!'

કહીને આંખનાં આંસુ લૂછતી લાજવંતીએ સાધુ પાસે પડેલી પિસ્તોલ પર ઝાપટ મારી. ફરી તેણે રણચંડીનું સ્વરૂપ ધારણ કરી લીધું. કનકસિંહ સામે પિસ્તોલ તાકીને તાડૂકી : 'નવ વરસ સુધી છતાં ધણીએ મને વૈધવ્યનો ભાર વેંઢારનાર નરાધમ ! આજે હું તારા જ હાથે મારા પાપનો ઘડો ફોડી નાખીશ.'

કનકસિંહ હચમચી ગયો. લાજવંતીની આંગળી પિસ્તોલના ઘોડા પર દબાતી હતી ત્યાં જ કનકસિંહે ભયાનક અટ્ટહાસ્ય ઉછાળ્યું. આખો ખંડ ધ્રૂજી ઊઠ્યો. લાજવંતીની આંગળી ઢીલી પડી ગઈ. ક્યાંય સુધી કનકસિંહ પાગલની જેમ હસતો રહ્યો.

અચાનક તેનું હાસ્ય થંભી ગયું, ચહેરાની વિકરાળતા શમવા લાગી. ધીમે ધીમે દરેક પર નજર ફેરવી લઈ તેણે લાજવંતી સામે જોયું : બહેન, તું પણ આ બનાવટી માણસની અસરમાં આવી ગઈ, ઠીક છે, તારે મને વીંધી જ નાખવો હોય તો ભલે, હું તૈયાર છું પણ એ પહેલાં મને માત્ર એક જ મિનિટ આપ. આજ સુધી જે સજ્જડ પુરાવો મેં તમારા સૌથી છાનો રાખ્યો હતો એ હું સાધુને દેખાડું પછી તમારે જેને જે ફેંસલો કરવો હોય તેની છૂટ છે.'

'નહીં ભાભી !' વિજયસિંહ દોડીને નજીક આવ્યો : 'આમાંય એની કોઈ ચાલબાજી છે. એ છટકી જવા માગે છે.'

'વિજયસિંહ જામ ! તમે આ કનકસિંહને પૂરો ઓળખ્યો નથી. હું મેદાન છોડીને નાસી જવાને બદલે સામી છાતીએ મરવાનું પસંદ કરું એવો છું. પણ ત્યાર પહેલાં મારે તમારા સૌની આંખો ઉઘાડી નાખવી છે. બોલો, એક મિનિટ માટે આ ખંડની બહાર મને જવા દો છે કે નહીં ?'

મૂંગા થઈ ગયેલા બૅરિસ્ટરને ઊભા થવાનો મોકો મળી ગયો : 'નામદાર, ન્યાયને ખાતર કનકસિંહને આપણે આ તક આપવી જોઈએ. બનવાજોગ છે કે એની પાસે કોઈ સધ્ધર પુરાવો હોય.'

ગોરાસાહેબે સાધુ સામે જોયું : 'મહારાજ, તમે શું કહો છો ?'

તપાસમાં પહેલી જ વાર પોલિટિકલ એજન્ટે નિત્યાનંદને આટલું મહત્ત્વ આપ્યું એનો અર્થ સમજાઈ ગયો કે સાધુ અસલી યુવરાજ છે એ વિશે તેમને હવે કોઈ શંકા રહી નથી. ગોરાસાહેબને જવાબ આપવાને બદલે નિત્યાનંદે કનકસિંહ પર વેધક નજર નાખી :

'જાડેજા, હાર્યો જુગારી છેલ્લા પાટલે બેસવા તૈયાર થાય તેમ સધ્ધર પુરાવાને બહાને તમે છેલ્લો દાવ નાખી દેવા માગો છો. ભલે, તમારા આખરી અબળખા પણ પૂરા કરી લો.' '

ત્યારે કનકસિંહના મુખ પર વિજયનું સ્મિત ફરકી ગયું. 'નકલી નિર્મળકુમાર ! હારજીતનો હિસાબ તો હવે થશે. તમે મારી બાજી ખુલ્લી પાડવા ગયા પણ હું એક જ મિનિટમાં તમારાં પાનાં ઉઘાડાં પાડી દઉં છું.' કહેતો કનકસિંહ સડસડાટ ખંડની બહાર નીકળી ગયો.

એક મિનિટ વીતી ગઈ. બીજી અને ત્રીજી પસાર થઈ પણ કનકસિંહના પાછા ફરવાના પગરવને બદલે મહેલના ચોગાનમાંથી પૂરપાટ ભાગી છૂટતા ઘોડાના ડાબલા સંભળાયા.

'હું કહેતો હતો કે એ નાસી છૂટશે.' ઝનૂને ભરાયેલો વિજયસિંહ ઊઠીને દરવાજા તરફ ધસી ગયો. 'ભાગીને એ જશે ક્યાં ? હું પાતાળમાંથીય એને પકડી લાવીશ.'

પણ તે ઉંબરા સુધી પહોંચ્યો ત્યાં કનકસિંહ સામે ભટકાયો.

ના, તેના હાથમાં કોઈ હથિયાર નહોતું. વિજયસિંહના છેલ્લા શબ્દો તેણે સાંભળી લીધા હતા. 'જામ, તમારોય ભરોસો ડગી ગયો કે ? ખેલ પૂરો કર્યા વગર હું રહેવાનો નથી !'

કહીને તેણે મુઠ્ઠીમાં દબાવેલી કાગળની એક ચબરખી સૌને દેખાડી:

'આ રહ્યો એ પુરાવો. સૌ પ્રથમ હું સાધુને એ વાંચવા આપું છું.'

કહીને તેણે નિત્યાનંદના હાથમાં ચબરખી સોંપી દીધી : 'લ્યો વાંચો અને તમારી જાતે જ ફેંસલો કરો.'

નિત્યાનંદે ઝડપભેર ચિઠ્ઠી વાંચવા માંડી. તેના ચહેરાના ભાવ પલટાવા લાગ્યા.

'સાધુ મહારાજ,

એક વાત યાદ રાખજો કરણકુમાર મારા કબજામાં છે. એનો જીવ વહાલો હોય તો તપાસ અહીં મોકૂફ રાખીને મંદિર ભેગા થઈ જાવ, આપણે એકલા મળીને સોદા પતાવી દેશું. ચિઠ્ઠી વાંચીને તાબડતોબ ફાડી નાખજો.

જાડેજા'

બધા જ સાધુને તાકી રહ્યા હતા. એના પ્રત્યાઘાત નિહાળીને અચંબામાં પડી ગયા. એ આટલો બધો ગભરાટ શેનો અનુભવે છે ? અરે એણે ચબરખીના ટુકડા કેમ કરી નાખ્યા ?

'જોયું ને નામદાર ! એણે પુરાવાનો નાશ કરી દીધો !'

કહેતાં કનકસિંહે ઝાપટ મારી અસાવધ સાધુની પાસે પડેલી પિસ્તોલ પોતાના કબજામાં લઈ લીધી.

'બોલ પાખંડી ? હજુય તારી જાતને નિર્મળકુમારમાં ખપાવવા માગે છે?'

'કનકસિંહ જાડેજા, તમે આટલી હદે...' કહેતાં સાધુએ જીભ પર કાબૂ મેળવી લીધો. દાઝમાં દાંત ભીંસીને તેણે બાકીના શબ્દો કનકસિંહને સાનમાં સમજાવી દીધા.

લાજવંતી તરફ અનુકંપાભરી દૃષ્ટિ ફેંકીને સાધુએ માથું ઝુકાવી દીધું : 'હવે તપાસ આગળ વધારવાનો કોઈ અર્થ નથી. કાલે હું આ ગામ છોડીને સદાય માટે તમારા સૌની સામેથી દૂર થઈ જઈશ.'

કહીને તેણે પગ ઉપાડ્યા એટલે કનકસિંહે પિસ્તોલ તાકી.

'મહાત્માજી, આખરે માની ગયા ખરા. હું ધારું તો અત્યારે જ ગોળી છોડીને તમારો ખેલ સદાને માટે ખતમ કરી શકું એમ છું પણ...'

'નહીં કનકસિંહ, તમે ધારો તોપણ ગોળી છોડી શકશો નહીં.' સાધુએ જતાં જતાં ફટકો માર્યો, 'કારણ કે પિસ્તોલમાં ગોળી જ નથી.'

પિસ્તોલ પકડેલો કનકસિંહનો હાથ ઝાટકો ખાઈ ગયો. ખાતરી કરવા તેણે ઘોડો દબાવ્યો તો સાધુની વાત સાચી નીકળી. પિસ્તોલ ગર્જી નહીં.

સાધુ ઉચાટભર્યા પગલે ખંડની બહાર નીકળી ગયા પછી કનકસિંહના અટ્ટહાસ્યથી આખો ખંડ ખળભળી ઊઠ્યો. ત્યાં બેઠેલા કોઈને આ અણધાર્યા વળાંકનું રહસ્ય સમજાયું નહીં.

*

[૨૦]

ઓરમાન ભાઈને પોતાના શયનખંડમાં દાખલ થતો જોઈને જ પલંગમાં આડી પડેલી લાજવંતી સફાળી બેઠી થઈ ગઈ. રડી રડીને સૂઝી ગયેલી લાલચોળ આંખોમાં ભયની વીજળી ઝબકારો કરી ગઈ. આગળ વધતા કનકસિંહનાં ધીમાં પગલાંમાં ઘાતકી મક્કમતા, મોટી પહોળી આંખોમાં ધારદાર કરડાકી અને જાડા ખરબચડા હોઠમાં ખંધી ઠાવકાઈ જોતાં જ થરથર કાંપતી લાજવંતી પલંગમાંથી ભીંતસરસી ઊભી રહી ગઈ.

'અરે મારી લાડલી બેન, બે કલાકમાં આટલી બધી નમાલી કાં થઈ ગઈ ?' પાંચમું ડગલું ભરીને કનકસિંહ ઊભો રહી ગયો. 'હજુ બપોરે તો આટલા બધા મહાનુભાવો વચ્ચે, ઉઘાડેછોગે બધી જ લાજમરજાદ ફગાવી દઈને કેવા ઝનૂનભેર આ ઓરમાન ભાઈની આબરૂના ધજાગરા ફરકાવતી'તી ! એ વખતે આ મોટાભાઈની ધાક સાવ વીસરી ગઈ'તી ?'

'મોટાભાઈ, હું તમને હાથ જોડું છું. અત્યારે મને એકલી પડી રહેવા દો.' લાજવંતીએ ધ્રૂજતા અવાજે આજીજી કરી : 'મારું મગજ બહેર મારી ગયું છે.'

'વાહરે રાણીબા, તમારું મગજ પણ ભારે તરંગી છે. ક્યારેક બેહોશ થઈ જાય તો વળી અચાનક ક્યારેક બાહોશ પણ બની જાય ! મને અને ડૉક્ટર બંનેને ઊઠાં ભણાવ્યાં. બેહોશીમાં બધું સાંભળી લઈને પેલા સાધુને ઝેરની જાણ કરવા મંદિરે પહોંચી ગયાં...'

'એ સાધુ નહીં મારા પતિ છે, તમારા બનેવી છે.'

'બનેવી !' કનકસિંહના જાડા હોઠ કરડા સ્મિતથી ખરડાયા : જેને ઝેર આપીને બબ્બે વાર મોતની ગોદમાં પોઢાવી દેતાં મારું રૂંવાડું ફરક્યું નહીં એ બનેવીને તું આ ચાંદીના પલંગમાં તારી જોડે સુખની નીંદરમાં ક્યારેય પોઢાડી શકવાની નહીં, લાજુબેન !'

'એટલે તમે ત્રીજી વાર એમને...'

'નહીં, નહીં !' કનકસિંહ ખંધું હસ્યો. 'એકની એક ભૂલ ત્રણ વાર ન કરાય : આ ફેરા ઝેરનો ઉપયોગ કરીશ પણ જુદી રીતે.'

સાંભળીને લાજવંતી પારેવાની જેમ ફફડી ઊઠી.

'આ વખતે એના મોંમાં નહીં, કાનમાં ઝેર રેડવાનો.'

'એટલે ?'

'નવ વરસ પહેલાં યુવરાજ નિર્મળકુમારને ઝેર આપનાર કનકસિંહ નહોતો.'

'તો કોણ હતું ?'

'એમની સહધર્મચારિણી લાજવંતી !'

'હળાહળ જૂઠ !' કાનમાં સીસું રેડાયું હોય તેમ લાજવંતી બરાડી : 'તમારું એ ઝેર એમના કાનને અડશે સુધ્ધાં નહીં.'

'ધીમે બોલ બેના, નહીંતર રાજમાતાના કાનમાંય આ ઝેર રેડાઈ જશે.' કહીને કનકસિંહ એક ડગલું આગળ વધ્યો : 'યુવરાજ બબ્બે વરસથી બીમાર હતા, રાજરાણીની જુવાની તરસથી તડફડતી હતી અને ડૉક્ટર દીક્ષિત જેવો જુવાન સતત નજર સામે રહેતો ! બિચારી કોઈ પણ નારી ચળી જાય...'

'નરાધમ !' લાજવંતીની આંખોમાં અંગાર ભભૂકી ઊઠ્યો : 'બહેનના ચારિત્ર્ય ઉપર આવું આળ !'

'બહેન...' ફરી એ હસી પડ્યો. 'આ કનકસિંહે સગી બૈરીનેય પોતાની ગણી નથી તો સાવકી બહેન શું વિસાતમાં !'

'પણ હવે યુવરાજ તમારી કોઈ વાત પર વિશ્વાસ નહીં કરે.'

'હા એ વાત સાચી.' કનકસિંહે છેતરામણી ઢબે થોડું અટકીને ઉમેર્યું: 'મારા શબ્દોની હવે એને કાંઈ જ અસર નહીં થાય... પણ ડૉક્ટર દીક્ષિતની વાત જુદી છે, હાથ જોડીને ખરા હૃદયના પસ્તાવા સાથે ડૉક્ટર એકરાર કરી નાખે કે રાજરાણી સાથે મારે આડો સંબંધ બંધાઈ ગયો હતો...'

'મોટાભાઈ...' લાજવંતીથી સાંભળી શકાતું ન હોય તેમ તેને રોકવા ગઈ

પણ કનકસિંહે કહી નાખવાની અધીરાઈ રોકી નહીં : 'પહેલાં નિરાંતે સાંભળી લે, પછી મારા પેંતરામાં કોઈ ખામી હોય તે ચીંધાડજે.. બપોરે તપાસખંડમાં હું ગુનેગાર પુરવાર થવાનો હતો ત્યાં છેલ્લી ઘડીએ મેં શું ચાલાકી અજમાવી હતી એ જાણી લે. સાધુએ આપેલી એ ચિઠ્ઠીમાં મેં આ જ વાત લખી હતી.'

'કઈ વાત ?'

'કેમ તને રસ પડ્યો ને ?' કનકસિંહે હોઠ મરકાવ્યા : 'તારી જેમ ચિઠ્ઠીમાં સાધુને પણ રસ પડ્યો હતો. મારા જ હાથે મેં લખ્યું હતું કે યુવરાજ નિર્મળકુમાર, આ જીત તમને ભારે પડી જશે. અત્યારે લાજવંતી તમારે પડખે ઊભી રહી ગઈ, કારણ કે તમે હવે બીમાર નથી. જુવાનીમાં હતા એ કરતાંય વધુ તાકાતવાન દેખાવ છો.. પણ હાર કબૂલતાં પહેલાં હું બધાની સામે એનું પાપ ઉઘાડું પાડી દઈશ. ડૉક્ટર દીક્ષિત અને મારી બહેન વચ્ચે સવા વરસ લગી મારા અને તમારાથી છાનો આડો સંબંધ ચાલ્યો હતો. બોલો, બધાની વચ્ચે તમારે રાજરાણીની જાંગ ઉઘાડી કરવી છે ? તમે ચિઠ્ઠી ફાડી નાખશો તો હું સમજી જઈશ કે મારે ચૂપ રહેવાનું છે.'

તેના શબ્દે શબ્દે લાજવંતીનું કાળજું ઉતરડાતું ગયું. દાંત વચ્ચે ભીંસાતા નીચલા હોઠમાંથી લોહીનો ટશિયો ફૂટી નીકળ્યો. લાલઘૂમ આંખોમાંથી ધિક્કાર વછૂટ્યો પણ કનકસિંહના કાળજાને કાંઈ જ અડ્યું નહીં.

'અને રાજરાણી લાજવંતી દેવી ! તમે તમારી સગી આંખે જોયું કે સાધુએ તાબડતોબ મારી ચિઠ્ઠી ફાડી નાખી હતી.'

'છતાંય હું કુળદેવીના સોગંદ પર, મારા એકના એક કરણના માથે હાથ રાખીને કહીશ કે આ બધું જ ખોટું છે તો એ મારી વાત જરૂર સાચી માનશે.'

'ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ગયું હશે, લાજવંતી !' કનકસિંહે બંને હાથની હથેળી ઘસતાં કહ્યું : 'હમણાં જ હું મંદિરે એને મળવા જાઉં છું. ડૉક્ટરે લખી આપેલો એકરાર લેતો જઈશ અને તેને ધરી દઈશ. પછી જો, એ યુવરાજ નિર્મળકુમાર મહેલમાં પાછા પધારે એ પહેલાં તારે અહીંથી બહાર નીકળવું પડે છે કે નહીં ?'

કહીને તે પાછો ફરવા પગ ઉપાડતો હતો ત્યાં લાજવંતીએ તેને રોક્યો:

'ઊભા રહો, એક વાતનો જવાબ આપતા જાવ. ધારો કે યુવરાજ ડૉક્ટરના એકરાર પર વિશ્વાસ કરીને મને ધિક્કારવા લાગે. મારે આ મહેલ છોડીને રસ્તે રખડતાં થવું પડે તો એમાં તમને શું મળવાનું ?'

'મળશે તને સજા કરવાનો આનંદ !' હવે કનકસિંહના મુખ પર વિકરાળતાને બદલે વિકૃતિ દેખાઈ : 'લાજવંતી, તું અને હું એક બાપનાં સંતાન, આપણી મા જુદી એટલો જ ફેર... છતાં તું હિંમતનગરની રાજરાણી બને અને હું... દેવાદાર બાપનો ગરીબ ગરાસિયો દીકરો ! મને અબળખા હતી આવા રાજમહેલમાં મહાલવાની, એની જાહોજલાલી માણવાની, ભોગવિલાસમાં આળોટવાની. તને બધું જ મળ્યું અને હું બની શક્યો માત્ર યુવરાજનો એક ઓશિયાળો ઓરમાન સાળો. તારા સુખની ઈર્ષા મારાથી જીરવાતી નહોતી. મારે એમાં ભાગ પડાવવો હતો. યુવરાજ તારાથી દૂર રહે એટલા ખાતર હું એમને શિકારમાં વધુ ને વધુ સાથ આપતો થયો. મેં એને નાચનારીઓને રવાડે ચડાવ્યા. મોડી રાત સુધી તું આ સુંવાળી શય્યામાં તરફડતી રહે છે એ ખ્યાલથી મારા કાળજે ટાઢક વળતી.'

'એ ટાઢક ઓછી પડી એટલે એમને ઝેર આપવા સુધી ગયા ?'

'હા લાજવંતી, યુવરાજની બીમારીએ મને રસ્તો ચીંધાડ્યો. શું કામ તારું સૌભાગ્ય સદાને માટે ભૂંસી ન નાખું ? શું કામ હું આ બધો જ વૈભવ પચાવી ન પાડું ? તું મારી ઓશિયાળી બને એનો આનંદ માણવાની ચટપટી જાગી અને ચપટી ઝેરમાં મને એનો ઇલાજ જડી ગયો.'

'છતાંય ઇલાજ અકસીર તો ન નીવડ્યો.' લાજવંતી દલીલ કરીને મનનો ભાર ઠાલવતી હતી : 'હું રસ્તે રખડતી થઈશ તેમ તમેય નોંધારા થઈ જવાના.'

'કનકસિંહને એટલો કાચો નહીં માનતી મારી બેન.' તેણે ફૂંફાડો સંભળાવ્યો : 'નવ નવ વરસ સુધી મેં મોજ માણી લીધી. હવે જતાં જતાં બાકીની જિંદગી બગડે એવું તો નહીં જ થવા દઉં. યુવરાજ પાસેથી પૂરી કિંમત વસૂલ કરીશ.'

'શેની કિંમત ?'

તેના જવાબમાં કનકસિંહ ખંધું હસ્યો : 'બધું અત્યારે જ જાણી લેવાની

તાલાવેલી જાગી ગઈ બેના ? થોડી ધીરજ રાખ, આપોઆપ વાજતુંગાજતું માંડવે આવશે... પહેલાં મને મંદિરે જઈ આવવા દે, યુવરાજને તારા ચારિત્ર્યનો ચિતાર આપી આવવા દે પછી...'

'મોટાભાઈ !' લાજવંતીના અવાજમાં વિહ્વળતાનો રણકો સંભળાયો, 'આટલી હદે જવાને બદલે મને ઝેર ઘોળીને પાઈ દો. એમના મનમાં મારા માટે આ ધિક્કાર ઘૂંટવો રહેવા દો.'

'ઝેર પાવાનું મેં હવે બંધ કર્યું બેના !' કનકસિંહ બેશરમપણે હસ્યો: 'એવી દયા હું નહીં દેખાડું. પણ હા, સાથ આપવા માગતી હો તો એક ઉપાય છે.'

'શું ?'

'એ જ કે સાધુને યુવરાજ તરીકે સ્વીકારવાની ઘસીને ના પાડી દે.'

'નહીં, એ નહીં બને !' લાજવંતી સાફ સંભળાવી દેવા માગતી હતી. પણ કોણ જાણે શું કામ, કનકસિંહના મનનો તાગ લેવાની તાલાવેલી જાગી : 'ધારો કે હું એને યુવરાજ તરીકે ન સ્વીકારું તોપણ એ પોતાની જાતને યુવરાજ પુરવાર કરી ચૂક્યા છે.'

'છતાં તારા ઇન્કારથી કોયડો વધુ ગૂંચવાશે... કરણકુંવર તારી પડખે હશે. હું તારી સાથે હોઈશ. તને એ ખાલી હાથે મહેલમાંથી બહાર કાઢી નહીં શકે. કદાચ સાધુ પર શંકા કરીને તેનો ગાદીહકક રદ થાય, કરણકુંવર ગાદીનો હકકદાર રહે અને હિંમતનગરનું રાજ હું-તું ભેગાં મળીને ચલાવીએ.'

'હદ નથી તમારી કુટિલતાની !' લાજવંતીએ ધિક્કાર ઉછાળ્યો : 'નવ નવ વરસે મને મારું સૌભાગ્ય પાછું મળે છે ત્યારે હું રાજગાદી ખાતર આટલી હલકટ થાઉં ! મોટાભાઈ, મારે તમારી દયા નથી જોઈતી. જાવ, મારા ચારિત્ર્ય પર ચઢાવાય એટલું આળ ચડાવો. મને રસ્તે રખડતી કરવા માટે થાય એટલા ઈલાજ અજમાવો. તમારી રગેરગમાં ઈર્ષાનું ઝેર છે. કરી લો એનાં પારખાં, અજમાવી લો મારી અગ્નિપરીક્ષા.'

અને કનકસિંહે મુઠ્ઠીઓ વાળીને દાંત ભીંસ્યા : 'મને હતું જ કે છેવટે તારા મગજ પર સૌભાગ્યનું ભૂત સવાર થઈ જશે. પણ લાજવંતી, તારે માટે

તો એ દુર્ભાગ્ય જ ઠરવાનું. પછી કહેતી નહીં કે ઓરમાનભાઈએ ચેતવી નહોતી.'

'ઓરમાનભાઈ નહીં, યમરાજના ભાઈ !'

લાજવંતીના એ શબ્દોના ધક્કાથી કનકસિંહ ધૂંઆપૂંઆ થતો શયનખંડનો ઉંબરો ઓળંગી ગયો.

* * *

'કાં ડૉક્ટર સાહેબ, શેની તૈયારી ચાલી રહી છે ?'

વાંસા પર કનકસિંહનો સાદ અફળાતાં જ ડૉક્ટર દીક્ષિતે ભડકીને પીઠ ફેરવી. ચોરી પકડાઈ જવાની ભીતિ લાગી હોય તેમ પરાણે હસવું પડ્યું : 'કાંઈ નહીં બાપુ, પેટીમાં કપડાં ગોઠવતો હતો.'

'સીધેસીધું કહી દો ને કે સામાન લઈને છટકી જવાની તૈયારી કરતા હતા !' કનકસિંહની ધારદાર નજર ડૉક્ટરની છાતી આરપાર નીકળી ગઈ : 'છેવટ લગી ભાગીદાર રહીને હવે મેદાન છોડી જવાનું સૂઝ્યું ? આખરે તો ભામણનું લોહી...'

ડૉક્ટરને ભોંઠા પડીને નીચું જોઈ જવું પડ્યું.

'પણ હું તમને ખેલ પૂરો થતાં પહેલાં જવા નહીં દઉં ડૉક્ટર !' કનકસિંહના અવાજમાં રમતિયાળ સખતાઈ વરતાઈ :

'યાદ છે ને, તમે આ કામમાં સાથ આપવાના બદલામાં ખજાનામાં ભાગ માગ્યો'તો ?'

'બાપુ, હવે મારે કોઈ ભાગલાગ નથી જોઈતો !' ડૉક્ટરે આજીજીના અવાજે ઉમેર્યું : 'સાધુએ ઝેરની વાત અક્ષરેઅક્ષર કહી સંભળાવ્યા પછી મારી હિંમત પડી ભાંગી... માથા પર ફાંસીનું દોરડું લટકતું દેખાય છે.' બોલતાં બોલતાં એની ગરદન ઝૂકી ગઈ.

'બસ કે ?' કનકસિંહે નજીક જઈને તેની હડપચી ઊંચી કરી : 'આ કનકસિંહની ચાતુરી ઉપરથી આટલો જલદી ભરોસો ડગી ગયો ? ભાગી જવાથી ફાંસીનું દોરડું આઘું નહીં ઠેલાય !'

'પણ હવે રાણીબાય આપણી વિરુદ્ધ થઈ ગયાં ! તમારી બૈરીએ આપણી બાજી બગાડી નાખી.'

'સાવકી બહેન કે સગી બૈરી કોઈ આ કનકસિંહની બાજી બગાડી શકે તેમ નથી.' કનકસિંહે આત્મવિશ્વાસનો જુસ્સો ઉછાળ્યો : 'તમે જોયું નહીં, કાગળની એક ચબરખી વાંચીને સાધુ કેવો સીધોદોર થઈ ગયો, મેદાન છોડીને ભાગી ગયો.'

'પણ એ ચબરખીમાં શું લખ્યું હતું એ તો તમે કહેતા નથી.' ડૉક્ટરની જિજ્ઞાસા સળવળી ઊઠી : 'હજાર વાર પૂછ્યું છતાં એ પુરાવો શું હતો એનો ફોડ પાડતા જ નથી.'

'ફોડ પાડવા જ તો તમારી પાસે આવ્યો છું.' કહેતાં ખંધું હસીને કનકસિંહે તેની જિજ્ઞાસા વધારી : 'પણ તમારી ધીરજ ખૂટી ગઈ.'

'હવે તો કહો એ પુરાવો શેનો હતો ?'

'એ પુરાવો નહોતો' કનકસિંહે હસતાં હસતાં ફટકો ઉગામ્યો : 'જાસાચિઠ્ઠી હતી !'

'શેની જાસાચિઠ્ઠી ?'

'સાધુ ઉર્ફે નિર્મળકુમારને ચૂપ કરી દેવાની !' કહીને કનકસિંહ શિકાર પર તરાપ મારવાની તૈયારી કરતા ચિત્તાની જેમ ચૂપ રહ્યો. પછી લાગ જોઈને ખાબક્યો : 'એ જાસાચિઠ્ઠીમાં મેં લખ્યું હતું કે તમે સાચેસાચ નિર્મળકુમાર હો તો હવે ચૂપ રહેજો. નહીંતર બધાની વચ્ચે તમારી પત્ની લાજવંતીનાં ચારિત્ર્યનો ધજાગરો ફરકાવીશ.'

'લાજવંતીનું ચારિત્ર્ય ?'

'હા ડૉક્ટર, તમારી સાથે આડો સંબંધ બંધાઈ ગયો હોવાથી લાજવંતીએ જ યુવરાજને ઝેર આપવાનું કાવતરું ઘડવું પડ્યું હતું.'

'બાપુ !' ડૉક્ટર દીક્ષિતથી રાડ પડાઈ ગઈ : 'મને એકલાને સંડોવીને તમે આમાંથી છટકી જવા માગો છો ? લાજવંતી સાથે આડો સંબંધ હતો એવો આક્ષેપ મૂકતાં તમને જરાય વિચાર ન આવ્યો ?'

'જરા ધીમે બોલો ડૉક્ટર !' કનકસિંહે ટાઢે કોઠે સંભળાવ્યું : 'આ તો સાધુની કસોટી કરવાનો કીમિયો હતો.'

'કેવી કસોટી ?'

'એ ખરેખર નિર્મળકુમાર છે કે નહીં એની મારે ખાતરી કરવી હતી.' કનકસિંહે ઝડપભેર ખુલાસો ગોઠવી નાખ્યો : 'રાજરાણીનાં ચારિત્ર્ય પર આળ આવે તે અસલી યુવરાજ કદી સાંખી શકે નહીં. રાજકુટુંબની આબરૂ સાચવવા ખાતર પણ તેણે ચૂપ રહેવું પડે અને સાધુ ચૂપ રહ્યો એનો શું અર્થ ડૉક્ટર?'

'એ જ કે તે અસલી યુવરાજ છે !' ડૉક્ટર દીક્ષિતની અકળામણ વધતી ગઈ : 'આવી ખાતરી કરવા માટે તમે મને હોળીનું નારિયેર બનાવ્યો ! હજુય મને તમારી ચાલાકી સમજાતી નથી જાડેજા, તમે બેવડી ચાલ રમી રહ્યા છો.'

'બેવડી નહીં ત્રેવડી ચાલ ડૉક્ટર, પણ એ તમારી સામે નહીં, દુશ્મનો સામે !'

'મને કશું સમજાતું નથી.'

'હમણાં જ બધું સમજાઈ જશે. પહેલાં નિરાંતે બેસો, ચિરૂટ પીઓ, એના ધુમાડા સાથે મનમાંથી ભયનો ધુમાડો પણ બહાર ફૂંકી નાખો. પછી જુઓ કે કનકસિંહે કેવો દાવ ફેંક્યો છે.'

ડૉક્ટરે ઈચ્છા ન હોવા છતાં ચિરૂટ સળગાવવી પડી. ભરોસો ન પડતો હોવા છતાં કનકસિંહની વાત એકાગ્ર ચિત્તે સાંભળવી પડી. ધીમે ધીમે તેના મનનો ભય ચિરૂટના ધુમાડા સાથે બહાર ફંગોળાતો ગયો. આંખોમાં ચમક ઊપસવા લાગી. ખજાનો હાથવેંતમાં હોય તેમ હોઠેથી લાળ ખરી પડી :

'પણ કરણકુંવરને તમે સંતાડ્યો છે ક્યાં ?'

'મને હતું જ કે એ જાણ્યા વગર તમારા જીવને સખ નહીં પડે.' કહીને કનકસિંહે બારી બહાર આંગળી ચીંધી : 'સામે ટેકરી પર પેલો મિનારો દેખાય છે ને ત્યાં !'

'પણ એ તો શિકાર કરવા માટેનો મિનારો છે.'

'હા, એની નીચે એક ભોંયરું છે. અગાઉ વાઘ-દીપડાને એ ભોંયરામાં

પૂરી રાખતા. ગોરા મહેમાનનું મનોરંજન કરવા માટે તેમને મિનારાના ઝરૂખામાં બેસાડી, ભોંયરામાંથી વાઘ-દીપડાને છોડતા અને પછી મહારાજસાહેબ ઉપરથી નિશાન તાકીને તેને ઠાર કરતા.'

'એની મને ખબર છે.' ડૉક્ટરે યાદ કરાવ્યું : 'તમે ભૂલી ગયા કે હું આ જ ગામમાં મોટો થયો છું. પણ...'

'પણ કરણકુંવર ત્યાં છે કે નહીં એની તમારે ખાતરી કરવી છે એમ જ ને ડૉક્ટર !'

પોતાના મનનો વહેમ કનકસિંહ આટલો જલદી કળી ગયો એથી દીક્ષિતસાહેબ ભોંઠા પડી ગયા : 'ખાતરી તો નહીં પણ આ બધું આટલું ઝડપથી તમે ગોઠવી દીધું એ માનવામાં આવતું નથી.'

'મળસકું થવા દો, તમારી નજરે કરણને ત્યાં જોશો એટલે માનવામાં આવી જશે.' કહીને તેણે તરત ઉમેર્યું : 'અત્યારે તમને ત્યાં લઈ જાઉં તો આપણે કોઈકની નજરે ચડી જઈએ. કામ પત્યા પહેલાં કોઈને વહેમ ન પડવો જોઈએ કે કરણને મેં ક્યાં સંતાડ્યો છે, કરણના બદલામાં તો ખજાનાનો સોદો કરવાનો છે.'

કહીને કનકસિંહ ચિરૂટ બુઝાવી ઊભો થઈ ગયો : 'હવે તમારા જીવને ધરપત થઈને ? મળસકે ચૂપચાપ સરકીને આપણે શિકાર-મિનારે પહોંચવાનું છે... હું જાઉં છું.'

'ક્યાં જાવ છો ?' ડૉક્ટરથી પૂછ્યા વગર રહેવાયું નહીં ત્યારે કનકસિંહે કતરાઈને તેની સામે જોયું : 'સારા કામે જતી વખતે ક્યાંકારો ન કરવાનો હોય ડૉક્ટર, સાધુ પાસે સોદો પતાવવા જાઉં છું.'

કહેતો કનકસિંહ સડસડાટ અદૃશ્ય થઈ ગયો ત્યારે ડૉક્ટર દીક્ષિત ક્યાંય સુધી માથું ખંજવાળતા બેસી રહ્યા. કાદવના કળણમાં ગળા સુધી ઊંડા ઊતરી ગયા જેવી તેની હાલત હોવા છતાં ખજાનાના ખ્યાલમાં ખોવાઈ જવાની તેમને મજા પડવા લાગી.

* * *

સૂરજ આથમવાની અણી પર હતો ત્યારે ઘોડા પર પૂરપાટ મંદિરમાં ધસી આવતા કનકસિંહને જોઈ શંભુની ચોટલી માથા પર ટટ્ટાર થઈ જાય એટલો બધો એ ભડકી ગયો હતો.

'ક્યાં છે સાધુ મહારાજ ?' એના સવાલમાં તીખાશ સાથે અધીરાઈ પણ હતી : 'મારે એનું તાકીદનું કામ છે.'

'મહેલેથી પાછા આવીને એ સીધા સમાધિમાં બેસી ગયા છે.' શંભુથી આપોઆપ બોલાઈ ગયું : 'સમજાતું નથી એમને શું થઈ ગયું !'

કનકસિંહે ખુશાલીનું સ્મિત ફરકાવી ઘોડાની લગામ તેના હાથમાં થોભાવી દીધી : 'બ્રહ્મચારી, તારી છીછરી સમજમાં એ નહીં આવે. સંભાળ ઘોડો, હું સાધુ મહારાજની ખબર લઈ આવું.'

બારણાને લાત મારી કનકસિંહ અંદર દાખલ થયો. અંધારા ઓરડામાં સમાધિ લગાવીને બેઠેલા સાધુની ઝાંખી આકૃતિ દેખાઈ. ખિસ્સામાંથી બાકસ કાઢીને કનકસિંહે દીવાસળી પેટાવી તેના ઝબકારામાં બંનેની નજર ટકરાઈ. કનકસિંહે સાધુના ચહેરા પર વિહ્વળતા જોવાની ધારણા રાખેલી તેને બદલે સ્વસ્થતા જોઈને અચરજમાં પડી ગયો. એટલી વારમાં સળગતી દીવાસળી આંગળીને ટેરવે અડી ગઈ, ઝાટકો મારીને દીવાસળી ફગાવી દેવી પડી.

'લાવો કનકસિંહ, તમારું બાકસ આપો.' સાધુનો અવાજ અંધારામાં વધુ મીઠો લાગ્યો : 'હું ફાનસ પેટાવું.'

અને કનકસિંહે બીજી દીવાસળી સળગાવી તેની સાથોસાથ ચહેરા પર ખંધું હાસ્ય પણ ફરકાવ્યું : 'નહીં યુવરાજ નિર્મળકુમાર, આપને મારાથી એવી તકલીફ ન અપાય.'

કહીને તેણે પોતે જ ફાનસની વાટ પર દીવાસળી ચાંપી દીધી. થોડી વાર અજવાળામાં બંને એકબીજાને તાકી રહ્યા. કોણ શરૂઆત કરે એની ગડમથલ ચાલી. આખરે સાધુએ કનકસિંહના કટાક્ષનો દોર સાંધીને બોલવું પડ્યું : 'આખરે કનકસિંહ જાડેજા તમે મને યુવરાજ તરીકે સ્વીકાર્યો ખરો.'

છતાંય કનકસિંહ ખામોશ રહ્યો.

'સાચું કહેજો જાડેજા, પહેલેથી જ તમે પામી ગયા હતા ને કે હું અસલી

યુવરાજ છું ?'

'નહીં, મારા હાથે ચિતા પેટાવી'તી એટલે બીજા બધાની જેમ પહેલી નજરે મારા માનવામાં ક્યાંથી આવે ?' કહેતો એ ઠાવકું હસ્યો : 'પણ બધાની વચ્ચે મેં ખજાનાનો સવાલ કર્યો ત્યારે તમે સાચો જવાબ ખાઈ ગયા તેમાંથી મને પહેલવહેલો વહેમ પડ્યો કે ખજાનાનો ભેદ બીજા પાસે ખુલ્લો ન પાડવા તમે ચાલાકી અજમાવી.'

બોલતાં બોલતાં કનકસિંહનું ધ્યાન ફાનસ પર પડ્યું. ઊંચી વાટને કારણે કાચના ગોળા પર મેશ વળતી દેખાઈ એટલે ચાવી ફેરવીને વાટ ઝાંખી કરતાં ઉમેર્યું :

'ખરી ખાતરી તો મારી ચિઠ્ઠી વાંચીને તમે ચૂપ થઈ ગયા ત્યારે થઈ.'

એ શબ્દોની સાધુ પર ધારી અસર થઈ. ચહેરા પર રોષની રતાશ ઊપસતી દેખાઈ : 'જાડેજા, તમે આટલી હદે ઘાતકી થશો એવું ધાર્યું નહોતું.'

'તમે ઝેર આપવા બાબતમાં કહો છો યુવરાજ ?'

'ના, કુંવરનો કબજો લઈને મને બોલતો બંધ કરવાથી તમને શું મળવાનું?'

'માગું તે મળશે.' કનકસિંહે નફટાઈથી કહી દીધું : 'કરણની જિંદગીના બદલામાં તમે ગમે તે કિંમત ચૂકવવા તૈયાર થવાના.'

'તમે તો એ જ માગવાના કે હું યુવરાજ હોવાનો દાવો પાછો ખેંચી લઈ તમારા સૌની નજર સામેથી ખસી જાઉં.'

'નહીં યુવરાજ, હવે એમાં મને કોઈ લાભ રહ્યો નથી. તમને અહીં મારી નાખવાથી કે બહાર ભગાડી મૂકવાથી મારી બગડેલી બાજી હવે સુધરવાની નથી. રાજમાતા કે લાજવંતીનો વિશ્વાસ મને કદી પાછો મળવાનો નથી.'

'તો પછી તમારે શું જોઈએ છે ?'

'રાજનો ખજાનો !' બોલતાં બોલતાં તેણે દાંત વચ્ચે હોઠ દબાવી લીધો: કહી દઉં છું કે ખજાનાની કોઈ જાણ નથી એવું કહીને વખત બગાડતા નહીં. મારા હાથમાં ખજાનો નહીં આવે ત્યાં લગી તમારો કુંવર ભૂખ્યો-તરસ્યો તરફડ્યા કરશે. મારા માથે ભાણેજ હત્યાનું પાપ ચડશે.'

સાંભળીને સાધુના દાંત ભીંસાયા : 'જાડેજા, તમારું નામ કનક નહીં, કંસ પાડવું જોઈતું હતું !'

'એમ તો તમે પ્રણ ક્યાં કરણનું નામ કૃષ્ણ પાડ્યું છે !'

ફરી પાછી ખામોશી છવાઈ ગઈ, બંને એકબીજાના મનમાં ઘૂમરાતા વિચારનો તાગ લેવા મથતા રહ્યા.

'જાડેજા, તમારા હાથમાં ખજાનો આવ્યા પછી તમે એનો ઉપયોગ નહીં કરી શકો. એ લઈને જાશો ક્યાં ? કાયદો કે કુદરત કોઈ તમને છોડશે નહીં.'

'એની ચિંતા તમે ન કરો મારા બનેવી ! જામબંદરને કાંઠે મેં વહાણ તૈયાર રખાવ્યું છે. હું દેશનો દરિયો વટાવી ન જાઉં ત્યાં લગી તમારા હાથમાં કરણનો કબજો નહીં આપું.'

'ખજાનો મળ્યા પછી અમારા હાથમાં કરણની લાશ જ આવે તો શું?' બોલતાં બોલતાં સાધુનો અવાજ ગળગળો થઈ ગયો. 'મને તમારી વાત પર ભરોસો નથી.'

'ભરોસો પડે તો જ આપણે સોદો પતાવશું. અત્યારે તો કરણના બદલામાં ખજાનો આપવાના બોલથી બંધાઈ જાવ એટલે બસ.'

સાધુએ ધારી ધારીને કનકસિંહ સામે જોયા કર્યું. પછી ઊંડો શ્વાસ છોડતાં ફેંસલો સંભળાવ્યો : 'મને સોદો કબૂલ છે !'

'માતા, પત્ની અને પુત્રનું સુખ પાછું મેળવવા માટે હું ગમે એટલો ભોગ આપવા તૈયાર છું.'

'તો મિલાવો હાથ યુવરાજ !' કહીને તેણે જમણો હાથ સાધુ તરફ લંબાવ્યો ત્યારે વિમાસણમાં પડી ગયેલા સાધુએ સામો હાથ લંબાવવામાં થોડો ખચકાટ અનુભવ્યો. પણ આખરે નમતું જોખી દેવું પડ્યું : 'હું કરણના સોગન પર વચનથી બંધાઉં છું. તમને ખજાનાના ભોંયરામાં લઈ જઈશ. જાડેજા, તમારાથી લઈ જઈ શકાય એટલો ખજાનો ઊંચકી લેજો. મને હવે એનો કોઈ મોહ રહ્યો નથી.'

કનકસિંહે પોતાના પંજામાં ઉમળકાભેર તેનો હાથ ભીંસ્યો : 'આ કહેવાય બાપનું ખરું હેત ! હું સૂરજ ઊગતા પહેલાં આવી પહોંચું છું, યાદ રાખજો

કે કોઈ પણ જાતની હિલચાલ કરી છે તો હું કંસથી જરાય ઓછો નહીં ઊતરું.'

ધમકી સંભળાવીને એ સડસડાટ બહાર નીકળી ગયો.

* * *

આગળ કનકસિંહ અને પાછળ ડૉક્ટર દીક્ષિત ચપળ ચાલે શિકાર-મિનારે પહોંચી ગયા ત્યારે હજુ મળસકું થવાને વાર હતી. બંને ચૂપચાપ ચાલતા હતા. ટેકરી ચડવાને કારણે ડૉક્ટર દીક્ષિતના વધી ગયેલા શ્વાસોચ્છ્વાસ એ ભેંકાર વાતાવરણમાં વધુ જોરથી સંભળાતા હતા. કનકસિંહે બૅટરીની ચાંપ દાબી. પ્રકાશના કુંડાળામાં મિનારાના નાનકડા દરવાજે લટકતું મોટું તાળું નજરે પડ્યું. દાંત વચ્ચે હોઠ દબાવતાં તેણે તાળું ખોલ્યું. બારણું ઊઘડતાં જ અંદરની બંધિયાર હવા બહાર ધસી આવી. બહારથી ફેંકાયેલી બૅટરીની રોશનીમાં અંદરનો અંધકાર ધીમે ધીમે ઓગળવા માંડ્યો, ભોંયરામાં ઊતરવાનાં પગથિયાં દેખાયાં.

'મારી પાછળ પાછળ સાચવીને પગથિયાં ઊતરજો ડૉક્ટર !' પંદર મિનિટમાં કનકસિંહે પહેલી વાર આટલા શબ્દો ઉચ્ચાર્યા.

'અંદર તો બીક લાગે એટલું બધું અંધારું છે.' ડૉક્ટર બે પગથિયાં ઊતરીને અટકી ગયા : 'બાપુ, જવા દો, મારે ખાતરી નથી કરવી. આપણે પાછા ફરી જઈએ.'

સાંભળીને કનકસિંહની પીઠ થરથરી. તેણે પાછળ ફર્યા વિના જ સંભળાવ્યું : 'થોડી વારમાં તમારી આંખો ટેવાઈ ગયા પછી અંધારું માફક આવી જશે. અંદર બધી જ સગવડતા છે. ખજાનાનો કબજો લઉં ત્યાં સુધી તમારે અહીં કુંવર પર જાપ્તો રાખવાનો છે.'

ખજાનાના ઉલ્લેખે ડૉક્ટરના પગમાં જોશ ઊભરાવી દીધું. એ સડસડાટ પગથિયાં ઊતરી ગયા.

'હવે જમણી તરફ.' કહીને કનકસિંહ આઠ ડગલાં આગળ વધ્યો : 'અહીં ડાબી બાજુ વળવાનું છે' તેના પગલે ડૉક્ટર દીક્ષિત લોહચુંબકની જેમ ખેંચાતા જતા હતા. ત્યાં સામે ભીંત દેખાઈ.

દીવાલથી પાંચ ડગલાં દૂર કનકસિંહ ઊભો રહી ગયો. ડૉક્ટરની અધીરાઈ

વધી ગઈ : 'અહીં તો કોઈ દેખાતું નથી.'

'આ ભીંતમાં ભેદી દરવાજો છે. કરણને અંદર સંતાડ્યો છે.' કહીને કનકસિંહે ભીંત પાસે લટકતી સાંકળ તરફ હાથ લંબાવ્યો : 'હું બૅટરીનું અજવાળું ફેંકું છું, તમે આગળ વધો, દરવાજો ઉઘાડતાં જ પછવાડે કુંવર ઊંઘતો દેખાશે.'

'અહીં બધું ભેદી કામકાજ છે !' કહીને ડૉક્ટર દબાતા પગલે આગળ વધ્યા. તેમની આંખો ભીંત પર ખોડાઈ હતી. ભીંત ફાટે અને રસ્તો દેખાય એની ઉત્તેજનામાં એ ઊભા રહ્યા ત્યાં કનકસિંહે ઝાટકા સાથે સાંકળ ખેંચી અને ધડાંગ અવાજ સાથે ભોંયરાની છતમાંથી સળિયાનું પાંજરું ભોંય પર પછડાયું. ભડકીને ડૉક્ટરે ઝાટકા સાથે પીઠ ફેરવી તો ત્રણે બાજુ લોખંડના સળિયાની દીવાલ વચ્ચે પોતે કેદ થઈ ગયા હતા.

બંને હાથની મુઠ્ઠીમાં સળિયા પકડી લઈને એ ચીસ પાડવા ગયા એ પહેલાં તો કનકસિંહના ભયાનક અટ્ટહાસ્યના પડઘાથી ભોંયરું ખળભળી ઊઠ્યું. બૅટરીના અજવાળામાં ડૉક્ટરના ઊતરી ગયેલા ચહેરા પર એ તાકી રહ્યો : 'તમને ખાતરી થઈ ગઈ ને ડૉક્ટર સાહેબ, જાડેજાની ખોપરી આ બૅટરી જેવી છે. ચાંપ દબાવી કે કીમિયો ઝબકી જાય !'

ડૉક્ટરે દાંત ભીંસ્યા. રૂંધાતા ગળામાંથી માંડ માંડ અવાજ બહાર નીકળ્યો: 'જાડેજા, જેણે છેવટ સુધી સાથ આપ્યો તેની સાથે જ દગો ?'

કનકસિંહ ખંધું હસ્યો, 'ડૉક્ટર, દગો કોઈનો સગો થતો નથી તેમ આ જાડેજા કોઈનો સગો થતો નથી. બનેવીને ઝેર આપ્યું, બહેનને વિધવા બનાવી, બૈરીને ગાંડી ઠરાવી અને ભાણેજને સુધ્ધાં ન છોડ્યો તો તમે કોણ ? આપણું સગપણ તો સવારથનું જ હતું ને ડૉક્ટર !'

'પણ મને અહીં કેદ કરીને તમે કરવા શું માગો છો ?'

'આ પીંજરામાં અગાઉ વાઘ-દીપડા પુરાતા. આજે તમારા જેવા શિયાળનો વારો આવ્યો.' કહીને કનકસિંહે બૅટરી ઓલવી નાખી. ઘોર અંધકાર છવાઈ ગયો. ડૉક્ટરે બંને હાથનું જોશ અજમાવી પાંજરાના સળિયા હલબલાવ્યા, 'મને છોડી દો જાડેજા, મારે તમારી પાસેથી કાંઈ નથી જોઈતું. હું તમારે પગે પડું. મારો જીવ ચૂંથાય છે, શ્વાસ રૂંધાય છે.'

પણ તેના જવાબમાં કનકસિંહના દૂર ને દૂર સરકી જતાં પગલાં જ સંભળાતાં રહ્યાં. પગથિયાં ચડવાનો અવાજ સંભળાયો ત્યારે ડૉક્ટરે ત્રાડ નાખી: 'જાડેજા, ભગવાનને ખાતર પાછા ફરો. નહીં તો હું માથાં પછાડીને અહીં જ પ્રાણ ત્યજી દઈશ.'

ઉપરના આખરી પગથિયે પહોંચીને કનકસિંહે બૅટરીના બેચાર ઝબકારા કર્યા : 'માથા પછાડીને મરી જાવ એમાં મારે ક્યાં નાહવા-નિચોવવાનું છે !'

'જાડેજા, તમે ભૂલી ગયા ? મારી બૈરીને મેં આપણા કાવતરાનો કાગળ લખ્યો છે !'

'એનાથી હવે મને કોઈ ફેર પડવાનો નથી ડૉક્ટર, ચોવીસ કલાક પછી હું વહાણમાં બેસીને ખજાના સાથે મધરિયે પહોંચી ગયો હોઈશ.'

અને બીજી જ ઘડીએ ભોંયરાનું એ બારણું બંધ થવાનો ધડાંગ અવાજ સંભળાયો.

*

[૨૧]

'કોઈ પણ જાતની ચાલાકી અજમાવવાનું રહેવા દેજો યુવરાજ !'

ખજાના તરફ દોરી જતા છૂપા ભોંયરામાં દાખલ થતાંની સાથે કનકસિંહે ચેતવણી ઉચ્ચારી.

સૂરજ ઊગતાં પહેલાં જ એ મંદિરે પહોંચી ગયો હતો. તેના અચરજ વચ્ચે સાધુ રાહ જોતા જ બેઠા હતા. વધુ નવાઈ તો એ લાગી કે સાધુએ કરણકુંવર અંગે કોઈ પૂછપરછ કરી નહીં : 'ચાલો જાડેજા. તમને ખજાનાના ભોંયરામાં લઈ જાઉં. તમારાથી લઈ શકાય એટલું ઊંચકી લેજો... ના, તમારે ભાર ઊંચકવો ન પડે એટલા માટે આપણે ટીલિયા ઘોડાને સાથે લઈ જશું. ખજાનાના પ્રવેશદ્વાર સુધી ઘોડો આસાનીથી જઈ શકશે.'

સાધુના આ પ્રસ્તાવમાં કનકસિંહને કાવતરાની ગંધ આવેલી. થોડી વાર એ શંકાશીલ નજરે તેને તાકી રહેલો. ત્યારે સાધુએ સામેથી ખુલાસો કર્યો હતો: 'તમને થાય છે ને કે હું આટલા નિરાંતવા જીવે ખજાનો લૂંટાવી દેવા શું કામ અધીરો થયો છું ! ગઈ રાતે તમારા ગયા પછી મેં ઘણો વિચાર કર્યો. બાપદાદાએ જતન કરીને સંઘરી રાખેલા આ ધનભંડારનું રક્ષણ કરવું એ મારી ફરજ છે. એના માટે મારા પોતાના કે પુત્રના જાનનું બલિદાન આપવું પડે તોપણ રાજપૂત તરીકે મારે પીછેહઠ ન કરવી જોઈએ એવો વિચાર આવ્યો. પણ નવ નવ વર્ષ સાધુજીવન વિતાવ્યા પછી ધનદોલતનો મોહ રહ્યો નથી. એને ખાતર કોઈનો જીવ રહેંસાય કે લોહી રેડાય તો સાધુજીવનની મારી સાધના એળે જાય. એ ધનભંડાર પર તમારો કોઈ હક્ક છે કે નહીં એવું નક્કી કરનાર હું કોણ ? જેના પ્રારબ્ધમાં જે હશે એ જ અને એટલું જ તેને મળવાનું છે.'

છતાંય કનકસિંહને ધરપત થઈ નહોતી : 'યુવરાજ, તમને ધનદોલતનો મોહ રહ્યો નથી એ માની લઉં પણ કુંવરને હું તમને ક્યારે કેવી રીતે પાછા સોંપીશ એનોય તમને ઉચાટ ન હોય તે માનવામાં નથી આવતું. કુંવરને ખાતર

તો તમે આ સોદાબાજી કરવા તૈયાર થયા હતા.'

ત્યારે સાધુ જરાક મલક્યા હતા : 'જાડેજા, મારો ઉચાટ કર્યો શું કામનો? બધું જ ઈશ્વરને આધીન છે. તમે મને બબ્બે વાર ઝેર આપીને મારી નાખવાની કોશિશ કરી છતાં ઈશ્વર મને જિવાડવા માગતો હતો એટલે હું જીવી ગયો. તમે મને યુવરાજ કહીને સંબોધો છો પણ હું હજુ સાધુ મટી શક્યો નથી. રાજપૂતી લોહી ક્યારેક ધગી જાય છે પણ સાધુનો સંયમ તેને લગામમાં રાખી દે છે ત્યારે સંસારના રાગદ્વેષથી હું નિર્લેપ બની જાઉં છું. એટલે હું કહું જાડેજા, અત્યારે તમને ખજાનો સોંપી દેવામાં મને જરા પણ રંજ નહીં થાય. જલદી કરો, વળી પાછો મારો સંસારી જીવ જોર કરી ઊઠશે તો...'

વાક્ય અધૂરું રાખીને સાધુએ જાડેજાનું કાંડું પકડી લઈ અધીરાઈ દર્શાવી તોય કનકસિંહ ગૂંચવાયેલો જ હતો. મંદિરની બાજુમાં આવેલા ભોંયરામાં ટીલિયા ઘોડા સાથે બંને દાખલ થયા ત્યારે કનકસિંહના પગ અટકી ગયેલા: 'યુવરાજ, આ ભોંયરાનો રસ્તો તો રાજમહેલ લઈ જાય છે !'

ત્યારે સાધુથી સહાનુભૂતિભર્યું હસી જવાયું હતું : 'તમારી આશંકા હજુય ઓસરી નહીં જાડેજા ! આ ભોંયરાનો રસ્તો રાજમહેલના પટારાખંડ સુધી જાય છે એ સાચું પણ તેનો એક ફાંટો ખજાના તરફ ફંટાય છે. એની જાણ રાજમાતા અને મારા સિવાય ત્રીજા કોઈને નથી.'

ફરી બંને આગળ વધ્યા. બૅટરીના અજવાળામાં સાધુ વારંવાર નકશામાં ચીતરેલી નિશાનીઓ જોઈ લેતા હતા, કનકસિંહ વારંવાર યુવરાજના ચહેરાના હાવભાવ નિહાળી લેતો હતો. મેં ડૉક્ટર દીક્ષિતને શિકાર-મિનારાના ભોંયરામાં લઈ જઈ કેદ કરી લીધા એવી રીતે યુવરાજ મને ફસાવી દેવા તો અહીં નહીં લઈ આવ્યા હોય ને !

એક જગ્યાએ અટકી સાધુએ છત પર બૅટરીનો ઝબકારો ફેંક્યો, નકશામાં દર્શાવેલી નિશાની મુજબ ભોંયરાની છતમાં એક ગોખલો દેખાયો. તેની દરેક હિલચાલ પર ચાંપતી નજર રાખી રહેલા કનકસિંહે અધીરા અવાજે પૂછ્યું : 'ત્યાં શું છે ?'

જવાબ આપ્યા વગર સાધુએ હાથ ઊંચો કરી ગોખલા ફરતે બાઝેલાં

જાળાં હટાવ્યાં, બૅટરીના અજવાળાથી ખાતરી કરીને જોઈ લીધું કે અંદર કોઈ જીવજંતુ તો નથી ને... પછી ગોખલાના પોલાણમાં હાથ નાખ્યો. કનકસિંહ અધ્ધર શ્વાસે તેની એ ક્રિયા જોઈ રહ્યો હતો. ફસાઈ જવાના ભયથી તેનો જીવ ફફડતો રહ્યો. જેવું સાધુએ જોર અજમાવીને ગોખલામાં છુપાયેલું ચક્કર ઘુમાવ્યું કે સામેની ભીંત ફાટવાના અવાજથી ભોંયરામાં ધ્રુજારી વ્યાપી ગઈ. ઝાટકા સાથે ડોક મરડીને કનકસિંહે જોયું તો ખસી ગયેલી ભીંતની ભીતરમાં ઝળહળતો ઓરડો દેખાયો. થોડી વાર માટે તેની આંખો અંજાઈ ગઈ : 'અંદર આટલું બધું અજવાળું શેનું છે ?'

'નાગમણિનું !'

સાંભળીને કનકસિંહ ચોંક્યો. અજવાળાથી ટેવાતી જતી આંખે તેણે ફરી અંદર નજર નાખી : 'ઓરડાની વચોવચ આ પટારો શેનો છે ?'

'આપણે અહીં સુધી જેને માટે આવ્યા એ ખજાનાનો !'

કનકસિંહના માનવામાં ન આવ્યું : 'મેં તો ધાર્યું હતું કે હીરા, મોતી, માણેકના ઢગલા જોવા મળશે. યુવરાજ, તમે મને બનાવતા તો નથી ને ?'

'વિશ્વાસ ન આવતો હોય તો અંદર જઈને પટારો ઉઘાડો. એક એકથી ચડિયાતું મૂલ્યવાન ઝવેરાત નજરે પડશે.'

કનકસિંહની નસોમાં બમણી ગતિએ લોહી દોડવા માંડ્યું. છતાં તેણે પગ ઉપાડ્યા નહીં : 'એમ નહીં યુવરાજ, તમે મારી સાથે અંદર ચાલો. હું એકલો જાઉં અને પાછળથી તમે ભીંતનો દરવાજો ભીડી દો તો ?'

'એવો ઈરાદો હોત તો હું તમને અહીં સુધી લઈ જ ન આવત જાડેજા. ચાલો, હું પહેલાં અંદર દાખલ થાઉં.'

વિના સંકોચે સાધુએ પગ ઉપાડ્યા. કનકસિંહ ઉત્સાહ અને ઉચાટની બેવડી લાગણી સાથે આગળ વધ્યો. તોતિંગ પટારા પાસે પહોંચીને બંને એકબીજા સામે તાકી રહ્યા. કનકસિંહના મુખની તંગ રેખાઓ ધીમે ધીમે ઢીલી પડવા લાગી. અને ખુશાલીનું સ્મિત ઊપસવા માંડ્યું : 'યુવરાજ, તમારા હાથે જ પટારો ઉઘાડો. આમાં કોઈ તાળું તો દેખાતું નથી.'

'તાળું નહીં, પટારો ખોલવા માટે એના તળિયે એક કળ રાખેલી છે.'

કહીને સાધુ નીચા નમ્યા. પૈડાંવાળા પટારાના તળિયે જમણા ખૂણે હાથ ફંફોળ્યો: 'હં... આ રહી એ કળ !' કહીને જોર અજમાવ્યું. કળ દાબતાં જ ધડાંગ અવાજ સાથે પટારો ઉપરથી ઊઘડી ગયો. કનકસિંહની આંખો ફાટી ગઈ. ઝવેરાતથી ખીચોખીચ ભરેલા પટારાનો ઝળહળાટ જોઈને ઉત્તેજનાથી તેની મગજની નસો ફૂલી ગઈ, પહોળા થયેલા હોઠ પર લાલચની ભીનાશ આવી ગઈ. જાણે બધું જ ઝવેરાત આંખની કીકીઓમાં જડી લેવા માગતો હોય તેમ ક્યાંય સુધી ખજાના પર તેની નજર ખોડાઈ રહી.

'જોઈને જ ધરાઈ ગયા જાડેજા ?'

સાધુના શબ્દોએ તેને તંદ્રામાંથી જગાડ્યો. જ્વાળામુખી પર્વતમાં ધૂંધવાતો લાવારસ અચાનક પહાડની ટોચ ફાડીને બહાર ફંગોળાય તેમ કનકસિંહે કાન ફાડી નાખે એવા અટ્ટહાસ્યથી ખજાનાનો ખંડ ખળભળાવી મૂક્યો. ઘડીભર તો સાધુને લાગ્યું કે ધનભંડાર જોઈને જાડેજાનું મગજ ખસી ગયું.

'યુવરાજ, તમે કહો છો કે ખજાનો જોતાં જ ધરવ થઈ ગયો !' હાસ્યને પરાણે રોકતાં કનકસિંહે સંભળાવ્યું : 'નહીં, જોઈને ધરાઈ જવાની મને આદત નથી. હવે તો એમ થાય છે કે આખેઆખો પટારો ઊંચકીને લઈ જાઉં...'

'અતિ લોભ એ પાપનું મૂળ છે, જાડેજા !'

'પાપ ?' કનકસિંહ ખંધું હસ્યો : 'પાપપુણ્યના હિસાબકિતાબ તમે રાખો યુવરાજ સાધુ ! આ ખજાનામાંથી હું આરસપહાણનો એક ભવ્ય મહેલ ચણાવીશ. ઈન્દ્રના દરબાર જેવી જાહોજલાલીથી એને સજાવીશ, દુનિયાભરની અપ્સરા જેવી સુંદરીઓને તેમાં વસાવીશ. શરાબના ફુવારા, અત્તરના હોજ, અપ્સરાઓનાં નાચગાન... એ બધા વચ્ચે હું ચક્રવર્તી મહારાજાની જેમ સોનાના સિંહાસન પર બિરાજીને રાજ કરતો હોઈશ !'

'જાડેજા, શેખચલ્લી બનવાને બદલે ઊંચકાય એટલું ઝવેરાત ઉઠાવી લો. સાધુએ વાસ્તવિકતાનો ખ્યાલ આપવો પડ્યો. આવડો તોતિંગ પટારો અહીંથી બહાર નહીં નીકળે. એને ખેંચી જવા માટે દસ ઘોડા પણ ઓછા પડે. મહેલ ચણવાનાં સપનાં માંડી વાળો. તમારે ખજાના સાથે દરિયો પાર કરીને નાસી છૂટવાનું છે એ ભૂલી ન જાવ.'

વસમી વાસ્તવિકતાનો કડવો ઘૂંટડો કનકસિંહે ગળે ઉતારવો પડ્યો. વખત વેડફી નાખવાનું પાલવે તેમ નથી એનો ખ્યાલ આવ્યો. કદાચ યુવરાજે કોઈ ચાલબાજી વિચારી રાખી હોય. ખજાના સાથે સલામત બહાર નીકળી જવા માટે સજાગ રહેવાની વૃત્તિ સતેજ બની ગઈ.

'તમારી વાત સાચી યુવરાજ, ઘોડા પર ઊંચકી જવાય એટલું ઝવેરાત લઈ જાઉં તોય જિંદગીભર ખરચી નાખતાં ખૂટશે નહીં. બસ, મને થોડી મદદ કરો. ઘોડાની પીઠ પર રાખેલા કંતાનના કોથળા લઈ આવો. તમે કોથળો પકડી રાખજો અને હું તેમાં ખોબે ખોબે ઠાલવતો જઈશ.'

સાધુએ જરાય આનાકાની વગર ખજાનાખંડની બહાર ઊભેલા ઘોડા તરફ પગ ઉપાડ્યા ત્યારે કનકસિંહને ધ્રાસકો પડ્યો. કદાચ ગોખલા પાસે જઈને ભીંતનું બારણું સરકાવી દઈને મને અંદર પૂરી તો નહીં દે ને. પણ સાધુ એવી કોઈ ચેષ્ટા કર્યા વગર કહ્યાગરા કાંધિયાની જેમ કોથળા લઈને પાછા ફરી ગયા એટલે ધરપત અનુભવી.

'સાચું કહ્યું યુવરાજ !' તેનાથી કહેવાઈ ગયું : 'અત્યારે તમે દુશ્મન નહીં પણ કાવતરાના ભાગીદાર જેવા લાગો છો. છેવટ લગી આમ જ સાથ આપતા રહેશો તો તમારા કરણને ઊની આંચ નહીં આવવા દઉં.'

'જાડેજા જલદી કરો !' સાધુએ બંને હાથે કોથળાનું મોં પહોળું કરી અધીરાઈ દેખાડી : 'આપણે જલદી રવાના થવું જોઈએ.'

અને કનકસિંહે તેના પોલાદી હાથના બંને પંજા પહોળા કરી ખજાનો ભરેલા પટારા તરફ લંબાવ્યા. લાલચ નીતરતી આંખે વાંકા વળીને ખોબો ભરવા માટે બંને હાથ જેવા તેણે નીચા કર્યા કે જોરદાર સુસવાટાએ તેને ચોંકાવ્યો. ભડકીને તેણે હાથ પાછા ખેંચી લેવા પડ્યા. બે ડગલાં પીછેહઠ કરવી પડી.

આ શેનો અવાજ સંભળાયો એમ પૂછવા જાય ત્યાં તો સડસડાટ કરતો ભોરિંગ નાગ પટારા પર ચડી ઝવેરાત પર ફેણ ચડાવતો દેખાયો. ભયની ધ્રુજારી અનુભવતાં કનકસિંહે ખીજમાં દાંત ભીંસ્યા : 'અત્યારે જ અહીં નાગ ક્યાંથી ફૂટી નીકળ્યો યુવરાજ ? હવે સમજાયું તમારી ઠાવકાઈનું રહસ્ય... મને

લઈ આવતા પહેલાં અહીં નાગ મૂકી દીધો.'

'જાડેજા, અહીં દાખલ થતાં જ મેં કહ્યું હતું કે આ અજવાળું નાગમણિનું છે.' સાધુએ સ્થસ્થપણે સમજાવ્યું : 'તમે થોડી ધીરજ રાખો. એ આપોઆપ ખજાના પરથી ખસી જશે.'

'વાહરે યુવરાજ મને બેવકૂફ બનાવો છો.' નાગની માફક તેણે પણ ફૂંફાડો માર્યો : 'પહેલાં ઉતાવળ કરાવતા હતા અને હવે ધીરજ રાખવાની શિખામણ આપો છો. તમે એમ માનો છો કે નાગ જોઈને હું ડરી જઈશ. અરે એવા તો કેટલાયને મેં પગ નીચે કચડી નાખ્યા છે.' કહીને તેણે નાગને હઠાવવા બંને હાથ તેની સામે હલાવ્યા.

'ફૂં... ફૂં....!' નાગે જોરદાર ફૂંફાડા સાથે મોટી ફેણ હલાવી.

'તમે એને ખીજવો નહીં જાડેજા !' સાધુએ કનકસિંહને વાર્યો. 'નાગદેવતા તો હાથ જોડવાથી રાજી થાય અને વતાવવાથી કોપાય. કહું છું થોડી વાર ખમી જાવ.'

પણ કનકસિંહ ક્રોધે ભરાયો હતો. તેણે સાધુના હાથમાંથી કંતાનનો કોથળો ઝૂંટવી લીધો : 'જીવજંતુને દેવતા ગણીને હાથ જોડનારો હું નહીં. હમણાં તમારા એ દેવતાને આ કોથળામાં કેદ કરી લઉં છું.'

'નહીં કનકસિંહ !' સાધુએ બંને હાથ તેની કમર ફરતા ભીડી દીધા. 'એ અમારા કુળદેવતા ગણાય છે. તમે કુળ બહારના છો એથી કદાચ ખજાનાને હાથ લગાડવા નહીં દે. લાવો, હું ખોબે ખોબે કોથળામાં ખજાનો ઠાલવું.'

પણ કનકસિંહને હવે તેના પર ભરોસો રહ્યો નહોતો. ઝનૂનભેર તેણે સાધુને ધક્કો મારી દૂર હડસેલી દીધા. 'યુવરાજ, હવે હું તમારી ચાલમાં ફસાઉં નહીં.'

કહેતાંની સાથે જ તેણે બંને હાથે કોથળો ઊંચકી નાગ પર તરાપ મારવાની પેરવી કરી પણ ત્યાર પહેલાં તો ખીજવાયેલા નાગે ભયાનક ફૂંફાડા સાથે લાંબી જીભ બહાર કાઢીને કનકસિંહના ચહેરા પર ઝેરની પિચકારી છોડી.

'બાપરે !' કનકસિંહની ચીસથી ભોંયરું ગર્જી ઊઠ્યું. તેણે બંને હથેળીથી આંખો ઢાંકી દીધી. 'મારી આંખો.. મને કાળી પીડા થાય છે !' કહેતો પગ

પછાડતો એ નીચે પછડાઈ પડ્યો.

'હું તમને ના પાડતો'તો.' સાધુએ તેની નજીક પહોંચી જઈ બંને હાથ પકડી લીધા. 'આંખો ચોળો નહીં. ઝેર અંદર ઊતરી જશે તો જલદી આંધળા થઈ જશો.'

ત્યારે કનકસિંહનો કોપ સાધુ પર ઊતર્યો. બંને હાથના પંજાથી તેણે એની ગળચી પકડી લીધી. ધક્કો મારી તેને જમીન પર પછાડી દઈને કનકસિંહ તેની છાતી પર ચડી બેઠો.

'મારાથી આ પીડા સહેવાતી નથી, તેં મને આંધળો કરી દીધો... પણ હવે હું તને જીવતો નહીં રહેવા દઉં. બબ્બે વાર ભલે તું બચી ગયો, હવે ત્રીજી વાર મારા પંજામાંથી તું નહીં છટકે.'

ગળા પર પંજાની ભીંસ વધારતા જતા કનકસિંહને છાતી પરથી ઉથલાવી નાખવા સાધુએ જોશ અજમાવ્યું. પણ જાડેજા મરણિયા ઝનૂનથી ખડકની જેમ અડીખમ રહ્યો. આંખમાં અંજાયેલા નાગના ઝેરની કાળી પીડાનું ખુન્નસ એ પોતાના કાંડામાં ઠાલવતો જતો હતો. સાધુનું ગળું રૂંધાતું જતું હતું. આંખોના ડોળા ચકળવકળ થવા લાગ્યા હતા. છાતીનો શ્વાસ ઘૂંટાવા માંડ્યો હતો. ગળચી ભીંસતા કનકસિંહમાં તેને યમરાજ દેખાઈ ગયા. ખજાનાનો ખંડ નજર સામે ચકરાવો લેતો ઘૂમરાવા લાગ્યો. છેલ્લાં તરફડિયાં માટે પગની નસો તણાઈ, આવરદાના આખરી શ્વાસ ગણાવા લાગ્યા ત્યાં કનકસિંહની ડોક પર બંદૂકની નાળ ભોંકાઈ.

'કોણ... કોણ છે ?' અંધ બની ચૂકેલા કનકસિંહથી રાડ પડાઈ ગઈ.

'તારો કાળ, વિજયસિંહ જામ !' કહેતાં વિજયે કનકસિંહના પડખામાં જોરદાર પાટું ફટકારીને તેને સાધુની છાતી પરથી ઉથલાવી નાખ્યો.

'નિર્મળ, બેટા નિર્મળ !' ચીસો પાડતાં રાજમાતા અંદર ધસી આવ્યાં. ગળાની દુખતી નસો પર હાથ દબાવીને હાંફતા હાંફતા બેઠા થયેલા સાધુને રાજમાતા બાઝી પડ્યાં : 'મારા લાલ, મારી આંખના રતન...' બોલતાં બોલતાં છાતીમાં ધૂંધવાતું વાત્સલ્ય આંસુ દ્વારા વરસાવી દીધું.

ભોંય પર ચત્તાપાટ પડેલા કનકસિંહની છાતી પર વિજયસિંહનો

પગરખાવાળો પગ ચંપાઈ ગયો હતો : 'રાજપૂતાણીની કૂખે જન્મેલા જનાવર! તારાં બધાં જ પાપની સજા મારી બંદૂકની એક ગોળીથી હું વસૂલ કરું છું.'

ત્યારે કનકસિંહના ભયવિહ્વળ ચહેરા પર ખંધાઈ ઝબકી ગઈ : 'તમે ભૂલો છો જામ, ગોળી ચલાવશો તો જિંદગીભર પસ્તાવો કરવો પડશે. કુંવર કરણ મારા કબજામાં છે. એને મેં ક્યાં સંતાડ્યો છે એ મારા સિવાય કોઈ જાણતું નથી. મારી ચિતા સાથે તમારે એનેય અગ્નિસંસ્કાર આપવો પડશે એટલું યાદ રાખજો.'

તેના છેલ્લા શબ્દો પૂરા થાય એ પહેલાં તો વિજયસિંહે છાતી પર રાખેલો પગ ઊંચકીને તેના જડબા પર લાત ફટકારી દીધી : 'નરાધમ, હવે કરણ તારા કબજામાં નથી. લખુભા તેને શિકાર-મિનારામાં પૂરી દે એ પહેલાં જ હું ત્યાં પહોંચી ગયો હતો. ગઈ રાતથી હું તારો પીછો કરતો રહ્યો હતો, તેં કેદ કરેલા ડૉક્ટરનું ભોંયરામાં જ હૃદય બંધ પડી ગયું. મરદાનગીની વાતો કરનારા, તું આટલી હદે હલકટ નીકળ્યો ?'

- કહીને વિજયસિંહ બંદૂકનો ઘોડો દબાવવા જતો હતો ત્યાં લાજવંતી દોડી આવી : 'નહીં વિજયભાઈ, તમે ગોળી નહીં ચલાવતા.'

લાજવંતીએ બળજબરીથી બંદૂક છીનવી લીધી ત્યારે વિજયસિંહના ચહેરાએ કરડાકી ધારણ કરી : 'લાજુભાભી, હજુય તમને આ દાનવની દયા આવે છે ?'

'દયા ?' લાજવંતીએ દાંત ભીંસ્યા, 'મારું સૌભાગ્ય ભૂંસી નાખવાની પેરવી કરતા જેના હાથ ન ધ્રૂજ્યા, મારા એકના એક દીકરાને સોદાનું પ્યાદું બનાવતાં જેનું કાળજું ન કંપ્યું, એની દયા ?' કહીને તેણે કનકસિંહના કપાળ પર બંદૂકની નાળ ભોંકી : 'મારા ગયા ભવના આ વેરીની ખોપરી ફાડીને હું તેના ગરમ ગરમ લોહીથી મારા કપાળે ચાંદલો કરવા માગું છું.'

પણ લાજવંતીનું એ અરમાન પૂરું થયું નહીં. રાજમાતાને ટેકે ટેકે આગળ વધતા સાધુ યુવરાજે વચ્ચે આવીને બંદૂકની નાળ પોતાની મુઠ્ઠીમાં પકડી લીધી. 'નહીં લાજવંતી, કોઈના કપાળનો ચાંદલો ભૂંસીને મેળવેલું સૌભાગ્ય આપણા સૌનું દુર્ભાગ્ય નીવડશે. તારી ભાભી રૂપમતિનો વિચાર કર ! તારું સૌભાગ્ય

બચાવવા જતાં એણે ગાંડપણ વહોરી લીધું. હવે તું એને વિધવા બનાવવા તૈયાર થઈ ?'

દૂર ઊભેલી રૂપમતિને જોતાં જ લાજવંતીના હાથમાંથી બંદૂક વછૂટી પડી. આંખોમાં ઊભરાતાં લાગણીના આંસુભેર એ યુવરાજને બાઝી પડી. નવ નવ વરસના વસમા વિરહ પછી એકબીજાને વળગી પડેલાં પતિપત્નીનું એ મંગળ મિલન નિહાળતાં રાજમાતા અને વિજયસિંહની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

ત્યાં બંદૂકના ધડાકાથી ખજાનાનું ભોંયરું ખળભળી ઊઠ્યું. ચારે જણાની આઠે આંખો અણધાર્યા આંચકાથી ફાટી રહી. બધાંનું ધ્યાન ચૂકવીને રૂપમતિએ હેઠે પડેલી બંદૂક ઊંચકી લઈ પલક વારમાં કનકસિંહની ખોપરી વીંધી નાખી હતી !

બંદૂક પકડીને ઊભેલી રૂપમતિનું રૌદ્ર સ્વરૂપ જોઈને ચારે જણાં ડઘાઈ ગયાં. સાધુને થયું કે ફરી તેનું ચસકી જશે. રાજમાતાના ખભા પરથી શાલ લઈને તેણે કનકસિંહનો ચૂંથાઈ ગયેલો ચહેરો ઢાંકી દીધો. પછી રૂપમતિના ખભા પર હાથ મૂક્યો : 'બહેન, તેં આ શું કર્યું ?'

'જે તમે કોઈ કરવા માગતાં નહોતાં એ !' રૂપમતિ તંદ્રાવસ્થામાં બોલી ગઈ : 'એ જીવતા રહ્યા હોત તો ફરી મારે પાગલખાનામાં જવું પડત.... હવે જેલખાનામાં જઈશ.'

ધીમે ધીમે તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. લાજવંતી નિસાસો નાખતી એની બાજુમાં જઈ પીઠ પસવારવા લાગી, એ મારો ભાઈ હતો છતાં એને મારી દયા ન આવી જ્યારે તમે પરાયાં હોવા છતાં નણંદને ખાતર....'

પણ લાજવંતી વાક્ય પૂરું કરે એ પહેલાં રૂપમતિના પ્રચંડ અટ્ટહાસ્યથી ભોંયરું ગર્જી ઊઠ્યું. ફરી તેના મગજ પર ગાંડપણ સવાર થઈ ગયું હોય તેમ એ આક્રંદ સાથે અટ્ટહાસ્ય કરતી જ રહી.

કનકસિંહના કમોતનો સોળ દિવસનો શોક પૂરો થતાં જ ફરી જીવતા થઈને સાધુ સ્વરૂપે પાછા ફરેલા યુવરાજ નિર્મળકુમારને રાજ્યસિંહાસને બેસાડવાનો ત્રણ દિવસનો ભવ્ય સમારંભ યોજાયો. મૃત્યુ પામેલો પુત્ર એક

દાયકા પછી પાછો ફર્યો એની ખુશાલીમાં રાજમાતા હરખઘેલાં બની ગયાં હતાં: જોઈએ તો આખો ખજાનો ખાલી કરી નાખો પણ આ અવસરની ઉજવણીમાં ક્યાંય કચાશ ન રહેવી જોઈએ. ત્રણ દિવસ સુધી રાજનો કોઈ માણસ ભૂખ્યો ન સૂવે. કોઈની આંતરડી ન કકળે, કોઈનો જીવ ન દુભાય એ જોજો. ભગવાને મને મારો નિર્મળ પાછો આપ્યો છે. એના હરખમાં હું ગાંડી થઈ જાઉં કે મારું હૃદય ધબકતું બંધ થઈ જાય તોપણ શોક કરશો નહીં. મારી બાકીની આવરદા ભલે ભગવાન નિર્મળના નામે લખી નાખે. બસ, આ અવસર ઊજવાઈ જાય એટલે મને મોક્ષ મળી ગયો એમ માની લઈશ.'

રાજમહેલની રોનક બદલાઈ ગઈ હતી. ચોગાનમાં મોટા મોટા શમિયાણા બંધાયા હતા, નગર રંગીન રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું, નાનાંમોટાં રજવાડાંના રાજામહારાજાઓ પધાર્યા હતા. ગામડે ગામડેથી લોકો નિર્મળકુમારનો બીજો રાજ્યાભિષેક નિહાળવા ઊમટી પડ્યા હતા. ઠેરઠેર રાવટીઓ ઊભી કરી હતી, શેરીએ શેરીએ રસોડાં ચાલુ થઈ ગયાં હતાં. ત્રણ દિવસ સુધી રોજ સવારે રાજમહેલના દરવાજે ઊભાં રહીને રાજમાતાએ ગરીબ-ગુરબાંઓને કપડાંલત્તાનાં દાન કર્યાં, સાધુ-બ્રાહ્મણોને દક્ષિણા આપી, ખેડૂતોનાં મહેસૂલ માફ કર્યા, વફાદાર નોકરોને તાંબાના પતરા પર રાજની જમીન વહેંચી આપી.

ત્રીજી સવારે રાજ્યાભિષેક પહેલાં યુવરાજ નિર્મળકુમાર અને રાજરાણી લાજવંતીએ શણગારેલા હાથી પર સોનાની અંબાડીમાં બેસી મહેમાનો અને મહાનુભાવો સાથે ભવ્ય સરઘસમાં આખા ગામની પ્રદક્ષિણા કરી. મહેલના દરવાજે રાજમાતાએ એમની આરતી ઉતારીને સ્વાગત કર્યું. શમિયાણાની વચ્ચોવચ ગોઠવેલા રાજ્યસિંહાસન તરફ એમને દોરી ગયા. મહેમાનો સોફાખુરશીમાં ગોઠવાયાં. સૌને શરબત પીરસાયાં.

બધાં જ નવના ટકોરા પડવાની રાહ જોતાં હતાં. પૂજારી અને શંભુ બાજઠ પર ચાંદીના ત્રાંસમાં રાખેલા રાજમુગટ પાસે બેસી પૂજાવિધિમાં ગૂંથાયા હતા. કુંવર કરણ અને ચંદનકુંવરી કીનખાબી વસ્ત્રોમાં સિંહાસન પર અડખેપડખે બેઠાં હતાં. વિજયસિંહ જામ મહેમાનોની સરભરામાં પડ્યા હતા. રાજમાતા ઓઝલનો મલાજો છોડીને ખુલ્લે મોઢે બધાની વચ્ચે ઘૂમતાં હતાં.

મહેલમાં કુળદેવીને પગે લાગવા ગયેલા નિર્મળકુમાર અને લાજવંતી પાછાં ફરે તેની અધીરી આંખે રાહ જોવાતી હતી.

અને ટાવરમાં નવના ટકોરા વાગવા શરૂ થયા, બધાની આંખો મહેલમાં પગથિયાં તરફ વળી. પાંચ સેકન્ડ, દશ સેકન્ડ, પચીસ સેકન્ડ અને અર્ધી મિનિટ... બંનેના આગમનના પગરવ સંભળાયા. સૌની નજર બહાવરી બની, શણગાર સજીને આવતા રાજા અને રાણીને નિહાળવાની ઉત્તેજનાથી બધાની ડોક ટટ્ટાર થઈ ગઈ ત્યાં...'

સેંકડો આંખોએ એકસામટો આંચકો અનુભવ્યો. ઘડીભર તો માનવામાં આવ્યું નહીં. યુવરાજે હીરામઢી કલગીવાળો જરીભરતનો સાફો પહેર્યો નહોતો. ઝગારા મારતી શેરવાણીની જગ્યાએ ભગવો ઝભ્ભો હતો, પગમાં મોજડીને બદલે ચાખડી પહેરી હતી. તેની પડખે પગથિયાં ઊતરતાં રાજરાણીના શરીરે એક પણ ઝવેરાત દેખાતું નહોતું. સફેદ વસ્ત્રોમાં ઉઘાડા પગે એ યુવરાજની બાજુમાં ચાલ્યાં આવતાં હતાં.

ડઘાઈ ગયેલાં સૌ અવાક બનીને બંને સામે જોઈ રહ્યાં. રાજમાતાની આંખો ચકળવકળ થવા લાગી. પોલિટિકલ એજન્ટ વિલિયમ સાહેબ પણ એમના આસન પર ટટ્ટાર થઈ ગયા. બેન્ડવાજાં વાગતાં બંધ થઈ ગયાં. મંત્રો ભણતા પૂજારી અને શંભુ પણ મોં ફાડીને જોઈ રહ્યા. એકબીજાના શ્વાસ સંભળાય એવો સન્નાટો છવાઈ ગયો.

બધાના આ પ્રત્યાઘાતથી જરા પણ વિચલિત થયા વગર નિર્મળકુમાર અને લાજવંતી સ્વસ્થ ચાલે રાજમાતા સમક્ષ પહોંચ્યાં. વારાફરતી બન્નેએ તેમને પ્રણામ કર્યા. સ્તબ્ધ બની ગયેલાં રાજમાતા એમને આશીર્વાદ પણ ન આપી શક્યાં.

સૌની તરફ દૃષ્ટિ ફેલાવી નિર્મળકુમારે રાજ્યસિંહાસન તરફ પગ ઉપાડ્યા. પૂજારી અને શંભુ વચ્ચે બાજઠ પર ઝૂકીને બંને હાથે ચાંદીના પાત્રમાં રહેલો રાજમુગટ તેણે ઊંચક્યો અને કોઈ કાંઈ બોલે-પૂછે એ પહેલાં ચાખડી ઉતારી ઘૂંટણભર બેસી જઈ ખાલી સિંહાસન પર રાજમુગટ મૂકી દીધો.

અર્ધી મિનિટ આંખો મીંચી રાજમુગટને પ્રણામ કરીને એ ઊભા થયા

ત્યારે કૌતુકભરી સેંકડો આંખો તેને તાકી રહી હતી. યુવરાજનો ચહેરો સૌને બદલાઈ ગયેલો લાગ્યો. સાધુની તેજસ્વી આભા તેના મુખ પર ઝળકતી દેખાઈ.

'રાજમાતા, મહેમાનો તથા પ્રજાજનો !'

સંબોધન કરીને એ અટક્યા. ચારે તરફ એક નજર નાખી લીધી. ધીમા પગલે લાજવંતી તેની પાસે આવીને ઊભી રહી ત્યાં સુધી રાહ જોઈ. પછી બોલવાનું શરૂ કર્યું :

'અમારી આ ચેષ્ટાથી તમને કદાચ આઘાત લાગ્યો હશે. રાજમાતાનો જીવ દુભાયો હશે, પણ ઘણા ચિંતન-મનન પછી અમે આ પગલું ભરી રહ્યાં છીએ. નવ વરસ સુધી રાજમહેલથી દૂર રહીને મેં જે જીવન વિતાવ્યું, ભગવાં વસ્ત્રોમાં રઝળપાટ કરી મેં જે જ્ઞાન પ્રાપ્ત કર્યું તેની તોલે રાજ્યનાં બધાં જ સુખવૈભવ આ ઓગણીસ દિવસમાં તુચ્છ લાગ્યા છે. ઈશ્વરની કૃપાથી મને જીવતદાન મળ્યું, નવજીવન સાંપડ્યું તેને હું આ રાજ્યસિંહાસન પર બેસીને રાજમહેલના વૈભવવિલાસમાં વેડફી નાખવા માગતો નથી. મારી જેમ લાજવંતીને પણ સંસારના આ ક્ષણિક સુખોનો વૈરાગ્ય જાગ્યો છે. અમે બંનેએ ભેગા મળીને રાજમહેલનું જીવન ત્યજી દેવાનો સંકલ્પો કર્યો છે.'

કહીને એ થોડું અટક્યા. ગોરાસાહેબ તરફ એક દૃષ્ટિ ફેંકીને ઉમેર્યું :

'કદાચ તમને પ્રશ્ન થશે કે સાધુજીવન જ ગાળવું હતું તો યુવરાજ તરીકેનો હક્ક મેળવવા માટે મેં આટલો બધો સંઘર્ષ શું કામ કર્યો ? એનો કોઈ સંતોષકારક જવાબ મારી પાસે નથી. પરંતુ હું મારી જાતને કસોટીએ ચડાવવા માગતો હતો. આટલાં વરસની સાધનાની મારે પરીક્ષા લેવી હતી. ભગવાં વસ્ત્રોનો રંગ મારા આત્મામાં ઊતર્યો છે કે નહીં તેની મારે ચકાસણી કરવી હતી. પ્રાપ્ત કરીને ત્યજી દેવાની આ અગ્નિપરીક્ષામાંથી પાર ઊતરવામાં મને લાજવંતીનો સથવારો સાંપડ્યો. અમારો સંકલ્પ ઓગળી ન જાય એટલા માટે અમે બધાંની વચ્ચે તે પ્રગટ કરવાનું વિચાર્યું હતું. હવે તમારામાંથી કોઈ અમને ફરી માયાના બંધનમાં જકડવાની કોશિશ નહીં કરો એટલી જ વિનંતી છે.'

સાંભળીને સૌ પૂતળાંની જેમ જડ બની ગયાં. રાજમાતાની આંખો

ઊભરાઈ આવી. પુત્ર પાછા મળ્યાનો આનંદ વિલાઈ જતો દેખાયો.

ત્યાં નિર્મળકુમારે છેલ્લાં વાક્યો ઉચ્ચાર્યાં : 'અમે આ રાજ્યની હદ હટાવીને ક્યાંય જવાનાં નથી. સાધુ રહીને સંસારીની જેમ સાથે જીવવાનાં છીએ પણ અમારું રહેણાક રાજમહેલને બદલે મંદિર રહેશે. તમે સૌ અમને રાજીખુશીથી વિદાય આપો.'

ફરી બન્નેએ રાજમાતાને પ્રણામ કર્યા, એમના આશીર્વાદ લીધા. કરણ-ચંદનને આશિષ આપ્યા અને બધાં તરફ હાથ જોડતાં બંનેએ પગ ઉપાડ્યા.

રડતી આંખે સૌ કોઈએ સંસારી સાધુને વિદાય આપી. તે બંને દેખાતાં બંધ થયાં પછી કરણ અને ચંદનને બાઝી પડીને રાજમાતા ધ્રુસકે ધ્રુસકે રડતાં રહ્યાં, પણ એમના અંતરમાં કાંઈક જુદો જ પડઘો પડતો હતો. સાત જનમ સુધી તપ કર્યું હોય એની કૂખે આવો પવિત્ર પુત્ર અવતાર લે ! આવો પરમ સંતોષ રાજમાતા અનુભવી રહ્યાં હતાં.

*

* *